BAOU
Education for all

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

**પ્રથમ વર્ષ**
**સેમેસ્ટર : 02**
**SKTMJ-202 / SKTMN -202**

# સંસ્કૃત નાટ્ય, સ્તોત્ર અને મુક્તક કાવ્યો



**As per NEP - 2020**

**B.A. (Hons.)**



## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક,ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં,ગુજરાત સરકારશ્રીએ ઈ.સ.૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે,શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. **BAOU**ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો,આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છે : **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય,જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય,જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત,વ્યવસાયલક્ષી,જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ,કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્દો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી,જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાય**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

# SKTMN-202

# સંસ્કૃત નાટ્ય, સ્તોત્ર અને મુક્તક કાવ્યો

| | |
|---|---|
| **નિદર્શન:** | |
| પ્રો. યોગેન્દ્ર પારેખ | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **વિષયસમિતિ:** | |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. યોગિની એચ. વ્યાસ | એસોસિએટ પ્રોફેસર તથા અધ્યક્ષ, ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર |
| ડૉ. મનસુખ કે. મોલિયા | પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ડૉ. પ્રફુલ્લકુમાર વી. જોશી | એસોસિએટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સંપાદન** | |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. રાખી જૈન | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શન (વિષય)** | |
| પ્રો. રવીન્દ્રકુમાર પંડા | પ્રોફેસર, સંસ્કૃત,પાલિ અને પ્રાકૃત વિભાગ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડા. |
| ડૉ. કશ્યપ એમ. ત્રિવેદી | અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ (કચ્છ) |
| ડૉ. મનસુખ કે. મોલિયા | પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ડૉ. રીતા ત્રિવેદી | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, એમ.ટી.બી.આર્ટ્સ કોલેજ, સુરત. |
| **લેખન** | |
| પ્રો. ભાવપ્રકાશ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત, ગવર્મેંટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગાંભોઈ, ગાંધીનગર. |
| ડૉ. સંજય એન. પંડ્યા | અધ્યાપક, સંસ્કૃત વિભાગ, આર્ટ્સ કોલેજ, શામળાજી. |
| ડૉ. પારૂલ એમ. મેહતા | પ્રોફેસર,સંસ્કૃત, મ્યુનિસિપલ મહિલા આર્ટ્સ,કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજ, ગોંડલ. |
| ડૉ. પંકજ કે. ઠાકર | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ (કચ્છ). |

**પ્રકાશક:** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રથમ આવૃત્તિ-2024**

## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

સંસ્કૃત નાટ્ય ,સ્તોત્ર અને મુક્તક કાવ્યો

**SKTMN-202**

## વિભાગ-1 ભાસ રચિત સ્વપ્નવાસવદત્તમ્ : અંક- ૧, ૨ અને ૩

---


એકમ : 1

સ્વપ્નવાસવદત્ત કથાસાર

---

એકમ : 2

અંક ૧

---

એકમ : 3

અંક ૨ અને ૩

---

એકમ : 4

સમીક્ષાત્મક પ્રશ્નો

એકમ 1

# સ્વપ્નવાસવદત્તમ્ કથાસાર

**રૂપરેખા**

**1.0. ઉદ્દેશ**

**1.1. પ્રસ્તાવના**

**1.2. મહાકવિ ભાસનું જીવનવૃત્ત**

**1.3. ભાસનો સમય**

**1.4. મહાકવિ ભાસની કૃતિઓ**

**1.5. સ્વપ્નવાસવદત્તમ્ નાટકનું શીર્ષક**

**1.6. સ્વપ્નવાસવદત્તમ્ કથાસાર અને સમીક્ષા**

**1.7. તમારી પ્રગતિ ચકાસો.**

## 1.0 ઉદ્દેશ :

આ એકમનો અભ્યાસ કર્યા પછી

- મહાકવિ ભાસના જીવન, સમય અને કૃતિઓનો પરિચય મેળવી શકશો.
- નિર્ધારિત કૃતિ 'સ્વપ્નવાસવદત્તમ્'નો વિસ્તૃત પરિચય મેળવી શકશો.
- નિર્ધારિત 1, 2 અને 3 અંક વિશેનો સંપૂર્ણ અભ્યાસ કરી શકશો.
- ભાસની વિશેષતાઓ અને લાક્ષણિકતાઓનો પરિચય પ્રાપ્ત કરી શકશો.
- નાટકની પાત્રસૃષ્ટિ અને નિરૂપાયેલી સામાજીક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ વિશે માહિતી પ્રાપ્ત કરી શકશો.

## 1.1 પ્રસ્તાવના

મહાકવિ ભાસ સંસ્કૃત સાહિત્યના પ્રાચીન કવિઓમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. તેમની કુલ 13 કૃતિઓ વિશ્વપ્રસિદ્ધ છે. જેમાં સ્વપ્નવાસવદત્તમ્ ખૂબ જ લોકપ્રિય નાટક છે. આ નાટકના કારણે મહાકવિ ભાસને 'જ્વલનમિત્ર' આ ઉપાધિ પણ પ્રાપ્ત થઈ છે. ભાસની કૃતિઓનો સામાન્ય પરિચય મેળવી સ્વપ્નવાસવદત્તમ્ના 1, 2 અને 3 અંકોનો વિશેષ અભ્યાસ અહીં આપવામાં આવ્યો છે. વૈદર્ભી શૈલીના સિદ્ધહસ્ત મહાકવિ ભાસની આ કૃતિના માધ્યમથી સંસ્કૃત સાહિત્યના નાટક નામના રૂપકના પ્રકારનું સૌંદર્ય જાણી સહૃદયમનથી રસાસ્વાદન કરાવવાનો અહીં મુખ્ય આશય રહ્યો છે. આ વિશેનો વિસ્તૃત પરિચય આપણે મેળવીશું.

## 1.2 મહાકવિ ભાસનું જીવનવૃત્ત

સંસ્કૃત સાહિત્યના અન્ય કવિઓની જેમ ભાસના અંગત જીવન વિશે કશી પ્રમાણભૂત માહિતી મળતી નથી. ભાસે પોતાની કૃતિઓમાં પોતાના જીવન વિશે નાટકોની

પ્રસ્તાવનામાં કંઈ લખ્યું નથી. પોતાનો નામોલ્લેખ પણ નથી કર્યો તેથી ભાસના વિશે કોઈ ચોક્કસ અભિપ્રાય બાંધતાં પહેલા ઘણો વિચાર કરવો પડે છે. મહાકવિ કાલિદાસ માલવિકાગ્નિમિત્રની પ્રસ્તાવનામાં 'प्रथितयशसां भासकविपुत्रसोमिल्लकादीनां प्रबन्धानतिक्रम्य वर्तमानकवेः कालिदासस्य क्रियामिनां द्रष्टं कथं परिषदो बहुमानः' લખીને મહાકવિ ભાસને પૂર્વવર્તી અને પ્રસિદ્ધ નાટ્યકાર તરીકે સાદર સ્મરણ કરે છે.

આવા અજ્ઞાત જીવનવૃત્તને જાણવા કેટલીક કિંવદન્તીઓનો આશરો લેવો પડે છે. ભાસ વિશે મુખ્ય રીતે ત્રણ કિંવદન્તીઓ પ્રસિદ્ધ છે.

1. પ્રથમ દંતકથા મુજબ તે જાતિએ ધોબી (ધાવક) હતાં. મમ્મટાચાર્ય ધાવકને રાજા હર્ષવર્ધનના સમકાલીન માનતાં હતાં. આ વાતમાં તથ્ય દેખાતું નથી. કેમ કે હર્ષવર્ધન કાલિદાસથી અર્વાચીન હતાં.
2. બીજી જનશ્રુતિ અનુસાર ભાસ જાતિથી ધોબી હતા અને મહાકવિ બન્યા પછી પણ ઘડાના ભાંગેલા અર્ધા ટૂકડાથી પાણી ભરી લાવતા તેથી બીજા કવિઓ તેમને 'ઘટકર્પર' આ નામથી મશ્કરી કરીને બોલાવતા. પછીથી આ તખલ્લુસ તેના માટે રૂઢ બની ગયું.
3. ત્રીજી કિંવદન્તી પ્રમાણે એક વખત વ્યાસ અને ભાસની વચ્ચે પ્રતિષ્ઠાની બાબતમાં સ્પર્ધા થઈ. નિર્ણય માટે બન્નેએ પોતાના ગ્રંથો અગ્નિમા નાખ્યાં. ભાસનો વિજય થયો. તેના ગ્રંથોને અગ્નિ બાળી શક્યો નહીં. આ વિશે રાજશેખરની ઉક્તિ 'स्वप्नवासवदत्तस्य दाहकोडभून्न पावकः' અને વાકપતિરાજ પણ પોતાના ગ્રંથ 'गउडवहो'માં ભાસને જ્વલનમિત્ર તરીકે ઓળખાવે છે. આ દંતકથા મુજબ પ્રાચીન સમયમાં ભાસના નાટકોની વિશેષ લોકપ્રિયતા સૂચવાઈ છે. એટલું જ નહીં ટીકાકારોની ટીકાથી પણ પરે આ સ્વપ્નવાસવદત્તમ્ નાટક દૂર રહ્યું છે, એ સ્પષ્ટ થાય છે.

આમ, આ દંતકથાઓમાં કોઈ વિશેષ તથ્ય દેખાતું ન હોવાથી ભાસના નાટકોના અભ્યાસ પરથી તેમના જીવનની કેટલીક વિગતો તારવી શકાય એમ છે.

1. મહાકવિ ભાસ ઉત્તર ભારતની ભૂગોળથી સારી રીતે પરિચિત હોવાથી તેમનું જીવન ઉત્તર ભારતમાં વીત્યું હશે એવું માની શકાય. ઉજ્જૈન, અયોધ્યા, કાશી, મથુરા, કૌશામ્બી જેવા નગરોનો તેમને પ્રત્યક્ષ પરિચય હોઈ શકે.
2. તપોવન, યજ્ઞ, દાન, બ્રાહ્મણપૂજા, વર્ણાશ્રમ વ્યવસ્થા વગેરેના ઉલ્લેખો પરથી અનુમાન કરી શકાય કે તેઓ જન્મે બ્રાહ્મણ હતા. સંભવતઃ તે અગસ્ત્ય-ગોત્રની પ્રશાખા એવી ભાસ-નામના ગોત્રના બ્રાહ્મણ હતાં. આ ભાસ તેમનાં ગોત્રનું નામ હશે.
3. શ્રી પુસાલકરના મત પ્રમાણે તેમના નાટકોમાં આવતા અંતિમ ભરતવાક્યમાં કહે છે, राजसिंहः प्रशास्तु नः - તેમનો સિંહ જેવો રાજા (રાજસિંહ) હિમાલય અને વિંધ્યાચલ વચ્ચે એકછત્ર સામ્રાજ્ય કરે. આના પરથી રાજસિંહ નામના કોઈ રાજા અથવા પદવીધારીનાં રાજ્યમાં આશ્રિત કવિ તરીકે ભાસને સ્વીકારી શકાય.
4. મહાકવિ ભાસનો રાજકુલો સાથે ગાઢ સંબંધ રહ્યો હશે. રાજકુલની પ્રાયઃ બધી આંતરિક અને બાહ્ય બાબતોથી તે વાકેફ હશે એવું એમના રૂપકોના અભ્યાસ પરથી જણાય છે.

5. નાન્દી શ્લોક પરથી કેટલાક વિદ્વાનો તેમને વૈષ્ણવ સંપ્રદાયના માને છે. જોકે તેમણે શિવ, કાર્તિકેય વગેરે દેવો પ્રત્યે પણ આદર વ્યક્ત કર્યો હોવાથી તેમને સર્વધર્મસમાનવાદી માની શકાય.

6. ભાસ વેદ, પુરાણ, રામાયણ, મહાભારત, અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર - એમ અનેક શાસ્ત્રોના અભ્યાસી હોય એમ લાગે છે.

7. તેઓ જ્યોતિષ અને ભાગ્યમાં વિશ્વાસ રાખનાર શ્રદ્ધાળુ કવિ છે. સાથે સ્વભાવથી નમ્ર, હાજરજવાબી અને હાસ્યપ્રિય લાગે છે. મનુષ્યના સ્વભાવથી સારી રીતે પરિચિત અને તેમાં રહેલાં ગુણોને ગ્રહણ કરવાની વિશેષ શક્તિ ધરાવતા હતા. દુર્યોધન જેવા ખલનાયકને ઊરુભંગમાં સુયોધન નામ આપી તેનો પશ્ચાત્તાપ રજૂ કરે છે. કૈકેયીના પાત્રનું ઊર્ધ્વીકરણ પ્રતિમાનાટકમાં જોઈ શકાય છે. કર્ણને દાનવીર તરીકેની નામના અપાવવામાં ભાસનું અમૂલ્ય યોગદાન છે.

આમ મહાકવિ ભાસના જીવન વિશે આટલી માહિતીઓ મળી આવે છે જેનો આધાર માત્ર એના દ્વારા રચાયેલા ગ્રંથો છે.

## 1.3 ભાસનો સમય

મહાકવિ ભાસના સમય વિશે કોઈ બાબત નિશ્ચિતરૂપે કહી શકાય એમ નથી. ઉપલબ્ધ સંદર્ભોના આધારે સામાન્ય નિષ્કર્ષ તારવી શકવાનો પ્રયત્ન થયો છે.

માલવિકાગ્નિમિત્રની પ્રસ્તાવનામાં કલિકુલગુરુ કાલિદાસે આદરપૂર્વક એમનું સ્મરણ કર્યું છે. આથી એ સ્પષ્ટ છે ભાસ કાલિદાસના પૂર્વવર્તી છે. મહાકવિ કાલિદાસનો સમય અનિશ્ચિત છે છતાં મોટાભાગના વિદ્વાનો એમને વધુમાં વધુ ઈ.સ. 400 પછીના સમયના તો માનતા નથી. બીજો સંદર્ભ મહાકવિ બાણના હર્ષચરિતમાં મળે છે. હર્ષવર્ધનનો સમય ઈ.સ. 606થી 646 હોવાથી ત્યારબાદનો સમય ભાસનો ન હોઈ શકે.

શૂદ્રકનું મૃચ્છકટિક ચારુદત્ત નાટક પરથી ઉતરી આવ્યું હોવાથી શૂદ્રકનો સમય ઈ.પૂ. 200 સ્વીકારાય છે. તેથી ભાસનો સમય તે પહેલાનો ઈ.પૂ. 300ની આસપાસ હોઈ શકે.

- ટી.ગણપતિશાસ્ત્રી ભાસને ઈ.પૂ. છઠી સદીથી 4થી સદી સુધીનો સ્વીકારે છે.
- ડૉ. ધ્રુવ અને કેટલાંક વિદ્વાનો ભાસને ઈ.પૂ. બીજી સદીથી પહેલી સદી સુધી સ્વીકારે છે.
- ડૉ. કીથ અશ્વઘોષને તેમના પૂર્વવર્તી માનીને ભાસને બીજી સદીની પછીના માને છે.

★ આમ જોતા મહાકવિ ભાસના સમયને નક્કી કરવાં અંતરંગ અને બહિરંગ પરીક્ષણ કરવા પડે એમ છે.

### 1.3.1 બહિરંગ પુરાવા

1. ચાણક્યના અર્થશાસ્ત્રમાં સૈનિકોને પ્રોત્સાહિત કરવા બે શ્લોકોમાંથી એક શ્લોકને પ્રતિજ્ઞાયૌગન્ધરાયણમાંથી લેવામાં આવ્યો છે. સાથે પ્રતિમાનાટકમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રની જગ્યાએ ‘बाहस्पत्यमर्थशास्त्रम्’ બૃહસ્પતિના અર્થશાસ્ત્રનો ઉલ્લેખ કર્યો છે. તેથી ભાસ ચાણક્યના પૂર્વવર્તી રહ્યા હશે એવું માની શકાય. ચાણક્યનો

સમય ઈ.સ. પૂ. 400 માનવામાં આવે છે.

2. અશ્વઘોષના બુદ્ધચરિતમાં અને પ્રતિજ્ઞા યૌગન્ધરાયણમાં બે શ્લોકો મળતાં આવે છે. અશ્વઘોષનો સમય ઈ.સ. 200 થી મોડો અંદાજાય એમ નથી.

3. દંડીએ કાવ્યાદર્શમાં 'लिम्पतीव तमोऽङ्गानि' આ શ્લોક ટાંક્યો છે જે બાલચરિત અને ચારુદત્તમાં જોવા મળે છે.

4. વાકપતિરાજ તેમને 'ज्वलनमित्र' ઉપાધિ આપે છે. જેમનો સમય ઈ.સ. 800 છે.

5. રાજશેખરે (ઈ.સ. 900) પોતાના ગ્રંથમાં 'भासनाटकचक्र' નો ઉલ્લેખ કર્યો છે.

આમ અભિનવગુપ્ત, રામચંદ્ર-ગુણચંદ્ર, ભોજદેવ, શારદાતનય, કાલિદાસ, જયદેવ જેવા કવિઓએ પોતાની કૃતિમાં કોઈને કોઈ રીતે ભાસને અથવા તેમના શ્લોકને સ્વીકાર્યા છે.

### 1.3.2 અંતરંગ પુરાવાઓ

1. પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ અને અવિમારકમાં કાશીરાજના ઉલ્લેખ પરથી તેમના સમવર્તી તરીકે કેટલાક વિદ્વાન સ્વીકારે છે. કાશીનું રાજ્ય ઈ.સ. પૂ. પાંચમી સદીમાં અસ્ત પામ્યું હતું. મગધ રાજ્યના પાટનગર તરીકે રાજગૃહનો ઉલ્લેખ છે. ભરતવાક્યમાં મળતો રાજસિંહ શબ્દ સંદિગ્ધ છે, છતાં તેના પરથી મૌર્ય પૂર્વેનું સામ્રાજ્ય સૂચિત થઈ શકે. પરચક્ર આવો ભરતવાક્યનો શબ્દ અસ્વસ્થ રાજકીય દશાનું વર્ણન કરે છે. શ્રી ઐય્યર આનાથી સેલ્યુકસની ચડાઈનું સૂચન કરે છે.

2. ધાર્મિક ઉલ્લેખો પરથી તે બ્રાહ્મણધર્મ પ્રત્યે પક્ષપાતી હતા આમ જણાય છે. કૃષ્ણને દૂતવાક્યમાં તેઓ વિષ્ણુના અવતાર તરીકે માને છે. એમના ગ્રંથોમાં શાક્ય, નગ્નશ્રમણક, નાગવન, વેણુવન વગેરે સ્થળોના નામ બુદ્ધનાં જન્મ પછીનો સમય સૂચવે છે.

3. મધ્યમવ્યાયોગમાં કેશવદાસ બ્રાહ્મણના વચલા પુત્ર વડે શ્રાદ્ધવિધિનો ઉલ્લેખ છે. આવી શ્રાદ્ધવિધિની ભલામણ બોધાયને કરી છે. જેમનો સમય ઈ.સ. પૂર્વે 700 છે.

4. ભાસનાં નાટકોના આધારે કહી શકાય કે તેમને તંત્ર-મંત્ર અને જાદુવિદ્યામાં શ્રદ્ધા હતી. આ વિદ્યાના પારંગત આચાર્યોની યાદી તેમણે અવિમારક અને ચારુદત્તમાં આપી છે.

5. ભાસની ભાષામાં આર્ષ વ્યાકરણીય પ્રયોગ જોઈ શકાય છે. વ્યાકરણના નિયમોમાં પાણિનીય નિયમોનો જડતાપૂર્વક ઉપયોગ તે નહોતા કરતા.

આમ, આંતર અને બાહ્ય પુરાવાઓના આધારે નીચે મુજબના વિદ્વાનો જુદો જુદો સમય નિર્ધારિત કરે છે. જેમાં શ્રી ભીંડ, દીક્ષિતાર, ટી. ગણપતિશાસ્ત્રી વગર ઈ.સ. પૂર્વ 600 થી 400, સરૂપ, લીન્ડેન્યુ અને કોનો ઈ.સ. પૂ. 200 થી 100, ભાંડારકર, જેકોબી, બેનરજી ઈ.સ. 300, વિન્ટરનિટ્ઝ ઈ.સ. 400, શંકર ઈ.સ. 500 થી 600, બારનેટ, દેવધર અને પીશારોટી ઈ.સ.ની 7મી સદી સ્વીકારે છે. કાણે - 9મી

સદીમાં રામાવતાર શર્મા 10મી, રેડી શાસ્ત્રી 11મી સદીમાં ભાસને મૂકે છે. આમ ભાસનો સમય અનિશ્ચિત જણાય છે. છતાં ઉદયનના સમકાલીન તરીકે ભાસને સ્વીકારી શકાય જેના આધારે ભાસનો સમય ઈ.પૂ. 450ની આજુબાજુનો સમજી શકાય છે.

## 1.4 મહાકવિ ભાસની કૃતિઓ

મહાકવિ ભાસની કૃતિઓ વિશે આપણે ઈ.સ. 1912 પહેલાં નામ સિવાય કશું પણ જાણતા નહોતા. ઈ.સ. 1909માં મહામહોપાધ્યાય ટી. ગણપતિશાસ્ત્રીએ પોતાના સંશોધન પ્રવાસ દરમિયાન પદ્મનાભપુરમ્ પાસેના મનલિકામઠમ્ પાસેથી 105 તાડપત્રોમાં મલયાલમલિપિમાં લખાયેલા લગભગ 300 વર્ષ જૂના 13 રૂપકો પ્રાપ્ત કર્યા. આ તાડપત્રોનો અભ્યાસ કરી ઈ.સ. 1912માં 'અનંતશયન ગ્રંથમાળા' અંતર્ગત ગ્રંથો પ્રકાશિત કર્યા. આ ભાસના તેર રૂપકો 'भासनाटकचक्र' નામથી સંસ્કૃત સાહિત્યમાં સુપ્રસિદ્ધ છે. સાથે જ આ નાટકોના કર્તૃત્વ વિશે જુદા જુદા મતભેદો પ્રચલિત થયા. આ જ વિવેચકોના મતભેદ વિચારને 'भास समस्या' તરીકે ઓળખવામાં આવે છે. સૌપ્રથમ 'भाससमस्या' વિશે વિચાર કરીએ.

**1.4.1 ભાસ સમસ્યા :** ડૉ. ગણપતિ શાસ્ત્રીએ પ્રકાશિત કરેલાં રૂપકો મૂળ ભાસે લખ્યા હશે કે કેમ ? આ બાબતમાં ત્રણ પક્ષ જોવા મળે છે.

1. અનુકૂળ પક્ષ
2. પ્રતિકુળ પક્ષ
3. તટસ્થ પક્ષ

★ **અનુકૂળ પક્ષ :** મ.મ.ટી. ગણપતિશાસ્ત્રી અને ડૉ. કીથ જેવાં વિદ્વાનો માને છે કે આ તેર કૃતિઓ એક જ કવિની એટલે કે ભાસની છે. તેમના મત માટે તેઓની આ પ્રકારની દલીલો છે.

1. ભાસના રૂપકોનો પ્રારંભ સૂત્રધારના મુખે નાન્દીપાઠથી થાય છે. આ ભાસની શૈલી છે. 'सूत्रधारकृतारम्भैः' આ પ્રમાણે બધા રૂપકોમાં આ સામ્યતા જોવા મળે છે.
2. ભાસની કૃતિઓમાં પ્રસિદ્ધ પારિભાષિક શબ્દોની જગ્યાએ અપ્રસિદ્ધ પારિભાષિક શબ્દોનો પ્રયોગ થયો છે. જેમ કે પ્રસ્તાવના માટે સ્થાપના શબ્દનો પ્રયોગ
3. આ કૃતિઓમાંથી ચાર રૂપકોની નાન્દીમાં મુદ્રાલંકારનો પ્રયોગ થયો છે. જેમાં કૃતિના મુખ્ય પાત્રોનું નામ આવે છે. જેમ કે સ્વપ્નવાસવદત્તમ્નો મંગલશ્લોક.
4. પ્રાયઃ બધા રૂપકોમાં નાટ્યશાસ્ત્રના નિયમોનો ભંગ થયેલ છે જેમ કે નાટકોમાં અંકની સંખ્યાનો નિયમ સ્વપ્નવાસવદત્તમ્માં અને બીજા રૂપકોમાં પણ અનુસરાયો નથી.
5. એક રૂપક બીજા રૂપક સાથે કોઈને કોઈ રીતે જોડાયેલા છે. જેમ પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ અને સ્વપ્નવાસવદત્તમ્ પૂર્વ અને ઉત્તર કથાવસ્તુને જોડી પૂર્ણ થાય છે. દશ્યોની પણ સામ્યતા છે. જેમ અવિમારક અને પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ બન્નેમાં પુત્રી માટે યોગ્ય, કુલીન અને વીર વર શોધવાની ચિંતા પિતા કરે છે. મૃત્યુના સમયે દર્શાવાતાં કરુણ દશ્યો સમાન છે. 'आपस्तावत्' મૃત્યુ સમયે તરસ્યો માણસ

આ વાક્ય દ્વારા છઠ્ઠા અંકમાં પાણી માંગે છે.

6. રૂપકોમાં એકંદરે રંગસૂચનો ખૂબ જ ઓછા અને અપૂરતા છે.
7. વિશિષ્ટ દશ્ય, પ્રસંગ, કલ્પના, અપાણિનીય પ્રયોગ શ્લોકનું નામ, પાત્રનું નામ વગેરેની પુનરુક્તિઓ દેખાય છે.
8. ભાસની અને તેના રૂપકોની વિશેષતાઓનો ઉલ્લેખ બાણે કરેલો છે. કાલિદાસે પણ આદરપૂર્વક ભાસનું સ્મરણ કર્યું છે. જે પ્રમાણેની વિશેષતાઓ અહીં જોવા મળે છે.
9. ભામહ, દંડી, રાજશેખર વગેરે અલંકારશાસ્ત્રીઓએ પણ ભાસનો ઉલ્લખે કર્યો છે.
10. 'इमामपि महीं कृत्स्नां राजसिंहः प्रशास्तु नः' આ ભરતવાક્ય કેટલાંય નાટકોમાં મળી આવે છે.

જૈકોબી, સ્ટેનકાનો, લૈકાટે, વિંટરનિટ્ઝ જેવા પાશ્ચાત્ય વિદ્વાનો પણ આ મતના પક્ષધર છે.

## ★ પ્રતિકુળ પક્ષ

કેટલાક શ્રી કે.એસ.ધ્રુવ, શ્રી.એ.કે. પીસારોટી જેવા વિદ્વાનો આ કૃતિઓને ભાસની કૃતિ તરીકે સ્વીકારતા નથી. આમની દલીલ નીચે મુજબ છે.

1. કોઈ એક વ્યક્તિના સંશોધન મુજબ બધા જ નાટકોને એક જ વ્યક્તિના ન માની શકાય. કેમ કે આ સંદર્ભે કોઈ ચોક્કસ પુરાવો મળતો નથી.
2. આ રૂપકોમાં ક્યાંય પણ તેના રચયિતાનું નામ નથી તેથી બધી કૃતિઓના પ્રણેતા ભાસ છે આ કથન યોગ્ય નથી.
3. સૂત્રધાર દ્વારા થતો આરંભ દક્ષિણ ભારતના નાટકોમાં સાર્વત્રિક રીતે જોવા મળે છે.
4. નાટકોમાં દર્શાવેલ વિશેષતાઓ મલયાલમના બધાં નાટકોમાં સામાન્યતઃ જોવા મળે છે.
5. નાટ્યશાસ્ત્રના નિયમોનું ઉલ્લંઘન પરવર્તી કાળના સાહિત્યમાં પણ જોવા મળે છે.
6. ભાષા, અપાણિનીય પ્રયોગ, કલ્પના વગેરે પણ નાટ્યાત્મક એનો કોઈ ઠોસ પુરાવો ન હોવાથી ગ્રંથકૃતિત્વને અસર કરતો નથી.
7. સુભાષિત ગ્રંથોમાં કે શ્લોકસંગ્રહમાં પ્રાપ્ત થતા ભાસના નામથી કહેવાયેલા શ્લોકો રૂપકોમાં મળતા નથી.
8. ઉત્તરકાલીન ગ્રંથોમાં ભાસના જે શ્લોકોને કવિઓએ ઉદ્‌ધૃત કર્યા છે તેમણે ભાસના નામનો ઉલ્લેખ કર્યો નથી.

આમ આ નાટકોનું કર્તૃત્વ સંદિગ્ધ માની દક્ષિણ ભારતમાં શાક્યાર લોકોની મંડળી દ્વારા ભજવાતાં નાટકોમાંથી તૈયાર કરેલા આ રૂપકો માની ભાસને મૂળકવિ તરીકે નથી સ્વીકારતા.

## ★ તટસ્થ પક્ષ

ઉપરોક્ત બંને પક્ષની દલીલોમાંથી તથ્યાંશને સ્વીકારનારા સમાધાનપ્રિય કેટલાક

વિદ્વાન નિષ્પક્ષ રીતે પોતાનો મત રજૂ કરતાં રૂપકોનો આસ્વાદ માણવાનું વલણ અપનાવે છે. કેટલાંક નાટકો ભાસનાં છે અને કેટલાંક નથી આમ ડૉ. સરૂપ, ડૉ. દેવધર અને દાસગુપ્તા જેવા વિદ્વાનો આ મતને સ્વીકારે છે.

આમ, સમસ્ત મતોનું સારી રીતે અધ્યયન કર્યા પછી આટલું જ નિશ્ચિતપણે કહી શકાય કે સ્વપ્નવાસવદત્તમ્, પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ, દરિદ્ર ચારૂદત્ત જેવા નાટકોમાં સામ્યતા હોવાને લીધે આ નાટકોને ભાસનું કર્તૃત્વ સ્વીકાર કરવામાં કોઈ આપત્તિ નથી. સાથે વસ્તુસંકલ્પના, ભાષા શૈલી, કેટલાંક પારિભાષિક શબ્દાવલીનો પ્રયોગ અને એક જ જગ્યાથી હસ્તપ્રતો મળવાના લીધે રૂપકો ભાસના સ્વીકારી લેવા જોઈએ. અધિકાંશ વિદ્વાનો આ 13 નાટકોનું એક કર્તૃત્વ હોવાનું માને છે અને આ કર્તા ભાસ જ હોવા જોઈએ એવું પણ માને છે.

આમ, આ નાટકચક્રને ભાસરચિત માનીને વિદ્વાનોએ આનું નામકરણ 'भासनाटकचक्र' આ રીતે કર્યું છે.

### 1.4.2 भासनाटकचक्र

મહાકવિ ભાસના આ 13 નાટકોના સમૂહની સંજ્ઞા 'भासनाटकचक्र' છે, જેનું નીચે પ્રમાણે 5 ભાગોમાં વર્ગીકરણ આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| 1. | રામાયાણ પર આધારિત<br>બે (2) રૂપકો | અભિષેક નાટક, પ્રતિમાનાટક |
| 2. | મહાભારત પર આધારિત<br>સાત (7) રૂપકો | પંચરાત્ર, મધ્યમવ્યાયોગ<br>દૂતવાક્ય, દૂતઘટોત્કચ, કર્ણભાર,<br>ઊરૂભંગ |
| 3. | હરિવંશ પર આધારિત<br>એક (1) રૂપક | બાલચરિત |
| 4. | ઉદયન કથા પર આધારિત<br>બે (2) રૂપકો | પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ,<br>સ્વપ્નવાસવદત્તમ્ |
| 5. | લોકકથા પર આધારિત<br>બે (2) રૂપકો | દરિદ્રચારૂદત્ત, અવિમારક |

આ રૂપકોમાં એકાંકીથી માંડી સાત અંક સુધીના વૈવિધ્યસભર વ્યાયોગ જેવા રૂપકપ્રકારોનો સમાવેશ થાય છે.

### 1.4.3 રામાયણ પર આધારિત રૂપકો

#### 1. અભિષેક નાટક

રામાયણની કથા પર આધારિત આ છ અંકનું નાટક છે જેમાં રાજયાભિષેકની વાત કેન્દ્રબિંદુમાં છે. સીતાહરણ પછી કિષ્કિન્ધાનગરીમાં પહોંચ્યા પછી વાલીના વધ પછી સુગ્રીવનો રાજ્યાભિષેક અને રાવણવધ પછી વનવાસ પૂર્ણ કરી રામનો રાજયાભિષેક, અને વિભીષણનો રાજયાભિષેક આમ ત્રણ રાજયાભિષેકનું કથાનક અહીં નિરૂપાયેલ છે. રાજયાભિષેકની કથાના લીધે જ આનું અભિષેકનાટક નામાભિધાન કરવામાં આવ્યું છે.

આ નાટકમાં રામને મળેલી સીતા અને રાજ્યની પુનઃપ્રાપ્તિ ફલશ્રુતિ છે. સુગ્રીવ સાથેની મૈત્રી અને રાવણની અતિશય કામાસક્તિથી તેનો વિનાશ થાય છે. વીરરસ પ્રધાન આ નાટકમાં હનુમાન, સીતા, સુગ્રીવ, વિભીષણ જેવા અનેક પાત્રો છે. આમ આ નાટક મધ્યમ કક્ષાનું છે જેની પ્રસિદ્ધિ સંસ્કૃત જગતમાં વિશેષ નથી જણાતી.

### 2. પ્રતિમા નાટક

પ્રસ્તુત નાટક ભાસના શ્રેષ્ઠ નાટકોમાંનું એક અને વિવેચકો દ્વારા પણ પ્રશંસિત છે જેમાં સાત (7) અંક છે. આમાં રામવનગમનથી રાવણવધ સુધીની ઘટના સંક્ષેપરૂપે જોવા મળે છે. નાટકના પ્રારંભમાં રામનો રાજ્યાભિષેક રોકાઈ જાય છે અને રામને 14 વર્ષના વનવાસની સજા સંભળાવવામાં આવે છે. આ દુઃખથી રાજા દશરથનું કસમયે મૃત્યુ થઈ જાય છે. આ સમયે પ્રતિમાગૃહમાં પ્રતિમાઓનું દર્શન કરતો ભરત દેવકુલિક પાસેથી પોતાના પિતાના અવસાનના સમાચાર સાંભળે છે. દશરથના અવસાનના સમાચાર વિશિષ્ટ રીતે આપવા ભાસે 'પ્રતિમા દૃશ્ય'નો કલાત્મક રીતે ઉપયોગ કર્યો છે. આના આધારે જ આ નાટકનું નામ 'પ્રતિમા નાટક' રાખવામાં આવ્યું છે. રામને મનાવવા ભરત દંડકારણ્ય જાય છે. તેમજ રામના આદેશાનુસાર તેમની ચરણપાદુકા લઈને અયોધ્યા આવી જાય છે. પિતાનું પ્રથમ શ્રાદ્ધ સુવર્ણમૃગથી કરવું આવી સાધુવેશધારી કપટી રાવણની સલાહથી રામ મૃગને મારવા જાય છે. આમ રામાયણમાં સીતાની મૃગચર્મની લાલસાનો ભાસે છેદ કર્યો છે. આ સીતાહરણનો પ્રસંગ ભાસે બુદ્ધિગમ્ય રીતે રજૂ કર્યો છે.

નાટકનાં છઠા અંકમાં ભરત અને કૈકેયીનો સંવાદ છે. ભરત કૈકેયી પર ગુસ્સો કરતા રામનું વનગમનનું રહસ્ય કૈકેયી રજૂ કરે છે. રામનું વનગમન માગવા પાછળ રામના જીવનને બચાવી લેવાનો તેમજ શ્રવણના માતાપિતાના શાપને સાચો પાડવાનો શુભ આશય જણાવે છે. તેમજ ચૌદ દિવસની જગ્યાએ ભૂલથી ચૌદ વર્ષ ગભરાટથી બોલાયું. આમ કૈકેયીના પાત્રનું ઊર્ધ્વીકરણ કરવાનો ભાસનો પ્રયાસ અત્યંત મૌલિક અને પ્રશસ્ય છે.

### 1.4.4 મહાભારત પર આધારિત રૂપકો

3. **પંચરાત્ર :** પાંચ રાતની શરત પર આધારિત ત્રણ અંકનું આ સુંદર રૂપક છે. વિદ્વાનો આને 'સમવકાર'ની શ્રેણીમાં મૂકે છે. આની વાર્તા મહાભારત પરથી બનાવવામાં આવી છે જેમાં કલ્પનાનો અદ્‌ભૂત પ્રયોગ કરવામાં આવ્યો છે. દુર્યોધન મોટો યજ્ઞ કરે છે અને ગુરૂ દ્રોણાચાર્યને ગુરૂદક્ષિણા આપવાનું નક્કી કરે છે. ત્યારે દ્રોણાચાર્ય પાંડવોને અડધું રાજ્ય આપવાનું કહે છે. શકુનિના વિરોધ પછી તેની સલાહથી પાંડવો પાંચરાત્રિમાં મળે તો તે અડધું રાજ્ય આપવા તૈયાર થાય છે. આ બાજુ કીચકવધના સમાચારથી દ્રોણને ભીષ્મ પાંચ રાત્રિની શરત સ્વીકારી લેવા સૂચવે છે. ભીષ્મની સલાહથી કૌરવો યજ્ઞમાં હાજર ન રહેનાર વિરાટ રાજાની ગાયો વાળે છે. કૌરવો વિરાટરાજા પર આક્રમણ કરે છે. જેમાં રાજકુમાર ઉત્તર બૃહન્નલાના વેશમાં અર્જુનની સહાયથી કૌરવોને હરાવે છે. પાંડવોના સાચા સ્વરૂપની જાણ થતાં વિરાટરાજા અર્જુનની સાથે ઉત્તરાના વિવાહની વાત કાઢે છે. અર્જુન પોતાના પુત્ર અભિમન્યુ માટે ઉત્તરાનો સ્વીકાર કરે છે. પાંડવોનો ભાળ પાંચરાત્રિ પૂર્ણ થયાં પહેલાં મળ્યો હોવાથી શરત મુજબ દુર્યોધન તેને અડધું રાજ્ય આપી દે છે. આવી વાર્તા મહાભારતમાં નથી. મહાકવિ ભાસ પંચરાત્રના કથાવસ્તુના હેતુપૂર્ણ આયોજન દ્વારા કલ્પનાશક્તિના

જોરે મહાભારતના લોહિયાળ અંતનો છેદ ઉડાડે છે.

4. **મધ્યમવ્યાયોગ** - આ એકાંકી રૂપક છે. તેમાં વચેટ પાંડવ ભીમને કેન્દ્રસ્થળે રાખી આ કથાનકનું નામ મધ્યમવ્યાયોગ આપવામાં આવ્યું છે. રૂપકપ્રકારોમાં 'વ્યાયોગ'ની શ્રેણીમાં આ રૂપક આવે છે. મુખ્ય કથા તરીકે મધ્યમ પાંડવ ભીમ અને ઘટોત્કચનું મિલન અહીં દર્શાવવામાં આવ્યું છે. મહાભારતમાં આવતો બકાસુરવધ પ્રસંગ અને બ્રાહ્મણગ્રંથમાં આવતું શુનઃશેપ આખ્યાન આ નાટકના વસ્તુનિર્માણમાં ઉપજીવ્ય તરીકે લેવામાં આવ્યું છે. પાંડવોના વનવાસ સમયે ઘટોત્કચ રાક્ષસ પોતાની માતા હિડિમ્બાના ઉપવાસના પારણા માટે કેશવદાસના મધ્યપુત્રને લઈ જાય છે. નદીએથી આવતાં મોડું થતાં ઘટોત્કચ મધ્યમ પુત્રને જલદીથી આવવા બૂમ પાડે છે. એકસાથે બે મધ્યમપુત્ર એટલે કે બ્રાહ્મણકુમાર અને મધ્યમ પાંડવ ભીમ હાજર થાય છે. બ્રાહ્મણની વિનંતીથી ભીમ તેના બદલે પોતે ઘટોત્કચની સાથે જવા રાજી થાય છે. ઘટોત્કચ તેને પોતાની પાસે આવવા જણાવતાં ભીમ તેને યુદ્ધ માટે આમંત્રણ આપે છે. રાક્ષસ વૃકોદર ભીમને પરાસ્ત કરવામાં અસમર્થ હોવા છતાં વચન અનુસાર ભીમ તેની સાથે જાય છે.

નિવાસસ્થાને પહોંચી ભીમને બહાર ઊભો રાખી ઘટોત્કચ પોતાની માતાને બોલાવી લાવે છે. હિડિમ્બા આવીને ભીમને ઓળખી આર્યપુત્ર તરીકે તેનું સંબોધન કરી અભિવાદન કરે છે. ઘટોત્કચ આ કાર્ય માટે લજ્જિત થઈ પોતાના પિતા ભીમની ક્ષમા માંગે છે. તેની પાછળ આવેલા બ્રાહ્મણનો પણ યથોચિત સત્કાર કરી તેમને વિદાય આપે છે. વ્યાયોગના અંતે ભીમ (મધ્યમ, પત્ની હિડિમ્બા) અને પુત્ર ઘટોત્કચનું પરસ્પર મધુર મિલન દર્શાવ્યું છે. આ રીતે સુખાન્ત નાટક સમાપ્ત થાય છે.

5. **દૂતવાક્ય** - આ પણ એકાંકી રૂપક છે. વ્યાયોગની શ્રેણીમાં આ કૃતિનો સમાવેશ વિદ્વાનો કરે છે. કૃષ્ણ દૂત તરીકે દુર્યોધન પાસે જાય છે તે પ્રસંગ અહીં મુખ્યરૂપે વ્યક્ત કરાયો છે. પાંડવપક્ષ તરફથી શ્રીકૃષ્ણ 11 અક્ષૌહિણી સેનાના નાયક તરીકે ભીષ્મ પિતામહની વરણી થતાં દૂત તરીકે સંધિ પ્રસ્તાવ લઈને જાય છે. દુર્યોધન તેમને 'પુરૂષોત્તમ નારાયણ' તરીકે નહીં, પરંતુ 'કેશવ' તરીકે ઓળખવાનું સૂચવે છે. શ્રીકૃષ્ણ દુર્યોધનની સભામાં સંધિનો પ્રસ્તાવ મૂકે છે. દુર્યોધન તેમને અપમાનિત કરી **'सूच्यग्रं नैव दास्यामि विना युद्धेन केशव'** સોઈની અણી જેટલી જમીન પર યુદ્ધ વગર આપવાની ના પાડે છે. કાયરોની જેમ તે શ્રીકૃષ્ણને બાંધવા પ્રયત્ન કરે છે. શ્રીકૃષ્ણ પોતાનું વિશ્વરૂપ ધારણ કરે છે. દુર્યોધન હતપ્રભ થઈ જાય છે. શ્રીકૃષ્ણના આયુધો, શંખ, ગદા, ચક્ર વગેરે યાદ કરતાંની સાથે એક પછી એક આવે છે. પરંતુ દુર્યોધનને જીવતો રાખવો જરૂરી હોવાથી શ્રીકૃષ્ણ બધાંયને વિદાય કરે છે. છેલ્લે ધૃતરાષ્ટ્ર આવી તેમનો ચરણસ્પર્શ કરીને અર્ધ્ય આપે છે. શ્રીકૃષ્ણ તેને સ્વીકારે છે. આ સાથે આ રૂપક પૂર્ણ થાય છે.

નવીનતાની દૃષ્ટિએ શંખ, ચક્ર, ગદા વગેરે આયુધોનું સદેહરૂપે આવવું તે ભાસની સુંદર અને અભિનવ સૂઝ દર્શાવે છે. રાજનીતિના કેન્દ્રવર્તી વિષય

પર વીરરસ અને અદ્‌ભૂત રસનો સુભગ સમન્વય અહીં કરવામાં આવ્યો છે.

6. **દૂતઘટોત્કચ** - પ્રસ્તુત નાટક એકાંકી પ્રકારનું છે. જેમાં અભિમન્યુના વધ પછી ઘટોત્કચ દૂત બનીને કૌરવોની પાસે જાય છે. આ સંપૂર્ણ કથાનક કવિકલ્પના પ્રસૂત હોવાથી મહાભારતમાં આ પ્રકારનો ઉલ્લેખ નથી મળતો. અભિમન્યુના વધના સમાચારથી ધૃતરાષ્ટ્ર અપ્રસન્ન થાય છે. બીજી બાજુ અભિમન્યુનો વધ કરનાર જયદ્રથની પત્ની દુઃશલા પોતાના વૈધવ્યને નજીક જોઈને કરૂણ આક્રંદ કરે છે. દુર્યોધન, દુઃશાસન અને શકુનિ અભિમન્યુના વધથી પ્રસન્ન છે. દુર્યોધન અને ઘટોત્કચ વચ્ચે વિવાદ થાય છે. ઘટોત્કચ શ્રીકૃષ્ણને સંદેશ આપતાં કહે છે કે એક પુત્રના વિનાશથી અર્જુનની આવી દશા થઈ તમારી શી દશા થશે. હવે ક્ષત્રિયોનો અંત આવ્યો જાણો. એટલામાં શકુનિ, દુઃશાસન અને દુર્યોધન ઉગ્ર બની જાય છે. ઘટોત્કચ તેમને રાક્ષસોથી પણ અધમ કહીને યુદ્ધ માટે પડકાર ફેંકે છે. ધૃતરાષ્ટ્ર બધાને શાંત પાડે છે. અંતમાં ઘટોત્કચ અભિમન્યુના વધનો પ્રત્યુત્તર અર્જુન જયદ્રથના વધથી આપશે આમ ધર્મ આચરવાનું કહી પાછો પાંડવોની શિબિરમાં વળે છે.

આ સંપૂર્ણ કથાનક મોટેભાગે કવિની કલ્પનાનું નિર્માણ છે. સાથે આમાં ભરતવાક્ય નથી. આ રૂપકમાં વીરરસની જમાવટ ખૂબ સારી રીતે થઈ છે.

7. **કર્ણભાર** - સાધારણ કર્ણને દાનવીર કર્ણની ઉપાધિથી સંપૂર્ણ વિશ્વમાં ખ્યાતિ અપાવતું એકાંકી રૂપક એટલે કર્ણભાર. મહાભારતના યુદ્ધના અંતિમ તબક્કામાં કૌરવોના સેનાપતિ તરીકે લડવા જતાં કર્ણનું મનોમંથન અહીં નિરૂપાયું છે. રૂપકની શરૂઆતમાં દુર્યોધનનો સૈનિક યુદ્ધની જાણ કરવા આવે છે. કર્ણ ગમગીન દશામાં હોય છે. તે શલ્યને અર્જુન પાસે રથ લઈ જવા કહે છે. તેનું મન હતાશાથી ભરેલું છે. એક બાજુ પાંડવો તેના ભાઈઓ અને પોતે કુંતીને વચન આપ્યું છે ને બીજી તરફ ગુરૂ પરશુરામે વિદ્યાદાન પછી આપેલો શ્રાપ છે આમ બંને બાજુથી કર્ણ ચિંતામગ્ન છે તે જ સમયે બ્રાહ્મણવેષમાં ઈન્દ્ર આવે છે. દાનવીર કર્ણ તેમને હાથી, ઘોડા, વીર યોદ્ધા અને છેલ્લે પોતાનું મસ્તક પણ આપવા સજ્જ છે પણ ઈન્દ્ર તરફથી એક જ જવાબ મળે છે - **'नेच्छामि कर्ण नेच्छामि'** છેવટે કવચકુંડળના દાનની વાત આવતાં જ ઈન્દ્ર તેનો સ્વીકાર કરી લે છે. શલ્યે રોક્યો હોવા છતાં કર્ણ તે અંગો સાથે જન્મેલું કવચ અને કુંડળ ઉતારીને આપી દે છે. પોતાના આ નિમ્નકર્મથી લજ્જિત ઈન્દ્ર કર્ણને પ્રતિદાન તરીકે વિમલા શક્તિ આપે છે. જેનાથી પાંડવપક્ષના એક યોદ્ધાનો નાશ થશે એવું વરદાન મળે છે. નાછૂટકે જેનો પ્રયોગ કર્ણ ઘટોત્કચને હણવા કરે છે. આ રીતે 'हुतं च दत्तं च तथैव तिष्ठति' (હોમેલું અને આપેલું એમનું એમ રહે છે.) વાક્ય સાથે આ એકાંકી રૂપકનું સમાપન થાય છે.

મહાભારતના આદિપર્વમાં કવચકુંડળ હરણનો પ્રસંગ છે જે વનપર્વમાંથી આવે છે. શાંતિપર્વમાં પરશુરામના શાપનું વૃત્તાન્ત છે. આમ, છૂટા છૂટા પ્રસંગો અને ઘટનાઓમાંથી પ્રેરણા લઈ ભાસના આ એકાંકીનું સર્જન થયું છે. સમસ્ત

યુદ્ધની જવાબદારી હવે અંગરાજ કર્ણના શિરે આવી પડી છે. તેથી જ આ કૃતિનું નામ કર્ણભાર રાખવામાં આવ્યું છે.

8. **ઊરુભંગ** - મહાભારતના યુદ્ધના અંતિમ અધ્યાયની ઘટના રજૂ કરતું આ એક એકાંકી રૂપક છે. દ્રૌપદીના ચીરહરણ વખતે ભીમની દુર્યોધનના સાથળ ભાંગી નાખવાની પ્રતિજ્ઞા પૂર્ણ કરતું આ એક કરુણાન્તક રૂપક છે. નાટકની શરૂઆત વિષ્કંભક દ્વારા ભીમ અને દુર્યોધનના ગદાયુદ્ધનું વર્ણન કરવાથી થાય છે. દુર્યોધન બુદ્ધિચાતુર્યથી ભીમને હંફાવે છે. જ્યારે ભીમ બળના જોરે દુર્યોધનને હરાવવાની નાકામ કોશિશ કરે છે. આથી શ્રીકૃષ્ણના સંકેતથી ભીમ સુયોધનની જાંઘ પર ગદાનો પ્રહાર કરે છે. આમ યુદ્ધમાં બળ કરતાં કળ વાપરવાથી ભીમનો વિજય નક્કી છે. બલરામ આથી નારાજ થાય છે અને હથિયારથી ભીમની છાતી ચીરી નાખવાની વાત છે. પણ મૃત્યુશય્યા પર પશ્ચાતાપની આગમાં બળતો સુયોધન તેમને આ કરતાં રોકે છે. 'वैरं पश्चातापं संवृत्तम्' અર્થાત્ વૈર પશ્ચાતાપમાં પરિણમ્યું. દુર્યોધનનો પુત્ર, ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને તેની બે રાણીઓ યુદ્ધભૂમિમાં આવે છે અને તેમની સાથે કૌટુંબિક મિલન થાય છે. બધાને દુર્યોધન આશ્વાસન આપે છે. પુત્ર દુર્જયને સંપથી રહેવાની સલાહ આપે છે. જીવનની અંતિમ ક્ષણોમાં દુર્યોધનને થતો પરિતાપ અને પશ્ચાતાપ આ રૂપકમાં દર્શનીય છે. સાથળની સાથે તેનું અભિમાન પણ ચૂરચૂર થઈ ગયું છે. આમ કહી અશ્વત્થામા કૃષ્ણ સાથે પાંડવોને ખતમ કરી નાખવાની વાત કરે છે પણ વૈર, વિગ્રહની વાર્તા અને આપણે સૌ સમાપ્ત છીએ આમ કહી દુર્યોધન મૃત્યુના મુખમાં સત્યનું દર્શન કરે છે. અશ્વત્થામા તેને ગણકાર્યા સિવાય દુર્જયનો વિપ્રવચનથી અભિષેક કરી રાત્રિયુદ્ધમાં પાંડવોને હણવાની પ્રતિજ્ઞા લે છે. દુર્યોધનના મૃત્યુ સાથે વિલાપ અને દુઃખમય વાતાવરણમાં આ કરુણાંત નાટક પૂર્ણ થાય છે.

### 1.4.5 હરિવંશ પર આધારિત રૂપક

9. **બાલચરિત** - શ્રીકૃષ્ણની બાળલીલાઓનું દિવ્ય વર્ણન પ્રસ્તુત કરતું આ પાંચ અંકનું રૂપક છે. આનો આધાર હરિવંશ અને ભાગવત પુરાણ છે. શ્રીકૃષ્ણના જન્મથી માંડી કંસવધ સુધીની વાર્તા આનો મુખ્ય વિષય છે. વિષ્ણુના દર્શન માટે આવેલા નારદ દેવકીના હાથમાં નવજાત શિશુનાં દર્શન કરી બ્રહ્મલોક તરફ જાય છે. વસુદેવ પાસે જઈ દેવકી બાળકને સુરક્ષિત સ્થળે મૂકી આવવા કહે છે. વસુદેવ ભારે વરસાદ વચ્ચે અંધકારમાં બે કાંઠે વહેતી યમુના નદીને પાર કરી પોતાના મિત્ર નંદગોપને ત્યાં જાય છે. નંદની મૃતપુત્રીને લઈ પાછા ફરે છે. પાછા લાવતાં તેના રૂદનનો અવાજ સંભળાય છે. કંસ તે કન્યાને મારી નાખે છે. આ બાજુ વ્રજમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રસરવા લાગી છે. કંસને જ્યોતિષીઓ દ્વારા દિવ્ય બાળકના જન્મની માહિતી મળે છે.

આ પછી કંસ પૂતના, શકટાસુર, ધેનુકાસુર અને કેશી રાક્ષસને મોકલે છે. જેમને શ્રીકૃષ્ણ પોતાની લીલા અને દિવ્ય શક્તિથી હણી નાખે છે. અરિષ્ટ, વૃષભ અને કાલીય નાગને પણ કૃષ્ણ મારી નાખે છે. કાલીયનાગ સાથે યુદ્ધનો વૃત્તાંત અહીં ખૂબ જ કલાત્મક

રીતે મહાકવિ ભાસે રજૂ કર્યો છે. યશોદા બાળકૃષ્ણને તેના તોફાનો માટે દોરડાથી બાંધે છે તેથી તેમનું નામ 'દામોદર' એવું પડ્યું છે. ભટો પાસેથી મથુરાના મહાધનુમહોત્સવ વિશે સાંભળી ત્યાં જવાની ઈચ્છા દર્શાવે છે. માર્ગમાં કુવલયાપીડ હાથીને હણે છે. ધનુષ્યશાળાના રક્ષકને, ચાણુર, મુષ્ટિક જેવા પહેલવાનોને પણ મારી નાંખે છે અને છેલ્લે કંસનો પણ વધ કરી મથુરાને કંસના આતંકથી મુક્ત કરાવે છે. કંસના પિતા ઉગ્રસેનને કારાવાસમાંથી મુક્ત કરાવે છે. ગગનમાં દુંદુભિઓ વાગે છે, પુષ્પવૃષ્ટિ થાય છે. નારદજી આવી શ્રીકૃષ્ણના દર્શન કરી પાછા જતાંની સાથે આ રૂપકનો અંત થાય છે.

અહીં શ્રીકૃષ્ણને એક દિવ્ય પુરૂષોત્તમ સાક્ષાત્ ભગવાનના રૂપે મહાકવિ ભાસ વર્ણવે છે. રાધાનું પાત્ર આ રૂપકમાં જોવા મળતું નથી. મૃતપુત્રીની કલ્પના પણ મહાકવિ ભાસની લાગે છે. વીરરસમાં આ કૃતિ ગોવાળોના આનંદી જીવનયાત્રાની ઝલક કરાવે છે. प्रतिष्ठितं इदानीं वृष्णिराज्यम् – હવે વૃષ્ણિઓનું રાજ્ય પ્રતિષ્ઠિત થયું. આ વિધાનમાં બાલચરિતની પરિસમાપ્તિ દેખાય છે.

### 1.4.6 ઉદયન કથા પર આધારિત રૂપકો

**10.** **પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ** - સ્વપ્નવાસવદત્તમ્ની પૂર્વભૂમિકાને સારી રીતે વ્યક્ત કરતું રાજનીતિવિષયક આ ચાર અંકનું નાટક છે. જેમાં વત્સરાજ ઉદયન ઉજ્જૈનની મહાસેનપુત્રી વાસવદત્તાનું અપહરણ કરે છે. પ્રદ્યોત ઉદયનને બનાવટી હાથીના ષડ્યંત્રથી બાંધી લે છે અને તેનો વિશ્વાસુ મંત્રી યૌગન્ધરાયણ ઉદયનને છોડાવવા માટે બે વાર પ્રતિજ્ઞા કરે છે તેથી આનું નામ પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ છે.

આ નાટકનું કથાનક વાસવદત્તા અને ઉદયનની નજીક જ ફરતું હોવા છતાં બન્ને પાત્રો રંગભૂમિ પર આવતાં જ નથી. છતાં બન્નેના પ્રણયની અને તેના પરિણામે જન્મેલી વાતો અહીં ગુંજ્યા જ કરે છે. વેણુવનમાં શિકાર કરતાં ઉદયનને અવંતીરાજ મહાસેન કેદ કરી લે છે. બન્ને ઉદયન સાથે વાસવદત્તાનો વિવાહ કરાવવા તૈયાર છે પણ ઉદયન શત્રુરાજ્યનો હોવાથી આ શક્ય નથી બનતું. વિદુષક, યૌગન્ધરાયણ અને રૂમણ્વાન વેશ બદલી ઉજ્જૈનમાં આવે છે. બધા એક જીર્ણ દેવાલયમાં મળી યોજના ઘડે છે. વિદુષક ઉદયનને મળીને આવે છે અને વાસવદત્તા પ્રત્યે ઉપજેલ પ્રેમના લીધે તેને છોડીને આવવા માટે તૈયાર નથી એવું જણાવે છે. યૌગન્ધરાયણ અર્જુને કરેલા સુભદ્રાહરણની જેમ ઉદયન સાથે તેની વીણા, હાથી અને વાસવદત્તાનું અપહરણ કરાવવાની પ્રતિજ્ઞા લે છે. ચોથા અંકમાં પ્રદ્યોતના ઉન્મત્ત હાથી નગગિરીને વશમાં લેવા મુક્ત થયેલા ઉદયન અને વાસવદત્તા સાથે ભદ્રવતી હાથણી પણ ભાગી જાય છે. યૌગન્ધરાયણ અને સૈનિકો વચ્ચે યુદ્ધ થાય છે. જેમાં યૌગન્ધરાયણની તલવાર તૂટી જાય છે. એટલામાં મહાસેને મોકલેલી સુવર્ણની ઝારી લઈને કંચુકી આવે છે. મહાસેન ઉદયન-વાસવદત્તાનો વિવાહ માન્ય રાખ્યો એમ જાણતાં તે ભેટ સ્વીકારે છે અને નાટક પૂર્ણ થાય છે.

બૃહત્કથામાં આ કથાનક મળે છે પણ મહાકવિ ભાસે તેને જીવંત અને નાટ્યક્ષમ બનાવવા છતાં ઘણાં પરિવર્તનો કર્યા છે. રાજાના સ્થાને આ રૂપકનો

નાયક યૌગન્ધરાયણ છે. આ એક વિશેષ અને બીજા નાટકો કરતાં જુદા નાટક તરીકે તરી આવે છે. આને પ્રકરણ પ્રકારનું રૂપક કેટલાંક વિદ્વાનો સ્વીકારે છે.

**11.** **સ્વપ્નવાસવદત્તમ્** - ઉદયનકથા ઉપર રચેલ પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ નાટકનું આ અનુસંધાન નાટક છે. જેમાં ઉદયન અને વાસવદત્તાનો વિપ્રલંભશ્રૃંગાર વિશેષરૂપે નિરૂપાયેલો છે. મહાકવિ ભાસની આ સર્વશ્રેષ્ઠ કૃતિ છે. સ્વપ્નમાં જોયેલી વાસવદત્તાના પ્રસંગને આધારે આ નાટકનું નામ સ્વપ્નવાસવદત્તમ્ પાડવામાં આવ્યું છે. વાસવદત્તાના પ્રેમમાં ગળાડૂબ ઉદયનના રાજયને પાડોશી રાજા અરુણિ પડાવી લે છે તે પાછું મેળવવા યૌગન્ધરાયણ યોજના ઘડે છે. લાવાણક ગામમાં યૌગન્ધરાયણ અને વાસવદત્તા આગ લાગવાથી બળીને મરી ગયા છે આવી વાયકા ઉદયનને પદ્મ‌ાવતી સાથે વિવાહ કરવાના માર્ગને પ્રશસ્ત કરે છે. જેમાં વાસવદત્તા પણ સહભાગી બની છે.

નાટકની શરૂઆતમાં યૌગન્ધરાયણ અને વાસવદત્તા વેશપલટો કરીને મગધના તપોવનમાં પ્રવેશે છે. પદ્મ‌ાવતી ત્યાં આવી તપસ્વીઓને દાન કરવાની ઈચ્છા જાહેર કરે છે જેનો લાભ લઈ યૌગન્ધરાયણ પ્રોષિતભર્તૃકા બહેન તરીકે વાસવદત્તાને થાપણરૂપે પદ્મ‌ાવતી પાસે મૂકે છે. લાવાણકથી આવેલા બ્રહ્મચારીના મુખે ગામમાં આાવેલી આફત અને ત્યારબાદ ઉદયનની દશાનું માર્મિક ચિત્રાણ રજૂ કરે છે. જેનાથી એકબાજુ વાસવદત્તા આશ્વસ્ત થાય છે તો બીજી બાજુ પદ્મ‌ાવતીના મનમાં ઉદયન પ્રત્યે પ્રેમ જાગૃત થાય છે.

આવન્તિકાના વેશમાં વાસવદત્તાની પદ્મ‌ાવતી સાથે આત્મીયતા બંધાય છે. ઉદયનના ગુણોને જોઈ પદ્મ‌ાવતી તેની સાથે લગ્ન કરવાની ઈચ્છા દર્શાવે છે. એટલામાં ઉદયન-પદ્મ‌ાવતીના વેવિશાળના અને તરત જ લગ્ન લેવાના સમાચાર મળે છે.

વાસવદત્તા સ્વભાવગત રીતે દુઃખી થાય છે. મહારાણીના કહેવાથી તે રાજા માટે કૌતુકમાળાનું ગુંફન કરે છે. ચોથા અંકમાં પ્રમદવનમાં પદ્મ‌ાવતી અને વાસવદત્તા સંતાઈને રાજા અને વિદુષકનો સંવાદ સાંભળે છે તથા રાજાના પદ્મ‌ાવતી અને વાસવદત્તા વિશેના અભિપ્રાયો જાણી બન્ને આશ્વસ્ત થાય છે. નાટકનું પ્રમુખ સ્વપ્નદશ્ય પાંચમાં અંકમાં આવે છે. પદ્મ‌ાવતીને શિરોવેદના થાય છે. સમુદ્રગૃહમાં તેની પથારી છે. તેને મળવા રાજા અને વિદુષક જાય છે, ત્યાં પદ્મ‌ાવતીને ન જોતાં રાજા વાર્તા સાંભળતો-સાંભળતો સૂઈ જાય છે. વિદુષક ત્યાંથી જતો રહે છે. એટલામાં ત્યાં વાસવદત્તા આવે છે. રાજા સ્વપ્નમાં વાસવદત્તાને યાદ કરે છે. વાસવદત્તા ગભરાઈ જાય છે પણ રાજા સ્વપ્ન જોતા હોવાથી તેની નજીક આવીને સૂઈ જાય છે અને રાજાના પ્રશ્નોના જવાબ આપે છે. રાજાને વાસવદત્તાનો સ્પર્શ થાય છે અને તે જાગી જાય છે. સ્વપ્ન અને હકીકતની દુવિધામાં ફસાયેલો રાજા વાસવદત્તા જીવે છે એવી શંકા કરે છે. એટલામાં આરૂણિ પર વિજય પ્રાપ્ત કરવા માટે ચડાઈ કરવાના સમાચાર આપે છે. છેલ્લા અંકમાં નાટકીય રીતે ચિત્રફલક પરથી પદ્મ‌ાવતી વાસવદત્તાને ઓળખે છે. વાસવદત્તા જાહેર થાય છે. ઉદયન પદ્મ‌ાવતી અને વાસવદત્તા સાથે ઉજ્જૈન

જવાનો નિર્ણય કરે છે. આ રીતે આ નાટક પૂર્ણ થાય છે.

આ નાટકમાં વાસવદત્તાનું બલિદાન અને પરિપક્વતા તથા પૂર્ણ વ્યવહારના દર્શન થાય છે. પદ્માવતીની ઉદારતા અને સંસ્કારિતા, ઉદયનની પ્રણય પ્રત્યેની વફાદારી અને મનોમંથન આ નાટકનું જમા પાસું છે. મનોવૈજ્ઞાનિક રીતે શિષ્ટ સમાજની ઉચ્ચ કોટિના બે આત્માઓના ભવ્ય પ્રણય અને અપૂર્વ ત્યાગના દર્શન અહીં થાય છે.

### 1.4.7 લોકકથા પર આધારિત નાટકો

**12.** **દરિદ્રચારુદત્ત** - આ ચાર અંક ધરાવતું રૂપક છે. મૃચ્છકટિકના પ્રથમ ચાર અંકોની કથાવસ્તુ અહીં નિરૂપાયેલી છે. જેના પરથી શૂદ્રકે મૃચ્છકટિકની રચના કરી છે. આમાં ચારુદત્તની ગરીબાઈનું વર્ણન કર્યુ હોવાથી આ નાટક દરિદ્રચારુદત્ત તરીકે પ્રખ્યાત છે.

વિદૂષક ચારુદત્તની ગરીબાઈનું વર્ણન કરે છે. શકાર અને વિટ રાત્રિના અંધકારમાં વસંતસેનાનો પીછો કરે છે. વસંતસેના ચારુદત્તના ઘર નજીક આવીને ઊભી રહે છે. વસંતસેના સાડીના છેડાથી દીવાને હોલવી દે છે. વિદુષક રદનિકાને ચકલામાં જવાનું કહી દીવો પ્રગટાવવા ઘરમાં જાય છે. વિટ રદનિકાને વસંતસેના માની પકડે છે. વિદૂષક તેને છોડાવે છે. આ બાજુ વસંતસેનાને ચારુદત્ત રદનિકા માની લે છે. તે વખતે વિદૂષક આવીને શકારનો સંદેશ આપે છે ત્યારે વસંતસેનાની ઓળખ થાય છે. વસંતસેના ચારુદત્ત પાસે પોતાના ઘરેણાં થાપણ તરીકે મૂકીને જાય છે.

વસંતસેના ચારુદત્ત પ્રત્યે આકૃષ્ટ થાય છે. દરિદ્રતા તેના પ્રેમમાં બાધક નથી. ચારુદત્તનો પૂર્વસેવક સંવાહક જુગારમાં હારી ગયો હોવાથી વસંતસેનાના શરણે આવે છે. વસંતસેના તેનું દેવું ચૂકવી દે છે. આ પછી સંવાહક સાધુ બની જાય છે. હાથીના પંજામાંથી સંન્યાસીને છોડાવનાર વસંતસેનાના મહાવતને ચારુદત્ત પોતાનો ખેસ ભેટ તરીકે આપે છે. આઠમના દિવસે રાત્રે ચારુદત્તે વિદુષકને આપેલા સુવર્ણભાંડને સજ્જલક ચોરી જાય છે. ચારુદત્ત દરિદ્રતાના લીધે બેઈમાની કરવાના ભયથી પોતાના પત્નીની મોતીની માળા વસંતસેનાને મોકલે છે. મદનિકા ચિત્રફલક ઘરમાં લઈને પ્રવેશ કરે છે. વસંતસેના પોતાની સાથે ચારુદત્તનું ચિત્ર દોરે છે. એ સમયે વસંતસેનાને શકારના આવવાના સમાચાર મળે છે જેને તે નકારી દે છે. સજ્જલક મદનિકાને છોડાવવા તે ઘરેણાં લઈને વસંતસેનાના ઘરે પહોંચે છે. મદનિકા સજ્જલકને ઘરેણાં ચારુદત્તને પાછાં મોકલવાનું કહે છે. આ દરમિયાન વિદુષક ચારુદત્તની જુગારમાં હાર અને ઘરેણાંના બદલામાં માળા મોકલ્યાની વાત કરે છે. સજ્જલક વસંતસેનાને ઘરેણાં સોંપે છે. તે ઘરેણાંથી શણગારી મદનિકાને મુક્ત કરે છે. ચારુદત્તે મોકલેલી મુક્તાવલી પહેરી વસંતસેના તેના ઘરે જાય છે આ રીતે આ નાટક પૂર્ણ થાય છે. આ નાટકને અપૂર્ણ નાટક તરીકે વિદ્વાનો સ્વીકારે છે.

લોકકથા પરથી કે પરંપરાગત કથા પરથી આ કથાનક લઈને મહાકવિ ભાસે સામાજિક પરિસ્થિતિને ધ્યાને લઈ નાટ્યકલાથી સમૃદ્ધ ખૂબ જ સુંદર નાટક રચ્યું છે. પ્રેમ દરિદ્રતા કે લાચારીને વશ હોતો નથી. આવો સંદેશ આ

પ્રણયપ્રધાન નાટકમાંથી મળી આવે છે.

13. **અવિમારક :** આ નાટકમાં કુલ છ અંક છે જેમાં રાજા કુંતિભોજની પુત્રી કુરંગી અને રાજા સૌવીરરાજના પુત્ર વિષ્ણુસેનાના પ્રણયપ્રસંગને આવરી લેવામાં આવ્યું છે. અવિ એટલે ઘેટું અને મારક એટલે મારનાર. આમાં ઘેટાનું રૂપ ધારણ કરનાર રાક્ષસને વિષ્ણુસેન રાજકુમાર હણી નાખે છે તેના પરથી અવિમારક એવું નામ પાડવામાં આવ્યું છે. આ નાટક કલ્પનામૂલક છે.

એક વખત વિષ્ણુસેન ઉદ્યાનમાં મદોન્મત્ત હાથીથી રાજકુમારી કુરંગીને બચાવે છે. ત્યારથી બન્ને વચ્ચે પ્રેમ અંકુરિત થાય છે. કુરંગીની દાસી વિદૂષકને છેતરી તેની વીંટી પડાવી લે છે. કુરંગીની ધાત્રી તેને રાત્રે મળવા અંતઃપુરમાં નિમંત્રે છે. વિદૂષક તેને ચેતવે છે છતાં વિષ્ણુસેન મળવા જાય છે. આ બાજુ કાશીરાજ સાથે પોતાના વિવાહના નકારવનો નિશ્ચય કરી કુરંગી શિલાતલ પર ચિંતામગ્ન અવસ્થામાં બેસે છે. અવિમારક જેમ તેમ વિવિધ પરિસ્થિતિઓનો સામનો કરી રાજગૃહે આવી પહોંચે છે. બન્નેનું મિલન થાય છે. આ બન્નેના ઉત્કટ પ્રેમની જાણ રાજાને થાય છે. પકડવાના ભયથી અવિમારક ભાગી જાય છે. વિરહથી વ્યથિત તે અગ્નિપ્રવેશ કરવા જતાં અગ્નિ તેને બચાવી લે છે હવે તે પર્વત પરથી પડતું મૂકીને આપઘાત કરવા જાય છે. એટલામાં વિદ્યાધર નામની વ્યક્તિ તેને એક વીંટી આપે છે. જે ડાબા હાથે પહેરવાથી અદૃશ્ય થવાય અને જમણા હાથે પહેરવાથી દૃશ્ય થવાય. આમ વીંટી પામી ફરીથી કુરંગીને મળવા માટેનો વિશ્વાસ મેળવે છે. બીજુ બાજુ કુરંગી પણ ગળે ફાંસો લગાવીને મરવાનો વિચાર કરે છે. વાદળ ગરજવાનો અવાજ સાંભળી ભયભીત થઈ જાય છે. એ વખતે વિદૂષક સાથે અવિમારક હાજર થાય છે. બન્નેનું મિલન થાય છે.

આ બાજુ કુરંગી સાથે કાશીરાજપુત્રના વિવાહની વિચારણા થાય છે. ત્યાં સૌવીરરાજ તે નગરમાંથી મળી આવે છે પરંતુ અવિમારક મળતો નથી. નારદ આવીને બન્નેના ગાંધર્વવિવાહની વાત જણાવે છે. રાજા કુંતિભોજ મુંઝાય છે. પણ નારદ તેની બીજી પુત્રી સુમિત્રાના લગ્ન કાશીરાજપુત્ર સાથે કરવાની સલાહ આપે છે.

આ રૂપકને પ્રકરણ પ્રકારનું રૂપક માની શકાય. શુદ્ધ પ્રણય અને શ્રૃંગારના પ્રાધાન્યથી પૂર્ણ આ ખૂબ જ રોચક રૂપક છે. જેમાં અદ્‌ભુત રસથી ભરેલી ઘણી બધી ઘટનાઓના સામંજસ્યથી ચમત્કાર સર્જવામાં આવ્યો છે. અનાવશ્યક સંવાદો અહીં નથી જોવા મળતા. નાટકમાં અભિનય ક્ષમતા પુષ્કળ પ્રમાણમાં જોઈ શકાય છે. આમ વિશાળ પાત્રસૃષ્ટિના ઘણાં નાટકોના રચયિતા તરીકે મહાકવિ ભાસ પ્રસિદ્ધિ પામ્યા છે. કુતૂહલ અને રોચકતા સાથે પ્રસંગોને સહજ રીતે રજુ કરવાની ક્ષમતા હોવાથી અવાન્તર કવિઓએ એમની નાટ્યકળા અને શૈલીનું અનુસરણ કર્યું છે.

આ તેર નાટકો ઉપરાંત સૌરાષ્ટ્રના ગોંડલ ક્ષેત્રમાંથી પ્રાપ્ત થયેલ 'યજ્ઞફલ' નામના નાટકને પણ ભાસના નાટક તરીકે ઓળખાવે છે પરંતુ આ વિશે બધા

વિવેચકો એકમત નથી. આમ મહાકવિ ભાસ લોકપ્રિય એવા આ તેર નાટકોના માધ્યમથી ઉત્તમ નાટ્યકાર તરીકે આદર સાથે સંસ્કૃત સાહિત્યમાં ગણવામાં આવ્યા છે.

## 1.5 'स्वप्नवासवदत्तम्' નાટકનું શીર્ષક

કોઈપણ નાટકની પ્રસિદ્ધિમાં સૌપ્રથમ તેના શીર્ષકનું મહત્ત્વ રહેલું છે. સંસ્કૃત નાટકોમાં શીર્ષક આપવાની જુદી જુદી પ્રથાઓ જોવા મળે છે. કોઈપણ કૃતિનું શીર્ષક આકર્ષક, નવીન, ભાવપૂર્ણ અને કથાવસ્તુને અનુરૂપ ટૂંકું, સચોટ અને સમગ્ર ભાવના આધારે હોવું જોઈએ. સંસ્કૃત સાહિત્યમાં શીર્ષકો આપવા માટેની વિવિધ પ્રણાલી જોવા મળે છે.

- નાયકના નામના આધારે શીર્ષક જેમ કે - चारुदत्तम्, रघुवंशम् વગેરે
- નાયિકાના નામના આધારે શીર્ષક જેમ કે - रत्नावली
- નાયક-નાયિકાના નામના આધારે શીર્ષક જેમ કે - मालतीमावधम्, सौन्दरनन्दम्, विक्रमोर्वशीयम्
- કોઈ કેન્દ્રવર્તી ઘટના પરથી શીર્ષક જેમ કે - मृच्छकटिकम्, स्वप्नवासवदत्तम्, अभिज्ञानशाकुन्तलम्
- કથાનકના અંતિમ લક્ષ્યને આવરી લેવાતું શીર્ષક - દા.ત. वेणीसंहारम्, प्रतिज्ञायौगन्धरायण

આમ स्वप्नवासवदत्तम्નું શીર્ષક નાટકની કેન્દ્રવર્તી ઘટના - સ્વપ્ન પર આધારિત છે. પાંચમાં અંકમાં તે દૃશ્યની ઘટના સ્વાભાવિક રીતે સાકાર થાય છે જે ઉદયન અને વાસવદત્તાના પુનઃમિલન માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

ઉદયને ગુમાવેલા રાજ્યની પુનઃપ્રાપ્તિ અર્થે યૌગન્ધરાયણે રચેલી યોજના અનુસાર લાવાણક ગામમાં પોતાના અને વાસવદત્તાનાં બળીને મરી જવાની વાત જાહેર કરે છે. પછી વાસવદત્તાને આવન્તિકાના વેશમાં પદ્‌માવતીને ત્યાં થાપણ તરીકે મૂકે છે. પદ્‌માવતી સાથે ઉદયન વાસવદત્તા હવે નથી રહી આવી ખાતરી થતાં વિવાહ કરે છે.

પાંચમાં અંકમાં પદ્‌માવતીને શિરોવેદના થતાં સમુદ્રગૃહમાં સ્વપ્ન અને વાસ્તવમાં બન્નેના મિલનની અપૂર્વ યોજના મહાકવિ ભાસે ખૂબ જ રોચક રીતે વર્ણવી છે. રાજા ઉદયનને વાસવદત્તાનું સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં વાસવદત્તા સાથે વાતચીત કરતાં પ્રત્યક્ષ હાજર રહેલી વાસવદત્તા જવાબ આપે છે. આમ સ્વપ્ન પ્રસંગથી ઉદયનની મનોદશા પલટાય છે અને હવે પ્રથમ વખત રાણીના મૃત્યુ વિશે સંદેહ જાગે છે. વાસવદત્તાનો સ્પર્શ તેના ચિત્તમાં પુનઃમિલનની આશા જન્માવે છે. આમ મનોવૈજ્ઞાનિક રીતે બન્નેના ભાવિ મિલનની સચોટ ભૂમિકા આ સ્વપ્નદૃશ્ય પૂરું પાડે છે.

### 1.5.1 નાટકના અન્ય નામાભિધાન

નાટકની પ્રાપ્ત થતી પાંડુલિપિઓમાં અંકના અંતે આપેલી પુષ્પિકાઓ અને

ઉલ્લેખો પરથી નાટકના ત્રણ નામ કે શીર્ષક મળી આવે છે.

1. स्वप्ननाटकम् 2. स्वप्नवासवदत्ता 3. स्वप्ननाटकम्

### 1.5.2 વ્યુત્પત્તિઓ : આ શીર્ષકના આધારે આની વ્યુત્પત્તિ આ રીતે થાય છે.

1. स्वप्नप्रधानं नाटकम् स्वप्ननाटकम् - અહીં મધ્યમપદલોપી સમાસ છે. 'स्वप्ननाटकम्' શીર્ષક માટે આ વ્યુત્પત્તિ છે.

2. स्वप्ने दृष्टा वासवदत्ता । तत्प्रतिपादके तत्छब्दोपचारः। - અહીં પણ મધ્યમપદલોપી સમાસ થયો.

3.(અ) स्वप्ने दृष्टा वासवदत्ता यस्मिन् तत् स्वप्नवासवदत्तम् - વ્યધિકરણ બહુવ્રીહિ સમાસથી આ સમજૂતી સધાય જેમાં સ્વપ્નમાં જોયેલી વાસવદત્તાની કથા છે તે નાટક

(બ) स्वप्ने दृष्टा वासवदत्ता स्वप्नवासवदत्ता । तमधिकृत्य कृतं नाटकं स्वप्नवासवदत्तम् । તેને સ્વપ્નદૃષ્ટા વાસવદત્તાને અધિકૃત કરીને કેન્દ્રમાં રાખીને રચાયેલું નાટક તે સ્વપ્નવાસવદત્તમ્.

(ક) स्वप्ने दृष्टा वासवदत्ता -स्वप्नवासवदत्ता । અહીં સ્વપ્નમાં જોવાયેલી વાસવદત્તાને અભેદ ઉપચારથી પ્રતિપાદ્ય - પ્રતિપાદ ભાવથી स्वप्नवासवदत्ता એવું નામ અપાયું.

★ **ઉપસંહાર :**

આમ નાટકનાં ત્રણેય શીર્ષકોમાંથી स्वप्नवासवदत्तम् અથવા स्वप्नवासवदत्ता જ વધુ પ્રચલિત અને વધુ માન્ય છે. રાજશેખર પણ આને જ યોગ્ય શીર્ષક સ્વીકારે છે. પ્રો. દાંડેકર, પ્રો. પુશાલકર, શ્રી કાલે વગેરે સર્વ વિદ્વાનો પાંચમા અંકના આ સ્વપ્નદશ્યને નાટકનું હાર્દ સમજે છે અને તેના આધારે નાટકના શીર્ષકને યોગ્ય ગણાવે છે.

## 1.6. સ્વપ્નવાસવદમ્ કથાસાર અને સમીક્ષા

### 1.6.1 પહેલો અંક - રસદર્શન

**કથાનક** - ભાસરચિત સ્વપ્નવાસવદત્તમ્‌માં કુલ છ અંક છે. જેમાં પ્રથમ અંકનું મુખ્ય વસ્તુ 'વાસવદત્તા-ન્યાસ' છે. મુદ્રાલંકારનો પ્રયોગ કરી નાટકના મુખ્ય પાત્રોના નામ સાથે શ્લેષયુક્ત મંગલાચરણમાં બલરામનું સ્મરણ કરવામાં આવે છે. ભાસની વિશેષતા મુજબ સૂત્રધારના માધ્યમથી નાટકનો શુભારંભ કુતૂહલપૂર્ણ રીતે થાય છે. પડદા પાછળથી પદ્માવતીના તપોવનપ્રવેશ વખતે સૈનિકો દ્વારા લોકોને દૂર ખસેડવાનો અવાજ સંભળાઈ રહ્યો છે.

ભાસે આ તાપસસમુદાયની વચ્ચે સંન્યાસીના વેશમાં યૌગન્ધરાયણ અને આવન્તિકાના વેષમાં વાસવદત્તાને પ્રવેશ કરાવ્યો છે. રાજાના માણસો પોતાની સત્તાનું

પ્રદર્શન કરી શાંત જીવન ગાળતા તપસ્વીઓનું અપમાન કરી રહ્યા છે. વાસવદત્તાને પણ એક સામાન્ય માનવસ્ત્રીની જેમ થઈ રહેલું અપમાન અસહ્ય લાગે છે. યૌગન્ધરાયણ 'चक्रारपंक्तिरिव गच्छति भाग्यपंक्तिः' વગેરે વચનો દ્વારા આશ્વાસન આપે છે. અપરિચિત તો દેવતા પણ અપમાનિત થાય છે. કહી વાસવદત્તાને શાંત પાડે છે. એટલામાં કાંચુકીય આવી સૈનિકોને આમ કરતાં રોકે છે. ત્યારબાદ પદ્માવતીનો પ્રવેશ થાય છે અને તપોવન નિવાસીઓને કંઈક જોઈતું હોય તો માગવા માટે જાહેરાત કરાવે છે. આ વખતે અવસરનો લાભ લઈ યૌગન્ધરાયણ વાસવદત્તાને ન્યાસ (થાપણ) તરીકે થોડો સમય પદ્માવતીના હાથમાં મૂકવા માગણી કરે છે. પદ્માવતી માટે 'दुःखं न्यासस्य रक्षणम्।' આ કાર્ય અઘરું હતાં છતાં પણ પહેલેથી વચન આપી ચૂકેલી હોવાથી તે આવન્તિકાવેશી વાસવદત્તાને સ્વીકારે છે.

એવામાં લાવાણકથી રાજગૃહ તરફ પ્રવાસે જતાં બ્રહ્મચારીનો પ્રવેશ થાય છે. નામ અને બીજી વિગતો પૂછતા બ્રહ્મચારીએ જણાવ્યું કે તે વત્સદેશમાં લાવાણક નામના ગામમાં વેદાભ્યાસ માટે રહેતો હતો તે સમય દરમિયાન લાવાણકમાં બનેલી ઘટનાઓ - જેમ કે લાવાણકના અગ્નિદાહમાં વાસવદત્તા અને યૌગન્ધરાયણનું કહેવાતું અવસાન, વત્સરાજ ઉદયનનો અપરિચિત શોક અને રુકમણીને ઉદયનને સાચવવા માટે કરેલો પ્રયાસ વર્ણવી બતાવે છે. બ્રહ્મચારી યુવાન છે. તેનું નિવેદન લાગણીસભર, રાગાત્મક અને નાટ્યાત્મક વક્રોક્તિથી સભર છે.

છેલ્લે, બ્રહ્મચારીએ કરેલું આ વર્ણન તપોવનમાં તે સમયે એકઠાં થયેલાં બધા પાત્રો સાંભળે છે અને વિવિધ પ્રકારના પ્રત્યાઘાતો અનુભવે છે. પહોર નમતાં બ્રહ્મચારી પોતાના પ્રવાસમાં આગળ વધે છે. યૌગન્ધરાયણ પણ જાય છે અને સાંજ પડતા બીજાં પાત્રો પણ પદ્માવતીને આશીર્વાદ આપી તપોવનની અંદરના ભાગમાં જાય છે. નાટકનો અંત શિખરિણી છંદમાં રચિત સુંદર શ્લોક સાથે સૂર્યાસ્તનું વર્ણન કરતા થાય છે.

## ★ સમીક્ષા - રસદર્શન

- પ્રસ્તુત અંકમાં નાન્દીના બદલે સૂત્રધારથી અંકનો પ્રારંભ થાય છે. મંગલ શ્લોકના માધ્યમથી મહાકવિ ભાસ પોતાની કુશળતાનો પરિચય આપી દે છે. મંગલાચરણમાં મુખ્ય પાત્રો જેમ કે ઉદયન, વાસવદત્તા, પદ્માવતી, વસન્તકના નામ ગ્રહણ સાથે બલરામની ભુજાઓ દ્વારા સહૃદયોને રક્ષણ પ્રાપ્ત કરાવે છે.
- અંકમાં પાત્રાંકન ખૂબ જ સરસ કરવામાં આવ્યું છે. યૌગન્ધરાયણ કુશળ, આયોજન કરનાર પ્રભાવશાળી અમાત્ય છે. રુમણ્વાન પણ વિશ્વાસુ, વફાદાર, સ્વામિભક્ત અમાત્ય છે. વાસવદત્તા પતિ માટે બધું જ કરી છૂટવા તૈયાર નાયિકા છે. ઉદયન કુળ, શીલ અને વ્યવહારથી નિપુણ, પ્રેમાળ, ધીરલલિત પ્રકૃતિનો નાયક છે. પદ્માવતી ધર્મનિષ્ઠ અને કુલીન રાજકુમારી છે. કાંચુકીય વ્યવહારુ, આજ્ઞાકારી સેવક છે. બ્રહ્મચારી ભારતીય સંસ્કૃતિનો મૂર્તિમંત બ્રહ્મચર્યાશ્રમ છે. સૈનિકો પણ પોતાની ફરજ બતાવનારા સિપાઈઓ છે. આમ 'नाटकैः बहुभूमिकैः' બહુપાત્રીય નાટક તરીકેનું વિધાન સાચું જણાય છે.

- આ અંકમાં વિપ્રલંભ શ્રૃંગાર છે. તપોવનથી ઉત્સારણતા બીભત્સ લાગે છે. તપોવનનું વાતાવરણ શાંતરસને અનુરૂપ છે. ઉદયનનો થયેલો પરાજય અને યૌગન્ધરાયણની રાજકીય વ્યૂહરચના ઉત્સાહ સ્થાયી ભાવને પોષે છે. તેથી અહીં વીરરસની પણ સંભાવનાઓ દેખાય છે.
- સ્વભાવોક્તિ, ઉત્પ્રેક્ષા, ઉપમા વગેરે અલંકારોનો પ્રયોગ યથાસમયે અને યથાસ્થાને કરવામાં મહાકવિ ભાસ સિદ્ધહસ્ત છે.
- છંદમાં પણ શાર્દુલવિક્રીડિત, વસન્તતિલકા, શિખરિણી, ઉપજાતિ વગેરે છંદોનો સમુચિત પ્રયોગ કરવામાં આવ્યો છે.
- વાસવદત્તા - ન્યાસ અને બ્રહ્મચારી પ્રસંગના માધ્યમથી પહેલાં જ અંકમાં પોતાની વિશિષ્ટ શૈલીથી દર્શકોને અવગત કરાવે છે.

### 1.6.2 બીજો અંક - રસદર્શન (કંદુકક્રીડા પ્રસંગ)

**કથાનક** - બીજા અંકની શરૂઆત પદ્‌માવતીની કંદુકક્રીડાથી કરવામાં આવી છે. આ અંકની પૃષ્ઠભૂમિ મગધનો રાજમહેલ છે. પ્રવેશકમાં કુંજરિકા પદ્‌માવતી અને આવંતિકાના દડા રમવાની સૂચના આપે છે. આ રમતથી બન્નેની ખૂબ જ આત્મીયતા જણાઈ આવે છે. વાસવદત્તા પદ્‌માવતીના સૌંદર્યને વખાણે છે. પછી તેને ઉજ્જયિની-નરેશ પ્રદ્યોત મહાસેનની ભાવિ પુત્રવધૂ તરીકે સંબોધે છે. ચેટી તેની સાથે લગ્ન કરવા રાજકુમારીની અસહમતિ છે, આમ જણાવે છે. આ ચર્ચામાં પદ્‌માવતીનો ઉદયન પ્રત્યેનો પ્રેમ અને પતિ તરીકે તેને સ્વીકારવાની ઈચ્છા દર્શાવવામાં આવી છે. એની સાથે ઉદયનના ગુણોની પ્રશંસા થાય છે. આ સંવાદ દરમિયાન પતિ તરફના પક્ષપાતના કારણે વાસવદત્તા ઉદયનને દર્શનીય કહી તેના વખાણ કરી બેસે છે. પરિસ્થિતિનો ખ્યાલ આવતાં ભળતો જવાબ આપી દે છે.

એટલામાં ધાત્રીના મુખેથી વત્સરાજ ઉદયન સાથે પદ્‌માવતીના વિવાહ નક્કી થયાના સમાચાર મળે છે. ઉદયને સ્વેચ્છાએ પદ્‌માવતી માટે પોતાની લાગણી દર્શાવી નથી પણ તેનાં કુળ, વય, વિજ્ઞાન અને રૂપ જોઈને મહારાજ દર્શકે આગ્રહપૂર્વક પોતાની બહેનનો તેની સાથે સંબંધ કર્યો છે. આવું ધાત્રીનું વચન સાંભળી વાસવદત્તા આશ્વસ્ત બને છે. 'अत्यादितम्' આ ગજબ થઈ ગયો. આમ અજ્ઞાતવશ કરેલી ભૂલને ચતુરાઈથી વાત વાળીને સુધારી લે છે. પોતાની યોજના સફળ થતી જોઈ એક બાજુ વાસવદત્તા પ્રસન્ન થાય છે પણ સ્ત્રીસહજ સ્વભાવને કારણે પદ્‌માવતી સાથે સ્વેચ્છાએ વાસવદત્તાને ભૂલી ન જાય આ ભય અને ચિંતા સતત વાસવદત્તાને થાય છે. એટલામાં દાસી આજે જ શુભ નક્ષત્ર છે અને આજે જ કૌતુકમંગળ કરવા માટેની સૂચના આપે છે. વાસવત્તા આ ઉતાવળ જોઈને હૃદયમાં અંધકાર છવાયાની અનુભૂતિ કરે છે. આની સાથે આ અંકનું સમાપન થાય છે.

### ★ સમીક્ષા - સમાપન

- આ અંક ત્રીજા અંકને બાદ કરતાં સંક્ષિપ્ત છે. આ અંક દ્વારા વાસવદત્તા અને પદ્‌માવતીની અત્યંત આત્મીયતા બંધાવવાનું સૂચવાયું છે. પ્રારંભમાં જે પ્રસન્નમુદ્રામાં

વાસવદત્તા હોય છે, તે જેમ જેમ ઉદયનના વિશે વાતો થાય છે તેમ તેમ ધીમે ધીમે શોકમાં ગરકાવ થવા લાગે છે.

- વાસવદત્તા આ અંકનું કેન્દ્રબિંદુ છે. સાથે પદ્માવતીની પણ આ અંકમાં સુંદર છાપ ઉભી થઈ છે. પહેલા અંકમાં તપસ્વીઓને ખસેડવાના પ્રસંગે પદ્માવતી વિશે જે ભાવ જન્મ્યા હતા અહીં તેનું નિરાકરણ જોઈ શકાય છે.

- આ અંકમાં એક પણ પદ્ય નથી. સંપૂર્ણ અંક સંવાદાત્મક સરલ ગદ્યશૈલીમાં રજૂ થયો છે.

- ભરતનાટ્યશાસ્ત્રના નિયમ મુજબ જે દશ્યો મંચ ઉપર ભજવી શકાય નહીં અને પહેલાં બનેલી ઘટનાઓને જોડવા માટે પાંચ પ્રકારના અર્થોપક્ષેપકોનો ઉપયોગ થાય છે. विष्कम्भक, चूलिका, प्रवेशक, अंकावतार અને अंकास्य આમાંથી ભૂતકાળના બનેલા બનાવો અથવા ભવિષ્યમાં બનનાર વસ્તુના સૂચન માટે પ્રવેશક પ્રયોજાય છે. નિમ્નકોટિના પાત્રો પ્રાકૃતભાષામાં પ્રવેશકમાં પોતાના સંવાદો કહે છે. પ્રવેશકની વ્યાખ્યા આ પ્રમાણે છે

  प्रवेशकोऽनुदात्तोक्त्या नीचपात्रप्रयोजितः ।

  अङ्कद्वयान्त्रविज्ञेयः शेषं विष्कम्भके यथा ॥

વિષ્કંભકની જેમ -

  वृत्तवर्तिष्यमाणानां कथांशानां निदर्शकः ॥

- આ અંકમાં ભાસે ખૂબ જ સહજતાથી કેન્દ્રવર્તી વિષયને ધ્યાને રાખી ઉદયન અને પદ્માવતીના પરિણય પ્રસંગને રજૂ કર્યો છે. ભાસની વૈદર્ભી શૈલીની વિશેષતાઓ આ અંકમાં ઠેરઠેર જોવા મળે છે. આમ, આ અંકને कंदुक क्रीडाप्रसंग નામથી ઓળખવામાં આવે છે.

### 1.6.3 ત્રીજો અંક - રસદર્શન (કૌતુકમાલાગુંફન - પ્રસંગ)

**કથાનક** - ત્રીજા અંકના પ્રારંભે દર્શકના મહેલમાં પદ્માવતીના લગ્નની તૈયારીઓ ધામધૂમથી ચાલી રહી છે પરંતુ લોકોની ભીડ વચ્ચે પણ એકલવાયી વાસવદત્તા પોતાના પતિને જ પારકો થતાં ન જોવાનું ઈચ્છતી પ્રમદવનના એકાંતમાં ઉદાસ મને રડે છે 'आर्यपुत्रोऽपि नाम परकीयः संवृत्तः' આ વાક્ય બોલી આર્યપુત્ર બીજાના થઈ ગયા માનીને ચક્રવાકવધૂને ધન્ય માને છે. કેમ કે કમનસીબે તે પોતે મરી શકતી નથી. ભવિષ્યમાં ઉદયનની પ્રાપ્તિની આશાપાશમાં બંધાયેલી તે જેમ તેમ દિવસો પસાર કરી રહી છે.

પ્રિયંગુલતાની નીચેના પત્થરના આસન પર બેઠેલી વાસવદત્તાને દાસી ધુમ્મસને લીધે ઘેરાયેલી ચંદ્રકલા સાથે સરખાવે છે. દાસી આવીને રાજમાતાની આજ્ઞા મુજબ

કૌતુકમાળા (લગ્નમાળા) ને મોટા કુળમાં જન્મેલી અને સ્નેહાળ વાસવદત્તા પાસે ગૂંથાવવાનું કહે છે. આમ વિધિ વાસવદત્તા માટે વધુ ક્રુરતા દર્શાવી તેને દુઃખ આપે છે. દાસી પોતાના ઉદયનના સમાચાર પૂછવાની ભૂલ કરી બેસે છે. લાગણીમાં આવીને પરપુરુષનું વર્ણન ન સાંભળવું જોઈએ. જાણતાં પણ દેખાવડા ઉદયન મણિભૂમિમાં સ્નાન કરી રહ્યા છે, એવા સમાચાર જાણે છે.

વાસવદત્તા લગ્નની હારમાળા ગૂંથતા હારમાં પ્રયોજાતી ઔષધિનું નામ પૂછે છે, જેમાં 'અવિધવાકરણ'ની વનસ્પતિનો હોંશથી ઉપયોગ કરે છે. કેમ કે પોતાના અને પદ્માવતીના સૌભાગ્યને માટે તે જરૂરી હોય છે પરંતુ 'સપત્નીમર્દન' – શોક્યને દબાવનાર વનસ્પતિનું નામ સાંભળતાં જ તેને માળામાં ગૂંથવા તૈયાર નથી થતી. કારણ પૂછતા દાસીને જણાવે છે કે પૂર્વપત્નીના અવસાનના લીધે બિનઉપયોગી છે. વરરાજા ઉદયન દર્શકના મહેલના ચૌકમાં આવી ગયાનું સાંભળી દાસી વરમાળા લઈને વિદાય લે છે અને ફરી એકલી વિખૂટી પડેલી વાસવદત્તા પ્રારંભમાં કહેલાં વાક્યને બેવડાવે છે. आर्यपुत्रोऽपि नाम परकीयः संवृत्तः । આમ ભગ્ન હૃદયવાળી હતાશ દુઃખી વાસવદત્તા ઊંઘવાનો નિષ્ફળ પ્રયત્ન કરે છે. આ સાથે તૃતીય અંકની સમાપ્તિ થાય છે.

## ★ સમીક્ષા - રસદર્શન

- પ્રસ્તુત અંક સંવાદો અને આકારની દૃષ્ટિએ સૌથી નાનો છે. જેમાં વાસવદત્તાના અંતરમાં ચાલતા દ્વંદ્વનું સુંદર નિરૂપણ કરવામાં આવેલ છે. આ અંક સંક્ષિપ્ત હોવા છતાં નાટકના મુખ્ય લક્ષ્યની સિદ્ધિ માટે અત્યંત મહત્ત્વનો છે.
- આ અંકમાં બીજા અંકની જેમ એક પણ પદ્ય જોવા મળતું નથી. ઉપરાંત આ અંકમાં બીજા અંકની જેમ સ્ત્રીપાત્રો જ છે.
- કૌતુકમાળાગુંફનનું 'કથાસરિત્સાગર' જેવા મૂળ ગ્રંથમાં ખૂબ જ મહત્ત્વ છે. તેમાં ઉદયન વાસવદત્તાએ ગૂંથેલી માળા જોઈને તરત જાણી જાય છે કે તેની પત્ની જીવિત છે. અહીં અલગ રીતે કરુણરસના સંવાદો સાથે આ દૃશ્યને રજૂ કરવામાં આવ્યું છે.
- આ અંકની કથાવસ્તુમાં હતાશ, નિરાધાર, ભગ્નહૃદયા અને દુઃખ વ્યક્ત કરતી વાસવદત્તાની વેદનાઓનું કરુણ ચિત્ર ઉપસ્થિત થયું હોવા છતાં કૌતુકમાળાગુંફનની ઘટના દર્શકોમાં એક રોચક ઉત્સુકતા જગાડે છે. જેનાથી કથાવસ્તુમાં સરસ સાતત્યપૂર્ણ ધારાપ્રવાહ બની રહે છે.
- વાસવદત્તાના ઉદયન પ્રત્યેના ઊંડાણભર્યા પ્રણયને રજૂ કરવા માટે ભાસે આ અંકનો સુંદર ઉપયોગ કર્યો છે. સ્વયં સ્વેચ્છાએ નિર્ણય લીધો હોવા છતાં વાસ્તવિક જીવનમાં જ્યારે આવી પરિસ્થિતિ આવે ત્યારે સ્વાભાવિક રીતે વાસવદત્તાની મનઃસ્થિતિનું માર્મિક ચિત્રાણ અહીં મહાકવિ ભાસે સુંદર રીતે રજૂ કર્યું છે.

## 1.7 તમારી પ્રગતિ ચકાસો.

1. મહાકવિ ભાસ વિશે પ્રચલિત દંતકથાઓ વિશે લખો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

2. મહાકવિ ભાસનો સમય નક્કી કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

3. મહાકવિ ભાસ વિશે બીજા કવિઓએ લખેલા સંદર્ભો વિશે ચર્ચા કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

4. ભાસસમસ્યા વિશે ચર્ચા કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

5. ભાસના ઉદયન કથામૂલક નાટકોનો પરિચય કરાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

6. ભાસની તેર કૃતિઓને લખો.

.................................................................................

.................................................................................

..............................................................

..............................................................

★ **નીચેના નાટકોનો સંક્ષિપ્ત પરિચય આપો.**

1. कर्णभारम्

..............................................................

..............................................................

..............................................................

..............................................................

2. अभिषेकनाटक

..............................................................

..............................................................

..............................................................

..............................................................

3. दरिद्रचारुदत्त

..............................................................

..............................................................

..............................................................

..............................................................

4. बालचरित

..............................................................

..............................................................

..............................................................

..............................................................

★

| એકમ 2 | **સ્વપ્નવાસવદત્તમ્ - પ્રથમ અંક** |
|---|---|

**રૂપરેખા**

**2.0. ઉદ્દેશ**

**2.1. પ્રસ્તાવના**

**2.2. स्वप्नवासवदत्तम् प्रथमोऽङ्कः**

**2.3. પ્રથમ અંકની મહત્ત્વપૂર્ણ સૂક્તિઓ**

**2.5. તમારી પ્રગતિ ચકાસો.**

## 2.0 ઉદ્દેશ :

આ એકમનો અભ્યાસ કર્યા પછી

- પ્રથમ અંકમાં આવતાં સંવાદોના માધ્યમથી સંસ્કૃત શબ્દો અને અર્થોને જાણી શકશો.
- પ્રથમ અંકમાં આવતા શ્લોકોનો અર્થ જાણી શકશો.
- પ્રથમ અંકની પ્રમુખ ઘટનાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી શકશો.

## 2.1 પ્રસ્તાવના

સ્વપ્નવાસવદત્તમ્‌ના પ્રથમ અંકમાં મંગલાચરણ પછી તપોવનનું સુંદર વર્ણન ભાસે રજૂ કર્યું છે. સાથે આ અંકમાં પદ્‌માવતી, વાસવદત્તા, બ્રહ્મચારી, યૌગન્ધરાયણ જેવા પાત્રોના માધ્યમથી કથાવસ્તુને વેગ પ્રાપ્ત થાય છે. ભાસની વૈદર્ભી રીતિમાં લખાયેલા આ અંકને આપણે માણીશું.

## 2.2 स्वप्नवासवदत्तम् प्रथमोडङ्क

(नान्द्यन्ते ततः प्रविशति सूत्रधारः)

सूत्रधार : उदयनवेन्दसवर्णावासवछदत्ताबलो बलस्य त्वाम् ।

पद्मावतीर्णपूर्णा वसन्तकम्रौ भुजो पाताम् ।।

एवमार्यमिश्रान् विज्ञापयामि । अये, किं न तु खलु मयि विजापनव्यग्रे शब्द इव श्रूयते । अङ्ग, पश्यामि ।

(नेपथ्ये)

उत्सरत उत्सरत, आर्याः उत्सरत ।

सूत्रधार : भवतु, विज्ञातम् ।

भृत्यैर्मगधराजस्य स्निग्धैः कन्यानुगामिभिः ।

धृष्टमुत्सार्यते सर्वस्तपोवनगतो जनः ।।

(निष्क्रान्त)

स्थापना

(प्रविश्य)

भटौ : उत्सरत उत्सरत, आर्याः उत्सरत ।

(ततः प्रविशति परिव्राजकवेषो यौगन्धरायणः अनवन्तिकावेषधारिणी वासवदत्ता च)

यौगन्धरायण : (कर्ण दत्या) कथमिहाव्युत्सार्यते । कुतः,

धीरस्याश्रमसंश्रितस्य वसतस्तुष्टस्य वन्यैः फले,

र्मानार्हस्य जनस्य वल्कलवतस्त्रासः समुत्पाद्यते ।

उत्सिक्तो विनयादपेतपुरुषो भाग्यैश्चलैर्विस्मितः

कोऽयं भो निभृतं तपोवनमिदं ग्रामीकरोत्याज्ञया ।।

वासवदत्ता : आर्य, क एष उत्सारयति ।

यौगन्धरायण : भवति, यो धर्मादात्मानमुत्सारयति ।

वासवदत्ता : आर्य, न होवं वक्तुकामा । अहमपि नामोत्सारयितव्या भवामीति।

(નાન્દી પૂરી થતાં સૂત્રધાર પ્રવેશે છે.)

સૂત્રધાર - નવા ઉદય પામતા ચંદ્ર જેવા વર્ણવાળી, મદિરાથી પ્રાપ્ત પૂર્ણ બળવાળી, લક્ષ્મીના અવતારથી પૂર્ણ બનેલી અને વસંત સમાન સુંદર, બળરામની બે ભુજાઓ તમારું રક્ષણ કરો. (1)

આમ હું આપ સજ્જનોને જાહેર કરવા માગું છું. અરે, હું જાહેરાત કરવામાં રોકાયેલો છું ત્યારે શબ્દ જેવું આ શું સંભળાય છે ? વારું, હું જોઉં.

(પડદા પાછળ)

ખસી જાઓ, ખસી જાઓ, સજ્જનો ખસી જાઓ.

સૂત્રધાર - હા, સમજાયું.

રાજકુમારીની પાછળ જતાં, મગધરાજના અનુરક્ત નોકરો વડે તપોવનમાં રહેલાં સર્વ લોકોને ધૃષ્ટતાપૂર્વક દૂર કરવામાં આવે છે. (2)

(જાય છે.)

સ્થાપના

(પ્રવેશ કરીને)

બે સૈનિકો - દૂર ખસો, દૂર ખસો, સજ્જનો ખસી જાઓ.

(પછી સંન્યાસીના વેશમાં યૌગન્ધરાયણ તથા આવન્તિકાના વેશમાં વાસવદત્તા પ્રવેશ કરે છે.)

યૌગન્ધરાયણ - (કાન દઈને) શું અહીં પણ દૂર ખસેડવામાં આવે છે ? શા માટે ?

ધીરજવાળા, આશ્રમમાં રહેલા, વનમાં ફળોથી સંતુષ્ટ રહેનારા, વલ્કલવાળા અને માનને પાત્ર એવા લોકોને ત્રાસ ઉપજાવવામાં આવે છે ? અરે, કોણ આ ઉદ્ધત, વિનયહીન અને ચંચળ ભાગ્યથી છકેલો માનવી છે જે આ શાંત તપોવનને આજ્ઞાથી ગામડા જેવું બનાવી રહેલ છે ? (૩)

વાસવદત્તા - આર્ય, આ કોણ દૂર ખસેડી રહ્યા છે ?

યૌગન્ધરાયણ - બહેન, જે પોતાની જાતને ધર્મથી દૂર ખસેડે છે તે.

વાસવદત્તા - આર્ય, હું એમ કહેવા માગતી નથી. શું ખરેખર, મને પણ આમ ખસેડવામાં આવશે ?

यौगन्धरायणः भवति, एवमनिज्ञातानि दैवतान्यप्यवधूयन्ते ।

वासवद्यत्ता : आर्य, तथा परिश्रमः परिखेदं नोत्पादयति, यथायं परिभवः ।

यौगन्धरायण : भुक्त्वोज्झित एष विषयोऽत्रभवत्या । नात्र चिन्ता कार्या । कुतः

पूर्वं त्वयाप्यभिमतं गतमेवमासी

च्छलाध्यं गमिष्यसि पुनर्विजयेन भर्तुः ।

कालक्रमेण जगतः परिवर्तमाना

चक्रारपडिक्तरिव गच्छति भाग्यपंक्तिः ।

मटौ : उत्सरत, आर्याः उत्सरत ।

(ततः प्रविशति काञ्चुकीयः)

काञ्चुकीय : संभषक, न खलु न खलुत्सारणा कार्या । पश्य परिहर्तुं भवान् नृपापवादं न परुषमाश्रमवासिषु प्रयोज्यम् । नगरपरिभवान् विमोक्तुमेते वनमभिगम्य मनोस्विनो वसन्ति ॥

उभौ : आर्य, तथा ।

(निष्क्रान्तौ)

यौगन्धरायण : हन्त, सविज्ञानमस्य दर्शनम् । वत्से, उपसपविस्तावदेनम् ।

वासवदत्ता : आर्य, तथा ।

यौगन्धरायण : (उपसृत्य) किं भोः किं कृतेयमुत्सारणा ।

काञ्चुकीयः मोस्तपस्विन् -

यौगन्धरायण : (आत्मगतम्) तपस्विन्निति गुणवान् खल्वयमानलापः । उपरिचयातुं न श्लिष्यते मे मनसि ।

काञ्चुकीय : भोः, श्रूयताम् । एषा खलु गुरुभिरभिहिततानामधेयं स्यास्माकं महाराजदर्शकस्य भगिनी पद्मावती नाम । सैषा नो महाराजमातरं महादेवीमाश्रमस्थामभिगम्यानुज्ञाता तत्र भवत्या राजगृहमेव यास्यति । तदद्या स्मिन्नाश्रमपदे वासोऽभिव्रेतोऽस्याः । तद् भवन्तः ।

યૌગન્ધરાયણ - બહેન, એમ તો અજાણ્યા દેવોનું પણ અપમાન થાય છે.

વાસવદત્તા - આર્ય, આ અપમાન જેટલો ખેદ ઉત્પન્ન કરે છે તેટલો ખેદ તો પરિશ્રમ પણ ઉત્પન્ન કરતો નથી.

યૌગન્ધરાયણ - આ વસ્તુ તો આપે ભોગવીને છોડેલી છે તેથી આ બાબતમાં તમારે ચિંતા કરવી જોઈએ નહિ, કારણ કે -

પહેલાં તમે પણ આવી મનગમતી રીતે ગયા હતા અને ફરીથી સ્વામીના વિજય પછી પ્રશંસનીય રીતે જશો. કાલક્રમને અનુસરી બદલાતી જગતના ભાગ્યની હારમાળા પૈડાના આરાની જેમ ફર્યા કરે છે. (4)

બે સૈનિકો - ખસી જાઓ, આર્યો ખસી જાઓ.

(કાંચુકીય પ્રવેશ કરે છે.)

કાંચુકીય - સંભષક, ખસેડશો નહિ. ખસેડશો નહિ. જુઓ.

રાજા ઉપર આવતો અપવાદ તમારે ટાળવો જોઈએ. આશ્રમવાસીઓ તરફ કઠોર (વર્તન કરવું) યોગ્ય નથી. આ સ્વમાની લોકો નગરનાં અપમાનોને ટાળવા તો વનમાં આવી વસે છે. (5)

બંને સૈનિકો - આર્ય, ભલે.

(બંને જાય છે.)

યૌગન્ધરાયણ - વાહ, આ વિવેકપૂર્ણ દૃષ્ટિવાળો લાગે છે. બહેન, ચાલો તેની પાસે જઈએ.

વાસવદત્તા - આર્ય, ભલે.

યૌગન્ધરાયણ - (પાસે જઈને) અરે, શા માટે દૂર ખસેડવામાં આવે છે ?

કાંચુકીય - હે તપસ્વી...

યૌગન્ધરાયણ - (સ્વગત) 'તપસ્વી' એ ખરેખર ગુણવાળું સંબોધન છે. પણ અપરિચયને લીધે મારા મનમાં બેસતું નથી.

કાંચુકીય - અરે, સાંભળો. આ તો વડીલોએ જેમનું નામ 'દર્શક' રાખ્યું છે. તેવા અમારા મહારાજની બહેન પદ્માવતી છે. આશ્રમમાં રહેલાં અમારા મહારાજના માતુશ્રી પાસે જઈને તેમની અનુજ્ઞાથી તે રાજગૃહ તરફ જ જશે. એટલે આજે આશ્રમમાં રહેવાની તેમની ઈચ્છા છે. તો આપ

तीर्थोदकानि समिधः कुसुमानि दर्भान्
स्वैरं वनादुपनयन्तु तपोधनानि ।
धर्मप्रिया नृपसुता न हि धर्मपीडा -
मिच्छेत् तपास्विषु कुलव्रतमेतदस्याः ॥

यौगन्धरानयण : (स्वगतम्) एवम् । एषा सा मगधराजपुत्री पद्मावती नाम या पुष्पकभद्रादिभिरादेशिकैरादिष्टा स्वामिनो देवी भविष्यतीति । ततः,

प्रद्वेषो बहुमानो वा संकल्पादुपजायते ।

भर्तृदाराभिलाषित्वादस्यां मे महती स्वता ।।

वासवदत्ता : (स्वगतम्) राजदारिकेति श्रुत्वा भगिनिकास्नेहोऽपि मेऽत्र सम्पद्यते ।

(ततः प्रविशति पद्मावती सपरिवारा चेटी च)

चेटी : एत्वेतु मर्तृदहारिका । इदमाश्रमपदं प्रविशतु ।

(ततः प्रविशलुपविष्टा तापसी)

तापसी : स्वागतं राजदारिकायै ।

वासवदत्ता : (स्वगतम्) इयं सा राजहारिका । अभिजनानुरुपं खलवस्या रुपम् ।

पद्मावती : आर्ये, वन्दे !

तापसी : चिर जीव । प्रविश जाते, प्रविश । तपोवनानि नामातिथिजनस्य स्वगेहम् ।

पद्मावती : भवतु भवतु । आर्ये, विश्वस्तास्मि । अनेन बहुमानवचनेनानुगृहीतास्मि ।

वासवदत्ता : (स्वगतम्) न हि रुपमेव, वाण्यपि खल्वस्या मधुरा ।

तापसी : भद्रे, इमां तावद् भडमुखस्य भगिनिकां कश्चिद् राजा न वरयति प

તીર્થનું જલ, સમિધ, ફૂલ દર્ભ (વગેરે) તપનાં ધન (જેવાં સાધનો)ને ઈચ્છા મુજબ વનમાંથી લાવજો. રાજકન્યાને ધર્મ પ્રિય છે. તપસ્વીઓને ધર્મની વાતમાં પીડા કરવાનું એ ઈચ્છે નહિ, એ એમનું કુળવ્રત છે. (7)

યૌગન્ધરાયણ - (સ્વગત) એમ ? આ તે મગધરાજાની પુત્રી પદ્માવતી, જેના માટે પુષ્પકભદ્ર વગેરે જોશીઓએ કહેલું કે તે ‘અમારા સ્વામીની રાણી બનશે.’ તેથી જ.

અત્યન્ત દ્વેષ કે બહુમાન મનના સંકલ્પમાંથી ઉત્પન્ન થાય છે. (એ મારા) સ્વામીની ભાર્યા થાય તેવી (મારી) અભિલાષા હોવાથી તેના તરફ મને બહુ મમત્વ છે.

વાસવદત્તા - (સ્વગત) ‘રાજપુત્રી’ એમ સાંભળીને મને તેના તરફ બહેન જેવો સ્નેહ થાય છે.

(પછી પરિવાર સાથે પદ્માવતી અને દાસી પ્રવેશે છે.)

દાસી - પધારો, રાજકુમારી, પધારો. આ આશ્રમમાં પ્રવેશ કરો.

(પછી બેઠેલી તાપસી દેખાય છે.)

તાપસી - રાજકુંવરીનું સ્વાગત.

વાસવદત્તા - (સ્વગત) આ જ તે રાજપુત્રી ! ખરેખર ખાનદાનીને યોગ્ય એનું રૂપ છે.

પદ્માવતી - આર્ય, વંદન કરું છું.

તાપસી - ઘણું જીવો, આવ, બેટી આવ, આવ, તપોવન એટલે અતિથિજનોનું પોતાનું ઘર.

પદ્માવતી - સારું, સારું. હવે હું આશ્વસ્ત થઈ. બહુમાનભર્યા વચનથી મારા ઉપર અનુગ્રહ થયો.

વાસવદત્તા - (સ્વગત) (માત્ર) રૂપ નહિ, એની વાણી પણ મધુર છે.

તાપસી - ભલી બાઈ, એ ભલા રાજાની આ બહેનને પરણવા કોઈ રાજા તૈયાર નથી?

चेटी : अस्ति राजा प्रद्योतो नामोज्जयिन्या : । स दारकस्य कारगाद् दूतसम्पातं करोति ।

वासवदत्ता : (आत्मगतम्) भवतु भवतु । एषा चात्मीयेदानीं संवृत्ता ।

तापसी : अर्हति खल्वियमानकृतिरस्य बहुमानस्य । उजे राजकुले महत्तरे इति श्रूयते ।

पद्मावती : आर्य, किं दृष्टो मुनिजन आत्मानमनुग्रहीतुम् । अभिप्रेतप्रदानेन तपस्विजन उपनिमन्त्रयतां तावत् कः किमत्रेच्छतीति ।

काञ्चुकीयः यदभिप्रेतं भवत्या । भो भो आश्रमवासिनस्तपस्विजनाः श्रृण्वन्तु श्रृण्वन्तु भवन्तः । इदात्रभवती मगधराजपुत्री अनेन विस्रम्भेणोत्पादितविस्रम्भा धर्मार्थमर्थेनोपनिमन्त्रयते ।

कस्यार्थः कलशेन, को मृगयते वासो, यथा निश्चितं दीक्षां पारिवातान् किमिच्छति पुनर्देयं गुरोर्यद् भवेत् ।

आत्मानुग्रहमिच्छतहि नृपजा धर्माभिरामप्रियो यद् यस्यास्ति सतीप्सितं वदतु तत् कस्याद्य किं दीयताम् ।।8।।

यौगन्धरायण : (स्वागतम्) हन्त दृष्टः उपायः (प्रकाशम्) भोः अहमर्थी ।

पद्मावती : दिष्ट्या सफलं मे तनपोवनाभिगमनम् ।

तापसी : सन्तुष्टतपास्विजनमिदमाश्रमपदम् । आगन्तुकेनानेन भवितव्यम् ।

काञ्चुकीयः भोः, किं क्रियताम् ।

यौगन्धरायण : इयं मे स्वसा । प्रोषितभर्तृकामिमामिच्छाम्पत्रभवत्या किञ्चित् कालं परिपाल्यमानम् । कुतः

कार्यं नैवार्थै नापि भोगैर्न वस्त्रै
नाहंकाषाय वृत्तिहेतोः प्रपन्नः ।
धीरा कन्येयं दृष्टधर्मप्रचारा
शक्ता चारित्रं रक्षितुं मे भगिन्या ।।9।।

દાસી - ઉજ્જયિનીનો પ્રદ્યોત નામે રાજા છે. તે પોતાના કુંવર માટે દૂત મોકલે છે ખરો.

વાસવદત્તા - (સ્વગત) સારું, સારું. તો તો હવે આ અમારી આત્મીય થઈ.

તાપસી - ખરેખર, આનું રૂપ એ બહુમાનને યોગ્ય જ છે. સાંભળ્યું છે કે બંને રાજકુળો ખૂબ ઉંચા છે.

પદ્માવતી - આપણા ઉપર કૃપા કરે એવા કોઈ મુનિજન નજરે પડ્યાં ? ઈચ્છાદાન આપવામાં આવશે એમ કહીને તપસ્વીઓને જાહેર નિમંત્રણ આપો અને કોને શું જોઈએ છે (તે પૂછો)

કાંચુકીય - જેવી આપની ઈચ્છા. અરે આ આશ્રમવાસીઓ, તપસ્વીઓ, આપ સાંભળો. આ મગધની માનવંતી રાજપુત્રી આપના વિશ્વાસથી પ્રોત્સાહિત થઈને ધર્મને કારણે દાન લેવા આપને નિમંત્રે છે.

કોને કળશ જોઈએ છે ? કોણ વસ્ત્ર શોધે છે ? નિયમ પ્રમાણે દીક્ષા પૂર્ણ કરીને ગુરૂને આપવાની દક્ષિણા કોણ ઈચ્છે છે ? ધર્મને જે સુંદર અને પ્રિય ગણે છે તેવી આ રાજકન્યા પોતાને માટે (આપના) અનુગ્રહની ઈચ્છા રાખે છે. તો જેની જે ઈચ્છા હોય તે કહો. આજે કોને શું આપીએ ? (8)

યૌગન્ધરાયણ - (સ્વગત) (હા), ઉપાય જડ્યો. (પ્રગટ) અરે, હું યાચક છું.

પદ્માવતી - સદ્ભાગ્યે, મારું તપોવનનું આગમન સફળ થયું.

તાપસી - આ આશ્રમસ્થાનમાં રહેતા (તપસ્વીઓ) સંતુષ્ટ છે. આ કોઈ આગંતુક હોવો જોઈએ.

કાંચુકીય - બોલો ભાઈ, તમારે માટે શું કરીએ ?

યૌગન્ધરાયણ - આ મારી બહેન છે. તેનો પતિ પ્રવાસે ગયો છે. આ રાજકુમારી થોડો સમય તેને સાચવે એવી ઈચ્છા રાખું છું કારણ કે,

મારે દ્રવ્યનું કોઈ કામ નથી. ભોગ કે વસ્ત્રોનું પણ (કામ નથી) ભગવાં વસ્ત્રો આજિવિકા માટે મેં ધારણ કર્યા નથી. ધીર અને ધર્મની ગતિ જાણનારી આ રાજકન્યા મારી બહેનનું શીલ સાચવવા સમર્થ છે. (9)

वासवदत्ता : (आत्मगतम्) हम् । इह मां निक्षेप्तुकाम आर्ययौगन्धरायणः भवतु अविचार्य कर्म न करिष्यति ।

काञ्चुकीय : भवति, महती खल्वस्य व्यपाश्रयणा । कथं प्रतिजानीमः । कुतः,

सुखमर्थो भवेद् दातुं सुखं प्राणाः सुखं तपः ।

सुखमन्यद् भवेत् सर्वं दुःखं न्यासस्य रक्षणम् ।।10।।

पद्मावती : आर्यं प्रथममुद्घोष्य कः किमिच्छतित्ययुक्तमिदानीं विचारयितुं । यदेष भणति तदनुतिष्ठतवार्यः ।

काञ्चुकीय : अनुरुपमेतद् भवत्याभिहितम् ।

चेटी : चिरं जीवतु भर्तृदारिकैवं सत्यवादिनी ।

तापसी : चिरं जीवते भद्रे ।

काञ्चुकीय : भवति, तथा (उपगम्य) भोः अभ्युपगतमत्रभवतो भगिन्याः परिपालनमत्रभवत्या।

यौगन्धरायणः अनुगृहितोऽस्मि तत्र भवत्या । वत्से, उपसर्याप्रभवतीम् ।

वासवदत्ता : (आत्मागतम्) का गतिः । एषा गच्छामि मन्दभागा ।

पद्मावती : भवतु भवतु । आत्मीयेदानीं संवृता ।

तापसी : यद दशृश्यस्या आकृतिः इयमपि राजदारिकेति तर्कयामीति ।

चेटी : सुष्ठु आर्या भणति । अहमप्यनुभूतसुखेति पश्यामि ।

यौगन्धरायण : (आत्मगतम्) हन्तु भोः, अर्धमवसितं भारस्य । यथा मान्प्रिभिः सह समार्थितम्, तथा परिणमति । ततः प्रतिष्ठिते स्वामिनि तत्रभवतीमुपनयतो नमे इहात्रभवती मगधराजपुत्री विश्वासस्थानं भविष्यति । कुतः

पद्मावती नरपतेर्महिषी भवित्री
दृष्ट विपत्तिनरथ यैः प्रथमं प्रदिष्टा ।
तत्प्रत्ययात् कृतमिदं न हि सिद्धवाक्या –
न्युत्क्रम्य गच्छति विधिः सुपरीक्षितानि ।।11।।

(ततः प्रविशति ब्रह्मचारी)

વાસવદત્તા - (સ્વગત) હં, આર્ય યૌગન્ધરાયણ મને અહીં મૂકી જવા ઈચ્છે છે. બહું સારું. એ વિચાર્યા વિના પગલું નહિ ભરે. કાંચુકીય - રાજકુમારી, આની માગણી તો ઘણી મોટી લાગે છે. એ કેવી રીતે કબૂલી શકીએ ? કારણ કે,

દ્રવ્ય આપવું સહેલું છે. પ્રાણ પણ સુખેથી અપાય. તપ આપવું પણ સરળ છે. બીજું બધું સહેલાઈથી આપી શકાય, પરંતુ થાપણ સાચવવી મુશ્કેલ છે. (10)

પદ્માવતી - આર્ય, પ્રથમ 'કોને શું જોઈએ છે' એમ જાહેરાત કર્યા પછી હવે વિચાર કરવો યોગ્ય નથી. એ જેમ કહે તેમ જ કરો.

કાંચુકીય - આપે યોગ્ય જ કહ્યું.

દાસી - આમ સાચું બોલનારા રાજકુમારી ઘણું જીવો.

તાપસી - બેટા, લાંબુ જીવ.

કાંચકીય - બહુ સારું (નજીક જઈને) અરે, આપની બહેનની સંભાળ રાજકુમારીએ સ્વીકારી.

યૌગન્ધરાયણ - રાજકુમારીની કૃપા થઈ, બહેન, એમની પાસે જા.

વાસવદત્તા - (સ્વગત) બીજો શો ઉપાય ? દુર્ભાગી હું આ ચાલી.

પદ્માવતી - સારું, સારું હવે એ આત્મીય થઈ ગઈ.

તાપસી - આની આકૃતિ જોતાં આ પણ રાજકન્યા હોય તેમ લાગે છે.

દાસી - આર્ય સાચું કહે છે. મને પણ લાગે છે એણે સુખ અનુભવ્યું હશે.

યૌગન્ધરાયણ - (સ્વગત) હાશ, હવે મારો ભાર અડધો ઓછો થયો. મંત્રીઓ સાથે વિચારણા થઈ હતી, એ પ્રમાણે થતું આવે છે. હવે મહારાજની પુનઃપ્રતિષ્ઠા થશે ત્યારે આ વાસવદત્તાને તેમની પાસે લઈ જવા આ મગધની માનવંતી રાજપુત્રી ખાતરી આપશે, કારણ કે –

જેઓએ પહેલાં વિપત્તિ જોઈ હતી (તેઓએ જ) હવે પદ્માવતી રાજા(ઉદયન)ની રાણી થશે એમ ભવિષ્ય ભાખ્યું છે તેમાં વિશ્વાસ રાખીને મેં આ કર્યું છે. ખરેખર સારી રીતે વિચારેલાં સિદ્ધનાં વાક્યોને અતિક્રમીને દૈવ આગળ જતું નથી. (11)

(બ્રહ્મચારી પ્રવેશ કરે છે.)

ब्रह्मचारी : (ऊर्ध्वमवलोक्य) स्थितो मध्याह्नः । दृढमस्मि परिश्रान्तः । अथ कस्मिन् प्रदेशे विश्रमयिष्ये । (परिक्रम्य), दृष्टम्, अतितस्तपोवनेन भवितव्यम् । तथाहि –

विस्रब्धं हरिणश्चरस्त्यचकिता देशागतप्रत्यया

वृक्षाः पुष्पफलैः समृद्धविटपाः सर्वे दयारक्षिताः ।

भूयिष्ठं कपिलानि गोकुलधनान्यक्षेत्रवत्यो दिशो

निःसंदिग्धमिदं तपोवनमयं धूमो हि ब्रह्माश्रयः ।।12।।

यावत् प्रविशामि । (प्रविश्य) अये आश्रमविरुद्धः खल्वेष जनः । (अन्यतो विलोक्य) अथवा तपास्विजनोऽप्यत्र । निर्दोषमुपसर्पणम् । अये, स्त्रीजनः ।

काञ्चुकीयः स्वैरं स्वैरं प्रविशतु भवान् । सर्वजनसानधारणमाश्रमपदं नाम ।

वासवदत्ता : हम् ।

पद्मावती : अम्भो, परपुरुषदर्शनं परिहरत्यार्या । भवतु, सुपरिपालनीयः खलु मन्न्यासः ।

काञ्चुकीय : भो, पूर्व प्रविष्टाः स्मः । प्रतिगृह्यतामतिथिसलत्कारः ।

ब्रह्मचारी : (आचम्य) भवतु । निवृन्तपरिश्रमोऽस्मि ।

यौगन्धरायण : भोः कुतः आगम्यते, क्व गन्तव्यं, क्वाधिष्ठानमायस्यि ।

ब्रह्मचारी : भोः श्रूयताम् । राजगृहीतोऽस्मि । श्रुतिंविशेषणार्थं वत्सभूमौ लावाणकं नाम ग्रामस्तत्रोषितंवानस्मि ।

वासवदत्ता : (आत्मगतम्) ही लावाणकं नाम । लावाणकसंकीर्तनेन पुनर्नवीकृत इव मे संतापः ।

यौगन्धरायण : अथ परिसमाप्ता विद्या ।

ब्रह्मचारी : न खलु तावत् ।

यौगन्धरायण : यद्यनवसिता विद्या, किमागमनप्रयोजनम् ।

ब्रह्मचारी : तत्र खल्वतिदारुणं व्यसनं संवृत्तम् ।

બ્રહ્મચારી - (ઉંચે જોઈને) બપોર થઈ. મને બહુ થાક લાગ્યો છે. તો હું ક્યાં વિસામો લઉં ? (આમ-તેમ ફરીને)

હાશ, જડ્યું. નજીકમાં જ તપોવન હોવું જોઈએ. કારણ કે આ સ્થળ પર આવેલ વિશ્વાસથી હરણો નિર્ભયપણે અને ચમક્યા વિના ચરે છે. ફલફૂલથી ભરેલા બધાં જ વૃક્ષો દયાથી રક્ષાયેલાં છે. કપિલ ગાયોનું ધણ ઘણું છે અને દિશાઓ ખેડ્યા વિનાના ખેતરોવાળી છે. ધુમાડો પણ ઠેકઠેકાણેથી નીકળે છે માટે ચોક્કસ આ તપોવન જ છે. (12)

તો અંદર જાઉં. (અંદર જઈને) અરે, આ લોકો તો આશ્રમ બહારના લાગે છે. (બીજે જઈને) અથવા તપસ્વીજનો પણ અહીં છે. આગળ જવામાં હરકત નથી. અરે? સ્ત્રીઓ !

કાંચુકીય - આપ સુખે પ્રવેશ કરો, આશ્રમનું સ્થાન તો સહુ કોઈનું છે.

વાસવદત્તા - હં !

પદ્માવતી - ઓહ ! આર્યા પરપુરૂષનું દર્શન ટાળે છે ! ભલે, તો તો થાપણ સહેલાઈથી સચવાશે.

કાંચુકીય - મહારાજ, અમે પહેલાં આવ્યા છીએ માટે અમારો અતિથિસત્કાર સ્વીકારો.

બ્રહ્મચારી - (આચમન લઈને) ભલે, ભલે, મારો થાક ઉતરી ગયો.

યૌગન્ધરાયણ - આપ ક્યાંથી આવ્યા ? ક્યાં જશો ? આપનું રહેઠાણ ક્યાં ?

બ્રહ્મચારી - ભાઈ સાંભળો. હું રાજગૃહથી આવું છું ખાસ અભ્યાસ કરવા માટે, વત્સદેશમાં લાવાણક નામનું ગામ છે. ત્યાં રહેતો હતો.

વાસવદત્તા - (સ્વગત) હેં ! લાવાણક ! લાવાણકનો ઉચ્ચાર થતાં જ મારો સંતાપ જાણો ફરીથી તાજો થયો.

યૌગન્ધરાયણ - તો વિદ્યાભ્યાસ પૂરો થયો ને ?

બ્રહ્મચારી - ના, ભાઈ !

યૌગન્ધરાયણ - જો અભ્યાસ પૂરો થયો ન હોય તો પાછા ફરવાનું કારણ શું ? (9)

બ્રહ્મચારી - ત્યાં એક મોટું સંકટ આવી પડ્યું છે.

યૌગન્ધરાયણ - કેવી રીતે ?

બ્રહ્મચારી - ત્યાં ઉદયન નામનો રાજા વસે છે.

યૌગન્ધરાયણ - ત્યાં ઉદયન રાજા છે તેમ સંભળ્યું તો છે. તેનું શું ?

બ્રહ્મચારી - અવન્તિરાજની પુત્રી વાસવદત્તા નામની તેમની પત્ની તેમને અત્યંત વહાલી હતી.

યૌગન્ધરાયણ - હશે. પછી ?

બ્રહ્મચારી - પછી જ્યારે તે રાજા શિકાર કરવા ગયા હતા ત્યારે ગામમાં લાગેલી આગમાં તે બળી ગઈ.

વાસવદત્તા - (સ્વગત) જૂઠું, આ જૂઠું છું. અભાગણી હું આ જીવું છું.

યૌગન્ધરાયણ - પછી, પછી ?

બ્રહ્મચારી - પછી તેને બચાવવાની ઈચ્છાથી યૌગન્ધરાયણ નામનો મંત્રી તે જ આગમાં કૂદી પડ્યો.

યૌગન્ધરાયણ - સાચે જ કૂદી પડ્યો ? પછી, પછી ?

બ્રહ્મચારી - પછી પાછા ફરેલા રાજાએ તે વાત જાણી અને બંનેના વિયોગથી સંતાપ પામીને તે પ્રાણત્યાગ કરવા ઈચ્છતા હતા ત્યારે મંત્રીઓએ તેમને મહામહેનતે અટકાવ્યા.

વાસવદત્તા - (સ્વગત) જાણું છું, જાણું છું. આર્યપુત્રનો મારા તરફનો કોમળ સ્નેહ.

યૌગન્ધરાયણ - પછી, પછી ?

બ્રહ્મચારી - પછી તેણીએ શરીર પર પહેરેલાં અને બળતાં બચેલા ઘરેણાં છાતીસરસાં ચાંપીને તે રાજા બેભાન થઈ ગયા.

સર્વે - હાય !

વાસવદત્તા - (સ્વગત) આર્ય યૌગન્ધરાયણની ઈચ્છા હવે પૂરી થાઓ.

દાસી - કુંવરીબા, આ આર્યા તો ખરેખર રડે છે !

પદ્માવતી - કોમળ હૃદયવાળાં હશે.

યૌગન્ધરાયણ - બીજું શું ? મારી બહેન સ્વભાવથી જ કોમળ હૃદયવાળી છે. પછી, પછી !

બ્રહ્મચારી - પછી ધીમે ધીમે રાજા ભાનમાં આવ્યા.

પદ્માવતી - (સ્વગત) સદ્ભાગ્યે તે જીવે છે. બેભાન થઈ ગયા. એમ સાંભળીને તો મારું હૃદય જાણે કે સૂનું થઈ ગયું.

यौगन्धरायण : कथमिव ।

ब्रह्मचारी : तत्रोदयनो नाम राजा प्रतिवसति ।

यौगन्धरायण : श्रूयते तत्रभवानुदयनः । किं स :-

ब्रह्मचारी : तस्यावन्तिराजपुत्री वासवदत्ता नाम पत्नी दृढमभिप्रेता किल ।

यौगन्धरायण : भवितव्यम् । ततस्ततः ।

ब्रह्मचारी : ततस्तस्मिन्, मृगयानिष्क्रान्ते राजनि ग्रामदाहेन सादग्धा ।

वासवदत्ता : (आत्मगतम्) अलीकमलीकम् खल्वेतत्, जीवामि मन्दभागा ।

यौगन्धरायण : ततस्ततः ।

ब्रह्मचारी : ततस्तामभ्यवपत्तुकामो यौगन्धरायणो नाम सचिवस्तस्मिन्नेवाग्नौ पतितः।

यौगन्धरायण : सत्यं पतित इति । ततस्ततः ।

ब्रह्मचारी : ततः प्रतिनिवृतो राजा तदवृत्तान्तं श्रुत्वातयोर्वियागजनितसंतापस्तस्मिन्नेवाग्नौ प्राणान् परित्यक्तुकामोऽमात्यैर्महता यत्नेन वारितः ।

वासवदत्ता : (आत्मगतम्) जानामि जानाम्यार्यपुत्रस्य मयि सानुक्रोशलम् ।

यौगन्धरायण : ततस्ततः ।

ब्रह्मचारी : ततस्तस्याः शरीरोपभुक्तानि दग्धशेबाण्याभरणानि परिष्विज्यराजा मोहमुपगतः।

सर्वे : हा ।

वासवदत्ता : (स्वगतम्) सकाम इदानीमार्ययौगन्धरायणो भवतु ।

चेटी : भर्तृदारिके, रोदिति खाल्वियमार्या ।

पद्मावती : सानुक्रोशया भवितव्यम् ।

यौगन्धरायण : अथ किमथ किम् । प्रकृत्या सानुक्रोशा मे भगिनी ततस्ततः ।

ब्रह्मचारी : ततः शनैः शनैः प्रतिलब्धसंज्ञः संवृत्तः ।

पद्मावती : (स्वगतम्) दिष्टया ध्रियते । मोहं गत इतिश्रुत्वा शून्यमिव मे हृदयम्।

यौगन्धरायण : ततस्ततः ।

ब्रह्मचारी : ततः स राजा महीतलपरिर्पणपांसुपाटलशरीरः सहसोत्थायु 'हा वासवदत्ते, हा अवन्ति राजपुत्रि, हा । प्रिये, हा प्रिय शिष्ये' इति किमपि किमपि बहुप्रलापितवान् । किं बहुना, नैवेदानीं तादृशाश्चक्रवाकाः नैवाप्यन्ये स्त्रीविशेषैर्वियुक्ताः । धन्यां सा स्त्री यां तथा वेति भर्ता भर्तृस्नेहात् सा हि दग्धाप्यदग्धा ।

यौगन्धरायण : अय भोः तं तु पर्यवस्थापयितुं न कश्चिद् यलवानमात्यः ।

ब्रह्मचारी : अस्ति रुमष्वान्नामात्यो दृढम् प्रयत्नंवांस्तत्रभवन्तं पर्यवरस्थापयितुम् । स हि –

अनाहारे तुल्यः प्रततरुदितक्षामवदनः

शरीरे संस्कारं नृपति समदुःखं परिवहन् ।

दिवा वा रात्रौ वा परिचरित यत्नेर्नरपतिं

नृपः प्राणान् सद्यस्त्यजति यदि तस्याप्युपरमः ॥

वासवदत्ता : (स्वगतम्) दिष्ट्या सुनिक्षित्र इदानीमार्यपुत्रः ।

यौगन्धरायण : (आत्मशतम्) अहो महद्भारमुद्वहति रुमण्वान् । कुतः

सविश्रमो ह्यं भारः प्रसक्तस्तस्य तु श्रमः ।

तस्मिन् सर्वधर्मीनं हि यत्राधीनो नराधिपः ॥

(प्रकाशम्) अथ भोः, पर्यवस्थापित इदानीं स राजा ।

ब्रह्मचारी : तदिदानीं न जाने । 'इह तया सह हसितम्, इह तया कुपितम्, इह तया सह शायितम्' इत्येवं तं विलपन्तं राजानममात्यैर्महता यत्नेन तस्माद् ग्रामाद् गृहीत्वायक्रान्तम् । ततो निष्क्रान्ते राजनि प्रोषितनक्षुत्रचन्द्रमिव नभोऽरमणीयः संवृत्तः स ग्रामः, ततोऽमहपि निर्गतोऽस्मि ।

तापसी : स खलु गुणवान् नाम राजा, य आगन्तुकेनाप्यनेनैवं प्रशस्यते ।

यौગન્ધરાયણ - વારું પછી ?

બ્રહ્મચારી - પછી જમીન પર આળોટતાં તેમનું શરીર ધૂળથી લાલ થઈ ગયું. તે એકદમ ઉઠ્યા (અને) હા વાસવદત્તા ! હા અવન્તિરાજપુત્રી ! હા પ્રિયા ! હા પ્રિયા શિષ્યા ! એમ કંઈ ને કંઈ બોલતા બહુ શોક કરવા લાગ્યા, બધું શું ?

હવે તો ચક્રવાક પંખીઓ કે ઉત્તમ સ્ત્રીઓથી વિયોગ પામેલા એવા બીજા જનો પણ નથી (કે જે આવો વિલાપ કરે.) તે સ્ત્રી ધન્ય છે કે (જેને તેનો) પતિ આટલી (બધી) માને છે. તે બળી હોવા છતાં પતિના પ્રેમને કારણે તે બળી ગઈ નથી. (13)

યૌગન્ધરાયણ - તેવી સ્થિતિમાં રાજાને આશ્વાસન આપવા કોઈ મંત્રીએ પ્રયાસ ન કર્યો?

બ્રહ્મચારી - રુમણ્વાન નામે એક અમાત્ય છે કે જેણે તેમને આશ્વાસન આપવા ઘણો પ્રયત્ન કયો. તે તો આહાર ન કરવામાં (તેમના રાજાના) સરખો અને સતત રુદનથી તેનું મોં સુકાઈ ગયેલું છે. રાજા જેટલો જ દુઃખી તે શરીરના સ્નાન વગેરે સંસ્કારનાં કામો પણ (ન છૂટકે) કરે છે. રાત્રે યા દિવસે પ્રયત્નપૂર્વક રાજાની સેવા કરે છે અને કદાચ રાજા પ્રાણનો ત્યાગ કરે તો તેનું પણ મૃત્યુ થાય. (14)

વાસવદત્તા - (સ્વગત) સારે નસીબે આર્યપુત્ર સારી રીતે સચવાયા.

યૌગન્ધરાયણ - (સ્વગત) અહો, રુમણ્વાને ભારે બોજો ઉપાડ્યો. કારણ કે મારા ભારમાં

તો વિસામો પણ છે, જ્યારે તેનો શ્રમ સતત છે જેને આધીન રાજા હોય તેને આધીન સર્વ છે. (15)

(પ્રકટ) અરે, રાજા હવે તો સ્વસ્થ થયા છે ને ?

બ્રહ્મચારી - તે તો જાણતો નથી. અહીં તેની સાથે હું હસ્યો હતો, અહીં તેની સાથે વાત કરી હતી. અહીં તેની સાથે વાસ કર્યો, અહીં તેના પર ગુસ્સે થયો, અહીં તેની સાથે શયન કર્યું હતું. એમ વિલાપ કરતા રાજાને લઈને અમાત્યો મહામુસીબતે તે ગામમાંથી ચાલ્યા ગયા. રાજાના ગયા પછી તે ગામ નક્ષત્ર અને ચંદ્ર વિનાના આકાશ જેવું સૂનું થઈ ગયું છે. પછી તો હું નીકળી ગયો.

તાપસી - તે રાજા ખરેખર ગુણવાન હોવા જોઈએ, કારણ કે આવા અજાણ્યા પણ તેમના વખાણ કરે છે.

चेटी : (जनान्त्रिकम्) भर्तृदारिके, किं नु खल्वपरा स्त्री तस्य हस्तं गमिष्यति ।

पद्मावती : (आत्मगतम्) मम हृदयनैव सह मन्त्रितम् ।

ब्रह्मचारी : आपृच्छामि भवन्तौ गच्छामस्तावत् ।

उभौ : गम्यतामर्थसिद्धये ।

ब्रह्मचारी : तथास्तु ! निष्क्रान्तः ।

यौगन्धरायण : साधु, अहमपि तत्रभवत्याभ्यनुज्ञातो गन्तुमिच्छामि ।

काञ्चुकीय : अत्र भवत्याभ्यनुज्ञातो गन्तुमिच्छति किल ।

पद्मावती : आर्यस्य भगिनिका आर्येण विनोत्कण्ठयिष्यति ।

यौगन्धरायण : साधुजनहस्तगतैषा नौत्कष्ठिष्यति ।

(काञ्चुकीय मवलोक्य) गत्छामस्तावत् ।

काञ्चुकीय : गच्छतु भवान् पुनर्दर्शनाय ।

यौगन्धरायण : तथास्तु ।

(निष्क्रान्तः)

काञ्चुकीय : समय इदानीमभ्यन्तरं प्रवेष्टुम् ।

पद्मावती : आर्ये, वन्दे ।

तापसी : जाते, तव सदृशं भर्तारं तभस्य ।

वासवदत्ता : आर्ये वन्दे तावदहम् ।

तापसी : त्वमप्यचिरेण भर्तारं समासादय ।

वासवदत्ता : अनुगृहीतास्मि ।

काञ्चुकीय : तदागम्यताम् । इत इतो भवति । सम्प्रति हि –

खगा वासोपेता सलिलमवगाढो मुनिजनः
प्रदीप्तोऽग्निर्भाति प्रविचरति धूमो मुनिवनम् ।
परिभ्रष्टो इराद रविरपि च संक्षिप्तकिरणो
रथं व्यावर्त्यासो प्रविशति शनैरस्तशिखरम् ॥

(निष्क्रान्ताः सर्वे)

**इति प्रथमोऽङ्कः**

દાસી - (બાજુએ લઈ જઈને) રાજકુમારી ! બીજી કોઈ સ્ત્રી તેનો હાથ પામશે ખરી ?

પદ્માવતી - (સ્વગત) જાણે મારા હૃદયની જ વાત એણે કરી.

બ્રહ્મચારી - તો આપ બંનેની રજા લઉં. અમે જઈએ.

બંને - આવજો, તમારું કાર્ય સિદ્ધ થાઓ.

બ્રહ્મચારી - ભલે (જાય છે).

યૌગન્ધરાયણ - ત્યારે હું પણ રાજકુમારીની રજા લઈને જવા ઈચ્છું છું.

કાંચુકીય - આ પણ આપની રજા લઈને જવા માગે છે.

પદ્માવતી - આપના વિના આપની બહેનને એકલવાયું લાગશે.

યૌગન્ધરાયણ - સજ્જનની સંભાળમાં હોવાથી તેને સૂનું નહિ લાગે.

(કાંચુકીય તરફ જોઈને) તો અમે જઈએ.

કાંચુકીય - આવજો ફરીથી પધારજો.

યૌગન્ધરાયણ - ભલે. (જાય છે.)

કાંચુકીય - હવે અંદર જઈએ, સમય થયો છે.

પદ્માવતી - આર્યે, વંદન કરું છું.

તાપસી - દીકરી, યોગ્ય પતિને પામ.

વાસવદત્તા - આર્યે, તો હું પણ વંદન કરું છું.

તાપસી - તું પણ જલદીથી પતિને મેળવ.

વાસવદત્તા - આપની કૃપા.

તાપસી - તો ચાલો, આ બાજુ, આ બાજુ, રાજકુમારી, અત્યારે તો –

પંખીઓ માળામાં આવી પહોંચ્યા છે. મુનિજનો પાણીમાં ઉતર્યા છે. પ્રજ્વલિત થયેલો અગ્નિ પ્રકાશે છે. ધુમાડો તપોવનમાં ફેલાય છે. દૂરથી ઢળી પડેલો સૂર્ય પણ કિરણો સંકોરીને અને રથ વાળીને ધીમે ધીમે અસ્તશિખર પર પ્રવેશ કરે છે. (બધાં જાય છે.)

**પહેલો અંક સમાપ્ત**

## 2.3 પ્રથમ અંકની મહત્ત્વપૂર્ણ સૂક્તિઓ

1. एवमुनर्ज्जातानि दैवतान्यप्यवधूयन्ते ।
2. कालक्रमेण जगतः परिवर्तमाना चक्रारपंक्तिरिव गच्छति भाष्यपंक्तिः ।
3. प्रद्वेषो बहुमानो वा सङ्कल्पादुपजायते ।
4. अभिजनानुरुपं खल्वस्या रुपम् ।
5. तपोवनानि नामातिथिजनस्य स्वगेहम् ।
6. न हि रुपमेव वागपि खल्वस्या मधुरा ।
7. दुःखं न्यासस्य रक्षणम् ।
8. न हि सिद्धवाक्यान्युत्क्रम्य गच्छति विधिः सुपरीक्षितचाड्न ।
9. सर्वजन साधारणमाश्रमपदं नाम ।
10. भर्तृस्नेहात् सा हि दग्धाप्यदग्धा ।
11. अर्थिस्वं नाम शरीरमपराध्यति ।

## 2.4 તમારી પ્રગતિ ચકાસો.

### (અ) પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. भवति, यो धर्मादात्मानमुत्सारयति ।

.................................................................

.................................................................

.................................................................

.................................................................

2. उभे राजकुले महत्तरे इति श्रुयते ।

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

3. लावाणकसंकीर्तनेन पुनर्नवीकृत इव मे संतापः ।

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

4. अलीकमलीकम्, खल्वेतत् जीवामि मन्दभागा ।

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

5. अस्ति रुमण्यवान् अमात्यो दृढम् प्रयत्नवांस्तत्रवभन्तं पर्यवस्थार्पायतुम्।

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

6. स खलु गुणवान् नाम राजा, य आगन्तुकेनाप्यने नैवं प्रशस्यते।

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

7. जाते, तव सदृशं भर्तरं लभस्व ।

....................................................................

....................................................................

....................................................................

....................................................................

8. अहमप्यनुभूतसुखेति पश्यामि ।

....................................................................

....................................................................

....................................................................

....................................................................

9. परपुरुषदर्शनं परिहरत्यार्या ।

....................................................................

....................................................................

....................................................................

....................................................................

10. भर्तृदारिके रोदिति खल्वियमार्या ।

....................................................................

....................................................................

....................................................................

....................................................................

**(ખ) નીચેની સૂક્તિનો અર્થવિસ્તાર કરો.**

1. एवमविज्ञातानि दैवतान्यप्यधूयन्ते ।

....................................................................

....................................................................

....................................................................

....................................................................

2. तपोवनानि नामातिथिजनस्य स्वगेहम् ।

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. दुःखं न्यासस्य रक्षणम् ।

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. कालक्रमेण जगतः परिवर्तमाना चक्रारपंक्तिरिव गच्छति भाग्यपंक्तिः।

.................................................................

.................................................................

.................................................................

.................................................................

★

એકમ 3

# સ્વપ્નવાસવદત્તમ્ - અંક : 2 અને 3

**રૂપરેખા**

**3.0. ઉદ્દેશ**

**3.1. પ્રસ્તાવના**

**3.2. स्वप्नवासवदत्तम् द्वितीयोऽङ्कः**

**3.3. स्वप्नवासवदत्तम् तृतीयोऽङ्कः**

**3.4. તમારી પ્રગતિ ચકાસો**

## 3.1 ઉદ્દેશ

આ એકમનો અભ્યાસ કર્યા પછી

- બીજા અંકનો કથાસાર સમજી શકશો.
- અંકમાં આવતાં સંવાદોના માધ્યમથી નાટકીય વિશેષતાઓનો પરિચય મેળવી શકશો.
- દ્વિતીય અંકની પ્રમુખ ઘટનાઓ અને પાત્રસૃષ્ટિ વિશે માહિતી પ્રાપ્ત કરી શકશો.
- ત્રીજા અંકની કથાવસ્તુનો પરિચય મેળવી શકશો.
- ત્રીજા અંકની પ્રમુખ ઘટનાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી શકશો.
- વિપ્રલંભ શ્રૃંગાર રસનો આસ્વાદ કરી શકશો.
- તૃતીય અંકના સંવાદોના માધ્યમથી ભાસની શૈલીનો પરિચય મેળવી શકશો.

## 3.2. પ્રસ્તાવના

ભાસવિરચિત સ્વપ્નવાસવદત્તમ્‌નો દ્વિતીય અંક નાટકીય રીતે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. વાસવદત્તા અને પદ્‌માવતીનો ઉદયન પ્રત્યેનો પ્રેમ અહીં રજૂ કરવામાં આવ્યો છે. સાથે બન્ને વચ્ચે આત્મીયતા પણ આ અંકમાં દર્શાવવામાં આવી છે. આ અંકમાં પદ્‌માવતીના ઉદયન સાથે વિવાહ નક્કી કરવાનો મુખ્ય પ્રસંગ પણ આવે છે. ભાસની લાક્ષણિકતા અને વિશેષતાઓ સાથે આ અંકનો આપણે અભ્યાસ કરીશું.

સ્વપ્નવાસવદત્તમ્‌ના ત્રીજા અંકમાં ઉદયન અને પદ્‌માવતીના વિવાહની તૈયારીઓ ચાલી રહી છે. તે સમયે વાસવદત્તાની મનઃસ્થિતિનું માર્મિક ચિત્રણ મહાકવિ ભાસે રજૂ કર્યું છે. વરમાળા ગૂંથવાનું દાયિત્વ પણ વાસવદત્તાને મળતાં તેને ગૂંથતી વખતે સર્જાતી સ્થિતિનું ખૂબ જ સરસ વર્ણન અહીં આલેખવામાં આવ્યું છે. આપણે આ અંકનો આસ્વાદ માણીશું.

## 3.2 स्वप्नवासवदत्तम् द्वितीयोऽङ्कः

(ततः प्रविशति चेटी)

चेटी - (आकाशे) कुञ्जरिके कुञ्जरिके कुत्र कुत्र भर्तृदारिका पद्मावती (श्रुतमभिनीय) किं भणसि । एषा भर्तृदारिका माधवीलतामण्डपस्य पार्श्वतः कन्दुकेन क्रीडतेति यावद् भर्तृदारिकामुपसर्पामि । (परिक्रम्यावलोक्य) अम्भो, इयं भर्तृदारिका उत्कृतकर्णचूलिकेन व्यायामसंजातस्वेदबिन्दुविचित्रितेन परिश्रान्तरमणीयदर्शनेन मुखेन कन्दुकेन क्रीडन्तीति एवागच्छति । यावदुपस्र्यामि। (निष्क्रान्ताः)

(इति प्रवेशिकाः)

(ततः प्रविशति कन्दुकेन क्रीडन्ती पद्मावती सपरिवारा वासवदत्तया सह)

वासवदत्ता - हला एष ते कन्दुकः ।

पद्मावती - आर्ये भवत्विदानीमेतावत् ।

वासवदत्ता - हला अतिचिरं कन्दुकेन क्रीडित्वाधिकसंजातरागौ परकीययात्रिव ते हस्तौ संवृत्तौ ।

चेटी - क्रीडतु क्रीडतु तावद् भर्तृदारिका । निर्वर्त्यतां तावदयं कन्याभावरणमणीयः कालः ।

पद्मावती - आर्ये, किमिदानीं मामपहसितुमिव निध्यायसि ।

वासवदत्ता - नहि नहि । हला अधिकमद्य शोभसे । अभित इव तेऽद्य वरमुखं प्रेक्षेत्

पद्मावती - अपेहि । मेदानीं मामपहस ।

वासवदत्ता - एषास्मि तूष्णीका नाम, भविष्यन्महासेनवधु !

पद्मावती - क एष महासेने नाम

वासवदत्ता - अस्त्युज्जयिनीयो राजा प्रद्योतो नाम । तस्य बलपरिमाणनिवृत्तं नामधेयं महासेन इति ।

## સ્વપ્નવાસવદત્તમ્

### અંક બીજો

**(પછી દાસી પ્રવેશ કરે છે)**

દાસી - (ઊંચે જોઈને) કુંજરિકા, કુંજરિકા, રાજકુમારી, પદ્માવતી ક્યાં છે ? (સાંભળ્યું હોય તેવો અભિપ્રાય કરીને) શું કહે છે ? રાજકુમારી માધવી લતાના માંડવા પાછળ દડો રમે છે એમ ? ચાલ રાજકુમારી પાસે જાઉં (આમતેમ ફરીને, જોઈને) ઓહો, ઝૂલતાં કર્ણ કુંડળવાળાં, કસરતથી બાઝેલાં પરસેવાનાં ટીપાથી

વિચિત્ર તથા થાકથી સુંદર દેખાતા મુખવાળાં રાજકુમારી દડો રમતા આ તરફ જ આવી રહ્યાં છે, ચાલ, તેમની પાસે જાઉં.

(જાય છે.)

પ્રવેશક સમાપ્ત

(પછી દડો રમતી પદ્માવતી પરિવાર તથા વાસવદત્તા સાથે પ્રવેશે છે.)

વાસવદત્તા - અલી, આ રહ્યો તારો દડો.

પદ્માવતી - આર્યે, હવે આટલું બસ છે.

વાસવદત્તા - અલી, લાંબા સમય સુધી દડા વડે રમવાથી ખૂબ લાલ થઈ ગયેલા હાથ જાણે કે બીજાના હોય તેમ લાગે છે.

દાસી - રમો, રાજકુમારી, રમો. કન્યાકાળનો રમણીય સમય આજ વિતાવો.

પદ્માવતી - આર્ય, મારી મશ્કરી કરતાં હો તેમ ધારીને શું જોઈ રહ્યાં છે ?

વાસવદત્તા - ના, ના, બહેન, આજે તું વધુ સુંદર દેખાય છે તારું વરમુખ - સુંદર મુખ (તારા વરનું મુખ) ચારે બાજુથી જાણે જોયા જ કરું.

પદ્માવતી - જાઓ, જાઓ હવે. મારી મશ્કરી ન કરો.

વાસવદત્તા - લો, આ બોલવાનું બંધ. મહાસેનની ભાવિ વહુ !

પદ્માવતી - એ મહાસેન વળી કોણ ?

વાસવદત્તા - ઉજ્જયિનીનો રાજા પ્રદ્યોત નામે છે. તેના સૈન્યની વિશાળતાને લીધે તે મહાસેન કહેવાય છે.

## ★ શબ્દાર્થ

उत्कृतकर्णचूलिकेन - ઝુલતા કાનના કુંડળવાળા

व्यायामसंजातस्वेदबिन्दुविचित्रतेन - કસરતથી બાઝેલાં પરસેવાના ટીપાથી વિચિત્ર

निध्यायसि - જોઈ રહ્યા છે

तेऽद्यवरमुखं प्रेक्षे - આજે તારું સુંદર મુખ (તારા વરનું મુખ) જોઉં છું

बलपरिमाणनिर्वृत्तं - સૈન્યની વિશાળતાના લીધે

## ★ મોટી સંખ્યાવાળા શબ્દો

श्रुतम् + अभिनीय - श्रुतमभिनीय

क्रीडति + इति - क्रीडतीति

एव + आगच्छति - एवागच्छति

भवतु + इदानीम् + एतावत् - भवत्विदानीमेतावत्

क्रीडित्वा + अधिकसंजातरागौ - क्रीडित्वाधिकसंजातरागौ

परकीयौ + इव - परकीयाविव

माम् + अपहसितुम् + इव - मामपहसितुमिव

ते + अद्य - तेऽद्य

मा + इदानीम् - मेदानीम्

अस्ति + उज्जयिनीयः - अस्त्युज्जयिनीयः

चेटी - भर्तृदारिका तेन राज्ञा सह सम्बन्धं नेच्छति ।

वासवदत्ता - अथ केन खल्विदानीमभिलषति ।

चेटी - अस्ति वत्सराजः उदयनो नाम । तस्य गुणान् भर्तृदारिकाभिलषति ।

वासवदत्तता - (आत्मागतम्) आर्यपुत्रं भर्तारमभिलषति । (प्रकाशम्) केन कारणेन।

चेटी - सानुक्रोश इति ।

वासवदत्ता - (आत्मगतम्) जानामि जानामि । अयमपि जन एवमुन्मादितः ।

चेटी - मर्तृदारिके ! यदि स राजा विरुपो भवेत् -

वासवदत्ता - नहि नहि । दर्शनीय एव ।

पद्मावती - आर्ये ! कथं त्वं जानासि ।

वासवदत्ता - (आत्मागतम्) आर्यपुत्र पक्षपातेनातिक्रान्तः समुदाचारः । किमिदानीं करिष्यामि । भवतु दृष्टम् । (प्रकाशम्) हला एवमुज्जयिनीयो जनो मन्त्रयते ।

पद्मावती - युज्यते । न खल्वेष उज्जयिनीदुर्लभः ।

सर्वजनमनोभिरामं खलु सौभाग्यं नाम ।

(ततः प्रविशति धात्री)

धात्री - जयतु भर्तृदारिका । भर्तृदारिके ! दत्तासि ।

वासवदत्ता - आर्ये ! कस्मै ।

धात्री - वत्सराजायोदनाय ।

वासवदत्ता - अथ कुशली स राजा ।

धात्री - कुशली । स हि आगतः । तस्य भर्तृदारिका प्रतीष्टा च ।

वासवदत्ता - अत्याहितम्

धात्री - किमत्रात्याहितम् ।

દાસી - રાજકુમારી તે રાજાની જોડે સંબંધ (બાંધવા) ઈચ્છતાં નથી.

વાસવદત્તા - ત્યારે તે ખરેખર કોને ઈચ્છે છે ?

દાસી - વત્સદેશનો રાજા ઉદયન નામે છે. તેના ગુણોની કુંવરીબાને અભિલાષા છે.

વાસવદત્તા - (સ્વગત) (મારા જ) આર્યપુત્રને (પતિને) પતિ તરીકે ઈચ્છે છે. (પ્રકટ) શા માટે ?

દાસી - તે પ્રેમાળ છે તેથી.

વાસવદત્તા - (સ્વગત) જાણું છું, જાણું છું. આ વ્યક્તિ (હું) પણ તેથી જ ઘેલી થયેલી.

દાસી - રાજકુમારી, આ રાજા કદાચ કદરૂપો હોય તો ?

વાસવદત્તા - ના, ના, તે રૂપાળાં જ છે.

પદ્માવતી - આર્યે, તમે ક્યાંથી જાણો ?

વાસવદત્તા - (સ્વગત) આર્યપુત્ર તરફના પક્ષપાતને લીધે શિષ્ટાચાર ચુકાયો. હવે શું કરું ? સારું.

સમજી (પ્રકટ) સખી, ઉજ્જયિનીના લોકો એમ કહે છે.

પદ્માવતી - બરાબર છે. ઉજ્જયિનીને એ દુર્લભ (દર્શન) ન હોય. ખરેખર, બધા લોકોનાં મનને આનંદ આપે તેનું નામ સૌંદર્ય.

(પછી ધાત્રી પ્રવેશે છે.)

ધાત્રી - રાજકુમારીનો જય થાઓ. રાજકુમારી, તમારું વાગ્દાન (સગપણ) થયું.

વાસવદત્તા - આર્યા, કોની સાથે ?

ધાત્રી - વત્સરાજ ઉદયન સાથે.

વાસવદત્તા - તે રાજા કુશળ તો છે ને ?

ધાત્રી - કુશળ છે. તે અહીં આવ્યા છે અને એમણે રાજકુમારીનો સ્વીકાર કર્યો છે.

વાસવદત્તા - ગજબ થયો.

ધાત્રી - એમાં શો ગજબ ?

## ★ શબ્દાર્થ

सानुक्रोशः - પ્રેમાળ

समुदाचारः - શિષ્ટાચાર

युज्यते - બરાબર છે (યોગ્ય છે)

सर्वजनमनाभिरामम् - બધા લોકોનાં મનને આનંદ આપે એવું

प्रतीष्टा - સ્વીકાર્ય છે

अत्याहितम् - ગજબ થયો

## ★ મોટી સંધિવાળા શબ્દો

खलु + इदानीम् + अभिलधति - खल्विदानीमभिलषति

किम् + इदानीम् - किमिदानीम्

खलु + एषः - खल्वेषः

दत्ता + असि - दत्तासि

वत्सराजाय + उदयनाय - वत्सराजायोदयनाय

किम् + अत्र + अति + आहितम् - किमत्रात्याहितम्

वासवदत्ता - न खलु किञ्चित् । तथा नाम संतप्योदासीनो भवतीति ।

धात्री - आर्ये ! आगमप्रधानानि सुलभपर्यवस्थानानि महापुरुषहृदयानि भवन्ति ।

वासवदत्ता - आर्ये ! स्वयमेव तेन वरिता ।

धात्री - नहि नहि । अन्यप्रयोजनेनेहागतस्याभिजनविज्ञानवयोरुपं प्रेक्ष्य स्वयमेव महाराजेन दत्ता ।

वासवदत्ता - (आत्मगतम्) एवम् । अनपराद्ध इदानीमत्रार्यपुत्रः ।

(प्रविश्य)

अपरा चेटी - त्वरतां त्वरतां तावदार्या । अद्यैव किल शोभनं नक्षत्रम् । अद्यैव कौतुकमङ्गलं कर्तव्यमित्यस्माकं भट्टिनी भणति ।

वासवदत्ता - (आत्मगतम्) यथा यथा त्वरते, तथा तथान्धी करोति मे हृदयम् ।

धात्री - एत्वेतु भर्तृदारिका ।

(निष्क्रान्ताः सर्वे)

॥ इति द्वितीयोऽङ्कः ॥

વાસવદત્તા - ખરેખર (ખાસ) કંઈ જ નહિ, એવી રીતે શોક કર્યા પછી આમ બેપરવા થાય છે. તેથી.

ધાત્રી - આમાં, મહાપુરુષોના હૃદય શાસ્ત્રને પ્રાધાન્ય આપનાર અને સહેલાઈથી દિલાસો મેળવે એવાં હોય છે.

વાસવદત્તા - આર્યા, એમણે જાતે જ માગણી કરી ?

ધાત્રી - ના, ના, એ તો કોઈ બીજા કારણસર અહીં આવ્યા હતાં. ત્યાં એમનું કુળ, વિજ્ઞાન, વય અને રૂપ જોઈને મહારાજે પોતે જ આપી.

વાસવદત્તા - (સ્વગત) એમ છે ? તો પછી આર્યપુત્ર અપરાધી નથી.

(પ્રવેશીને)

બીજી દાસી - આર્યા, જલદી કરો, જલદી કરો. આજે જ શુભ નક્ષત્ર છે (અને) આજે જ લગ્નનું શુભ મંગલ કરવું જોઈએ. એમ મહારાણી કહે છે.

વાસવદત્તા - (સ્વગત) જેમ જેમ ઉતાવળ કરે છે તેમ તેમ મારા હૃદયમાં અંધકાર છવાય છે.

ધાત્રી - પધારો, પધારો, રાજકુમારી

**(સહુ જાય છે.)**

**બીજો અંક સમાપ્ત**

★

## ★ શબ્દાર્થ

संतप्य - શોક કરીને

आगमप्रधानानि - શાસ્ત્રને પ્રાધાન્ય આપનાર

सुलभयपर्यवस्थानानि - સહેલાઈથી સ્વસ્થ (દિલાસો મેળવે એવા)

अभिजनविज्ञानवयोरुपम् - કુળ, વિજ્ઞાન, ઉંમર અને રૂપને

कौतुकमङ्गलम् - લગ્નનું શુભ મંગલ

भट्टिनी - મહારાણી

त्वरते - ઉતાવળ કરે છે

एत्वेतु - ચાલો ચાલો

## ★ મોટી સંધિવાળા શબ્દો

संतप्य + उदासीन - संतप्योदासीनः

अन्यप्रयोजनेन + इह + आगतस्य + अभिजन - अन्यप्रयोजनेनोहागतस्याभिजन

इदानीम् + अत्र + आर्यपुत्र - इदानीमत्रार्यपुत्रः

अद्य + एव - अद्यैव

कर्तव्यम् + इति + अस्माकम् - कर्तव्यमित्यस्माकम्

## 3.3 तृतीयोऽङ्कः

**(ततः प्रविशति विचिन्तयन्ती वासवदत्ता)**

वासवदत्ता - विवाहामोदसङ्कुले अन्तःपुर चतुःशाले परित्यज्य पद्मावतीमिहागतास्मि प्रमदवनम् । यावदिदानीं भागधेयनिर्वृत्तं दुःखं विनोदयामि । (परिक्रम्य) अहो अत्याहितम् । आर्यपुत्रोऽपि नाम परकीयः संवृतः । यादुपविशामि। (उपविश्य) धन्वा खलु चक्रवाकवधूः यान्योन्यविरहिता न जीवति । न

खल्वहं प्राणान् परित्यजामि । आर्यपुत्रं प्रेक्ष इत्यनेन मनोरथेन जीवामि मन्दभागा ।

(ततः प्रविशति पुष्पाणि गृहीत्वा चेटी)

चेटी - क्व न खलु गता आर्यां वन्तिका । (परिक्रम्यावलोक्य) अम्मो ! इयं चिन्ता शून्यहृदयं नीहारप्रतिहितचन्द्रलेखा इव, अमण्डितभद्रकं वेषं धारयन्ती प्रियङ्गशिलापट्टके उपविष्टा । यावदुपसर्पामि । (उपसृत्य) आर्ये अवन्तिके कः कालस्त्वामन्विष्यामि ।

वासवदत्ता - किं निमित्तम् ।

चेटी - अस्माकं भट्टिनी भणति 'महाकूलप्रसूता स्निग्धा निपुणा' इति । इमां तावत् कौतुकमालिकां गुम्फत्वार्या ।

वासवदत्ता - अथ कस्मै किल गुम्फितव्यम् ।

चेटी - अस्माकं भर्तृदारिकायै ।

वासवदत्ता - (आत्मागतम्) एतदपि मया कर्तव्यमासीत् । अहो ! अकरुणाः खल्वीश्वराः ।

चेटी - आर्ये ! मेदानीमन्यच्चिन्त्रयित्वा । एष जमाता मणिभूम्यां स्नायति । शीघ्रं तावद् गुम्फत्वार्या...

वासवदत्ता - (आत्मगतम्) न शक्नोम्यन्यं चिन्तयितुम् ।

(प्रकाशम्) हला ! किं दृष्टो जामाता ।

चेटी - आम् ! दृष्टा भर्तृदायिकायाः स्नेहेनास्माकं कौतूहलेन च

वासवदत्ता - कीदृशो जामाता ।

## ત્રીજો અંક

(ત્યારબાદ ચિંતા મગ્ન અવસ્થામાં વાસવદત્તા પ્રવેશ કરે છે.)

વાસવદત્તા - લગ્નના આનંદથી ભરેલા અંતઃપુરના ચોકમાં પદ્માવતીને મૂકીને હું આ પ્રમદવનમાં આવી છું તો હવે કમનસીબીને કારણે પડેલા દુઃખને હળવું કરું. (આમતેમ ફરીને) ઓહો ! ખૂબ ખોટું થયું. આર્યપુત્ર પણ પારકા થઈ ગયા. ચાલ જરા બેસું (બેસીને) ધન્ય છે એ ચક્રવાકવધૂને જે પોતાના પતિના વિરહમાં જીવતી નથી. હું તો ખરેખર પ્રાણ પણ ત્યાગી શકતી નથી. 'આર્યપુત્રને જોઈશ' એવા મનોરથથી હું કમનસીબ જીવી રહી છું.

(પછી ફૂલો લઈને ચેટી પ્રવેશ કરે છે.)

ચેટી - આર્યા અવંતિકા ક્યાં ગયા હશે ? (ફરીને આજુબાજુ જોઈને) ઓહો ! ચિંતાના કારણે શૂન્ય હૃદયવાળા, ધુમ્મસના લીધે અંધારામાં ખોવાઈ ગયેલ ચંદ્રલેખા

જેવા, અલંકારવિહીન પણ ભદ્રવેષ ધારણ કરતાં તે પ્રિયંગુલતાની નીચેની પથ્થરની બેઠક પર બેઠાં છે. તો હું તેમની પાસે જાઉં છું. (પાસે જઈને) આર્યા અવંતિકા! ક્યારથી હું તમને શોધી રહી છું.

વાસવદત્તા - શા માટે ?

ચેટી - અમારી મહારાણી કહે છે કે ‘આપ ઊંચા કુળમાં જન્મેલાં, પ્રેમાળ અને નિપુણ છો’ એટલે આ વરમાળા આ ગૂંથી આપો.

વાસવદત્તા - કોના માટે માળા ગૂંથવાની છે ?

ચેટી - અમારી રાજકુમારી માટે.

વાસવદત્તા - (મનમાં) આ પણ મારે કરવાનું હતું. ઓહો ! ઈશ્વર ખરેખર નિર્દયી છે.

ચેટી - આર્યા ! અત્યારે બીજું કંઈ વિચારશો નહિ. આ જમાઈ મણિભૂમિમાં સ્નાન કરી રહ્યા છે. તેથી તમે જલદી ગૂંથી આપો.

વાસવદત્તા - (મનમાં) હું બીજું કંઈ વિચારી જ નથી શકતી. (પ્રગટ) અલી. તેં જમાઈને જોયા છે ?

ચેટી - હાં, રાજકુમારીના સ્નેહના લીધે અને અમારી ઉત્સુકતાને કારણે જોયા છે.

વાસવદત્તા - કેવા છે જમાઈ ?

## ★ શબ્દાર્થ

विचिन्तयन्त्री - ચિંતા કરતી, विवाहामोदसंकुले - વિવાહના આનંદથી ભરપૂર, अन्तःपुरःशाले - રાણીવાસના ચોકમાં, परित्यज्य - છોડીને, भागधेयनिर्वृतम् - કમનસીબીના કારણે આવી પડેલા, विनोदयामि - હળવું કરું છું, अत्याहितम् - એકબીજાના વિરહમાં રહીને, परकीय - પારકું, उपविशामि - બેસું છું, अन्योन्यविरहिता - એકબીજાના વિરહમાં રહીને, मनोरथेन - ઈચ્છાથી, मन्दभागा - અભાગિન, परिक्रम्य - આમતેર ફરીને, चिन्ताशून्यहृदम् - ચિંતાના કારણે શૂન્ય થયેલ હૃદયને, नीहारप्रततिहतचन्द्रलेखा इन - ધુમ્મસના લીધે ખોવાઈ ગયેલ ચંદ્રકલાની જેમ, अमण्डितचंद्रकम् - શણગાર વગર પણ સુંદર લાગતા, भट्टिनी - મહારાણી, गुम्फितव्यम् - ગૂંથવી જોઈએ, जमाता - જમાઈ.

## ★ મોટી સંધિવાળા શબ્દો

पद्मावतीम् + इह + आगता + अस्मि - पद्मावतीमिहागतास्मि, यावत + इदानीम् - यावदिदानीम्, अति + आतिहम् - अत्याहितम, खलु + अहम् - खल्वहम्, कालः + त्वाम् + अन्विष्यामि - कालस्त्वामन्विष्यामि।

गुम्फतु + आर्या, - गुम्फत्वार्या, खलु + ईश्वरा, - खल्वीश्वराः, मा + इदानीम्+ अन्यत् + चिन्तयित्वा - मेदानीमन्यच्चिन्तयित्वा, शक्नोमि + अन्यम् - शक्नोम्यन्यम्।।

चेती - आर्ये ! भणामि तावद्, नेदृशो दृष्टपूर्वः ।

वासवदत्ता - हला, भण, भण, किं दर्शनीयः ।

भेटी - शक्यं भणितुं शरचापहीनः कामदेव इति ।

वासवदत्ता - भवत्वेवात् ।

चेटी - किं निमित्तं वारयसि ।

वासवदत्ता - अयुक्तं परपुरुषधसंकीर्तनं श्रोतुम् ।

चेटी - तेन हि गुम्फत्वार्या शीघ्रम् ।

वासवदत्ता - इयं गुम्फामि । आनय तावत् ।

चेटी - गृह्णात्वार्या ।

वासवदत्ता - (वर्जयित्वा विलोक्य) इदं तावदौषधं किं नाम ।

चेटी - अविधवाकरणं नाम ।

वासवदत्ता - (आत्मागतम्) इदं बहुशो गुम्फितव्यं मम च पद्मावत्याश्च । (प्रकाशम्) इदं तावदौषधं किं नाम ।

चेटी - सपत्नीमर्दनं नाम ।

वासवदत्ता - इदं न गुम्फितव्यम् ।

चेटी - कस्मात् ।

वासवदत्ता - उपरता तस्य भार्या, तन्निष्प्रयोजनमिति ।

(प्रवीश्य)

अपरा चेटी - त्वरतां त्वरतामार्या । एष जमाता अविधवाभिरभ्यन्तरचतुःशालं प्रवेश्यते ।

वासवदत्ता - अयि, वदामि गृहाणैतत् ।

चेटी - शोभनम् । आर्ये गच्छामि तावदहम् ।

(उभे निष्क्रान्ते)

वासवदत्ता - गतैषा । अहो अत्याहितम् । आर्यपुत्रोऽपि नाम परकीयः संवृत्तः। अविहा शय्यायां मम दुःखं विनोदयामि, यदि निद्रां लभे।

**(निष्क्रान्तः)**

**।। इति तृतीयोऽङ्कः ।।**

ચેટી - આર્યા, સાચે કહું તો એવા કે આજ સુધી તેવા કોઈ જોયા નથી.

વાસવદત્તા - અલી, કહે, કહે, શું દેખાવડા છે ?

ચેટી - એવું કહી શકાય કે ધનુષબાણ વગરના કામદેવ છે.

વાસવદત્તા - આટલું જ રહેવા દે.

ચેટી - આપ શા માટે રોકો છો ?

વાસવદત્તા - પરપુરુષની પ્રશંસા સાંભળવી એ યોગ્ય નથી.

ચેટી - તો આપ જલ્દી ગૂંથી આપો.

વાસવદત્તા - આ ગૂંથી આપું, લાવ ત્યારે.

ચેટી - આર્યા, આ ગ્રહણ કરે.

વાસવદત્તા - (ફુલો ખસેડીને જોઈને) આ ઔષધિનું નામ શું છે ?

ચેટી - 'અવિધવાકરણ' (વૈધવ્ય અટકાવનાર)

વાસવદત્તા - (મનમાં) આ તો ખૂબ ગૂંથવી જોઈએ. મારા માટે અને પદ્માવતી માટે પણ, (પ્રગટ) આ ઔષધિનું નામ શું છે ?

ચેટી - 'સપત્નીમર્દન' (શોક્યનું દમન કરનારી)

વાસવદત્તા - આ ના ગૂંથવી જોઈએ.

ચેટી - શા માટે ?

વાસવદત્તા - તેની પત્ની ગુજરી ગઈ છે તેથી આ નકામી છે.

(પ્રવેશ કરીને)

ચેટી - આર્યા, જલ્દી કરો જલ્દી કરો. આ જમાઈને સૌભાગ્યવતી સ્ત્રીઓ અંતઃપુરના ચોકમાં પ્રવેશ કરાવી રહી છે.

વાસવદત્તા - અલી, કહું છું. આ લઈ લો.

ચેટી - સરસ ! આર્યા ! હું જોઉં છું ત્યારે.

(બન્ને નિકળી જાય છે)

વાસવદત્તા - આ જતી રહી. અરે ! આ બહુ જ ખોટું થયું. આર્યપુત્ર પણ પારકા થઈ ગયા. ઓહ ! પથારીમાં પડીને મારા દુઃખને હળવું કરું.... જો ઊંઘ આવે તો.

**(નીકળી જાય છે)**

## ત્રીજો અંક સમાપ્ત

### ★ શબ્દાર્થ

भणामि - કહું છું, दृष्टपूर्वः - પહેલાં જોયેલો, शरचापहीनः - બાણ ધનુષ વગરના, अयुक्तम् - અયોગ્ય, वर्जयित्वा - ખસેડીને, उपरता - ગુજરી ગઈ, त्वरताम्

- જલદી કરો, अविधवाभिरभ्यन्तर चतुःशालम् - સૌભાગ્યવતીઓ દ્વારા અંતઃપુરના ચોકમાં, गृहाण - લઈ લો.

### ★ મોટી સંધિવાળા શબ્દો

न + इदश - नेदृशः, गृहणातु + आर्या - गृह्णात्वार्या, तत् + निष्प्रयोजनम् + इति - तन्निष्प्रयोजनमिति, गृहण + एतत् - गृहाणैतत्, आर्यपुत्र + अपि - आर्यपुत्रोऽपि

---

## 3.4 તમારી પ્રગતિ ચકાસો

---

### (અ) પૂર્વાપર સંબંધ સાથે સમજાવો.

1. अभित इव तेऽद्य वरमुखं प्रेक्षे ।

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. हला एष ते कन्दुकः।

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

3. यथा यथा त्वरते तथा तथान्धीकरोति मे हृदयम् ।

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

4. अनपराद्ध इदानीमार्य पुत्र ।

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

5. एषामस्मी तूष्णीका नाम, भविष्यन्महासेन वधु ।

.................................................................

.................................................................

.................................................................

.................................................................

6. तस्य गुणान् भर्तृदारिकाभिलषति ।

.................................................................

.................................................................

.................................................................

.................................................................

7. किमत्रात्याहितम् ।

.................................................................

.................................................................

.................................................................

.................................................................

8. अद्यैव किल शोभनं नक्षत्रम् ।

.................................................................

.................................................................

.................................................................

.................................................................

9. सर्वजनमनोभिरामं खलु सौभाग्यं नाम।

.................................................................

.................................................................

.................................................................

.................................................................

10. आगमप्रधानानि सुलभपर्यवस्थानानि महापुरुष हृदयानि भवन्ति ।

.................................................................

.................................................................

.................................................................

.................................................................

11. आर्यपुत्रपक्षपातेनातिक्रान्तः समुदाचारः ।

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

12. अभित इव ते तेऽद्य वरमुखं प्रेक्षे ।

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

13. आर्यपुत्रपक्षपातेनातिक्रान्तः समुदाचारः ।

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

14. सर्वजनमनोभिरामं खलु सौभाग्यं नाम ।

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

15. आगमप्रधानानि सुलभर्यस्थानानि महापुरुषहृदयानि भवन्ति ।

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

16. यथा यथा त्वरते तथा तथान्धीकरोति मे हृदयम् ।

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

17. अननपराध इदानीमार्यपुत्रः ।

..................................................................

..................................................................

..................................................................

..................................................................

★ **નીચેની સૂક્તિનો અર્થવિસ્તાર કરો.**

1. आर्यपुत्रोऽपि नाम परकीयः संवृत्तः ।

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. अहो ! अकरुणा खल्वीश्वराः ।

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. धन्या खलु चक्रवाकवधूः योऽन्यविरहिता न जीवति ॥

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. आर्यपुत्रोऽपि नाम परकीयः संवृत्तः ।

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. अहो ! आकरुणा खल्वीश्वराः ।

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. अयुक्तं परपुरुषसंकीर्तनं श्रोतुम् ।

..................................................................

..................................................................

..................................................................

..................................................................

7. धन्या खलु चक्रवाकवधूः योऽन्वविरहिता न जीवति ।

..................................................................

..................................................................

..................................................................

..................................................................

★

એકમ 4

# સમીક્ષાત્મક પ્રશ્નો

## રૂપરેખા

4.0. ઉદ્દેશ

4.1. પ્રસ્તાવના

4.2. વાસવદત્તાનું પાત્રાલેખન

4.3. પદ્માવતીનું પાત્રાલેખન

4.4. યૌગન્ધરાયણનું પાત્રાલેખન

4.5. તમારી પ્રગતિ ચકાસો.

## 4.0. ઉદ્દેશ

આ એકમનો અભ્યાસ કર્યા પછી

- વાસવદત્તા, પદ્માવતી અને યૌગન્ધરાયણના પાત્રને સારી રીતે સમજી શકશો.
- પાત્રાલેખનના માધ્યમથી નાટકના હાર્દને સમજી શકશો.
- મહાકવિ ભાસની શૈલીનો પરિચય મેળવી શકશો.

## 4.1. પ્રસ્તાવના

મહાકવિ ભાસના પહેલા, બીજા અને ત્રીજા અંકમાં ઘટનાઓ સાથે મુખ્ય રીતે ત્રણ પાત્રો સંકળાયેલા છે. પદ્માવતી - વાસવદત્તા અને યૌગન્ધરાયણ. આ ત્રણ પાત્રોના કારણે જ આ ત્રણ અંકની કથાવસ્તુને વેગ મળે છે. તેથી આ એકમમાં આપણે પાત્રોનું ઉર્ધ્વીકરણ જોઈ શકીશું.

## 4.2 વાસવદત્તાનું પાત્રાલેખન

‘સ્વપ્નવાસવદત્તમ્’ આ શીર્ષકમાં જેનું નામ આવે છે, તેવી વાસવદત્તાનું પાત્ર સૌથી મહત્ત્વનું અને રમણીય છે. શીર્ષક પરથી જ જણાય છે કે મહાકવિ ભાસે પોતાનું પ્રમુખ લક્ષ્ય વાસવદત્તાના પાત્ર પર કેન્દ્રિત કર્યું છે. આમ નીચે પ્રમાણે વાસવદત્તાના ચરિત્રને આપણે જોઈ શકીએ.

### ● વાસવદત્તાનો પરિચય

વાસવદત્તા ઉજ્જયિનીના પ્રદ્યોત મહાસેન તથા અંગારવતીની રાજકુમારી છે. તેનું જીવન ખૂબ જ સંઘર્ષોથી ભરેલું જોવા મળે છે. વત્સરાજ ઉદયન સાથે માતા-પિતાને છોડીને ભાગી જાય છે અને ગાંધર્વવિવાહ કરે છે. ત્યારબાદ પુનઃ રાજ્યપ્રાપ્તિ માટે

ઉદયનનો થોડો સમય માટે ત્યાગ પણ કરે છે. પ્રસ્તુત નાટકમાં તેના નિતાંત રોમાંચક જીવનનો પૂર્વાર્ધ વીતી ગયા પછીની ઘટના આપવામાં આવી છે.

**● ત્યાગની સાક્ષાત્ મૂર્તિ**

જ્યારે વાસવદત્તા પાસે યૌગન્ધરાયણ રાજ્યના કલ્યાણ માટે સહકારની માંગણી કરે છે ત્યારે ખૂબ જ મુશ્કેલ હોવા છતાં તે પોતાના સુખોનો ત્યાગ કરી પતિના વિરહમાં સામાન્ય સ્ત્રી તરીકેનું જીવન જીવવાનું સહર્ષ સ્વીકારી લે છે. વત્સરાજ ઉદયન માટે અપાર સ્નેહ હોવા છતાં પહેલાં અંકથી છેલ્લા અંક સુધી બધા જ દુઃખો સહન કરીને પણ યોજના નિષ્ફળ જાય તેવા કોઈ પ્રયત્નો નથી કરતી.

**● પતિવ્રતા નારી**

વાસવદત્તા ઉદયનને ખૂબ જ પ્રેમ કરતી હતી. તે પતિના સુખદુઃખમાં હંમેશાં સહભાગિની બનતી. પહેલાં અંકમાં બ્રહ્મચારીના મુખે ઉદયનની પરિસ્થિતિ મૂર્છિત થયાની વાત સાંભળીને તે રડવા માંડે છે અને મનોમન દુઃખ સાથે કહે છે  હવે યૌગન્ધરાયણના મનોરથ પૂર્ણ થયા.

જ્યારે જ્યારે સંવાદોમાં ઉદયનની વાત આવે ત્યારે પોતાનો અજ્ઞાતવાસ ભૂલીને કશુંક ઉદયન વિશે બોલી નાખે છે. પાંચમાં અંકમાં પદ્માવતીની શિરોવેદનાના સમાચાર સાંભળીને તે ઉદયન માટે પણ ચિંતિત બને છે. તે કહે છે -

'विरहपर्युत्सुकस्यार्यपुत्रस्य विश्रामस्थानभूतेयमपि नाम पद्मावत्यस्वस्था जाता' અર્થાત્ વિયોગથી વિહ્વળ બનેલા પતિદેવના વિસામાનું સ્થાન બની રહેલી પદ્માવતી અસ્વસ્થ થઈ ગઈ. આમ ઉદયનના હિત માટે શારીરિક, માનસિક કષ્ટ વેઠનારી ભારતીય વીરાંગનાની જેમ બલિદાન આપવા પણ તત્પર જણાય છે.

**● અત્યંત સહિષ્ણુ અને આદર્શ સપત્ની**

વાસવદત્તા સંપૂર્ણ નાટકમાં સહન કરવાની બાબતમાં ખૂબ જ કઠોર લાગે છે. પોતાના હૃદય પર પત્થર મૂકીને ફરજનું દઢતાથી પાલન કરનારી તે ગુણિયલ નારી છે. આ એકાંકી વિરહિણી વિરહના દીર્ઘકાલ દરમિયાન અત્યંત ખામોશીપૂર્વક જીવન જીવે છે. તેનું મન ઉદયનના વિરહમાં શોકાતુર બની જાય છે પણ યૌગન્ધરાયણની યોજના પાર પાડવામાં તે બધું જતું કરવા તૈયાર થાય છે.

ફરજના ભાગરૂપે વાસવદત્તા સામાન્ય સ્ત્રીનો વેશ ધારણ કરી યૌગન્ધરાયણ સાથે તપોવનમાં ભટકે છે. પદ્માવતીને ત્યાં થાપણ તરીકે રહે છે. આ સમયે તે અનેક પ્રકારના આઘાતો અને અપમાનો સહેવા પડ્યા છે. જે હસતાં મોંઢે સહન કરી જાય છે. સાથે આદર્શ સપત્ની તરીકે પણ તે પદ્માવતીનો દ્વેષ કરતી નથી. પદ્માવતીના વિવાહ સમયે કૌતુકમાલાનું ગુંફન કરવા રાજી થઈ જાય છે. પુષ્પમાલામાં 'સપત્નીમર્દન' નામનાં પુષ્પો ગૂંથતી નથી. પદ્માવતીની બીમારી વખતે તે પથારીમાં એકલી જોઈને પરિજનો તરફ નારાજ પણ થાય છે.

**● કુલીન અને માનવીય ગુણોથી સભર**

રાજકુળમાં જન્મી હોવાથી વાસવદત્તામાં કેટલાંક કુલીનતાજન્ય ગુણો જોવા મળે છે. તેને પોતાના ઉચ્ચકુળનું ગૌરવ છે. તપોવનમાં સૈનિકો દ્વારા ખસેડાતાં તે મને પણ હટાવશે એમ કહી દુઃખ અનુભવે છે અને કહે છે - तथा परिश्रम नोत्पादयति खेदं यथायं परिभवः વાસવદત્તા અપરિચિત સમકક્ષ વ્યક્તિઓને આદર આપે છે. પ્રથમ અંકમાં પદ્માવતીને જોતાં જ તેના માટે ભગિનીસ્નેહ જાગે છે. 'अभिजनानुरुपं खल्वस्या रुपम्' કહીને ઉચ્ચકુળને અનુરૂપ પદ્માવતીનું રૂપ છે, આમ પ્રશંસા કરે છે. તેનામાં રહેલા ગુણોને તે પારખી શકે છે. વાસવદત્તા સતી નારી છે તેથી પરપુરુષનું દર્શન કરતી નથી આવું કહીને તે પોતાના ઉત્તમ ચરિત્રનો પરિચય આપે છે. આ સાથે સ્ત્રીસહજ લાગણીશીલતા, વિનમ્રતા અને લજ્જાશીલતા જેવા ગુણો પણ વાસવદત્તામાં જોવા મળે છે. તેનામાં રહેલાં ધીરજ, કર્તવ્યપરાયણતા, નિશ્ચલતા, બુદ્ધિચાતુર્ય, સમજશક્તિ જેવાં ગુણો તેને આદર્શ નાયિકાની શ્રેણીમાં માન સાથે મૂકે છે. તેનું રૂપ, યૌવન, કલાચાતુર્ય, સ્વાર્થત્યાગ અને ફરજનો ઊંડો ખ્યાલ તેને મહાનતા બક્ષે છે.

**● ઉપસંહાર**

આમ સ્વપ્નવાસવદત્તમ્‌ની મુખ્ય નાયિકા તરીકે વાસવદત્તા ખૂબ જ ઉત્કૃષ્ટ પાત્ર તરીકે દેખાય છે. પતિના પ્રેમમાં અખૂટ વિશ્વાસ ધરાવતી આ નારી કલિયુગની સીતાનું સ્મરણ કરાવે છે. પતિવ્રતા નારી તરીકે તેનું પ્રત્યેક કર્મ પ્રશંસનીય બની રહે છે. પરિસ્થિતિવશ સમગ્ર સ્થિતિને તે બખૂબી સંભાળવાની કળા ધરાવે છે. આ રીતે વાસવદત્તાને શ્રેષ્ઠ આદર્શ તરીકે આ નાટકમાં જોઈ શકાય.

## 4.3 પદ્‌માવતીનું પાત્રાલેખન

મહાકવિ ભાસના સ્વપ્નવાસવદત્તમ્‌માં પદ્‌માવતીનું પાત્રાલેખન સહનાયિકા તરીકેનું છે. જેમાં તેનું આદર્શ સ્વરૂપ રજૂ કરવામાં આવ્યું છે. પદ્‌માવતીના ચરિત્રને આપણે નીચે પ્રમાણે જોઈ શકીએ.

**● સૌંદર્ય સામ્રાજ્ઞી પદ્‌માવતી**

પદ્‌માવતી મગધરાજ દર્શકની બહેન છે. ઉંમરમાં ખૂબ જ નાની અને સ્વરૂપવતી છે. તે બાહ્યદૃષ્ટિથી જ નહીં પણ આંતરિક સૌંદર્યથી સભર વ્યક્તિત્વ ધરાવે છે. 'न हि रुपमेव वागपि खल्वस्या मधुरा' કહીને વાસવદત્તા જેવી સુંદરી તેના રૂપ અને વાણીની પ્રશંસા કરે છે. ઉદયન રૂપ, શીલ અને માધુર્ય આ લીધે પદ્‌માવતીને ખૂબ પ્રિય લાગે છે. વસંતક તેને તરૂણી, સુંદર, શાંત સ્વભાવવાળી, અભિજ્ઞાનરહિત, પ્રિયભાષિણી અને વિવેકી માનીને તેના વખાણ કરતાં થાકતો નથી.

### ● ઉદયનના પ્રેમમાં ઘેલી પદ્માવતી

વાસવદત્તાની જેમ પદ્માવતીને ઉદયન પ્રત્યે પ્રગાઢ પ્રેમ છે. પ્રથમ અંકમાં બ્રહ્મચારીના મુખે ઉદયનના ગુણો સાંભળીને તેના મનમાં પ્રેમાંકુરો ફુટ્યા હતા. તેને માટે પ્રદ્યોત મહાસેનના પુત્રના સગપણની વાતો ચાલતી હતી તે સ્પષ્ટપણે ઉદયનને ચાહતી હોવાથી ના પાડી દે છે. ઉદયનનું સાનુક્રોશત્વ તેના હૃદયને સ્પર્શી જાય છે. વિવાહ પછી વાસવદત્તા પદ્માવતીને ઉદયન વિશે પ્રશ્ન પૂછે છે ત્યારે તેનો જવાબ સભ્યતા અને શાલીનતા સાથે આટલો જ આપે છે... હું નથી જાણતી પરંતુ આર્યપુત્રના વિરહમાં હું આતુર બની જાઉં છું. પોતાનો પ્રેમ વ્યક્ત કરતાં આગળ તે કહે છે 'यथा ममार्य पुत्रस्तथैवार्यया वासवदत्तायाः' મને જેટલા આર્યપુત્ર વ્હાલાં છે એટલા જ વાસવદત્તાને પણ વ્હાલાં હશે કે કેમ. આ ઉદયન સાથે તેના પ્રેમમાં ઊંડાણ અને સ્વસ્થતા દેખાઈ આવે છે.

### ● આદર્શ પત્ની પદ્માવતી

પદ્માવતીનું એક આદર્શ પત્ની તરીકે નાટકમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. તેના મનમાં વાસવદત્તા પ્રત્યે સહેજ પણ ઈર્ષ્યા કે દ્વેષ દેખાતો નથી. તેનું હૃદય ઉદાર અને વિશાળ છે. વાસવદત્તાના મનમાં ક્યાંક આ ઈર્ષ્યાભાવ જાગૃત થતો લાગે પણ પદ્માવતી ખૂબ જ સમજશક્તિ અને ગંભીરતા ધરાવતી હોવાથી તેને આ ભાવ જાગતો નથી. જેમ કે ઉદયન પાસે વીણા શીખવાની બાબતમાં તે જીદ ન કરતાં સમાધાન કરી લે છે. પ્રમદવનમાં વિદુષકના પ્રશ્નનો જવાબ આપતી વખતે રાજા સ્પષ્ટપણે વાસવદત્તા પ્રત્યે વિશેષ લાગણી અભિવ્યક્ત કરે છે તેને આ બાબતનું ખોટું લાગતું નથી. ત્યારબાદ એક પ્રસંગમાં દાસી ઉદયનના અદાક્ષિણ્યની ટીકા કરે છે. ત્યાર તે 'सदाक्षिण्य एव आर्यपुत्रः' કહીને આમ કહેતાં રોકે છે.

### ● અપૂર્વ બુદ્ધિચાતુર્યથી યુક્ત પદ્માવતી

પદ્માવતી તીક્ષ્ણ બુદ્ધિ ધરાવતી નારી તરીકે નાટકમાં જોઈ શકાય છે. તે કોઈપણ વાતના રહસ્યને તત્ક્ષણ સમજી શકે છે. ચોથા એકમાં બન્ને રાણીમાં કોણ પ્રિય આ પ્રશ્નના જવાબ આપવામાં આનાકાની કરે છે ત્યારે વિદુષકને વાચાળ કહે છે અને પોતે તેનો જવાબ વિચારી લેતાં કહે છે. 'एतावता भणितमार्यपुत्रेण' । છઠા અંકમાં ચિત્રફલક જોતાંની સાથે જ વાસવદત્તાની આકૃતિ અને પ્રતિકૃતિનો મનોમન નિશ્ચય કરી દે છે જે તેના વિલક્ષણ બુદ્ધિચાતુર્યનો નમૂનો રજૂ કરે છે.

### ● ધાર્મિક અને અન્ય ગુણોની સ્વામિની પદ્માવતી

નાટકના પહેલાં અંકમાં જ તેની ધાર્મિકતાનો બખૂબી પરિચય આપે છે તેથી કાંચુકીય તેને 'धर्माभिरामप्रिया' કહીને સંબોધે છે. તે વૃદ્ધોનો આદર કરતી વિનમ્ર સ્વભાવ ધરાવતી નારી છે. રાજકુમારી હોવા છતાં તેનામાં લેશમાત્ર પણ અહંકાર કે

ઉદ્ધતાઈ નથી. તપોવનમાં પ્રવેશીને તાપસીને પ્રણામ કરે છે. દાન આપવાની ઈચ્છા જાહેર કરે છે. 'दु:खं न्यासस्य रक्षणम्' આ કંચુકીના મુખે સાંભળતા જ વચનપાલન કરવાનું સ્મરણ કરાવી વાસવદત્તાને સ્વીકારી લે છે. વાસવદત્તા સાથે બીજા અંકમાં આત્મીયતા સાથે દડો રમતી જોવા મળે છે. ધીર ગંભીર, શાંત સ્વભાવ, સરળપ્રકૃતિ અને ઓછાબોલી સ્નેહાળ વિશાલહૃદયા નારી તરીકે પદ્માવતીનું ચરિત્ર સંપૂર્ણ નાટકમાં ઉપસી આવે છે. વાસવદત્તાના સ્વજનોને પોતાના સ્વજનો માની તેમનું ધ્યાન રાખતી પદ્માવતી ખૂબ જ માયાથી ભરેલી, આનંદી અને માનવીય ગુણોથી સભર લાગે છે.

## ★ ઉપસંહાર

નાટકમાં વાસવદત્તા ભલે મુખ્ય નાયિકા હોય પણ સહનાયિકા તરીકે પદ્માવતી ક્યાંય પણ વાસવદત્તા કરતાં ઉણી લાગતી નથી. કેટલીક બાબતોમાં તો તે વાસવદત્તા કરતાં પણ ચઢિયાતી જોઈ શકાય છે. ઉદયનની વિશેષ પ્રીતિ ભલે વાસવદત્તામાં હોય પણ પદ્માવતીના ગુણો, સૌંદર્ય અને સ્વભાવથી રાજા સંપૂર્ણપણે આશ્વસ્ત દેખાય છે. આમ આ નાટકમાં પદ્માવતીનું પાત્ર મહત્ત્વનું સાબિત થાય છે.

## 4.4 યૌગન્ધરાયણનું પાત્રાલેખન

મહાકવિ ભાસના સ્વપ્નવાસવદત્તમ્‌માં અમાત્ય તરીકે યૌગન્ધરાયણનું પાત્ર સ્વામીભક્તિ અને રાષ્ટ્રભક્તિનો એક અપૂર્વ ઉદાહરણ રજૂ કરે છે. આ નાટકનો નાયક ભલે ઉદયન હોય પણ નાટકના સમગ્ર ઘટનાક્રમનો સંચાલક અને સૂત્રધાર તો યૌગન્ધરાયણ જ કહી શકાય. સંપૂર્ણ નાટકમાં પહેલા અને અંતિમ છઠ્ઠા અંકમાં જ રંગભૂમિમાં નજરે પડતો મહામંત્રી યૌગન્ધરાયણ પડદા પાછળ રહીને મહત્ત્વની કામગીરી બજાવી રહ્યો છે. એટલે જ યૌગન્ધરાયણને મહાકવિ ભાસના આ નાટકના પૂર્વભાગ નાટક પ્રતિજ્ઞા યૌગન્ધરાયણમાં નાયક જેવું ચરિત્ર આપવાનું કામ કર્યું છે. સ્વપ્નવાસવદત્તમ્‌ના આધારે યૌગન્ધરાયણના વ્યક્તિત્વને નીચે પ્રમાણે રજૂ કરી શકાય.

### • આદર્શ મહામંત્રી :

સ્વપ્નવાસવદત્તમ્‌માં અને પ્રતિજ્ઞાયૌગન્ધરાયણમાં યૌગન્ધરાયણ સર્વશ્રેષ્ઠ મહામંત્રી તરીકે નિરૂપાયેલો છે. પ્રદ્યોતનો મહામાત્ય શાલંકાયન પણ તેની સામે ટકી શકતો નથી. અમાત્ય તરીકે તેનામાં અદ્‌ભુત પ્રતિભા, બુદ્ધિચાતુર્ય, યોજના ઘડવાની શક્તિ, ઉત્કૃષ્ટ કાર્યશૈલી, ગતિશીલતા, આત્મવિશ્વાસ અને પ્રજાપ્રિયતા જેવા બધાં જ ગુણો વિદ્યમાન છે. તેથી જ ઉદયન સ્વેચ્છાએ કલા, સંગીત, અને પ્રણયથી યુક્ત જીવન જીવી શકે છે.

### • સ્વામીભક્ત :

ઉદયન પ્રત્યે તેની વફાદારી અને ભક્તિ અજોડ છે. તે સંપૂર્ણ તન, મન, ધનથી રાજા અને રાજયની સમૃદ્ધિ, સુરક્ષા અને કલ્યાણના કાર્યોમાં અહર્નિશ વ્યાપ્ત દેખાય છે. તેનામાં છલકપટનો લેશમાત્ર સમાવેશ નથી. વાસ્તવિક રીતે નિષ્કામ ભાવથી

રાજા ઉદયન માટે તેણે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. સંપૂર્ણ નાટકમાં માંડ માંડ દેખાતો યૌગન્ધરાયણ રાજ્યની પુનઃ પ્રાપ્તિ માટે રાજાની યશઃ વૃદ્ધિ માટે પડદા પાછળ રહીને યોજનાઓ ઘડી રહ્યો છે.

### ● બાહ્ય દેખાવ અને બિનઅંગત જીવન

મહાકવિ ભાસ એના બાહ્ય દેખાવ અને અંગત જીવન વિશે કંઈ પણ વિગત આપતા નથી, છતાં પ્રસંગો પરથી જણાય છે કે તેનું કોઈ વિશેષ અંગત જીવન નહોતું. તેનું સર્વસ્વ રાજ્ય માટે અર્પણ કરી દીધું છે. પહેલા અંકમાં પરિવ્રાજક-સંન્યાસીના વેશમાં તેનો પ્રવેશ થાય છે અને વાસવદત્તાને પદ્માવતી પાસે સોંપીને ફરી અદૃશ્ય થઈ જાય છે. છેલ્લે, છઠ્ઠા અંકમાં વાસવદત્તા અને ઉદયનના મિલનમાં સહાયક બને છે. આ રાષ્ટ્રસમર્પિત વ્યક્તિત્વના ધની યૌગન્ધરાયણ હતા.

### ● ઉત્કૃષ્ટ યોજના ઘડનાર રાજનીતિજ્ઞ

યૌગન્ધરાયણમાં યોજના ઘડવાની અને તેને સંપૂર્ણ રીતે પાર પાડવાની અદ્ભુત શક્તિ છે. દરેક પરિસ્થિતિમાં તે કોઈ ને કોઈ રીતે યોજના બનાવીને તેને સફળ બનાવવા પોતાનો ભોગ આપવા પણ તત્પર દેખાય છે. પ્રદ્યોતના કેદમાં રહેલા ઉદયનને ભગાડવાની યોજના હોય કે આરૂણિએ પચાઈ પાડેલા રાજ્યના ભાગને પુનઃ પ્રાપ્ત કરવાની યોજના હોય. પદ્માવતી અને ઉદયનના વિવાહ માટે લાવાણક ગામમાં પોતે વાસવદત્તા સાથે બળી જવાની યોજના, પદ્માવતી પાસે થાપણ તરીકે મૂકવાની યોજના, પોતાની અનુપસ્થિતિમાં રૂમણ્વાનને રાજાની દેખભાળ માટે રાખવાની આ પ્રકારની આદ્યન્ત યોજનાઓને ઘડવામાં અને પૂર્ણ કરવામાં યૌગન્ધરાયણની પારંગતતા સ્પષ્ટપણે દેખાય છે.

### ● માનવીય ગુણોથી સભર

ભલે યૌગન્ધરાયણ બહારથી કઠોર દેખાય પણ આ રાજનીતિજ્ઞનું હૃદય અત્યંત સ્નેહાળ અને સંવેદનશીલ છે. રાજ્યની પુનઃપ્રાપ્તિ માટે વાસવદત્તાને સંમત કરી પુનઃ ઉદયન સાથે સંયોગ કરાવવાની જવાબદારી તે પૂર્ણ નિષ્ઠાથી નિભાવી રહ્યો છે. પદ્માવતી સાથેનું બીજા લગ્ન રાજકીય અનિવાર્યતા હતી પરંતુ વાસવદત્તાને આ પ્રત્યેક ક્ષણની સાક્ષી બનાવીને ભવિષ્યમાં બંનેના પ્રેમમાં કોઈ ખટરાગ પેદા ન થાય તેની પૂરી કાળજી લઈને તે યોજના ઘડે છે. ઉદયન અને વાસવદત્તાનો વિશ્વાસ જીતવાનું મુખ્ય કારણ તેનામાં રહેલાં માનવીય ગુણો જ છે.

આ સિવાય તેનામાં અહંકાર, ઉદ્ધતાઈ, દ્વેષ, લોભ અને અતિમહત્ત્વાકાંક્ષા જેવા દુર્ગુણો લેશમાત્ર પણ જોવા મળતા નથી. તેની વિનમ્રતા, વ્યવહારકુશળતા, બુદ્ધિચાતુર્ય, ઉજ્જવલ ચરિત્ર અને રાષ્ટ્રપ્રેમ તેના વ્યક્તિત્વમાં ચાર ગણો વધારો કરી આપે છે.

## ઉપસંહાર

આમ સમગ્ર રીતે જોતાં યૌગન્ધરાયણના વ્યક્તિત્વને ચાણક્યના વ્યક્તિત્વ સાથે સરખાવી શકાય. આ નાટક વાંચતા આપણને ક. મા. મુનશીના ‘ગુજરાતના નાથ’ના મંજુલ મહેતાનું અનાયાસે સ્મરણ થઈ જાય છે. એક રીતે કહી શકાય કે પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ હોય કે સ્વપ્નવાસવદત્તમ્ બંનેમાં નાટકની પ્રત્યેક ઘટનાની પાછળ કોઈ ને કોઈ રીતે યૌગન્ધરાયણની સક્રિયતા અને સંચાલન જોઈ શકીએ છીએ.

---

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

---

### (અ) નીચેના પાત્રનું ચરિત્રચિત્રણ કરો.

**1. વાસવદત્તા**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**2. પદ્માવતી**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. યૌગન્ધરાયણ

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

★ ★ ★

BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

સંસ્કૃત નાટ્ય ,સ્તોત્ર અને મુક્તક કાવ્યો
**SKTMN-202**

## વિભાગ-2 સ્વપ્નવાસવદત્તમ્ : અંક- ૪ અને ૫


એકમ : 1
અંક ૪ (પૂર્વાર્ધ)

એકમ : 2
અંક ૪ (ઉત્તરાર્ધ)

એકમ : 3
અંક ૫(પૂર્વાર્ધ)

એકમ : 4
અંક ૫ (ઉત્તરાર્ધ)

એકમ : 5
સમીક્ષાત્મક પ્રશ્નો

# એકમ 1 स्वप्नवासवदत्तम् -चतुर्थोऽङ्कः पूर्वार्धः

## : રૂપરેખા :


**1.0** ઉદ્દેશ્ય

**1.1** પ્રસ્તાવના

**1.2** મુખ્ય દશ્ય

**1.3** મૂળ ગ્રંથ અને અનુવાદ

**1.4** ટિપ્પણ

**1.5** તમારી પ્રગતિ ચકાસો


## 1.0 ઉદ્દેશ્ય :

*વિદ્યાર્થીમિત્રો, તમારા અભ્યાસક્રમના નિયત એકમમાં અધ્યાપન દ્વારા તમે કયા દષ્ટિબિંદુથી જે તે એકમનો અભ્યાસ કરવાના છો તે પ્રત્યેક એકમના પ્રારંભમાં જ તમને જણાવવામાં આવે છે. પ્રથમવર્ષના અભ્યાસક્રમના પેપર નં. 2માં તમારે સંસ્કૃત નાટ્ય,સ્તોત્ર અને મુક્તક કાવ્યોનો અભ્યાસક્રમ ભણવાનો છે. તેના દ્વિતીય વિભાગ નાટ્યસાહિત્ય અંતર્ગત સ્વપ્નવાસવદત્તમ્‌નો અભ્યાસ અપેક્ષિત છે. પ્રસ્તુત એકમ અંતર્ગત ભાસકૃત સ્વપ્નવાસવદત્તમ્ નાટકના ચતુર્થઅંકના પૂર્વાર્ધનો પરિચય કરાવવામાં આવી રહ્યો છે. આ નિયત અભ્યાસક્રમ માટેના કેટલાક ખાસ ઉદ્દેશ્યો છે, જેમ કે–*

- *વિદ્યાર્થીઓ સંસ્કૃત નાટ્યસાહિત્યથી પરિચિત થાય.*
- *વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાના વૈભવથી પરિચિત થાય.*
- *વિદ્યાર્થીઓ સ્વપ્નવાસવદત્તમ્‌ના કથાવસ્તુથી પરિચિત થાય.*
- *વિદ્યાર્થીઓ અંક - ૪ના નાટકીય રસમૂલ્યોને ઓળખે.*

## 1.1 प्रस्तावना

*મહાકવિ ભાસ રચિત સ્વપ્નવાસવદત્તમ્ નાટકના ચતુર્થ અંકની શરૂઆત પ્રવેશકથી થાય છે. જેમાં વિદૂષક અને ચેટી વચ્ચેનો સંવાદ જોવા મળે છે.*

*પ્રવેશક – નાટકના પૂર્વ અને હવે પછી પ્રસ્તુત થનાર અંકના મુખ્ય દશ્ય વચ્ચેની ઘટનાઓ સૂચવી બે અંક વચ્ચે સેતુ તરીકેની ભૂમિકા ભજવવાનું કાર્ય પ્રવેશક કરે છે.*

*પ્રવેશકનું લક્ષણ -*

***प्रवेशकोऽनुदात्तोक्त्या नीचपात्रप्रयोजितः ।***

***अङ्कद्वयान्तर्विज्ञेयः शेषं विष्कम्भको यथा ॥***

અર્થાત્ - પ્રવેશક એ છે જે નાટકના અતિગૌણ પાત્રો દ્વારા પ્રયોજવામાં આવે છે. બે અંકની મધ્યમાં પ્રયોજાય છે. પ્રવેશકની ભાષા પ્રાકૃત હોય છે. પ્રવેશકની બાકીની વાતો વિષ્કમ્ભક પ્રમાણે જાણવી. આ પ્રમાણે જોતાં વિષ્કમ્ભકનું અહીં લાગૂ પડતું લક્ષણ -

**वृत्तवर्तिष्यमाणानां कथांशानां निदर्शकः ।**

એટલે કે - વિષ્કમ્ભક (અને પ્રવેશક) ભૂતકાળમાં ઘટેલી અને ભવિષ્યમાં ઘટનારી ઘટનાઓ વચ્ચેની પરિસ્થિતિ જણાવનાર હોય છે.

અહીં પ્રસ્તુત પ્રવેશક ત્રીજા અંકમાં પદ્માવતી અને ઉદયનના લગ્નની પૂર્વતૈયારીઓ દર્શાવાઈ જે ભૂતકાળની ઘટના અને ચતુર્થાંકના મુખ્યદશ્ય જ્યાં નાયક ઉદયન પ્રથમવાર મંચ પર આવનાર છે. તે બંને ઘટનાઓ વચ્ચે ઘટેલી ઉદયન-પદ્માવતીના લગ્નની વિધિ અને મહોત્સવની મધુરિમા વિદૂષકના મુખે કવિ પ્રસ્તુત કરે છે. અહીં વિદૂષક અને ચેટીના સંવાદમાં એ પણ જાણવા મળે છે કે વિવાહ બાદ ઉદયન મગધમાં રોકાયેલ છે. અર્થાત્ મુખ્યદશ્ય જ્યાં ભજવાશે તે સ્થળ મગધનો રાજપ્રાસાદ છે.

અહીં વિદૂષકની હળવી, વ્યંગ્યાત્મક શૈલીમાં વૈભવી જીવન પ્રત્યે કટાક્ષ રજૂ થતો જોવા મળે છે.

## 1.2 મુખ્યદશ્ય –

નાટકનું મુખ્યદશ્ય મગધના રાજમહેલમાં આવેલ ઉદ્યાન-પ્રમદવનમાં ભજવાય છે.

નાટકના મુખ્યપાત્રો વાસવદત્તા, પદ્માવતી, ઉદયન, વિદૂષક, ચેટી આ દશ્યમાં જોવા મળે ળેછે. અહીં પદ્માવતીનો ઉદયન પ્રત્યેનો અનુરાગ, ઉદયનનો વાસવદત્તા વિરહ, અપરાધબોધ તેમજ પદ્માવતીના ગુણો પ્રત્યેનો આદરભાવ જોવા મળે છે.

આ એકમમાં સ્વપ્નવાસવદત્તમ્‌ના ચતુર્થ અંકનો પૂર્વાંશ પ્રસ્તુત કરાયેલ છે જેમાં આરંભથી રાજા અને વિદૂષકના પ્રમદવનમાં જ્યાં પદ્માવતી અને વાસવદત્તા માધવી લતામંડપમાં બેઠા છે ત્યાં પહોંચવા સુધીનું દશ્ય નિરૂપવામાં આવેલું છે.

## 1.3 चतुर्थोऽङ्कः - મૂળગ્રંથ અને અનુવાદ

*विदूषकः - (सहर्षम्) भोः, दिष्ट्या तत्रभवतो वत्सराजस्य अभिप्रेतविवाहमङ्गलरमणीयः कालो दृष्टः । भोः, को नामैतज्जानाति तादृशे वयमनर्थसलिलावर्ते प्रक्षिप्ताः पुनरुन्मङ्क्ष्याम इति । इदानीं प्रासादेषूष्यते, अन्तःपुरदीर्घिकासु स्नायते, प्रकृतिमधुरसुकुमाराणि मोदकखाद्यानि खाद्यन्त इत्यनप्सरस्संवास उत्तरकुरुवासो मयानुभूयते । एकः खलु महान् दोषः, ममाहारः*

सुष्ठु न परिणमति, सुप्रच्छदनायां शय्यायां निद्रां न लभे, यथा वातशोणितमभित इव वर्तत इति प्रेक्षे। भोः, सुखं न आमयरिभूतकल्यवर्तं च।

(ततः प्रविशति चेटी)

चेटी – कुत्र नु खलु गतः आर्यवसन्तकः। (परिक्रम्यावलोक्य) अहो, एष आर्य वसन्तकः। (उपगम्य) आर्यवसन्तक, कः कालस्त्वामन्विष्यामि।

विदूषकः - (दृष्ट्वा) किं निमित्तं भद्रे, मामन्विष्यसि।

चेटी - अस्माकं भट्टिनी भणति ' अपि स्नातो जामाता' इति।

विदूषकः - किंनिमित्तं भवति पृच्छति।

चेटी – किमन्यत्। सुमनोवर्णकमानयामीति।

विदूषकः - स्नातस्तत्रभवान्। सर्वमानयतु भवती वर्जयित्वा भोजनम्।

चेटी – किं निमित्तं वारयसि भोजनम्।

विदूषकः - अधन्यस्य मम कोकिलानामक्षिपरिवर्त इव कुक्षिपरिवर्तः संवृत्तः।

चेटी - ईदृश एव भव।

विदूषकः - गच्छतु भवती। यावदहमपि तत्रभवतः सकाशं गच्छामि।

(निष्क्रान्तौ )

इति प्रवेशकः

(ततः प्रविशति सपरिवारा पद्मावती, आवन्तिकावेशधारिणी वासवदत्ता च)

चेटी – किंनिमित्तं भर्तृदारिका प्रमदवनमागता।

पद्मावती – हला, तानि तावच्छेफालिकागुल्मकानि प्रेक्षे कुसुमितानि वा न वेति।

चेटी - भर्तृदारिके, तानि कुसुमितानि नाम। प्रवालान्तरितैरिव मौक्तिकालम्बकैराचितानि कुसुमैः।

पद्मावती – हला, यद्येवं, किमिदानीं विलम्बसे।

चेटी - तेन ह्यस्मिन् शिलापट्टके मुहूर्तमुपविशतु भर्तृदारिका। यावदहमपि कुसुमावचयं करोमि।

पद्मावती - आर्ये, किमत्रोपविशावः ।

वासवदत्ता - एवं भवतु । (उभे उपविशतः )

चेटी - (तथा कृत्वा) प्रेक्षतां प्रेक्षतां भर्तृदारिका अर्धमनःशिलापट्टकैरिव शेफालीकाकुसुमैः पूरितं मेऽञ्जलिम् ।

पद्मावती — (दृष्ट्वा) अहो विचित्रता कुसुमानाम् । प्रेक्षतामार्या ।

वासवदत्ता - अहो दर्शनीयता कुसुमानाम् ।

चेटी - भर्तृदारिके, किं भूयोऽवचेष्यामि ।

पद्मावती — हला, मा मा भूयोऽवचित्य ।

वासवदत्ता - हला, किंनिमित्तं वारयसि ।

पद्मावती - आर्यपुत्र इहागत्येमां कुसुमसमृद्धिं प्रेक्ष्य संमानिता भवेयम् ।

वासवदत्ता - हला, प्रियस्ते भर्ता ।

पद्मावती - आर्ये, न जानामि आर्यपुत्रेण विरहितोत्कण्ठिता भवामि ।

वासवदत्ता - (आत्मगतम्) दुष्करं खल्वहं करोमि । इयमपि नामैवं मन्त्रयते ।

चेटी - अभिजातं खलु भर्तृदारिकया मन्त्रितं 'प्रियो मे भर्ता' इति ।

पद्मावती - एकः खलु मे सन्देहः ।

वासवदत्ता - किं किम् ?

पद्मावती - यथा ममार्यपुत्रस्तथैवार्या वासवदत्ताया इति ।

वासवदत्ता - अतोऽप्यधिकम् ।

पद्मावती — कथं त्वं जानासि ?

वासवदत्ता - (आत्मगतम्) हम्, आर्यपुत्रपक्षपातेनातिक्रान्तः समुदाचारः । एवं तावद् भणिष्यामि । (प्रकाशम्) यद्यल्पः स्नेहः, सा स्वजनं न परित्यजति ।

पद्मावती –भवितव्यम् ।

चेटी - भर्तृदारिके, साधु भर्तारं भण, 'अहमपि वीणां शिक्षिष्य' इति ।

पद्मावती – उक्तो मयार्यपुत्रः ।

वासवदत्ता – ततः किं भणितम् ?

पद्मावती – अभणित्वा किंचिद् दीर्घं निःश्वस्य तूष्णीकः संवृत्तः ।

वासवदत्ता – ततस्त्वं किमिव तर्कयसि ।

पद्मावती – तर्कयाम्यार्याया वासवदत्ताया गुणान् स्मृत्वा दाक्षिण्यतया ममाग्रतो न रोदितीति ।

वासवदत्ता – (आत्मगतम्) धन्या खल्वस्मि, यद्येवं सत्यं भवेत् ।

(ततः प्रविशति राजा विदूषकश्च)

विदूषकः – ही, ही, प्रचितपतितबन्धुजीवकुसुमविरलपातरमणीयं प्रमदवनम् । इतस्तावद् भवान् ।

राजा – वयस्य वसन्तक, अयमयमागच्छामि ।

**कामेनोज्जयिनीं गते मयि तदा कामप्यवस्थां गते**

**दृष्ट्वा स्वैरमवन्तिराजतनयां पञ्चेषवः पातिताः ।**

**तैरद्यापि सशल्यमेव हृदयं भूयश्च विद्धा वयं**

**पञ्चेषुर्मदनो यदा कथमयं षष्ठः शरः पातितः ॥ १ ॥**

विदूषकः – कुत्र नु खलु गता तत्रभवती पद्मावती । लतामण्डपं गता भवेत्, उताहो आसनकुसुमसंचितं व्याघ्रचर्मावगुण्ठितमिव पर्वततिलकं नाम शिलापट्टकं गता भवेत्, अथवा अधिककटुगन्धसप्तच्छदवनं प्रविष्टा भवेद्, अथवा लिखितमृगपक्षिसंकुलं दारुपर्वतकं गता भवेत् । (ऊर्ध्वमवलोक्य) ही ही, शरत्कालनिर्मलेऽन्तरिक्षे प्रसारितबलदेवबाहुदर्शनीयां सारसपंक्तिं यावत् समाहितं गच्छन्तीं प्रेक्षतां तावद् भवान् ।

राजा – वयस्य, पश्याम्येनाम् –

ऋज्वायतां च विरलां च नतोन्नतां च, सप्तर्षिवंशकुटिलां च निवर्तनेषु ।

निर्मुच्यमानभुजगोदरनिर्मलस्य, सीमामिवाम्बरतलस्य विभज्यमानाम् ॥ २ ॥

चेटी – प्रेक्षतां प्रेक्षतां भर्तृदारिका एतां कोकनदमालापाण्डुरमणीयां सारसपंक्तिं यावत् समाहितं गच्छन्तीम् । अहो भर्ता ।

पद्मावती — हम्, आर्यपुत्रः । आर्ये तव कारणादार्यपुत्रदर्शनं परिहरामि । तदिमं तावन्माधवीलतामण्डपं प्रविशामः ।

वासवदत्ता - एवं भवतु । (तथा कुर्वन्ति)

विदूषकः - तत्रभवती पद्मावतीहागत्य निर्गता भवेत् ।

राजा - कथं भवान् जानाति ।

विदूषकः - इमानपचितकुसुमान् शेफालिकागुच्छकान् प्रेक्षतां तावद् भवान् ।

राजा - अहो विचित्रता कुसुमस्य । वसन्तक —

वासवदत्ता - (आत्मगतम्) वसन्तकसंकीर्तनेनाहं पुनर्जानामि उज्जयिन्यां वर्त इति ।

राजा - वसन्तक, अस्मिन्नेवासीनौ शिलातले पद्मावतीं प्रतीक्षिष्यावहे ।

विदूषकः - भोः तथा । (उपविश्योत्थाय) ही ही शरत्कालतीक्ष्णो दुःसह आतपः । तदिमं तावन्माधवीमण्डपं प्रविशावः ।

राजा - बाढम् । गच्छाग्रतः ।

विदूषकः - एवं भवतु । (उभौ परिक्रामतः)

पद्मावती — सर्वमाकुलं कर्तुकाम आर्यवसन्तकः । किमिदानीं कुर्मः ।

चेटी - भर्तृदारिके, एतां मधुकरपरिनिलीनामवलम्बलतामवधूय भर्तारं वारयिष्यामि ।

पद्मावती - एवं कुरु ।

(चेटी तथा करोति )

विदूषकः - अविधा अविधा, तिष्ठतु तिष्ठतु तावद् भवान् ।

राजा - किमर्थम् ।

विदूषकः - दास्याःपुत्रैर्मधुकरैः पीडितोऽस्मि ।

राजा - मा मा भवानेवम् । मधुकरसंत्रासः परिहार्यः । पश्य,

मधुमदकला मधुकरा मदनार्ताभिः प्रियाभिरुपगूढाः ।
पादन्यासविषण्णा वयमिव कान्तावियुक्ताः स्युः ॥ ३ ॥

*विदूषकः - एवं भवतु ।*

*(उभावुपविशतः)*

- **અનુવાદ**

*(ત્યારબાદ વિદૂષક પ્રવેશ કરે છે)*

*વિદૂષક – (હર્ષપૂર્વક) ઓહો.. ભાગ્યવશાત્ મેં વત્સદેશના રાજા મહારાજ ઉદયનના અપેક્ષિત વિવાહનો મંગલ અને સુંદર પ્રસંગવાળો સમય માણ્યો. ઓહો … કોને ખબર હતી કે અનર્થરૂપી જલના વમળમાં સપડાયેલા અમે ફરીથી બહાર આવી શકીશુ ? … અત્યારે તો રાજભવનોમાં રહેવા મળે છે, અંત:પુરની સ્નાનવાપીઓમાં સ્નાન કરવા મળે છે, પ્રકૃતિથી સ્વાદિષ્ટ અને લસબસતાં લાડુના રસથાળ જમવા મળે છે, એટલે અપ્સરાઓ વિનાના ઉત્તરકુરુનિવાસરૂપ સ્વર્ગમાં જાણે કે રહેતો હોઉં એવો અનુભવ થાય છે. એક જ મોટો દોષ છે કે મારો ખોરાક બરાબર પચતો નથી. સારી રીતે પાથરેલી પથારીમાં પણ ઊંઘ આવતી નથી, જાણે વાયુ અને લોહીનો વિકાર ચારેબાજુ હોય એવું અનુભવ્યા કરું છું. અરે ! રોગથી ઘેરાયેલ હોય તેથી નાસ્તો પણ ન કરી શકાય એ કાંઈ સુખ ન કહેવાય.*

*(ત્યારબાદ ચેટી પ્રવેશે છે)*

*ચેટી – આર્ય વસન્તક ક્યાં ગયા ? (ચારેબાજુ ફરીને ધ્યાનપૂર્વક જોઈને) ઓહો.. આ રહ્યા આર્ય વસન્તક, (નજીક જઈને) આર્ય વસન્તક, કેટલી વારથી હું તમને શોધું છું !*

*વિદૂષક – (જોઈને) બહેન ! શા કારણથી મને શોધો છો ?*

*ચેટી – અમારી રાજમાતા પૂછાવે છે કે – 'જમાઈએ સ્નાન કરી લીધું ?'*

*વિદૂષક – બહેન ! શા માટે આવું પૂછે છે ?*

*ચેટી – બીજું શું હોય ? હું ફૂલ-શણગાર લઈ આવું એટલા માટે.*

*વિદૂષક – હા. મહારાજે સ્નાન કરી લીધું છે. આપ બધું જ લઈ આવો. માત્ર ભોજન ન લાવશો.*

*ચેટી – શા માટે ભોજનની ના કહો છો ?*

*વિદૂષક – અભાગ્યશાળી એવા મારા પેટમાં કોયલોની આંખ ફરે તેમ ગરબડ થયેલી છે.*

ચેટી – આવા જ રહેજો.

વિદૂષક – આપ શ્રીમતી જાઓ. હું પણ મહારાજની પાસે જાઉં છું.

(બંને જાય છે)

પ્રવેશક પૂરો થયો.

(ત્યારબાદ સેવકવર્ગ સાથે પદ્માવતી અને આવન્તિકાનો વેશ ધારણ કરેલી વાસવદત્તા પ્રવેશે છે)

ચેટી – રાજકુમારીજી ! આપ શા માટે પ્રમદવનમાં આવ્યા છો ?

પદ્માવતી – સખી ! પેલા શેફાલિકાની કળીઓના ગુચ્છ ખીલી ગયા કે નહીં તે જોવા માટે.

ચેટી – રાજકુમારીજી, એ તો ખીલી જ ગયા છે. વચ્ચે વચ્ચે પરવાળા પરોવેલાં મોતીનાં ગુચ્છની જેમ તે ફૂલોથી ખચિત છે.

પદ્માવતી – સખી, જો એમ હોય તો હવે શા માટે મોડું કરે છે ?

ચેટી – તો પછી આપ આ શિલાપટ પર થોડીવાર બેસો ત્યાં સુધીમાં હું ફૂલો ચૂંટી લાવું છું.

પદ્માવતી – આર્યે ! અહીં બેસીએ ?

વાસવદત્તા – હા. એમ જ કરીએ. (બન્ને બેસે છે)

ચેટી – (કહ્યા પ્રમાણે કરીને) જુઓ જુઓ રાજકુમારીજી ! મનઃશિલાના ટુકડા જેવી દાંડીવાળાં શેફાલિકાના પુષ્પોથી ભરાયેલી મારી અંજલિ જુઓ.

પદ્માવતી – (જોઈને) ઓહો...! ફુલોનું વૈવિધ્ય કેવું છે. જુઓ જુઓ આર્યા.

વાસવદત્તા – આહા.. ! ફૂલોની રમણીયતા અદ્ભુત છે.

ચેટી – રાજકુમારીજી ! શું વધારે ફૂલો ચૂંટી લાવું ?

પદ્માવતી – સખી ! ના ના .. વધારે ફૂલો ચૂંટવાનું રહેવા દે.

વાસવદત્તા – સખી ! શા માટે રોકે છે ?

*પદ્માવતી – આર્યપુત્ર અહીં આવીને આ ફૂલોનો વૈભવ જોશે તો હું તેમનો આદર મેળવીશ.*

*વાસવદત્તા – સખી ! શું તમને સ્વામી વહાલા છે ?*

*પદ્માવતી – આર્યે ! એ હું જાણતી નથી. પરંતુ એમના વિરહમાં વ્યગ્ર બની જાઉં છું.*

*વાસવદત્તા – (મનમાં) હું ખરેખર અઘરું કામ કરું છું. આ પણ એવું જ કહે છે.*

*ચેટી – ' મને સ્વામી પ્રિય છે' એમ રાજકુમારીજીએ કુલીનને શોભે તે રીતે યોગ્ય જ કહ્યું છે.*

*પદ્માવતી – પરંતુ મને એક સંદેહ છે.*

*વાસવદત્તા – શું શું ?*

*પદ્માવતી – જે પ્રમાણે મને આર્યપુત્ર પ્રિય છે તેમ આર્યા વાસવદત્તાને પણ રહ્યા જ હશે ને ?*

*વાસવદત્તા – એથી પણ વધારે ...*

*પદ્માવતી – તમે કઈ રીતે જાણો છો ?*

*વાસવદત્તા – (મનમાં) હં. ! આર્યપુત્ર પ્રત્યેના પક્ષપાતને કારણે મારાથી શિષ્ટાચારનું ઉલ્લંઘન થઈ ગયું. તો પછી હવે આ પ્રમાણે કહીશ. (મોટેથી) જો ઓછો સ્નેહ હોત તો તેણી પોતાના આત્મીયજનોને છોડત નહીં.*

*પદ્માવતી – હોઈ શકે.*

*ચેટી – રાજકુમારી ! ઉચિત છે કે તમે સ્વામીને કહો કે 'હું પણ વીણા વગાડતાં શીખીશ'*

*પદ્માવતી – મેં આર્યપુત્રને કહ્યું હતું.*

*વાસવદત્તા – તો પછી તેમણે શું કહ્યું ?*

*પદ્માવતી – બોલ્યા વિના થોડો ઊંડો નિઃશ્વાસ નાખીને મૌન રહ્યા.*

*વાસવદત્તા – તો પછી તમે શું વિચારો છો ?*

*પદ્માવતી – વિચારું છું કે આર્યા વાસવદત્તાના ગુણોને યાદ કરીને આભિજાત્યને લીધે મારી સમક્ષ રડતા નથી.*

વાસવદત્તા – (મનમાં) જો આવું હોય તો હું ખરેખર ભાગ્યશાળી છું.

(ત્યારબાદ રાજા અને વિદૂષક પ્રવેશે છે)

વિદૂષક – હી, હી, ચૂંટતાં પડી ગયલા બંધુજીવના પુષ્પો જ્યાં ત્યાં વેરાયા છે જેને લીધે પ્રમદવન રમણીય લાગે છે. તો પછી આપ આ તરફ પધારો.

રાજા – મિત્ર વસન્તક ! હું આ આવ્યો.

'જ્યારે હું ઉજ્જયિની ગયો હતો ત્યારે મન ભરીને અવન્તિરાજપુત્રીને જોઈ કોઈક અવર્ણનીય અવસ્થાને પ્રાપ્ત થયેલો. આ સમયે કામદેવે મને પાંચ બાણો માર્યા હતા. જેના થકી આજે પણ મારું હૃદય ઘવાયેલું છે. અને વળી, અહીં અમે ફરીથી વીંધાયા. જો કામદેવને 'પાંચબાણવાળો' કહેવાતો હોય તો આ છઠ્ઠું બાણ ક્યાંથી માર્યું ?' (૧)

વિદૂષક – રાણી પદ્માવતી ક્યાં ગયા ? લતામંડપ તરફ ગયા હશે ? અથવા 'અસન' ફૂલોથી યુક્ત જાણે કે વ્યાઘ્રચર્મથી મઢેલ હોય એવા 'પર્વતતિલક' નામની શિલાના પટ્ટ પર ગયા હશે ?, કે પછી અત્યંત તીખી ગંધવાળા સપ્તચ્છદવનમાં પ્રવેશ્યા હશે. કે વળી, પશુ-પક્ષીઓના ચિત્રોથી ભરાયેલ એવી લાકડાની ટેકરી પર ગયા હશે. (ઊપરની તરફ જોઈને) હી હી ! શરદ ઋતુના લીધે વાદળ વિનાના આકાશમાં બલદેવના ફેલાયેલા સફેદ બાહુઓ જેવી જોવાલાયક સારસ પંખીઓની જઈ રહેલી હારમાળા કે જે સીધી જઈ રહી છે તેને આપ શ્રીમાન જુઓ.

રાજા – મિત્ર ! હું તેને જોઉં છું.

સીધી અને લાંબી, ખોવાયેલી અને ઊંચી-નીચી, જ્યારે વળાંક લે છે ત્યારે સપ્તર્ષિ-તારાસમૂહની જેમ વાંકી-ચૂકી થતી, પોતાની કાંચળી ઉતારી રહેલા સર્પના પેટ જેવા સ્વચ્છ આકાશને જાણે બે ભાગમાં વહેંચતી હોય તેવી આ સારસપંક્તિ દેખાય છે.(૨)

ચેટી – જુઓ જુઓ, રાજકુમારીજી ! આ રક્તકમળની માળા જેવી સ્વચ્છ અને સુંદર એકસાથે ઊડી રહેલા સારસોની હારમાળા જઈ રહી છે. અરે ! આ તો મહારાજ !

પદ્માવતી – હં ! આ તો આર્યપુત્ર છે. આર્યે ! તમારે લીધે હું આર્યપુત્રને મળવાનું નિવારું છું. તો પછી આ માધવીલતામંડપની અંદર જઈએ.

વાસવદત્તા – એ જ પ્રમાણે કરીએ. (તે પ્રમાણે કરે છે)

વિદૂષક – માનનીયા પદ્માવતી અહીં આવીને જતા રહ્યા હશે.

રાજા – તમે કઈ રીતે જાણો છો ?

વિદૂષક – આ ચૂંટવામાં આવેલા ફૂલોવાળા શેફાલિકા પુષ્પોના ગુચ્છને આપ જુઓ.

રાજા – વસન્તક ! પુષ્પો કેવા સુંદર છે !

વાસવદત્તા – (મનમાં) 'વસન્તક' એ સંબોધન સાંભળીને જાણે ફરીથી ઉજ્જયિનીમાં હોઉં એવું અનુભવું છું.

રાજા – વસન્તક ! આ શિલાપટ્ટ પર બેસીને પદ્માવતીની રાહ જોઈએ.

વિદૂષક - ભલે, એમ જ કરીએ. (બેસીને તરત ઉભા થઈ ને) હી હી ! શરદઋતુનો તીવ્ર તડકો સહન કરવો કઠિન છે. તો પછી આ માધવીલતામંડપની અંદર પ્રવેશીએ.

રાજા - ભલે. આગળ જાઓ.

વિદૂષક – એ જ પ્રમાણે કરીએ. (બંને પરિક્રમા કરે છે)

પદ્માવતી – આર્ય વસન્તક જાણે બધું જ ભેળસેળ કરવા માગતા હોય તેમ લાગે છે. હવે આપણે શું કરીશું ?

ચેટી – રાજકુમારીજી ! આ ભમરાઓથી ભરપૂર લટકતી લતાને હલાવીને સ્વામીને આવતાં રોકું ?

પદ્માવતી – સારું એમ કર.

(ચેટી એ પ્રમાણે કરે છે)

વિદૂષક – બચાવો બચાવો, આપશ્રી ત્યાં જ ઉભા રહો, ઉભા રહો.

રાજા – શા માટે ?

વિદૂષક – આ દાસીપુત્ર ભમરાઓ મને કનડે છે.

રાજા – ના ના. આપે એમ ન કહેવું જોઈએ. ભમરાઓને ત્રાસ આપવાનું બંધ કરવું જોઈએ. જુઓ –

મધના ઉન્માદથી ગુંજારવ કરતા ભમરાઓ પ્રેમની પીડાથી સંતપ્ત પ્રિયાઓ સાથે આલિંગિત છે. આ ભમરાઓ આપણા પગ મૂકવાને લીધે જેવી રીતે અમે તેવી રીતે તેઓ પણ પ્રિયાથી વિયુક્ત થશે. (૩)

આથી આપણે અહીં જ બેસીએ.

વિદૂષક - ભલે. એમ જ કરીએ.

(બંને બેસે છે)

## 1.4 टिप्पण:

### 1.4.1 अन्वय: -

श्लोक: १. मयि उज्जयिनीं गते (सति) स्वैरम् अवन्तिराजतनयां दृष्ट्वा कामपि अवस्थां गते सति तदा कामेन पंचेषव: पातिता: । तै: मम हृदयम् अद्यापि सशल्यमेव । भूय: च वयं विद्धा: । यदा मदन: पंचेषु:, अयं षष्ठ: शर: कथं पातित: ? (शार्दूलविक्रीडितम्)

श्लोक: २. ऋज्वायतां च विरलां च नतोन्नतां च निवर्तनेषु सप्तर्षिवंश कुटिलां च निर्मुच्यमानभुजगोदरनिर्मलस्य अम्बरतलस्य सीमां विभज्यमानाम् इव (सारसपंक्तिं पश्यामि ।) (वसन्ततिलका)

श्लोक – ३. मधुमदकला: मदनार्ताभि: प्रियाभि: उपगूढा: मधुकरा: पादन्यासविषण्णा: वयम् इव कान्तावियुक्ता: स्यु: । (आर्या)

### 1.4.2 શબ્દાર્થ –

दिष्ट्या – સદ્ભાગ્યે

तत्रभवत: – તે માનનીયના. નાટકોમાં तत्रभवान्/भवती તથા अत्रभवान् / भवती માનાર્થે પ્રયોજવામાં આવતા શબ્દો છે.

उन्मङ्क्ष्याम: – અમો બહાર આવીશું. (उद् + मस्ज्) ડૂબવું અર્થવાળા ધાતુનું ભવિષ્યકાળ ઉત્તમપુરુષ બહુવચનનું રૂપ.

उत्तरकुरुवास: – સિદ્ધભૂમિ. જ્યાં સર્વવિધ વૈભવ સુલભ છે.

वातशोणितम् – લોહી અને વાયુના વિકારથી જન્મતો એક પ્રકારનો રોગ.

आत्मगतम् – મનમાં. આ એક પ્રકારની રંગસૂચના છે. નાટકોમાં જ્યારે નટ કોઈ વાત મનમાં બોલવા માગે ત્યારે ત્રિપતાક - ત્રણ આંગળીઓની મુદ્રા મંચ પર વિદ્યમાન અન્ય પાત્રો સમક્ષ કરી, પ્રેક્ષકો તરફ મુખ રાખીને સંવાદ બોલે ત્યારે તે મનમાં બોલી રહેલ છે તેમ સમજવામાં આવે.

*प्रकाशम्* – આ એક પ્રકારની રંગસૂચના છે. જ્યારે કોઈ નટ મનમાં ઉક્તિ બોલ્યા બાદ પ્રેક્ષકો અને નટોને સૌને ઉદ્દેશીને સંવાદ બોલે ત્યારે તે પહેલાં આ પ્રકારની રંગસૂચના આપવામાં આવે છે. આ સમયે મનમાં બોલનાર નટે જે ત્રિપતાકની મુદ્રા કરેલ હોય તેને તે હટાવી લે છે.

## 1.4.3 વ્યાકરણ –

• સન્ધિ –

- **દીર્ઘસન્ધિ** – प्रासादेषूष्यते (प्रासादेषु + उष्यते), मयानुभूयते (मया + अनुभूयते), ममाहारः (मम + आहारः), ममार्यपुत्रः (मम + आर्यपुत्रः), ममाग्रतः (मम + अग्रतः)

- **યણ્ સન્ધિ** – यद्येवम् (यदि + एवम्), ह्यस्मिन् (हि + अस्मिन्), खल्वहम् (खलु + अहम्), तर्कयाम्यार्यायाः (तर्कयामि + आर्यायाः

- **વૃદ્ધિ સન્ધિ** – नामैतत् (नाम + एतत्), नामैवं (नाम + एवम्), तथैवार्यायाः (तथा + एव + आर्यायाः)

- **વ્યંજન સન્ધિ** - नामैतज्जानाति (एतद् + जानाति) (श्चुत्वसन्धि), तावच्छेफालिका (तावत् + शेफालिका) (श्चुत्व + छत्व), विदूषकश्च (विदूषकः + च) (विसर्ग – स् – श्) (श्चुत्व)

- **વિસર્ગ સન્ધિ** – कालो दृष्टः - कालः + दृष्टः (विसर्ग - ओ), प्रवालान्तरितैरिव - प्रवालान्तरितैः + इव (विसर्ग – र्), भूयोऽवचेष्यामि - भूयः + अवचेष्यामि (विसर्ग - ओ + अ - पूर्वरूप), भूयोऽवचित्य - भूयः + अवचित्य (विसर्ग - ओ + अ - पूर्वरूप), अतोऽप्यधिकम् - अतः + अपि + अधिकम् (विसर्ग - ओ + अ - पूर्वरूप, इ+अ यण् ), प्रियो मे – प्रियः + मे (विसर्ग - ओ), ततस्त्वम् - ततः + त्वम् (विसर्ग – स्), विदूषकश्च – विदूषकः + च (विसर्ग – स् – श्)

• **સમાસ** –

अभिप्रेतविवाहमङ्गलरमणीयः - अभिप्रेतः चासौ विवाहः - अभिप्रेतविवाहः, रमणीयः चासौ कालः - रमणीयकालः, मङ्गलेन रमणीयकालः - मङ्गलरमणीयकालः ।

अनर्थसलिलावर्ते – अनर्थ एव सलिलम् - अनर्थसलिलम्, तस्य आवर्तः - अनर्थसलिलावर्तः तस्मिन् ।

अन्तःपुरदीर्घिकासु – अन्तःपुरस्य दीर्घिकाः - अन्तःपुरदीर्घिकाः तासु ।

अनप्सरस्संवादः - अप्सु सरन्ति इति अप्सरसः तासां संवासः - अप्सरस्संवासः, न विद्यते यस्मिन् अप्सरस्संवासः इति अनप्सरस्संवासः ।

*आमयपरिभूतम् - आमयेन परिभूतम् - आमयपरिभूतम् ।*

*अकल्यवर्तम् — न विद्यते कल्यवर्तः यस्मिन् तत् - अकल्यवर्तम् ।*

*सुमनोवर्णकम् — सुमनसां वर्णकानां च समाहारः ।*

*प्रचितपतितबन्धुजीवकुसुमविरलपातरमणीयम् — प्रचितानि पतितानि च यानि बन्धुजीवकुसुमानि तेषां विरलश्चासौ पातः तेन रमणीयम् ।*

*अधिककटुकगन्धसप्तच्छदवनम् — अधिकः चासौ कटुकः तादृशः गन्धः येषां तादृशाः सप्तच्छदाः तेषां वनम् ।*

*आलिखितमृगपक्षिसंकुलम् — आलिखिताः मृगाः पक्षिणः च तैः संकुलम् ।*

*प्रसारितबलदेवबाहुदर्शनीयाम् — प्रसारितः बलदेवस्य बाहुः तमिव इव दर्शनीयाम् ।*

*निर्मुच्यमानभुजगोदरनिर्मलस्य - निर्मुच्यमानस्य भुजगस्य उदरम् इव निर्मलम् तस्य ।*

*कोकनदमालापाण्डुररमणीयाम् — कोकनदानां माला इव पाण्डुरा च रमणीया च ।*

*पादन्यासविषण्णाः - पादानां न्यासः तेन विषण्णाः ।*

## 1.5 *તમારી પ્રગતિ ચકાસોઃ*

- *નીચેના વક્તાઓ સાથે ઉક્તિઓને જોડો*

| | વક્તા | ઉક્તિ |
|---|---|---|
| १) | विदूषकः | १) यद्यल्पः स्नेहः, सा स्वजनं न परित्यजति । |
| २) | राजा | २) ईदृश एव भव । |
| ३) | पद्मावती | ३) ममाहारः सुष्ठु न परिणमति । |
| ४) | वासवदत्ता | ४) मधुकरसन्त्रासः परिहार्यः । |
| ५) | चेटी | ५) आर्यपुत्रेण विरहितोत्कण्ठिता भवामि । |

*(જવાબ –* *)*

- *યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેની ખાલી જગ્યા પૂરો*

*१) आर्यवसन्तक, कः कालः त्वाम् ———— । (अन्विष्यामि/अवेक्ष्यामि)*
*२) हला, यद्येवं, किमिदानीं ——— । (विलम्बसे/विलप्यसे)*
*३) अहो विचित्रता ——— । (बालकानाम्/कुसुमानाम्)*

४) एकः ——— मे सन्देहः । (ननु/खलु)

५) आर्यपुत्रपक्षपातेन————— समुदाचारः । (अपक्रान्तः/अतिक्रान्तः)

**(જવાબ –**

)

- નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો

૧) વિદૂષકને કેવું ભોજન મળે છે ?

૨) ચેટી વસન્તકને શા માટે શોધે છે ?

૩) પદ્માવતી પ્રમદવનમાં શા માટે જાય છે ?

૪) રાજાને પ્રમદવનમાં આવતા જોઈ પદ્માવતી વગેરે ક્યાં સંતાય છે ?

૫) રાજાને મંડપમાં પ્રવેશતા રોકવા ચેટી શો ઉપાય કરે છે ?

• • •

# એકમ 2 स्वप्नवासवदत्तम् - चतुर्थोऽङ्कः उत्तरार्धः

## : રૂપરેખા :

2.0 ઉદ્દેશ્ય
2.1 પ્રસ્તાવના
2.2 **चतुर्थोऽङ्कः** મૂળગ્રંથ અને અનુવાદ
2.3 ટિપ્પણ
2.4 તમારી પ્રગતિ ચકાસો

## 2.0 ઉદ્દેશ્ય :

*વિદ્યાર્થીમિત્રો, તમારા અભ્યાસક્રમના નિયત એકમમાં અધ્યાપન દ્વારા તમે કયા દષ્ટિબિંદુથી જે તે એકમનો અભ્યાસ કરવાના છો તે પ્રત્યેક એકમના પ્રારંભમાં જ તમને જણાવવામાં આવે છે. પ્રથમવર્ષના અભ્યાસક્રમના પેપર નં.2માં તમારે સંસ્કૃત નાટ્ય,સ્તોત્ર અને મુક્તક કાવ્યોનો અભ્યાસક્રમ ભણવાનો છે. તેના દ્વિતીય વિભાગ નાટ્યસાહિત્ય અંતર્ગત સ્વપ્નવાસવદત્તમ્નો અભ્યાસ અપેક્ષિત છે. પ્રસ્તુત એકમ અંતર્ગત ભાસકૃત સ્વપ્નવાસવદત્તમ્ નાટકના ચતુર્થઅંકના ઉત્તરાર્ધનો પરિચય કરાવવામાં આવી રહ્યો છે. આ નિયત અભ્યાસક્રમ માટેના કેટલાક ખાસ ઉદ્દેશ્યો છે, જેમ કે–*

- *વિદ્યાર્થીઓ સંસ્કૃત સાહિત્યથી પરિચિત થાય.*
- *વિદ્યાર્થીઓ સંસ્કૃત નાટ્યસંબંધી તત્ત્વોથી પરિચિત થાય.*
- *વિદ્યાર્થીઓ ભાસના કવિત્વનો પરિચય કેળવે.*
- *વિદ્યાર્થીઓ અંક-4ના નાટ્ય કથાવસ્તુને ઓળખે.*

## 2.1 प्रस्तावना

*આ એકમમાં સ્વપ્નવાસવદત્તમ્ના ચતુર્થ અંકનો ઉત્તરાંશ પ્રસ્તુત કરાયેલ છે જેમાં રાજા અને વિદૂષક વચ્ચેની રમૂજમાં થતી વાતચીત અને તેના દ્વારા રાજાનો વાસવદત્તા પ્રત્યેનો પ્રણય, વિરહ તેમજ પદ્માવતી પ્રત્યેનો ગુણાદર, પદ્માવતીનું આભિજાત્ય, વિદૂષક અને રાજાનું સ્ત્રી દાક્ષિણ્ય વગેરે દશ્યો જોવા મળે છે.*

## 2.2 चतुर्थोऽङ्कः - મૂળગ્રંથ અને અનુવાદ

चेटी - भर्तृदारिके, रुद्धाः खलु स्मो वयम् ।

पद्मावती — दिष्ट्योपविष्ट आर्यपुत्रः ।

वासवदत्ता - (आत्मगतम् ) दिष्ट्या प्रकृतिस्थशरीर आर्यपुत्रः ।

चेटी - भर्तृदारिके, साश्रुपाता खल्वार्याया दृष्टिः ।

वासवदत्ता - एषा खलु मधुकराणामविनयात् काशकुसुमरेणुना पतितेन सोदका मे दृष्टिः ।

पद्मावती - युज्यते ।

विदूषकः - भोः शून्यं खल्विदंप्रमदवनम् । प्रष्टव्यं किंचिदस्ति । पृच्छामि भवन्तम् ।

राजा - छन्दतः ।

विदूषकः - का भवतः प्रिया, तदानीं तत्रभवती वासवदत्ता, इदानींपद्मावती वा ।

राजा - किमिदानीं भवान् महति बहुमानसंकटे मां न्यस्यति ।

पद्मावती — हला, यादृशे संकटेनिक्षिप्त आर्यपुत्रः ।

वासवदत्ता - (आत्मगतम्) अहं च मन्दभागा ।

विदूषकः - स्वैरंस्वैरं भणतु भवान् । एकोपरता, अपरा असन्निहिता ।

राजा - वयस्य, न खलु न खलु ब्रूयाम् । भवांस्तु मुखरः ।

पद्मावती - एतावता भणितमार्यपुत्रेण ।

विदूषकः - भोः, सत्येन शपामि, कस्मा अपि नाख्यास्ये । एषा सन्दष्टा मे जिह्वा ।

राजा - नोत्सहे सखे, वक्तुम् ।

पद्मावती - अहो अस्य पुरोभागिता । एतावता हृदयं न जानाति ।

विदूषकः - किं न भणति मम । अनाख्यायास्माच्छिलापट्टान्न शक्यमेकपदमपि गन्तुम् । एष रुद्धोऽत्रभवान् ।

राजा - किं बलात्कारेण ।

विदूषकः - आम्, बलात्कारेण ।

*राजा – तेन हि पश्यामस्तावत् ।*

*विदूषकः – प्रसीदतु प्रसीदतु भवान् । वयस्यभावेन शापितोऽसि, यदि सत्यं न भणसि ।*

*राजा – का गतिः । श्रूयताम् ।*

*पद्मावती बहुमता मम यद्यपि रूपशीलमाधुर्यैः ।*

*वासवदत्ताबद्धं न तु तावन्मे मनो हरति ॥ ४ ॥*

*वासवदत्ता – (आत्मगतम्) भवतु भवतु । दत्तं वेतनमस्य परिखेदस्य । अहो, अज्ञातवासोऽप्यत्र बहुगुणः संपद्यते ।*

*चेटी – भर्तृदारिके, अदाक्षिण्यः खलु भर्ता ।*

*पद्मावती — हला, मा मैवम् । सदाक्षिण्य एवार्यपुत्रः, य इदानीमप्यार्याया वासवदत्ताया गुणान् स्मरति ।*

*वासवदत्ता – भद्रे, अभिजनस्य सदृशं मन्त्रितम् ।*

*राजा – उक्तं मया । भवानिदानीं कथयतु । का भवतः प्रिया, तदा वासवदत्ता, इदानीं पद्मावती वा ।*

*पद्मावती – आर्यपुत्रोऽपि वसन्तकः संवृत्तः ।*

*विदूषकः – किं मे विप्रलपितेन । उभे अपि तत्रभवत्यौ मे बहुमते ।*

*राजा – वैधेय, मामेवं बलाच्छ्रुत्वा किमिदानीं नाभिभाषसे ।*

*विदूषकः – किं मामपि बलात्कारेण ।*

*राजा – कथंकिं, बलात्कारेण ।*

*विदूषकः – तेन हि न शक्यं श्रोतुम् ।*

*राजा – प्रसीदतु, प्रसीदतु महाब्राह्मणः । स्वैरंस्वैरमभिधीयताम् ।*

*विदूषकः – इदानीं शृणोतु भवान् । तत्रभवती वासवदत्ता मे बहुमता । तत्रभवती पद्मावती तरुणी दर्शनीया अकोपना अनहंकारा मधुरवाक् सदाक्षिण्या । अयं चापरो महान्गुणः, स्निग्धेन भोजनेन मां प्रत्युद्गच्छति, 'कुत्र नु खलु गत आर्यवसन्तकः' इति ।*

*वासवदत्ता – (आत्मगतम्) भवतु भवतु, वसन्तक, स्मरेदानीमेतत् ।*

*राजा - भवतु भवतु, वसन्तक सर्वमेतत् कथयिष्ये देव्यै वासवदत्तायै ।*

*विदूषकः - अविधा वासवदत्ता । कुत्र वासवदत्ता । चिरात् खलूपरता वासवदत्ता ।*

*राजा - (सविषादम्) एवम् । उपरता वासवदत्ता ।*

*अनेनपरिहासेन व्याक्षिप्तं मे मनस्त्वया ।*

*ततो वाणी तथैवेयं पूर्वाभ्यासेन निस्सृता ॥ ५ ॥*

*पद्मावती — रमणीयः खलु कथायोगो नृशंसेनविसंवादितः ।*

*वासवदत्ता - (आत्मगतम्) भवतु भवतु, विश्वस्तास्मि । अहो, प्रियं नाम ईदृशं वचनमप्रत्यक्षं श्रूयते ।*

*विदूषकः - धारयतु धारयतु भवान् । अनतिक्रमणीयो हि विधिः । ईदृशमिदानीमेतत् ।*

*राजा - वयस्य, न जानाति भवानवस्थाम् । कुतः -*

*दुःखं त्यक्तुं बद्धमूलोऽनुरागः, स्मृत्वा स्मृत्वा याति दुःखं नवत्वम् ।*

*यात्रा त्वेषा यद् विमुच्येह बाष्पं, प्राप्तनृण्या याति बुद्धिः प्रकाशम् ॥ ६ ॥*

*विदूषकः - अश्रुपातक्लिन्नं खलु तत्रभवतो मुखम् । यावन्मुखोदकमानयामि ।*

*(निष्क्रान्तः)*

*पद्मावती - आर्ये, बाष्पाकुलपटान्तरितमार्यपुत्रस्य मुखम् । यावन्निष्क्रमामः ।*

*वासवदत्ता - एवं भवतु । अथवा तिष्ठ त्वम् । उत्कण्ठितं भर्तारमुज्झित्वायुक्तं निर्गमनम् । अहमेव गमिष्यामि ।*

*चेटी — सुष्ठ्वार्या भणति । उपसर्पतु तावद् भर्तृदारिका ।*

*पद्मावती — किं न खलुप्रविशामि ।*

*वासवदत्ता - हला, प्रविश । (इत्युक्त्वा निष्क्रान्ता)*

*(प्रविश्य)*

*विदूषकः - (नलिनीपत्रेण जलं गृहीत्वा) एषा तत्रभवती पद्मावती ।*

*पद्मावती - आर्यवसन्तक, किमेतत् ।*

*विदूषकः - एतदिदम् । इदमेतत् ।*

*पद्मावती - भणतु भणत्वार्यो भणतु ।*

*विदूषकः – भवति, वातनीतेन काशकुसुमरेणुनाक्षिनिपतितेन साश्रुपातं खलु तत्रभवतो मुखम् । तद् गृह्णातु भवतीदं मुखोदकम् ।*

*पद्मावती – (आत्मगतम्) अहो, सदाक्षिण्यस्य जनस्य परिजनोऽपि सदाक्षिण्य एव भवति । (उपेत्य) जयत्वार्यपुत्रः । इदं मुखोदकम् ।*

*राजा – अये पद्मावती । (अपवार्य) वसन्तक, किमिदम् ।*

*विदूषकः – (कर्णे) एवमिव ।*

*राजा – साधु वसन्तक, साधु । (आचम्य) पद्मावति, आस्यताम् ।*

*पद्मावती – यदार्यपुत्र आज्ञापयति ।*

*(उपविशति)*

*राजा – पद्मावती,*

*शरच्छशांकगौरेण वाताविद्धेन भामिनि ।*

*काशपुष्पलवेनेदं साश्रुपातं मुखं मम ॥ ७ ॥*

*(आत्मगतम्)*

*इयं बाला नवोद्वाहा सत्यं श्रुत्वा व्यथां व्रजेत् ।*

*कामं धीरस्वभावेयं स्त्रीस्वभावस्तु कातरः ॥ ८ ॥*

*विदूषकः – उचितं तत्रभवतो मगधराजस्यापराह्णकाले भवन्तमग्रतः कृत्वा सुहृज्जनदर्शनम् । सत्कारोहि नाम सत्कारेण प्रतीष्टः प्रीतिमुत्पादयति । तदुत्तिष्ठतु तावद् भवान् ।*

*राजा – बाढम् । प्रथमः कल्पः । (उत्थाय)*

*गुणानां वा विशालानां सत्काराणां च नित्यशः ।*

*कर्तारः सुलभा लोके विज्ञातारस्तु दुर्लभाः ॥ ९ ॥*

*(निष्क्रान्ताः सर्वे )*

*॥ इति चतुर्थोऽङ्कः ॥*

- *ગુજરાતી ભાષાન્તર*

*ચેટી – રાજકુમારીજી ! આપણે તો ખરા ફસાઈ ગયા.*

પદ્માવતી – સદ્‌ભાગ્યે આર્યપુત્ર બેસી ગયા.

વાસવદત્તા – (મનમાં) સદ્‌ભાગ્યે આર્યપુત્ર શરીરથી સ્વસ્થ છે.

ચેટી – રાજકુમારીજી ! આર્યાની આંખો આંસુવાળી ભીની છે.

વાસવદત્તા – આ તો ભમરાઓના પજવવાના લીધે ‘કાશપુષ્પ’ની પરાગરજ આંખમાં પડવાને લીધે મારી આંખો આંસુવાળી થઈ ગઈ.

પદ્માવતી – યોગ્ય છે.

વિદૂષક – માનનીય ! આ પ્રમદવન એકાંતવાળું છે. આથી આપને કાંઈક પૂછવું છે. શું હું આપને પૂછું ?

રાજા – સ્વતંત્રતાથી પૂછો.

વિદૂષક – આપને કોણ પ્રિય છે ? ત્યારની તે વાસવદત્તા ? કે પછી અત્યારની પદ્માવતી ?

રાજા – શા માટે આપ મને આવી મોટી સન્માનરૂપી મુશ્કેલીમાં મૂકો છો ?

પદ્માવતી – સખી !કેવા સંકટમાં આર્યપુત્ર ફસાયા છે ?

વાસવદત્તા – (મનમાં) અને કમભાગ્ય એવી હું પણ.

વિદૂષક – આપ મનમાં હોય તે મુક્તપણે કહો. એક મૃત્યુ પામ્યા છે અને બીજા અહીં અનુપસ્થિત છે.

રાજા – મિત્ર ! ના ના હું નહીં કહું. તમે તો બોલકા છો.

પદ્માવતી – આટલા માત્રથી આર્યપુત્રએ જણાવી દીધું.

વિદૂષક – અરે, હું સોગંદપૂર્વક કહું છું. કોઈને નહીં કહું. આ મેં મારી જીભ કરડી.

રાજા – સખા ! કહેવાનો ઉત્સાહ થતો નથી.

પદ્માવતી – અરે !આનો હઠાગ્રહ ! આટલું જણાવ્યા છતાં મન કળી શકતો નથી ?

વિદૂષક – શું ? મને નથી જણાવતા ? મને ઉત્તર જણાવ્યા વિના આ શિલાપટ્ટપરથી એક પગલું પણ જવું સંભવ નથી. આ આપને રોકયા.

રાજા – શું ? બળજબરીથી ?

વિદૂષક – હા. બળજબરીપૂર્વક.

રાજા – તો પછી અમે જોઈએ છીએ.

વિદૂષક – અરે ! આપ પ્રસન્ન થાઓ. પ્રસન્ન થાઓ. જો સત્ય ન જણાવો તો મિત્રતાના સમ છે.

રાજા – શો ઉપાય છે ? સાંભળો –

જો કે પદ્માવતી પ્રત્યે મને તેના રૂપ, શીલ અને માધુર્યના ગુણોને કારણે બહુમાન છે. પરંતુ વાસવદત્તા પ્રત્યે બંધાયેલું મારું મન તે આકર્ષી શકતી નથી. (૪)

વાસવદત્તા – (મનમાં) ભલે ભલે ! આ પરિશ્રમનો પુરસ્કાર મળી ગયો. અહો.. અજ્ઞાતવાસ પણ અહીં અનેક લાભપ્રદ બની રહ્યો.

ચેટી – રાજકુમારીજી ! સ્વામી તો દાક્ષિણ્ય વિનાના છે.

પદ્માવતી – સખી !ના ના એવું ન કહીશ. આર્યપુત્ર તો આભિજાત્યવાળા જ છે. જે આજે પણ આર્યા વાસવદત્તાના ગુણોને યાદ કરે છે.

વાસવદત્તા – કલ્યાણી ! કુલીનને શોભે તેવું વિચાર્યું.

રાજા – મેં તો જણાવ્યું. હવે આપશ્રી જણાવો. આપની પ્રિય કોણ છે ? ત્યારની વાસવદત્તા કે અત્યારની પદ્માવતી ?

પદ્માવતી – આર્યપુત્ર પણ વસન્તક બની ગયા !

વિદૂષક – મારા પ્રલાપ કરવાથી શો લાભ ? મારા માટે તો તે બન્ને મહોદયાઓ સન્માનનીય છે.

રાજા - લુચ્ચા ! મારી પાસેથી આમ બળપૂર્વક સાંભળીને હવે પોતે શા માટે નથી જણાવતો ?

વિદૂષક – શું મને પણ બળજબરીપૂર્વક ?

રાજા – નહીં તો વળી શું ? બળજબરીથી જ.

વિદૂષક – તો પછી સાંભળવું શક્ય નથી.

રાજા - પ્રસન્ન થાઓ. પ્રસન્ન થાઓ મહાબ્રાહ્મણ. સ્વેચ્છાએ મુક્ત મનથી જણાવો.

*વિદૂષક – હવે આપશ્રી સાંભળો. તે માનનીયા વાસવદત્તા મારા માટે બહુમાન્ય ખરા. તે માનનીયા પદ્માવતી પણ તરુણી, સુંદરી, ક્રોધ ન કરનારા, અહંકાર વિનાના, મીઠી વાણી ધરાવનારા અને આભિજાત્યવાળા છે. આ પણ તેમનો એક મોટો ગુણ છે કે - લસબસતાં ભોજન સાથે મને બોલાવે છે – 'આર્ય વસન્તક ક્યાં ગયા ?' એમ.*

*વાસવદત્તા – (મનમાં) ભલે, ભલે વસન્તક ! આ બધું હવે યાદ રાખજે.*

*રાજા - ભલે, ભલે વસન્તક ! આ બધું જ આર્યા વાસવદત્તાને કહી દઈશ.*

*વિદૂષક – અરે ! વાસવદત્તા ! ક્યાં છે વાસવદત્તા ? વાસવદત્તા તો ઘણા સમયથી મૃત્યુ પામ્યા છે.*

*રાજા – (ખિન્નતાપૂર્વક) એમ ! વાસવદત્તા મૃત્યુ પામી છે ?*

*આ મજાકથી તેં મારું મન ભરમાવી દીધું, જેના કારણે પહેલાના અભ્યાસને લીધે આ પ્રમાણેનું વાક્ય મોઢામાંથી સરી પડ્યું.*

*પદ્માવતી - ખરેખર !અત્યંત રમણીય વાતનો અવસર મૂર્ખે વેડફી નાખ્યો.*

*વાસવદત્તા – (મનમાં) ભલે, ભલે આશ્વસ્ત છું. અહો.. આવું વચન પરોક્ષરૂપે સાંભળવું તો અત્યંત પ્રિય લાગે.*

*વિદૂષક – ધારણા રાખો. આપ ધારણા રાખો. વિધાતાને કોઈ ઓળંગી શક્યું નથી. અત્યારે તો આ જ પરિસ્થિતિ છે.*

*રાજા – મિત્ર ! તું મારી સ્થિતિ સમજતો નથી. કારણકે –*

*જેના મૂળ અત્યંત ગાઢ બની ગયા હોય તેવો અનુરાગ ત્યજવો અત્યંત કઠિન છે. યાદ કરી કરીને દુઃખ નવીન બને છે. આ તો યાત્રા જ છે કે અહીં આંસુ સારીને કરજમાંથી મુક્ત થયેલી બુદ્ધિ પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. (૬)*

*વિદૂષક – આંસુ સારવાને લીધે આપનું મુખ ભીનું થઈ ગયું છે. તો પછી મોં ધોવાનું પાણી લાવુંછું.*

*(જાય છે)*

*પદ્માવતી – આર્યે ! આંસુરૂપી પડદાથી આર્યપુત્રનું મુખ ઢંકાયેલું છે. ત્યાં સુધીમાં આપણે નીકળી જઈએ.*

વાસવદત્તા - ભલે એમ કરીએ. અથવા તમે અહીં રહો. ઉદ્વેગવાળા સ્વામીને છોડીને જવું અનુચિત છે. હું જ જઈશ.

ચેટી – આર્યા બરાબર કહે છે. તો પછી રાજકુમારીજી નજીક જાઓ.

પદ્માવતી – શું હું ખરેખર જાઉં ?

વાસવદત્તા – સખી ! જાઓ.

(આમ કહી નીકળી ગઈ)

(પ્રવેશ કરીને)

વિદૂષક – (કમળપત્રમાં પાણી ભરીને) આ અહીં માનનીયા પદ્માવતી !

પદ્માવતી – આર્ય વસન્તક ! આ વળી શું છે ?

વિદૂષક – આ એમ છે ! એ આમ છે.

પદ્માવતી – કહો, કહો આર્ય કહો .

વિદૂષક - શ્રીમતિ ! પવન થકી ઉડેલા કાશપુષ્પની પરાગરજના આંખમાં પડવાને લીધે મહારાજનું મુખ આંસુવાળું થઈ ગયું છે. આથી આપ આ તેમના માટે મુખોદક લઈ જાઓ.

પદ્માવતી – (મનમાં) અહો. અભિજાત લોકોના સેવક પણ શાલીનતાયુક્ત જ હોય છે. ( નજીક જઈને) આર્યપુત્રનો જય થાઓ. આ મોં ધોવા માટે પાણી.

રાજા – અરે ! પદ્માવતી ! (ખાનગીમાં) વસન્તક ! આ શું છે ?

વિદૂષક – (કાનમાં) આમ છે.

રાજા – ધન્ય છે વસન્તક ધન્ય છે. ( પાણી પીને) પદ્માવતી ! બેસો.

પદ્માવતી – જેવી આર્યપુત્રની આજ્ઞા.

(બેસે છે)

રાજા – પદ્માવતી –

હે સુંદરી ! પવનથી ઉડેલા તથા શરદઋતુના ચંદ્ર જેવા સફેદ કાશપુષ્પની પરાગરજને લીધે મારું મોં આંસુવાળું બની ગયું. (૭)

(મનમાં)

આ બાલા હમણાં જ પરણેલી છે. સત્ય સાંભળીને દુઃખી થશે. ભલે એ સાચું છે કે તે ધીર સ્વભાવની છે. પરંતુ છતાંય સ્ત્રીઓનો સ્વભાવ ભીરુ હોય છે. (૮)

વિદૂષક – માનનીય મગધરાજે આપને આગળ રાખીને આજે બપોર પછી મિત્રજનોને મળવાનું ગોઠવ્યું છે. તે યોગ્ય જ છે. સત્કારને સત્કારથી પ્રત્યુત્તર પાઠવવામાં આવે તો પરસ્પર આત્મીયતા વધે છે. તો પછી આપશ્રી ઊભા થાઓ.

રાજા – ચોક્કસ. શ્રેષ્ઠ વિચાર છે. (ઊભા થઈને)

આ વિશ્વમાં બહોળા ગુણો ધરાવનાર અને સદાય સારો સત્કાર કરનારા લોકો તો સુલભ છે. પરંતુ તેનો પ્રત્યુપકાર કરનાર લોકો દુર્લભ હોય છે.

(બધા જાય છે)

ચતુર્થ અંક સમાપ્ત

## 2.3 टिप्पणः

### 2.3.1 अन्वयः -

श्लोकः –४ – यद्यपि रूपशीलमाधुर्यैः पद्मावती मम बहुमता, (किन्तु) वासवदत्ताबद्धं मे मनः तु तावद् न हरति ।

श्लोकः – ५ – अनेन परिहासेन त्वया मे मनः व्याक्षिप्तम् । ततः पूर्वाभ्यासेन इयं वाणी तथैव निःसृता ।

श्लोकः – ६ – बद्धमूलः अनुरागः त्यक्तुं दुःखम् । (तं) स्मृत्वा स्मृत्वा दुःखं नवत्वं याति । एषा तु यात्रा, यद् इह बाष्पं विमुच्य प्राप्तानृण्या बुद्धिः प्रसादं याति ।

श्लोकः – ७ – भामिनि ! शरच्छशांगौरेण वाताविद्धेन काशपुष्पलवेन इदं मम मुखं साश्रुपातम् इव (दृश्यते) ।

श्लोकः – ८ – इयं बाला नवोद्वाहा (अस्ति) सत्यं श्रुत्वा व्यथां व्रजेत् । कामम् इयं धीरस्वभावा (अस्ति), (किन्तु) स्त्रीस्वभावः तु कातरः ।

श्लोकः – ९ – लोके, विशालानां गुणानां सत्काराणां च नित्यशः कर्तारः सुलभाः सन्ति, विज्ञातारः तु दुर्लभाः (भवन्ति) ।

2.3.2 શબ્દાર્થ –

*सोदका - પાણીવાળી (અહીં આંસુવાળી)*

*बहुमानसंकटे – 'કોણ સન્માનને પાત્ર છે ?' એ નક્કી કરવું મુશ્કેલ હોય તેવી દુવિધારૂપ સંકટમાં.*

*उपरता - મૃત્યુ પામી છે.*

*पुरोभागिता - ધૃષ્ટતા, મૂર્ખતા*

*नृशंसेन – ક્રૂર*

*बद्धमूलः - ઊંડા મૂળવાળો.*

*उज्झित्वा - છોડીને, ત્યાગ કરીને*

*आस्यताम् – બેસો*

*विज्ञातारः - જાણકાર, સમજનાર, કૃતજ્ઞ*

2.3.3 વ્યાકરણ –

● **સન્ધિ –**

*कस्मा अपि – कस्मै अपि (ऐ - आय् + य् लोप) (अयवायाव् सन्धि)*

*- **ગુણસન્ધિ** – दिष्ट्योपविष्टः - दिष्ट्या + उपविष्टः ( अ+उ), सोदका - स + उदका (अ + उ), एकोपरता - एका + उपरता (अ + उ), स्मरेदानीम् – स्मर + इदानीम् ( अ + इ), तथैवेयम् - तथा + एव + इयम् ( आ + ए (वृद्धि), अ + इ (गुण)), विमुच्येह – विमुच्य + इह (अ + इ), लवेनेदम् – लवेन + इदम् (अ + इ)*

*- **दीर्घसन्धि** – अपरासंनिहिता - अपरा + असंनिहिता (अ+अ), चापरः - च + अपरः (अ + अ), खलूपरता - खलु + उपरता ( उ + उ), विश्वस्तास्मि - विश्वस्ता + अस्मि (आ + अ)*

*- **यण्सन्धि** – यद्यपि - यदि + अपि (इ + अ), त्वेषा - तु + एषा (उ + ए), सुष्ठ्वार्या – सुष्ठु + आर्या (उ + आ), इत्युक्त्वा - इति + उक्त्वा (इ + उ), भणत्वार्या - भणतु + आर्या (उ + आ)*

**- વ્યંજનસન્ધિ –** *भवांस्तु - भवान् + तु (न् – स् + अनुस्वार), बलाच्छुत्वा - बलात् + श्रुत्वा (त् - च् + श् – छ्) (श्चुत्व + छत्वसन्धि), शरच्छशांक – शरत् + शशांक (श् - च्, श् – छ्)*

**- વિસર્ગસન્ધિ –** *रुद्धोऽत्रभवान् – रुद्धः + अत्रभवान् (विसर्ग - ओ + अ - पूर्वरूप), शापितोऽसि – शापितः + असि (विसर्ग - ओ + अ - पूर्वरूप), मनस्त्वया - मनः + त्वया (विसर्ग – स् )*

**● સમાસ –**

*प्रकृतिस्थशरीरः - प्रकृतौ स्थितं शरीरं यस्य सः ।*

*साश्रुपाता - अश्रूणां पातः - अश्रुपातः तेन सहिता इति साश्रुपाता ।*

*काशकुसुमरेणुना - काशानि च तानि कुसुमानि – काशकुसुमानि तेषां रेणवः तेन इति काशकुसुमरेणुना ।*

*रूपशीलमाधुर्यैः - रूपं च शीलं च माधुर्यं च तैः इति रूपशीलमाधुर्यैः ।*

*वासवदत्ताबद्धम् – वासवदत्तायां बद्धम् इति वासवदत्ताबद्धम् ।*

*अनहंकारा - अविद्यते अहंकारः यस्यां सा ।*

*अनतिक्रमणीयः - अतिक्रमणं कर्तुं अशक्यः ।*

*मुखोदकम् – मुखप्रक्षालनार्थम् उदकम् ।*

*बाष्पाकुलपटान्तरितम् – बाष्पैः आकुलम् । अत एव तेन पटान्तरितम् ।*

*धीरस्वभावा - धीरः स्वभावः यस्याः सा ।*

## 2.4 તમારી પ્રગતિ ચકાસોઃ

**- નીચેના વક્તાઓ સાથે ઉક્તિઓને જોડો**

| વક્તા | ઉક્તિ |
|---|---|
| १) विदूषकः | १) अदाक्षिण्यः खलु भर्ता । |
| २) राजा | २) सत्येन शपामि । |
| ३) पद्मावती | ३) स्मृत्वा स्मृत्वा याति दुःखं नवत्वम् । |
| ४) वासवदत्ता | ४) आर्यपुत्रोऽपि वसन्तकः संवृत्तः । |
| ५) चेटी | ५) दिष्ट्या प्रकृतिस्थशरीर आर्यपुत्रः । |

(જવાબ – )

**- યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેની ખાલી જગ્યા પૂરો**

१) साश्रुपाता खलु आर्याया ———— । (विष्टिः/दृष्टिः)

२) किमिदानीं भवान् ———— बहुमानसंकटे मां न्यस्यति । (बृहति/ महति)

३) दत्तं वेतनमस्य ———— । (परिदेवस्य / परिखेदस्य)

४) अनतिक्रमणीयो हि ———— । (विधिः / उदधिः)

५) ———— तावत् भर्तृदारिका । (अवसर्पतु / उपसर्पतु)

(જવાબ – )

**- નીચેના શ્લોકોની પૂર્તિ કરો**

१) अनेन परिहासेन ———————— ।

———————— निःसृता ।।

२) दुःखं त्यक्तुं ———————— ।

———————— प्रकाशम् ।।

३) गुणानां वा ———————— ।

———————— दुर्लभाः ।।

**એકમ 3**

## સ્વપ્નવાસવદત્તમ્ - પञ्चमोऽङ्कः पूर्वार्धः

### : રૂપરેખા :

**3.0** ઉદ્દેશ્ય

**3.1** પ્રસ્તાવના

**3.2** **पञ्चमोऽङ्कः :** મૂળગ્રંથ અને અનુવાદ

**3.3** ટિપ્પણ

**3.4** તમારી પ્રગતિ ચકાસો

### 3.0 ઉદ્દેશ્ય :

*વિદ્યાર્થીમિત્રો, તમારા અભ્યાસક્રમના નિયત એકમમાં અધ્યાપન દ્વારા તમે કયા દૃષ્ટિબિંદુથી જે તે એકમનો અભ્યાસ કરવાના છો તે પ્રત્યેક એકમના પ્રારંભમાં જ તમને જણાવવામાં આવે છે. પ્રથમવર્ષના અભ્યાસક્રમના પેપર નં.2માં તમારે સંસ્કૃત નાટ્ય,સ્તોત્ર અને મુક્તક કાવ્યોનો અભ્યાસક્રમ ભણવાનો છે. તેના દ્વિતીય વિભાગ નાટ્યસાહિત્ય અંતર્ગત સ્વપ્નવાસવદત્તમ્નો અભ્યાસ અપેક્ષિત છે. પ્રસ્તુત એકમ અંતર્ગત ભાસકૃત સ્વપ્નવાસવદત્તમ્ નાટકના પંચમઅંકના પૂર્વાર્ધનો પરિચય કરાવવામાં આવી રહ્યો છે. આ નિયત અભ્યાસક્રમ માટેના કેટલાક ખાસ ઉદ્દેશ્યો છે, જેમ કે–*

- *વિદ્યાર્થીઓ સંસ્કૃત સાહિત્યનો પરિચય મેળવે.*
- *વિદ્યાર્થીઓ સંસ્કૃત કાવ્યસાહિત્યની વિવિધતા વિશે જાણે.*
- *વિદ્યાર્થીઓ સંસ્કૃત નાટ્યશાસ્ત્રીય તત્ત્વોને જાણે.*
- *વિદ્યાર્થીઓ સ્વપ્નવાસવદત્તમ્ના અંક - 5ના કથાવસ્તુનો પરિચય મેળવે.*

## 3.1 प्रस्तावना

સ્વપ્નવાસવદત્તમ્ નાટકનો પાંચમો અંક નાટકના કેન્દ્રવર્તી પ્રસંગમાં ગણાય છે. પાંચમા અંકમાં આવતા સ્વપ્નદૃશ્યના આધારે નાટકનું શીર્ષક રચવામાં આવ્યું છે. અહીં પ્રવેશકમાં એ વાતની ખબર પડે છે કે પદ્માવતીને શિરોવેદના થવાને કારણે તેને આરામની જરૂર હોવાથી સમુદ્રગૃહમાં તેના માટે શય્યા રચવામાં આવી છે. આ સમાચાર ઉદયન સુધી પહોંચાડવા માટે વિદૂષકને જણાવવામાં આવે છે જ્યારે વાસવદત્તાને પણ ચેટી મારફત આ સમાચારની જાણ કરવામાં આવે છે.

ઉદયનને પદ્માવતીની શિરોવેદનાની જાણ થતાં તે વિદૂષક સાથે સમુદ્રગૃહ પહોંચે છે જ્યાં પદ્માવતી ઉપસ્થિત ન હોવાથી ક્ષણિક આરામ કરવા માટે ઉદયન ત્યાં શય્યામાં જ લંબાવે છે. જ્યારે વિદૂષક બોલવામાં છબરડાં કરતાં કરતાં ઉદયનને વાર્તા કહેવા માંડે છે જે દરમિયાન ઉદયન ઊંઘી જાય છે. અને વિદૂષક પોતાની શાલ

લેવા માટે ત્યાંથી જાય છે. આથી સમુદ્રગૃહમાં નિદ્રાધીન ઉદયન એકલો રહે છે. અહીં સુધીનું કથાનક આ એકમમાં મૂકવામાં આવ્યું છે.

આ પાઠ્યાંશમાં વિદૂષકની વિનોદવૃત્તિ સાથે ભૂલો થકી હાસ્ય પ્રેરવાનો સ્વભાવ, ઉદયનની સૂક્ષ્મેક્ષિકા, વાસવદત્તા પ્રત્યેનો સ્નેહ અને સ્મૃતિ વગેરેના દર્શન થાય છે.

અનુત્તરિત પ્રશ્ન એ રહે છે કે અસ્વસ્થ પદ્માવતી સમુદ્રગૃહમાં હોવી જોઈતી હતી. તે સમગ્ર દૃશ્ય દરમિયાન ક્યાંય પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે અનુભવાતી નથી. પરંતુ નાટ્યકારે તેની અનુપસ્થિતિનો સુપેરે લાભ લીધો છે અને તે દ્વારા નાટ્યાત્મક ઘટનાઓની ગોઠવણ કરી છે.

## 3.2 पञ्चमोऽङ्कः મૂળગ્રંથ અને અનુવાદ

(ततः प्रविशति पद्मिनिका)

पद्मिनिका – मधुकरिके, मधुकरिके, आगच्छ तावच्छीघ्रम् ।

(प्रविश्य)

मधुकरिका – हला, इयमस्मि । किं क्रियताम् ।

पद्मिनिका – हला, गच्छ शीघ्रम्, आर्यामावन्तिकां शब्दापय । केवलं भर्तृदारिकायाः शीर्षवेदनामेव निवेदय । ततः स्वयमेवागमिष्यति ।

मधुकरिका – हला, किं सा करिष्यति ।

पद्मिनिका – सा खल्विदानीं मधुराभिः कथाभिर्भर्तृदारिकायाः शीर्षवेदनां विनोदयति ।

मधुकरिका – युज्यते, कुत्र शयनीयं रचितं भर्तृदारिकायाः ।

पद्मिनिका – समुद्रगृहके किल शय्यास्तीर्णा । गच्छेदानीं त्वम् । अहमपि भर्त्रे निवेदनार्थमार्यवसन्तकमन्विष्यामि ।

मधुकरिका – एवं भवतु । (निष्क्रान्ता)

पद्मिनिका – कुत्रेदानीमार्यवसन्तकं पश्यामि ।

(ततः प्रविशति विदूषकः)

विदूषकः - अद्य खलु देवीवियोगविधुरहृदयस्य तत्रभवतो वत्सराजस्य पद्मावतीपाणिग्रहण-समीरितस्या-त्यन्तसुखावहे मंगलोत्सवे मदनाग्निदाहोऽधिकतरं वर्धते। (पद्मिनिकां विलोक्य) अयि पद्मिनिका। पद्मिनिके, किमिह वर्तते।

पद्मिनिका - आर्य वसन्तक, किं न जानासि त्वं भर्तृदारिका पद्मावती शीर्षवेदनया दुःखितेति।

विदूषकः - भवति, सत्यं न जानामि।

पद्मिनिका - तेन हि भर्त्रे निवदयैनाम्। यावदहमपि शीर्षानुलेपनं त्वरयामि।

विदूषकः -कुत्र शयनीयं रचितं पद्मावत्याः।

पद्मिनिका - समुद्रगृहके किल शय्यास्तीर्णा।

विदूषकः - गच्छतु भवती। यावदहमपि तत्रभवते निवेदयिष्यामि। (निष्क्रान्तौ)

॥ इति प्रवेशकः ॥

(ततः प्रविशति राजा)

राजा - श्लाध्यामवन्तिनृपतेः सदृशीं तनूजां कालक्रमेण पुनरागतदारभारः।

लावाणके हुतवहेन हृताङ्गयष्टिं तां पद्मिनीं हिमहतामिव चिन्तयामि॥ १ ॥

(प्रविश्य)

विदूषकः - त्वरतां त्वरतां तावद् भवान्।

राजा - किमर्थम्।

विदूषकः - तत्रभवती पद्मावती शीर्षवेदनया दुःखिता।

राजा - कैवमाह।

विदूषकः - पद्मिनिकया कथितम्।

राजा - भोः, कष्टम्।

रूपश्रिया समुदितां गुणतश्च युक्तां लब्ध्वा प्रियां मम तु मन्द इवाद्य शोकः।

पूर्वाभिघातसरुजोऽप्यनुभूतदुःखः पद्मावतीमपि तथैव समर्थयामि॥ २ ॥

अथ कस्मिन् प्रदेशे वर्तते पद्मावती ?

विदूषकः – समुद्रगृहके किल शय्यास्तीर्णा।

राजा – तेन हि तस्य मार्गमादेशय।

विदूषकः – एत्वेतु भवान्। (उभौ परिक्रामतः)

विदूषकः – इदं समुद्रगृहकम्। प्रविशतु भवान्।

राजा – पूर्वं प्रविश।

विदूषकः – भोः, तथा। (प्रविश्य) अविधा, तिष्ठतु तिष्ठतु तावद् भवान्।

राजा – किमर्थम्।

विदूषकः – एष खलु दीपप्रभावसूचितरूपो वसुधातलपरिवर्तमानोऽयं काकोदरः।

राजा – (प्रविश्यावलोक्य सस्मितम्) अहो सर्पव्यक्तिर्वैधेयस्य।

ऋज्वायतां हि मुखतोरणलोलमालां, भ्रष्टां क्षितौ त्वमवगच्छसि मूर्ख सर्पम्।

मन्दानिलेन निशि या परिवर्तमाना, किंचित् करोति भुजगस्य विचेष्टितानि ॥ ३ ॥

विदूषकः – (निरूप्य) सुष्ठु भवान् भणति। न खल्वयं काकोदरः। (प्रविश्यावलोक्य) तत्रभवती पद्मावतीहागत्य निर्गता भवेत्।

राजा –वयस्य, अनागतया भवितव्यम्।

विदूषकः – कथं भवान् जानाति ?

राजा –किमत्र ज्ञेयम्। पश्य,

शय्या नावनता तथास्तृतसमा न व्याकुलप्रच्छदा

न क्लिष्टं हि शिरोपधानममलं शीर्षाभिघातौषधैः।

रोगे दृष्टिविलोभनं जनयितुं शोभा न काचित् कृता

प्राणी प्राप्य रुजा पुनर्न शयनं शीघ्रं स्वयं मुञ्चति ॥ ४ ॥

विदूषकः – तेन ह्यस्यां शय्यायां मुहूर्तकमुपविश्य तत्रभवतीं प्रतिपालयतु भवान्।

राजा – बाढम्। (उपविश्य) वयस्य, निद्रा मां बाधते। कथ्यतां काचित् कथा।

विदूषकः – अहं कथयिष्यामि। हां इति करोत्वत्रभवान्।

राजा –बाढम् ।

विदूषकः – अस्ति नगर्युज्जयिनी नाम । तत्राधिकरमणीयान्युदकस्नानानि वर्तन्ते किल ।

राजा – कथमुज्जयिनी नाम ।

विदूषकः – यद्यनभिप्रेतैषा कथा, अन्यां कथयिष्यामि ।

राजा – वयस्य, न खलु नाभिप्रेतैषा कथा । किं तु,

स्मराम्यवन्त्याधिपतेः सुतायाः प्रस्थानकाले स्वजनं स्मरन्त्याः ।

बाष्पं प्रवृत्तं नयनान्तलग्नं स्नेहान्ममैवोरसि पातयन्त्याः ॥ ५ ॥

अपि च –

बहुशोऽप्युपदेशेषु यया मामीक्षमाणया ।

हस्तेन स्रस्तकोणेन कृतमाकाशवादितम् ॥ ६ ॥

विदूषकः – भवतु, अन्यां कथयिष्यामि । अस्ति नगरं ब्रह्मदत्तं नाम । तत्र किल राजा काम्पिल्यो नाम ।

राजा – किमिति किमिति ।

विदूषकः – (पुनस्तदेव पठति)

राजा –मूर्ख, राजा ब्रह्मदत्तः, नगरं काम्पिल्यमित्यभिधीयताम् ।

विदूषकः – किं राजा ब्रह्मदत्तः, नगरं काम्पिल्यम् ।

राजा –एवमेतत् ।

विदूषकः – तेन हि मुहूर्तकं प्रतिपालयतु भवान् यावदोष्ठगतं करिष्यामि । राजा ब्रह्मदत्तः नगरं काम्पिल्यम् । (बहुशस्तदेव पठित्वा) इदानीं शृणोतु भवान् । अयि, सुप्तोऽत्रभवान् । अतिशीतलेयं वेला । आत्मनः प्रावारकं गृहीत्वागमिष्यामि ।

(निष्क्रान्तः)

- **ગુજરાતી ભાષાન્તર**

(ત્યારબાદ પદ્મિનિકા પ્રવેશે છે)

પદ્મિનિકા – મધુકરિકા ! મધુકરિકા ! ઝડપથી અહીં આવ.

મધુકરિકા- (પ્રવેશીને) સખી ! આ રહી હું. બોલ શું કરું ?

પદ્મિનિકા – સખી ! શું તું જાણતી નથી કે રાજકુમારી પદ્માવતી શિરોવેદનાથી દુ:ખી છે ?

મધુકરિકા – હાય હાય !

પદ્મિનિકા – સખી ! જલદી જા, આર્યા આવન્તિકાને બોલાવી લાવ. માત્ર રાજકુમારીજીની શિરોવેદના વિશે જ જણાવજે. આથી જાતે જ આવી જશે.

મધુકરિકા – સખી ! તે શું કરશે ?

પદ્મિનિકા – તે હાલ તુરત પોતાની મીઠી વાતો વડે રાજકુમારીની શિરોવેદનાને હળવી બનાવશે.

મધુકરિકા – યોગ્ય છે. રાજકુમારીજીની શય્યા ક્યાં બનાવવામાં આવી છે ?

પદ્મિનિકા – સમુદ્રગૃહમાં જ શય્યા બિછાવવામાં આવી છે. હવે તું જા. હું પણ મહારાજને જણાવવા માટે આર્ય વસન્તકને શોધું.

મધુકરિકા – એમ જ થાઓ. (જાય છે)

પદ્મિનિકા – હવે અત્યારે આર્ય વસન્તકને ક્યાં શોધું ?

(ત્યારબાદ વિદૂષક પ્રવેશે છે)

વિદૂષક – આજે પદ્માવતી સાથેના લગ્નરૂપી અત્યંત સુખકારક મંગલ ઉત્સવ પ્રસંગે દેવી(વાસવદત્તા)ના વિયોગમાં ઉદ્વિગ્ન હૃદયવાળા મહારાજ વત્સરાજના પદ્માવતી સાથે પાણિગ્રહણને લીધે પ્રેરાયેલા (વાસવદત્તા પ્રત્યેના) પ્રણય-અગ્નિનો દાહ વધારે પડતો ઉદ્દીપિત થઈ રહ્યો છે. (પદ્મિનિકાને જોઈને) અરે ! પદ્મિનિકા. પદ્મિનિકા ! અહીં શું કામ છે ?

પદ્મિનિકા – આર્ય વસન્તક ! શું તમે નથી જાણતા ? રાજકુમારી પદ્માવતી શિરોવેદનાથી પીડાય છે ?

વિદૂષક – શ્રીમતી ! ખરેખર નથી જાણતો.

પદ્મિનિકા – તો પછી સ્વામીને જઈને આ વિશે જણાવો. ત્યાં સુધીમાં હું માથે લગાડવાનો લેપ ઝડપથી તૈયાર કરાવું.

વિદૂષક – પદ્માવતી માટેની શય્યા ક્યાં રચવામાં આવી છે ?

પદ્મિનિકા – સમુદ્રગૃહમાં શય્યા રચવામાં આવી છે.

વિદૂષક – આપ જાઓ. ત્યાં સુધીમાં હું પણ મહારાજને જાણ કરું છું.

(બન્ને જાય છે)

પ્રવેશક સમાપ્ત

(ત્યારબાદ રાજા પ્રવેશે છે)

રાજા – જેના પર સમયના ક્રમથી ફરીને પત્નીરૂપી જવાબદારી આવી છે તેવો હું, લાવાણકમાં અગ્નિ દ્વારા જેની શરીરયષ્ટિ હરી લેવામાં આવી છે તેવી, પ્રશંસનીય શોભા ધરાવતી અવન્તીરાજપુત્રી (વાસવદત્તા) જેવી સુંદરી કે જે હિમ વડે નષ્ટ કરવામાં આવેલી કમલિની જેવી છે તેને યાદ કરું છું. (૧)

(પ્રવેશીને)

વિદૂષક – અરે આપ શ્રીમાન્ જલદી કરો. જલદી કરો.

રાજા – શા માટે ?

વિદૂષક – માનનીયા પદ્માવતી શિરોવેદનાથી દુઃખિત છે.

રાજા – આવું કોણ કહે છે ?

વિદૂષક – પદ્મિનિકાએ કહ્યું.

રાજા – ઓહો. કષ્ટનો વિષય છે ...

રૂપ શોભાથી અલંકૃત અને ગુણોથી યુક્ત એવી પ્રિયાને સાંપડીને આજે જાણે મારો શોક થોડો હળવો બન્યો હતો. પહેલાનો ઘા હજુ એમ જ છે ત્યાં પહેલાંથી જ દુઃખનો અનુભવ કરેલો એવો હું પદ્માવતીને પણ તેવી જ સમજું છું. (૨)

ભલે. પદ્માવતી કઈ જગ્યાએ છે ?

વિદૂષક – સમુદ્રગૃહમાં શય્યા રચવામાં આવી છે.

રાજા – તો પછી ત્યાંનો માર્ગ બતાવ.

વિદૂષક – આવો આપશ્રી આ તરફ આવો.

(બંને પરિક્રમા કરે છે)

*વિદૂષક – આ રહ્યું સમુદ્રગૃહ. આપ પ્રવેશકરો.*

*રાજા – પહેલાં તુ પ્રવેશકર.*

*વિદૂષક – ભલે. એમ કરીએ. (પ્રવેશીને) બાપરે ! ઊભા રહો, ઊભા રહો. આપશ્રી ત્યાં જ રહો.*

*રાજા – શા માટે ?*

*વિદૂષક – આ પૃથ્વી પર પડેલો આમતેમ હલનચલન કરતો, દીવાના પ્રકાશને લીધે જેનું રૂપ છતું થયેલું છે તેવો આ કાકોદર (સર્પ) જણાય છે.*

*રાજા – (પ્રવેશીને, જોઈને, હસતાંહસતાં) ઓહો ! આ મૂર્ખની સર્પભ્રમણા.*

*અરે મૂર્ખ ! તું સીધી, ફેલાયેલી, ભૂમિ પર પડી ગયેલી બારણાની તોરણમાળાને સર્પ સમજે છે. જે રાતના સમયે ધીમો પવન વહેવાને લીધે હલનચલન કરીને સર્પ જેવી ચેષ્ટાઓ કરે છે. (૩)*

*વિદૂષક – (સારી રીતે જોઈને) આપશ્રી સાચું કહો છો. આ ચોક્કસ સર્પ નથી. (પ્રવેશીને, જોઈને) માનનીયા પદ્માવતી અહીં આવીને જતા રહ્યા લાગે છે.*

*રાજા – મિત્ર ! તે (પદ્માવતી) આવ્યા જ નહીં હોય.*

*વિદૂષક – આપ કેવી રીતે જાણો છો ?*

*રાજા – આમાં સમજવા જેવું શું છે ? જો –*

*શય્યા નમેલી નથી, જેવી હતી તેવી જ સમાંતર છે, ઓછાડ ચોળાયેલો (વિખરાયેલો) નથી, મસ્તક પર લગાડવાના ઔષધોને કારણે સ્વચ્છ ઓશીકું મલિન બન્યું નથી, રોગમાં આંખને આકર્ષિત કરવા માટે કોઈ શોભા કરવામાં આવી નથી, અને વળી, પ્રાણી બીમાર પડ્યા પછી પોતાની શય્યા બહુ ઝડપથી જાતે છોડતો નથી. (૪)*

*વિદૂષક – તો પછી આ પથારીમાં થોડીવાર બેસીને આપ શ્રીમાન તેણીની રાહ જુઓ.*

*રાજા – ભલે. (બેસીને) મિત્ર ! મને ઊંઘ સતાવે છે. કોઈ વાર્તા કહો.*

*વિદૂષક – હું વાર્તા કહીશ. તમે હોંકારો ભણજો*

*રાજા – ભલે.*

વિદૂષક – એક ઉજ્જયિની નામની નગરી હતી. ત્યાં ઘણાં બધાં અત્યંત રમણીય સ્નાનઘર હતાં.

રાજા – શું. ઉજ્જયિની. એમ !

વિદૂષક – જો આ વાર્તા આપને ન ગમતી હોય તો બીજી કહું ?

રાજા – મિત્ર ! આ વાર્તા નથી ગમતી એવું નથી. પરંતુ – (ઉજ્જયિનીનું નામ આવવાથી)

જતી વેળાએ સ્વજનોનું સ્મરણ કરતી, આંખના છેડે બાઝી રહેલા આંસુઓને પ્રેમને લીધે મારા જ વક્ષઃસ્થલ પર પાડી રહેલી અવન્તિરાજની પુત્રીનું સ્મરણ થઈ આવે છે.

અને વળી,

(વીણા શીખતી વખતે) અનેકવાર મને જોઈ રહેલી તેણે (વીણા સરકી જવાને લીધે) ખાલી વાંકા વાળેલા હાથ વડે આકાશમાં વીણાવાદન કર્યું હતું. (તે યાદ આવે છે.)

વિદૂષક – ભલે. બીજી વાર્તા કહીશ. એક બ્રહ્મદત્ત નામનું નગર હતું. તેમાં કામ્પિલ્ય નામનો રાજા (રહેતો) હતો.

રાજા – શું કહ્યું ? શું કહ્યું ?

વિદૂષક – (ફરીથી એ જ પ્રમાણે બોલે છે)

રાજા – મૂર્ખ ! રાજા બ્રહ્મદત્ત અને કામ્પિલ્ય નામનું નગર એમ કહેવું જોઈએ.

વિદૂષક – શું ? રાજા બ્રહ્મદત્ત અને નગર કામ્પિલ્ય એમ !

રાજા – આ એમ જ.

વિદૂષક – તો પછી આપશ્રી થોડીવાર રાહ જુઓ, ત્યાંસુધીમાં હું તે યાદ કરી લઉં. રાજા બ્રહ્મદત્ત અને નગર કામ્પિલ્ય. (આવું અનેકવાર બોલીને) હવે આપશ્રી સાંભળો. અરે ! મહારાજ ઊંઘી ગયા ! અત્યારે ખુબ જ ઠંડી છે. તો હું મારી શાલ લઈ આવું.

(જાય છે)

## 3.3 टिप्पण:

### 3.3.1 अन्वय:

*श्लोक: - १ — कालक्रमेण पुनरागतदारभार: (अहं) हिमहतां पद्मिनीम् इव लावाणके हुतवहेन ह्रतांगयष्टिं ताम् अवन्तिनृपते: श्लाघ्यां सदृशीं तनूजां चिन्तयामि ।*

*श्लोक: - २ — रूपश्रिया समुदितां गुणत: युक्तां च प्रियां लब्ध्वा पूर्वाभिघातरुज: अपि मम शोक: अद्य मन्द: इव (जात:)। अनुभूतदु:ख: पद्मावतीम् अपि तथैव समर्थयामि ।*

*श्लोक: - ३ - मूर्ख ! क्षितौ भ्रष्टां, ऋज्वायतां, मुखतोरणलोलमालां त्वं सर्पम् अवगच्छसि । या (माला) निशि मन्दानिलेन परिवर्तमाना किंचित् भुजगस्य विचेष्टितानि करोति ।*

*श्लोक: - ४ — शय्या अवनता न, व्याकुलप्रच्छदा च न, आस्तृतसमा विद्यते । अमलं शिरोपधानं हि शीर्षाभिघातौषधै: क्लिष्टं न । रोगे दृष्टिविलोभनं जनयितुं काचित् शोभा न कृता । प्राणी रुजा शयनं प्राप्य पुन: स्वयं शीघ्रं न मुञ्चति ।*

*श्लोक: - ५ — प्रस्थानकाले स्वजनं स्मरन्त्या: प्रवृत्तं नयनान्तलग्नं बाष्पं स्नेहात् मम एव उरसि पातयन्त्या: अवन्त्यधिपते: सुताया: स्मरामि ।*

*श्लोक: - ६ - उपदेशेषु माम् ईक्षमाणया यया स्रस्तकोणेन हस्तेन बहुश: आकाशवादितं कृतम् ।*

### 3.3.2 શબ્દાર્થ —

*युज्यते — બરાબર છે, યોગ્ય છે*

*आस्तीर्णा — પાથરેલી*

*मदनाग्निदाह: - પ્રણયરૂપી અગ્નિની વેદના - દાહ*

*शीर्षानुलेपनम् — માથે લગાડવાનું ઔષધ - લેપ*

*हुतवहेन — અગ્નિ વડે*

*हिमहताम् — બરફથી ઘવાયેલી*

*अनुभूतदु:ख: - જેણે દુ:ખ અનુભવેલું છે તેવો*

*समर्थयामि - માનું છું, સમર્થન કરું છું*

*वसुधातले – પૃથ્વી પર*

*काकोदरः - વાંકું ચુકું છે ઉદર – પેટ જેનું તેવો - સર્પ*

*वैधेयः - મૂર્ખ*

*शिरोपधानम् – ઓશીકું*

*प्रतिपालयतु – રાહ જુઓ*

*आकाशवादितम् – ખાલી હાથે (વીણા હાથમાં ન હોવા છતાં) વગાડી (વગાડતી હોય તેવો અભિનય કર્યો)*

*ओष्ठगतम् – મોઢે કરવું, કંઠસ્થ કરવું, યાદ કરવું*

3.3.3 *વ્યાકરણ –*

- *સન્ધિ –*

- ***ગુણસન્ધિ –*** *गच्छेदानीम् – गच्छ + इदानीम् (अ+इ), मङ्गलोत्सवे - मङ्गल + उत्सवे (अ + उ), दुःखितेति - दुःखिता + इति (आ +इ)*

- ***દીર્ઘસન્ધિ –*** *शय्यास्तीर्णा – शय्या + आस्तीर्णा (आ + आ), मन्दानिलेन - मन्द + अनिलेन (अ + अ)*

- ***વૃદ્ધિસન્ધિ –*** *निवेदयैनाम् – निवेदय+एनाम् (अ+ए), तथैव - तथा + एव (आ + ए)*

- ***યણ્સન્ધિ –*** *एत्वेतु - एतु + एतु (उ - व् + ए), खल्वयम् - खलु + अयम् (उ - व् + अ), नगर्युज्जयिनी – नगरी + उज्जयिनी (ई - य् + उ),*

- ***વ્યંજનસન્ધિ –*** *तावच्छीघ्रम् - तावत् + शीघ्रम् (त् - च् + श् – छ्) (श्चुत्व + छत्व)*

- ***વિસર્ગસન્ધિ –*** *कथाभिर्भर्तृदारिकायाः - कथाभिः + भर्तृदारिकायाः (विसर्ग – रेफ), बहुशोऽप्युपदेशेषु – बहुशः+अपि+उपदेशेषु (विसर्ग - ओ+अ - पूर्वरूप+यणसन्धि (इ-य् +उ))*

- ***સમાસ –***

*पुनरागतदारभारः - पुनः आगतः दाररूपः भारः यस्मिन् सः ।*

*देवीवियोगविधुरहृदयस्य –देव्याः वियोगः, तेन विधुरं हृदयं यस्य सः, तस्य ।*

*पद्मावतीपाणिग्रहणसमीरितस्य - पद्मावत्या: पाणिग्रहणेन समीरित:, तस्य ।*

*हृतांगयष्टिम् — हृता अंगयष्टि: यस्या: सा, ताम् ।*

*पूर्वाभिघातसरुज: - पूर्वेण अभिघातेन सरुक् (रुजा सहित:) इति तादृश: । (मम शोक: इत्यनेन अन्वय:)*

*अनुभूतदु:ख: - अनुभूतं दु:खं येन स: ।*

*दीपप्रभावसूचितरूप: - दीपस्य प्रभावेण सूचितं रूपं यस्य स: ।*

*शीर्षाभिघातौषधै: - शीर्षस्य अभिघाताय निर्मितानि औषधानि तै: ।*

*दृष्टिविलोभनम् — दृष्ट्या: विलोभनम् ।*

*विरहपर्युत्सुकस्य - विरहेण पर्युत्सक: तस्य ।*

*निवृत्तरोगया - निवृत्त: रोग: यस्या: सा ।*

## 3.4 તમારી પ્રગતિ ચકાસો :

**- નીચેના પ્રશ્નોના એક —બે વાક્યમાં ઉત્તર આપો**

૧) આવન્તિકા કોનું નામ છે ?

૨) વિદૂષકને કોની રુગ્ણતા વિશે કોણ જણાવે છે ?

૩) શય્યા ક્યાં પાથરવામાં આવી છે ?

૪) વિદૂષક કોનાથી ડરી જાય છે ? શા કારણે ?

૫) વિદૂષક બીજી વાર્તામાં શી ભૂલ કરે છે ?

- નીચેની ઉક્તિ કોણ બોલે છે તે જણાવો

१) इदं समुद्रगृहकम् । प्रविशतु भवान् ।

२) अहो सर्पव्यक्तिर्वैधेयस्य ।

३) हला ! इयमस्मि । किं क्रियताम् ?

४) यावदहमपि शीर्षानुलेपनं त्वरयामि ।

- નીચેના શ્લોકોની પૂર્તિ કરો

१) श्लाघ्याम् —————————————— ।

——————————————————चिन्तयामि ॥

२) ऋज्वायतां हि मुख —————————————— ।

——————————————————विचेष्टितानि ॥

३) शय्या नावनता ——————————————

—————————————————— ।

——————————————————

——————————————————मुञ्चति ॥

એકમ 4

# स्वप्नवासवदत्तम्-पञ्चमोऽङ्कः उत्तरार्धः

## : રૂપરેખા :

4.0 ઉદ્દેશ્ય
4.1 પ્રસ્તાવના
4.2 મૂળગ્રંથ અને અનુવાદ
4.3 ટિપ્પણ
4.4 તમારી પ્રગતિ ચકાસો

## 4.0 ઉદ્દેશ્ય :

*વિદ્યાર્થીમિત્રો, તમારા અભ્યાસક્રમના નિયત એકમમાં અધ્યાપન દ્વારા તમે કયા દષ્ટિબિંદુથી જે તે એકમનો અભ્યાસ કરવાના છો તે પ્રત્યેક એકમના પ્રારંભમાં જ તમને જણાવવામાં આવે છે. પ્રથમવર્ષના અભ્યાસક્રમના પેપર નં.2માં તમારે સંસ્કૃત નાટ્ય,સ્તોત્ર અને મુક્તક કાવ્યોનો અભ્યાસક્રમ ભણવાનો છે. તેના દ્વિતીય વિભાગ નાટ્યસાહિત્ય અંતર્ગત સ્વપ્નવાસવદત્તમ્‌નો અભ્યાસ અપેક્ષિત છે. પ્રસ્તુત એકમ અંતર્ગત ભાસકૃત સ્વપ્નવાસવદત્તમ્ નાટકના પંચમઅંકના ઉત્તરાર્ધનો પરિચય કરાવવામાં આવી રહ્યો છે. આ નિયત અભ્યાસક્રમ માટેના કેટલાક ખાસ ઉદ્દેશ્યો છે, જેમ કે—*

- *વિદ્યાર્થીઓ સંસ્કૃત નાટ્યસાહિત્યનો પરિચય પ્રાપ્ત કરે.*
- *વિદ્યાર્થીઓ સંસ્કૃત સાહિત્યમાં નિહિત મૂલ્યોને ઓળખે.*
- *વિદ્યાર્થીઓ સ્વપ્નવાસવદત્તમ્‌ની પાત્રસૃષ્ટિને ઓળખે.*
- *વિદ્યાર્થીઓ અંક - 5ના કથાવસ્તુથી ભારતીય મૂલ્યોનો બોધ પ્રાપ્ત કરે.*

## 4.1 प्रस्तावना

*આ પાઠ્યાંશમાં સ્વપ્નવાસવદત્તમ્ નાટકના પાંચમા અંકનો ઉત્તરાર્ધ મૂકવામાં આવ્યો છે. અહીં ઉદયનના સમુદ્રગૃહમાં એકલા હોવાના સમયે જ ત્યાં ચેટી વાસવદત્તાને મૂકીને પોતે શિરોવેદના માટે તૈયાર કરવા આપેલ લેપ લેવા જાય છે એમ કહી નીકળી જાય છે. હવે સમુદ્રગૃહમાં વાસવદત્તા અને ઉદયન એક-બીજાથી અજાણ સ્થિતિમાં વિદ્યમાન છે. શય્યા પર સુતેલા ઉદયનને પદ્માવતી સમજીને વાસવદત્તા ત્યાં બેસવા – ઊંઘવા જાય છે પરંતુ ત્યાં તો રાજા સ્વપ્નમાં જ વાસવદત્તાને યાદ કરીને બોલાવે છે. પોતાની ઓળખ છતી થઈ જવાના ભયથી વાસવદત્તા ચમકીને ઊઠી જાય છે પરંતુ ઉદયનને ઊંઘતો જાણી આશ્વસ્ત બને છે.*

આ સમયે ત્યાં અન્ય કોઈ ન હોવાથી થોડી ક્ષણો પોતાના પ્રિયતમ સાથે વિતાવવાની લાલચ વાસવદત્તા રોકી શકતી નથી. અને ઊંઘતા ઉદયન અને જાગૃત વાસવદત્તા વચ્ચે અનેરો સંવાદ શરૂ થાય છે જે પ્રેક્ષકોને આનંદ અને ઉત્તેજના પૂરા પાડે છે.

વધુ સમય સુધી ત્યાં રહેવું ઉચિત ન જણાતા વાસવદત્તા ત્યાંથી જવા પગલું ભરે છે પરંતુ જતાં જતાં શય્યામાંથી નીચેની તરફ ઢળી ગયેલો ઉદયનનો હાથ સરખો કરતી જાય છે. જેને કારણે ઉદયન સફાળો જાગી જાય છે અને વાસવદત્તાને પકડવા જાય છે પરંતુ બારણા સાથે અથડાતાં સ્વપ્ન હતું કે વાસ્તવિકતા એની અસમંજસમાં ત્યાં જ બેસી જાય છે.

એ જ સમયે ત્યાં શાલ લઈ પાછા આવેલા વિદૂષકને તે સમગ્ર ઘટના જણાવે છે ત્યારે તેની વાતને ઉડાવી દેતાં વિદૂષક કહે છે કે વાસવદત્તા તો ઘણા સમયથી મૃત્યુ પામી છે. પરંતુ ઉદયન તેની વાત માનવા તૈયાર થતો નથી. અને કહે છે કે રુમણ્વાને તેને છેતર્યો છે. અને જો આ સ્વપ્ન હોય તો મને ચિરકાલ સુધી આ સ્વપ્ન જ રહેજો. એમ કહી ફરીને ઊંઘવા જાય છે.

આ  જ સમયે કાંચુકીય આવીને મગધરાજ દ્વારા વત્સદેશને પ્રાપ્ત કરવા માટે યુદ્ધની પૂર્વતૈયારીની જાણ કરતાં રાજાને અગ્રેસર થવા જાણ કરે છે. પોતાના કર્તવ્ય પ્રત્યે દૃઢનિષ્ઠાવાળો રાજા બધી જ નિરાશાઓને ખંખેરી વીરભાવમાં પોતાના શત્રુ આરુણીને હરાવવા કૃતનિશ્ચયી બને છે. અહીં અંક પૂરો થાય છે. નાટ્યાત્મક ઉતાર ચડાવથી ભરપૂર આ અંક પ્રેક્ષકોને જકડી રાખવામાં સફળ રહે તેવો છે. આથી જ કદાચ કવિ ભાસે નાટકનું આ દૃશ્યના આધારે નામકરણ કર્યું હોય તેવું જણાય છે.

## 4.2 पञ्चमोऽङ्कः – મૂળગ્રંથ અને અનુવાદ

*(ततः प्रविशति वासवदत्ता आवन्तिकावेषेण चेटी च)*

*चेटी — एत्वेत्वार्या । दृढं खलु भर्तृदारिका शीर्षवेदनया दुःखिता ।*

*वासवदत्ता – हा धिक्, कुत्र शयनीयं रचितं पद्मावत्याः ?*

*चेटी — समुद्रगृहके किल शय्यास्तीर्णा ।*

*वासवदत्ता – तेन ह्यग्रतो याहि ।*

*(उभे परिक्रामतः)*

*चेटी – इदं समुद्रगृहकम् । प्रविशत्वार्या । यावदहमपि शीर्षानुलेपनं त्वरयामि ।*

वासवदत्ता - अहो, अकरुणाः खल्वीश्वरा मे । विरहपर्युत्सुकस्यार्यपुत्रस्य विश्रामस्थानभूतेयमपि नाम पद्मावत्यस्वस्था जाता । यावत् प्रविशामि (प्रविश्यावलोक्य) अहो परिजनस्य प्रमादः । अस्वस्थां पद्मावतीं केवलं दीपसहायां कृत्वा परित्यजति । इयं पद्मावत्यवसुप्ता । यावदुपविशामि । (उपविश्य) अथवान्यासनपरिग्रहेणाल्प इव स्नेहः प्रतिभाति । तदस्यां शय्यायामुपविशामि । किं नु खल्वेतया सहोपविशन्त्या अद्य प्रह्लादितमिव मे हृदयम् । दिष्ट्या अविच्छिन्नसुखनिःश्वासा । निवृत्तरोगया भवितव्यम् । अथवैकदेशसंविभागतया शयनीयस्य सूचयति मामालिङ्गेति । यावच्छयिष्ये । (शयनं नाटयति )

राजा - (स्वप्नायते) हा वासवदत्ते ।

वासवदत्ता - (सहसोत्थाय) हम्, आर्यपुत्रः, न खलु पद्मावती । किं नु खलु दृष्टास्मि । महान् खल्वार्ययौगन्धरायणस्य प्रतिज्ञाभारो मम दर्शनेन निष्फलः संवृत्तः ।

राजा - हा अवन्तिराजपुत्रि !

वासवदत्ता - दिष्ट्या स्वप्नायते खल्वार्यपुत्रः । नात्र कश्चिज्जनः । यावन्मुहूर्तकं स्थित्वा दृष्टिं हृदयं च तोषयामि ।

राजा - हा प्रिये, हा प्रियशिष्ये, देहि मे प्रतिवचनम् ।

वासवदत्ता - आलपामि भर्तः, आलपामि ।

राजा - किं कुपितासि ।

वासवदत्ता - न हि न हि, दुःखितास्मि ।

राजा - यद्यकुपिता, किमर्थं नालंकृतासि ।

वासवदत्ता - इतः परं किम् ?

राजा - किं विरचिकां स्मरसि ?

वासवदत्ता - (सरोषम्) आ अपेहि, इहापि विरचिका ?

राजा - तेन हि विरचिकार्थं भवतीं प्रसादयामि । (हस्तौ प्रसारयति)

वासवदत्ता - चिरं स्थितास्मि । कोऽपि मां पश्येत् । तद् गमिष्यामि । अथवा शय्याप्रलम्बितमार्यपुत्रस्य हस्तं शयनीय आरोप्य गमिष्यामि । (तथा कृत्वा निष्क्रान्ता)

राजा - (सहसोत्थाय) वासवदत्ते, तिष्ठ तिष्ठ । हा धिक् ।

*निष्क्रामन् संभ्रमेणाहं द्वारपक्षेण ताडितः ।*

*ततो व्यक्तं न जानामि भूतार्थोऽयं मनोरथः ॥ ७ ॥*

*(प्रविश्य)*

*विदूषकः – अयि, प्रतिबुद्धोऽत्रभवान् ।*

*राजा – वयस्य, प्रियमावेदये । धरते खलु वासवदत्ता ।*

*विदूषकः – अविधा वासवदत्ता । कुत्र वासवदत्ता । चिरात् खलूपरता वासवदत्ता ।*

*राजा –वयस्य, मा मैवम् ।*

*शय्यायामवसुप्तं मां बोधयित्वा सखे गता ।*

*दग्धेति ब्रुवता पूर्वं वञ्चितोऽस्मि रुमण्वता ॥ ८ ॥*

*विदूषकः – अविधा, असंभावनीयमेतत् । आ, उदकस्नानसंकीर्तनेन तत्रभवतीं चिन्तयता सा स्वप्ने दृष्टा भवेत् ।*

*राजा – एवं मया स्वप्नो दृष्टः ।*

*यदि तावदयं स्वप्नो धन्यमप्रतिबोधनम् ।*

*अथायं विभ्रमो वा स्याद् विभ्रमो ह्यस्तु मे चिरम् ॥ ९ ॥*

*विदूषकः – मा इदानीं भवान् आत्मानमपहसनीयं कर्तुम् । किन्तु अस्मिन् राजकुलेऽवन्तिसुन्दरी नाम यक्षिणी प्रतिवसति । सा त्वया दृष्टा भवेत् ।*

*राजा – न, न ।*

*स्वप्नस्यान्ते विबुद्धेन नेत्रविप्रोषिताञ्जनम् ।*

*चारित्रमपि रक्षन्त्या दृष्टं दीर्घालकं मुखम् ॥ १० ॥*

*अपि च वयस्य, पश्य पश्य ।*

*योऽयं संत्रस्तया देव्या तया बाहुर्निपीडितः ।*

*स्वप्नेऽप्युत्पन्नसंस्पर्शो रोमहर्षं न मुञ्चति ॥ ११ ॥*

*विदूषकः – मेदानीं भवाननर्थं चिन्तयित्वा । एत्वेतु भवान् । चतुःशालं प्रविशावः ।*

(प्रविश्य)

काञ्चुकीय: - जयत्वार्यपुत्र: । अस्माकं महाराजो दर्शको भवन्तमाह 'एष खलु भवतोऽमात्यो रुमण्वान् महता बलसमुदयेनोपयात: खल्वारुणिमभिघातयितुम् । तथा हस्त्यश्वरथपदातीनि मामकानि विजयाङ्गानि सन्नद्धानि । तदुत्तिष्ठतु भवान् । अपि च,

भिन्नास्ते रिपवो भवद्गुणरता: पौरा: समाश्वासिता:

पार्ष्णी यापि भवत्प्रयाणसमये तस्या विधानं कृतम् ।

यद् यत् साध्यमरिप्रमाथजननं तत् तन्मयानुष्ठितं

तीर्णा चापि बलैर्नदी त्रिपथगा वत्साश्च हस्ते तव ॥ १२ ॥

राजा - (उत्थाय) बाढम् । अयमिदानीम्,

उपेत्य नागेन्द्रतुरंगतीर्णे तमारुणिं दारुणकर्मदक्षम् ।

विकीर्णबाणोग्रतरङ्गभङ्गे महार्णवाभे युधि नाशयामि ॥ १३ ॥

(निष्क्रान्ता: सर्वे)

॥ इति पञ्चमोऽङ्क: ॥

• **ગુજરાતી ભાષાન્તર**

(ત્યારબાદ આવન્તિકા વેશ ધારણ કરેલી વાસવદત્તા અને ચેટી પ્રવેશે છે)

ચેટી – આવો આવો આર્યા ! રાજકુમારીજી શિરોવેદનાથી અત્યંત પીડાય છે.

વાસવદત્તા – હાય રે ! પદ્માવતી માટે શય્યા ક્યાં બનાવવામાં આવી છે ?

ચેટી – સમુદ્રગૃહમાં શય્યા બિછાવવામાં આવી છે.

વાસવદત્તા – તો પછી આગળ ચાલો.

(બંને પરિક્રમા કરે છે)

ચેટી – આ સમુદ્રગૃહ છે. આપ પ્રવેશ કરો. ત્યાં સુધી હું મસ્તક પર લગાવવાનો લેપ બનાવવામાં ઉતાવળ કરાવું છું. (જાય છે)

વાસવદત્તા – અહો ! મારા પ્રત્યે દેવતાઓ ખરેખર નિર્દય છે ! વિરહથી વ્યાકુળ બનેલા આર્યપુત્રને વિસામારૂપ બનેલી આ પદ્માવતી પણ અસ્વસ્થ બની ગઈ ! ભલે

ત્યારે અંદર જાઉં. (પ્રવેશીને, જોઈને) અરેરે ! સેવક લોકોની બેકાળજી કેવી છે ! બિમાર પદ્માવતીને કેવળ દીવાના સહારે એકલી છોડી દીધી ? આ સુતી પદ્માવતી. તો પછી અહી બેસું. (બેસીને) કે પછી બીજું આસન લેવાથી આત્મીયતા ઓછી હોય તેવું લાગે. આથી આ પથારીમાં જ બેસું. આની સાથે બેસવાથી મને હૃદય અત્યંત પ્રસન્ન થતું હોય તેવું કેમ જણાતું હશે ? સદ્ભાગ્યે તેણીના શ્વાસોચ્છ્વાસની ગતિ એકધારી છે. આથી (માનું છું કે) રોગ મટી ગયો હશે. આ (પથારીના) એક ભાગમાં જ સૂતી હોવાથી એવું લાગે છે જાણે - 'મને આલિંગન કર' એમ જણાવતી હોય. તો પછી શયન કરું. (શયન કરવાનો અભિનય કરે છે)

રાજા – (સ્વપ્ન જુએ છે) અરે વાસવદત્તા !

વાસવદત્તા – (સફાળી ઊભી થઈને) અરે ! આર્યપુત્ર છે ? પદ્માવતી નથી ? શું (તેમના દ્વારા હું) જોવાઈ ગઈ ? આર્ય યૌગન્ધરાયણનો ઉત્તમ પ્રતિજ્ઞાભાર મારા જોવાઈ જવાને લીધે વિફળ થઈ ગયો ?

રાજા – ઓ અવન્તિરાજપુત્રી !

વાસવદત્તા – સદ્ભાગ્યે આર્યપુત્ર સ્વપ્ન જુએ છે. અહીં કોઈ માણસ નથી. તો પછી થોડીવાર ઊભી રહીને મારી આંખો અને હૃદયને સંતોષ આપું.

રાજા – ઓ પ્રિયે ! હે પ્રિયશિષ્યા ! મને પ્રત્યુત્તર તો આપ.

વાસવદત્તા – આપું છું સ્વામી, આપું છું.

રાજા – શું ગુસ્સે છો ?

વાસવદત્તા – ના ના. દુઃખી છું.

રાજા – જો ગુસ્સે નથી તો પછી શણગાર કેમ કર્યા નથી ?

વાસવદત્તા – આથી વધારે શું હોય ?

રાજા – શું વિરચિકા યાદ છે ?

વાસવદત્તા – (ક્રોધપૂર્વક) આહ ! દૂર હટો. અહીં પણ વિરચિકા ?

રાજા – તો પછી વિરચિકાને લીધે જ (રિસાયેલી) આપને પ્રસન્ન કરું છું.

(બંને હાથ ફેલાવે છે)

વાસવદત્તા – ઘણા લાંબા સમય સુધી ઊભી રહી. મને કોઈ જોઈ જશે. આથી જાઉં. કે પછી, પથારીમાંથી નીચેની તરફ લંબાયેલા આર્યપુત્રના હાથને પથારીમાં ગોઠવીને જાઉં.

(તે પ્રમાણે કરીને જાય છે)

રાજા – (અચાનક ઊઠીને) વાસવદત્તા ! ઊભી રહે, ઊભી રહે !અરે રે !

રઘવાટમાં નીકળી રહેલો હું બારશાખ સાથે અથડાઈ ગયો, આથી સ્પષ્ટરૂપે જાણતો નથી કે આ હકીકત હતી કે મનની કલ્પના. (૭)

(પ્રવેશીને)

વિદૂષક – અરે ! આપશ્રી જાગી ગયા !

રાજા – મિત્ર ! ગમતા સમાચાર આપું. વાસવદત્તા જીવે છે.

વિદૂષક – અહોહો ! વાસવદત્તા ! ક્યાં છે વાસવદત્તા ! વાસવદત્તા તો ઘણા સમય પહેલાં મૃત્યુ પામી છે.

રાજા – મિત્ર ! આવું ન કહો !

હે મિત્ર ! પથારીમાં સુતેલા મને તે જગાડીને ગઈ. પહેલાં બળી ગઈ એવું કહેનારા રુમણ્વાન દ્વારા મને છેતરવામાં આવ્યો છે. (૮)

વિદૂષક – અરેરે ! આ અશક્ય છે. હા. સંભવ છે કે સ્નાનાગાર (વાળી વાર્તાનો ઉલ્લેખ) સાંભળીને તેણીનું ચિંતન કરતાં – કરતાં આપે તેને સ્વપ્નમાં જોઈ હોય.

રાજા – એમ ! મેં સ્વપ્ન જોયું ?

જો એ સ્વપ્ન હોય તો તેમાંથી ન જાગવું એ જ ઉત્તમ છે. અને જો એ મારો ભ્રમ હોય તો મને આ ભ્રમ ચિરકાલ સુધી જળવાયેલો રહો. (૯)

વિદૂષક – અત્યારે આપે આ રીતે પોતાની જાતને ઉપહાસને પાત્ર ન બનાવવી જોઈએ. પરંતુ આ રાજકુલમાં એક અવન્તિસુંદરી નામની યક્ષિણી નિવાસ કરે છે. એ આપે જોઈ હોવી જોઈએ.

રાજા – ના ના.

સ્વપ્નના અંતે જાગી ગયેલા મેં આંખમાંથી લુંછવામાં આવેલા કાજળવાળી, પોતાના ચારિત્ર્યનું રક્ષણ કરતી તેણીનું લાંબી લટવાળું મુખ જોયું. (૧૦)

અને વળી, મિત્ર આ જો જો.

ગભરાયેલી એવી તે મહારાણીએ આ મારો જે બાહુ દબાવ્યો હતો, તે સ્વપ્નમાં પણ પ્રાપ્ત થયેલા સ્પર્શનો રોમાંચ છોડતો નથી. (૧૧)

વિદૂષક – હવે આપ અર્થ વિનાનું વિચારવાનું રહેવા દો. આ તરફ આવો. આવો. આપણે ચોગાનમાં જઈએ.

(પ્રવિશ્ય)

કંચુકીય – આર્યપુત્રનો જય થાઓ. અમારા મહારાજ દર્શક આપને જણાવે છે કે – 'આ તરફ આરુણિને હરાવવા માટે આપનો અમાત્ય રુમણ્વાન્ વિશાળ સેના સાથે આવી પહોંચ્યો છે. તથા હાથી, ઘોડા, રથ અને પદાતિ એમ મારા પણ વિજય માટેના (સેનાના) અંગો સજ્જ છે. તો પછી આપ ઊભા થાઓ.' અને વળી –

આપના શત્રુઓમાં ભેદ ઊભો કરવામાં આવ્યો છે. આપના ગુણોનો આદર કરનારા નગરજનોને આશ્વાસન આપવામાં આવ્યું છે, આપના વિજયપ્રસ્થાન સમયે જે પડખે રહેનારા (રક્ષકો) તેની પણ ગોઠવણ કરવામાં આવી છે, જે કાંઈ શત્રુઓનો નાશ કરવા માટે આવશ્યક હતું તે બધું જ મેં ગોઠવી રાખ્યું છે, સૈન્યોએ ગંગાનદી પાર પણ કરી લીધી છે. અને હવે વત્સદેશ આપને હાથવેંતમાં જ છે. (૧૨)

રાજા – (ઊભા થઈને) સારું. આ હવે હું. –

શ્રેષ્ઠ હાથીઓ અને અશ્વો વડે પાર કરી શકાય તેવા તથા ઉગ્ર તરંગો જેવાં ફેંકવામાં આવેલા બાણોથી વિખરાયેલા મહાસાગર જેવા યુદ્ધમાં, ભયંકર કાર્ય કરવામાં કુશળ એવા આરુણિની સમક્ષ જઈને તેનો વિનાશ કરીશ.

(બધા જાય છે)

પાંચમો અંક સમાપ્ત

## 4.3 टिप्पणः

### 4.3.1 अन्वयः

श्लोकः – ૭ – संभ्रमेण निष्क्रामन् अहं द्वारपक्षेण ताडितः, ततः अयं भूतार्थः मनोरथः (वा) इति व्यक्तं न जानामि ।

श्लोकः – ૮ – सखे, शय्यायाम् अवसुप्तं मां बोधयित्वा गता । पूर्वं दग्धा इति ब्रुवता रुमण्वता (अहं) वञ्चितः अस्मि ।

*श्लोकः - ९ - यदि तावद् अयं स्वप्नः (तर्हि) अप्रतिबोधनं धन्यं भवेत् अथवा विभ्रमः स्यात्, तर्हि मे चिरम् विभ्रमः हि अस्तु ।*

*श्लोकः - १० — स्वप्नस्य अन्ते विबुद्धेन मया चारित्र्यम् अपि रक्षन्त्याः नेत्रविप्रोषिताञ्जनम् दीर्घालिकं मुखं दृष्टम् ।*

*श्लोकः - ११ - यः तया संत्रस्तया देव्या निपीडितः, स्वप्नेऽपि उत्पन्नसंस्पर्शः अयं (स) बाहुः रोमहर्षं न मुञ्चति ।*

*श्लोकः - १२ - ते रिपवः भिन्नाः, भवद्गुणरताः पौराः समाश्वासिताः, भवत्प्रयाणसमये या पार्ष्णी तस्याः अपि विधानं कृतम् । यद् यद् अरिप्रमाथजननं साध्यं तत् तद् मया अनुष्ठितम् । बलैः च त्रिपथगा नदी तीर्णा, वत्साः च तव हस्ते (सन्ति) ।*

*श्लोकः - १३ — नागेन्द्रतुरंगतीर्णे विकीर्णबाणोग्रतरंगभंगे महार्णवाभे उग्रदारुणकर्मदक्षं तम् आरुणिम् उपेत्य नाशयामि ।*

4.3.2 *શબ્દાર્થ* –

*विरहपर्युत्सुकस्य - વિરહથી દુ:ખી થયેલાનું*

*प्रमादः - આળસ, બેદરકારી*

*दीपसहायाम् — દીવાના આશ્રયે*

*प्रतिज्ञाभारः - પ્રતિજ્ઞાપાલનરૂપી મહત્ત્વનું કર્તવ્ય*

*प्रतिवचनम् — પ્રત્યુત્તર*

*प्रलम्बितम् — નીચેની તરફ લંબાયેલ - લટકેલ*

*संभ्रमेण - હડબડાહટ, ગભરાટ, રઘવાટ*

*भूतार्थः - નિશ્ચયપૂર્વક*

*प्रतिबुद्धः - જાગી ગયો*

*नेत्रविप्रोषिताञ्जनम् — આંજણ લૂછાઈ ગયેલી આંખોવાળું (મુખ)*

*रोमहर्षम् — રોમાંચ*

*पौराः - નગરજનો*

*पार्ष्णी – રાજાની બન્ને બાજુ રક્ષણ કરનારી સેના*

*बलैः - સેના વડે*

*महार्णवाभे – મહાસાગર સમાન*

4.3.3 *વ્યાકરણ –*

• ***सन्धि –***

- ***ગુણસન્ધિ –*** *सहोपविशन्त्या - सह + उपविशन्त्या (अ + उ), दग्धेति - दग्धा + इति (आ + इ)*

- ***દીર્ઘસન્ધિ –*** *दृष्टास्मि - दृष्टा + अस्मि (आ + अ), इहापि - इह + अपि (अ + अ)*

- ***यण्सन्धि –*** *खल्वेतया - खलु + एतया (उ + ए), यद्यकुपिता - यदि + अकुपिता (इ + अ), ह्यस्तु – हि + अस्तु (इ + अ)*

- ***વ્યંજનસન્ધિ –*** *कश्चिज्जनः - कश्चिद् + जनः ( द् - ज् + ज, श्चुत्व), यावन्मुहूर्तकम् - यावद् + मुहूर्तकम् (द् – न् + म, अनुनासिक), तन्मया - तद् + मया (द् – न् + म, अनुनासिक)*

- ***વિસર્ગસન્ધિ –*** *कोऽपि – कः + अपि (विसर्ग - ओ + अ - पूर्वरूप), वञ्चितोऽस्मि - वञ्चितः + अस्मि (विसर्ग - ओ + अ - पूर्वरूप), भिन्नास्ते – भिन्नाः + ते (विसर्ग – स् + त), वत्साश्च - वत्साः + च (विसर्ग – स् – श् + च)*

• ***સમાસ –***

*अवन्त्यधिपतेः - अवन्त्याः अधिपतिः इति अवन्त्यधिपतिः तस्य ।*

*अविच्छिन्नसुखनिःश्वासा - अविच्छिन्नः सुखश्च निःश्वासः यस्याः सा ।*

*नेत्रविप्रोषिताञ्जनम् – नेत्राभ्यां विप्रोषितम् अञ्जनं यस्मिन् तादृशम् ।*

*दीर्घालकम् – दीर्घाः अलकाः यस्मिन् तादृशम् ।*

*उत्पन्नसंस्पर्शः - उत्पन्नः संस्पर्शः यस्य सः ।*

*हस्त्यश्वरथपदातीनि – हस्तिनश्च अश्वाश्च रथाश्च पदातयश्च तेषां समाहारः ।*

दारुणकर्मदक्षम् – दारुणे कर्मणि दक्षः तम् ।

विकीर्णबाणोग्रतरङ्गभङ्गे – विकीर्णाः बाणाः इति विकीर्णबाणाः, उग्रतरङ्गाणां भङ्गा इति उग्रतरङ्गभङ्गः विकीर्णबाणाः एव उग्रतरङ्गभङ्गा यस्मिन् तस्मिन् (युद्धे, समुद्रे च) ।

महार्णवाभे – महान् चासौ अर्णवः, तस्य आभा यस्य तस्मिन् ।

## **4.4** તમારી પ્રગતિ ચકાસો :

**- નીચેના પ્રશ્નોના એક –બે વાક્યમાં ઉત્તર આપો**

૧) વાસવદત્તા કોની બાજુમાં સુવે છે ? શું માનીને ?

૨) વાસવદત્તા પથારીમાંથી શા માટે સફાળી ઊભી થઈ જાય છે ?

૩) રાજા વિદૂષકને શા સમાચાર આપે છે ?

૪) વિદૂષક રાજાએ કોને જોયા હોવાનું જણાવે છે ?

૫) રાજા વિદૂષકને ક્યા ચિહ્ન દ્વારા વાસવદત્તા જોયાની ખાતરી કરાવે છે ?

**- નીચેની ઉક્તિ કોણ બોલે છે તે જણાવો**

१) तेन ह्यग्रतो याहि ।

२) किं विरचिकां स्मरसि ?

३) चिरात् खलु उपरता वासवदत्ता ।

४) अस्माकं महाराजो दर्शको भवन्तमाह ।

५) दृढं खलु भर्तृदारिका शीर्षवेदनया दुःखिता ।

- નીચેના શ્લોકોની પૂર્તિ કરો

१) शय्यायाम् ________________ ।

________________रुमण्वता ॥

२) स्वप्नस्यान्ते ________________ ।

________________मुखम् ॥

३) भिन्नास्ते ________________

________________ ।

________________

________________ हस्ते तव ॥

એકમ 5

# સમીક્ષાત્મક પ્રશ્નો

: રૂપરેખા :

5.0 ઉદ્દેશ્ય
5.1 પ્રસ્તાવના
5.2 નીચેના પાત્રો પર નોંધ લખો
5.3 નીચેના પ્રસંગોની સમીક્ષા કરો
5.4 સૂક્તિનું વિવેચન કરો
5.5 નાટ્યશાસ્ત્રીય પરિભાષાઓ સમજાવો
5.6 તમારી પ્રગતિ ચકાસો

## 5.0 ઉદ્દેશ્ય :

વિદ્યાર્થીમિત્રો, તમારા અભ્યાસક્રમના નિયત એકમમાં અધ્યાપન દ્વારા તમે કયા દૃષ્ટિબિંદુથી જે તે એકમનો અભ્યાસ કરવાના છો તે પ્રત્યેક એકમના પ્રારંભમાં જ તમને જણાવવામાં આવે છે. પ્રથમવર્ષના અભ્યાસક્રમના પેપર નં.**2**માં તમારે સંસ્કૃત નાટ્ય,સ્તોત્ર અને મુક્તક કાવ્યોનો અભ્યાસક્રમ ભણવાનો છે. તેના દ્વિતીય વિભાગ નાટ્યસાહિત્ય અંતર્ગત સ્વપ્નવાસવદત્તમ્‌નો અભ્યાસ અપેક્ષિત છે. પ્રસ્તુત એકમ અંતર્ગત ભાસકૃત સ્વપ્નવાસવદત્તમ્ નાટકના ચતુર્થ અને પંચમઅંકના કથાવસ્તુનો પૂર્વના એકમોમાં મેળવેલ પરિચય કેટલા અંશે સાર્થક થયો તે ચકાસવા માટે સ્વાધ્યાય કરાવવાના હેતુથી મૂકવામાં આવી રહ્યો છે. આ નિયત અભ્યાસક્રમ માટેના કેટલાક ખાસ ઉદ્દેશ્યો છે, જેમ કે–

- વિદ્યાર્થીઓ પોતાની પ્રગતિ ચકાસે.
- વિદ્યાર્થીઓ પ્રગતિના સ્તરમાં વધારો કરે.

## 5.1 પ્રસ્તાવના

સ્વપ્નવાસવદત્તમ્‌ના અંક - ૪ અને અંક - ૫ના તમામ સમીક્ષાત્મક પ્રશ્નોને આવરી લેવાનો પ્રસ્તુત એકમમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં પાત્રાલેખન, મહત્ત્વના પ્રસંગોની સમીક્ષા, સૂક્તિઓનું વિવેચન તેમજ નાટ્યશાસ્ત્રીય પરિભાષાઓનો સમાવેશ થાય છે.

## 5.2 નીચેના પાત્રો પર નોંધ લખો

### 5.2.1 ઉદયનનું પાત્ર

સ્વપ્નવાસવદત્તમ્‌ના નાયકની ભૂમિકામાં ઉદયનનું પાત્ર છે. ઉદયન નાટ્યશાસ્ત્ર દ્વારા દર્શાવવામાં આવેલ ચાર પ્રકારના નાયકોમાં ધીરલલિત પ્રકારનો નાયક છે. આ પ્રકારના નાયકમાં અન્ય નાયકો જેવા ધીરત્વના દયા, દાક્ષિણ્યાદિ ગુણોની સાથે પોતાની મોજમાં રહેવું, વિલાસ કરવો, સુખ-સાહ્યબીમાં રહેવું, કલા પ્રત્યે પ્રીતિ ધરાવવી, ઋજુ સ્વભાવના હોવું જેવા ગુણો જોવા મળે છે. દશરૂપકકાર ધનંજય

જણાવે છે કે – 'निश्चिन्तो धीरललितः कलासक्तः सुखी मृदुः' અહીં ઉદયન પણ આવા ગુણો ધરાવનારો નાયક છે.

**સામાન્ય પરિચય –**

ઉદયન વત્સદેશનો રાજા છે. તે શતાનિકનો પૌત્ર, સહસ્રાનિક તથા મૃગાવતી રાણીનો પુત્ર હતો. તેણે વસુનેમિ નાગને બચાવ્યો હોવાના પરિણામે નાનપણમાં જ ઘોષવતી નામની વીણા પ્રાપ્ત કરી હતી. આ વીણા થકી તે હાથીઓને પણ વશ કરવા સમર્થ હતો. તે ઉજ્જયિનીના પ્રદ્યોત મહાસેનની પુત્રી વાસવદત્તાના પ્રણયમાં આસક્ત હતો. પ્રતિજ્ઞાયૌગન્ધરાયણમ્ નાટકમાં તેની પ્રણયકથા વર્ણવાયેલ છે.

**રૂપસંપત્તિ –**

ઉદયન આકર્ષક શરીર સૌષ્ઠવ ધરાવે છે. તેના પ્રત્યે વાસવદત્તા તો આકર્ષિત થાય જ છે. પદ્માવતી પણ તેને 'शरचापविहीनः कामदेवः' કહીને પ્રશંસા કરે છે.

**પ્રામાણિક પ્રણયી –**

ઉદયન પ્રણયીજન તરીકે અત્યંત પ્રામાણિક છે. તેનો વાસવદત્તાનો પ્રેમ-વિરહ વર્ણવતાં પ્રથમ અંકમાં બ્રહ્મચારી જણાવે છે કે –

'नैवेदानीं तादृशाश्चक्रवाकाः।'

અર્થાત્ - આવો પ્રેમ તો હવે ચક્રવાકમિથુનમાં પણ જોવા મળતો નથી.

ચોથા અંકમાં વિદૂષક જ્યારે રાજાને કોણ પ્રિય છે તેવા પ્રશ્ન દ્વારા બહુમાન સંકટમાં મૂકે છે ત્યારે વાસવદત્તા પ્રત્યેનો પ્રેમ અને પદ્માવતી પ્રત્યેનું બહુમાન બંનેનો પ્રામાણિકતાથી સ્વીકાર કરે છે.

ઉદયને પ્રસ્તુત નાટકમાં વાસવદત્તાનું મૃત્યુ ક્યારેય સ્વીકાર્યું નથી. તે વિરહદુઃખિત, શોકમગ્ન રહીને સદાય વાસવદત્તાને સ્મરે છે. પ્રમદવન દૃશ્યમાં વિદૂષક જ્યારે પદ્માવતી પ્રત્યે બહુમાન દર્શાવે છે ત્યારે ઉદયન કહે છે – 'सर्वमेतत् कथयिष्ये देव्यै वासवदत्तायै' પાંચમાં અંકમાં સ્વપ્નમાં થયેલી વાસવદત્તાના સ્પર્શની અનુભૂતિ રોમાંચ દ્વારા દર્શાવી તે વિદૂષકને વાસવદત્તાના જીવતા હોવાનું પ્રમાણ દર્શાવે છે. અને કહે છે કે – 'दग्धेति ब्रुवता पूर्वं वञ्चितोऽस्मि रुमण्वता'.

આમ ઉદયન વાસવદત્તા પ્રત્યે શુદ્ધ એકાન્ત પ્રણયી બની રહે છે. તેના શોકમાં વધુ ઉજ્જવલ બનેલો તેનો પ્રણય સમગ્ર નાટકમાં વ્યાપી રહે છે.

## *દાક્ષિણ્યવાન્ પતિ -*

*વાસવદત્તા પ્રત્યે આસક્ત રાજા બીજા લગ્ન કરવા તૈયાર થાય ખરું ? એ વિચારનો પ્રત્યુત્તર દ્વિતીય અંકમાં ધાત્રી આપે છે. 'आगमप्रधानानि सुलभपर्यवस्थानानि महापुरुषहृदयानि भवन्ति' – એટલે કે – મહાપુરુષોના હૃદયો શાસ્ત્રોનું અનુસરણ કરતાં હોવાને લીધે સરળતાથી સ્વસ્થ થઈ જનારા હોય છે.*

*ચોથા અંકમાં પ્રવેશ સાથે જ પદ્માવતી સાથેના પ્રણયનો એકરાર કરતાં ઉદયન જણાવે છે – 'भूयश्च विद्धा वयम्' ——— અને 'पञ्चेषुर्मदनो यदा कथमयं षष्ठः शरः पातितः' અર્થાત્ – (વાસવદત્તાના પ્રણયમાં અમે ઉજ્જયિનીમાં કામદેવના પાંચે બાણોથી વીંધાયા હતા હવે ) ''પદ્માવતીને જોયા બાદ ફરીથી વીંધાયા. જો કામદેવ પાંચ બાણોવાળો કહેવાતો હોય તો આ છઠ્ઠું બાણ ક્યાંથી આવ્યું ? ''*

*આમ રાજા ઉપરની ધાત્રીની વાત યથાર્થ સાબિત કરે છે.*

*ચોથો અંકમાં પદ્માવતી સાથે વાગ્દાન થયા બાદ પ્રમદવનમાં મળવા જાય છે. ત્યાં વાસવદત્તાના સ્મરણને કારણે અશ્રુપૂર્ણ બનેલી આંખોવાળા રાજાને જોઈ કારણ પૂછતાં રાજા પરાગરજ ઊડવાને કારણે આંખો ભીની હોવાનું બહાનું કાઢે છે. આ સમયે ઉદયન પૂર્વપ્રણયના કારણે પદ્માવતીના હૃદયને આઘાત ન લાગે એ વાતનું દાક્ષિણ્ય દર્શાવે છે. 'इयं बाला नवोद्वाहा सत्यं श्रुत्वा व्यथां व्रजेत्'*

*પદ્માવતી પ્રત્યેનો ઉદયનનો ઋજુભાવ પાંચમા અંકમાં તેની શિરોવેદના વિશે જાણીને વ્યક્ત થાય છે. 'રૂપલાવણ્યથી યુક્ત અને ગુણશાલિની પ્રિયાને પ્રાપ્ત કરીને આજે મારો (વાસવદત્તાના વિરહરૂપી ) શોક જાણે કે ઓછો થઈ ગયો.'*

*આમ સમગ્ર નાટકમાં રાજાનું એક ઉદાત્ત પ્રણયી તરીકેનું ચિત્ર સુપેરે ઉપસે છે.*

## *શૂરવીર રાજા –*

*ઉદયનમાં રહેલા વીરોચિત ગુણો તેનું લાક્ષણિક અને વાસ્તવિક ચરિત્ર છે. પ્રદ્યોત મહાસેન તેના આ ગુણોથી આકર્ષાઈ પોતાની પુત્રી સાથે લગ્ન કરાવવા ઈચ્છે છે, મગધરાજ મહારાજ શ્રેણિક બિંબિસાર પણ પોતાની બહેન પદ્માવતીના વિવાહ તેની સાથે કરાવે છે.*

*રાજાની વીરતા પાંચમા અંકમાં આરુણિ સાથેના યુદ્ધની તૈયારી અને તે પ્રસંગે રાજા દ્વારા બોલવામાં આવેલી વીરોચિત ગર્વોક્તિમાં દેખાય છે. 'तमारुणिं दारुणकर्मदक्षं विकीर्णबाणोग्रतरङ्गभङ्गे महार्णवाभे युधि नाशयामि ।'*

આ ઉપરાંત છઠ્ઠા અંકમાં વાસવદત્તારૂપી ન્યાસના પ્રતિનિવર્તન પ્રસંગે સાક્ષીઓની હાજરીમાં થાપણ પાછી સોંપવાની વાત વગેરે બાબતો તેની વ્યવહારકુશળતા, વિદૂષક સાથેનો પ્રમદવનનો પરિહાસ પ્રસંગ તેની હાસ્યપ્રિયતા વગેરે ગુણોને પણ સૂચવે છે.

એક ધીરલલિત નાયક તરીકે ઉદયન આ નાટકમાં ઉત્તમ પાત્ર પૂરવાર થાય છે.

## 5.2.2 વિદૂષકનું પાત્ર

વિદૂષક એ નાટકમાં સહાયક પાત્ર તરીકે પ્રયોજવામાં આવે છે. વિદૂષકની વ્યાખ્યા કરતાં નાટ્યદર્પણકાર જણાવે છે કે – 'विप्रलम्भं तु विनोददानेन विस्मारयन्ति ते विदूषकाः ।' તે જન્મથી દ્વિજ હોય છે પરંતુ નાટકમાં તેની ઉક્તિ પ્રાકૃતમાં હોય છે. કર્મ, દેહ, વેશ, ભાષા વગેરે દ્વારા તે હાસ્ય પ્રગટાવવાનું કાર્ય કરે છે.

વિદૂષકનો બાહ્ય દેખાવ અને પહેરવેશ જ હાસ્યાસ્પદ હોય છે. ભરતે નાટ્યશાસ્ત્રમાં જણાવ્યું છે કે તે ઠીંગણો, બહાર નિકળેલા દાંતવાળો, વિકૃત ચહેરાવાળો, માથે તાલવાળો, કૂબડો અને પીળી આંખોવાળો હોય છે. તેના રંગમંચ પર પ્રવેશમાત્રથી લોકોમાં હાસ્ય પ્રેરે છે. ચરિત્ર, મૂર્ખતાપૂર્ણ ચેષ્ટાઓ થકી ભારેખમ બનેલા ઉદ્વિગ્ન વાતાવરણને હળવું કરવાનું કાર્ય કરે છે. તે નાયક સાથે રહીને તેનું મનોરંજન કરવું તથા ઉદાસીનતા, વિરહ અવસ્થા, ઉદ્વેગ દૂર કરવો ઈત્યાદિ માટે પ્રવૃત્ત રહે છે.

સ્વપ્નવાસવદત્તમ્‌ના વિદૂષકનું નામ વસન્તક છે. તે મિષ્ટાન્નપ્રિય છે, ચોથા અંકમાં રાજાના વિવાહમંગલ પ્રસંગમાં વધારે પડતી મીઠાઈ ખાવાને લીધે તેને પેટમાં દુઃખાવો થાય છે તેની એક જ ફરીયાદ છે – "मम आहारः सुष्ठु न परिणमति ।" અને "सुप्रच्छदनायां शय्यायां निद्रां न लभे ।" અહીં વિદૂષક પોતાની પરિસ્થિતિ દ્વારા વૈભવી જીવન જીવનારા લોકો પ્રત્યે કટાક્ષ કરે છે. તેને પદ્માવતી પ્રિય છે કારણ કે તે સ્નિગ્ધ ભોજન સાથે મધુર સ્વરમાં તેને બોલાવે છે.

આ વિદૂષક ભૂલકણા સ્વભાવનો છે, તેની યાદશક્તિ ઓછી છે. નાનકડી વાત યાદ કરવા માટે તેણે વારંવાર રટણ કરવું પડે છે. પાંચમા અંકમાં સમુદ્રગૃહમાં રાજાને વાર્તા કહેવાની શરૂઆત કરતાં –

"नगरं काम्पिल्यं राजा ब्रह्मदत्तः ।" આટલી વાત ગોઠવવા માટે તે રાજાને જણાવે છે કે " तेन हि मुहूर्तकं प्रतिपालयतु भवान् यावदोष्ठगतं करिष्यामि ।"

વસન્તક ગભરુ સ્વભાવનો પણ છે તે પ્રમદવનમાં માધવીલતામંડપમાં પ્રવેશતાં ભમરાઓથી ડરે છે, સમુદ્રગૃહમાં સર્પભ્રાન્તિ થતાં ગભરાય છે. જો કે તેની આ

ચેષ્ટઓ દ્વારા પ્રેક્ષકોમાં હાસ્ય પ્રેરવાનું કાર્ય કરે છે તથા નાયકની ઉદ્વિગ્નાવસ્થામાંથી રસ-ભાવ પરિવર્તન સંભવે છે.

વાતોમાં છબરડાં વાળીને ક્યારેક તે નાયકને મૂંઝવવાનું કામ પણ કરે છે. પ્રમદવનમાં એકાંત જોઈ 'प्रष्टव्यं किञ्चिदस्ति' કહી રાજાને વાસવદત્તા અને પદ્માવતીમાંથી કોણ પ્રિય છે એવો પ્રશ્ન પૂછી મૂંઝવી દે છે. તો વળી પાંચમા અંકમાં વાર્તાના બહાને ઉજ્જયિનીનું નામ લઈ નાયિકા યાદ કરાવવાનું કામ પણ કરે છે. તેની આદતો થકી રાજા જેને ભૂલવા પ્રયત્ન કરતો હોય તે જ યાદ આવી જાય છે.

વિદૂષક દાક્ષિણ્યયુક્ત પણ છે. આથી જ પદ્માવતી તેની પ્રશંસા કરતાં કહે છે. – ''सदाक्षिण्यस्य जनस्य परिजनोऽपि सदाक्षिण्य एव भवति ।''

આમ સ્વપ્રવાસવદત્તમ્ નાટકમાં વસન્તકનું પાત્ર ઉત્કૃષ્ટ વિદૂષકની ભૂમિકા તરીકે જોવા મળે છે.

## 5.3 નીચેના પ્રસંગોની સમીક્ષા કરો

### 5.3.1 ચતુર્થ અંકનો પ્રવેશક

ચોથા અંકની શરૂઆતમાં પ્રવેશકની યોજના કરવામાં આવી છે. જ્યારે બે અંક વચ્ચે ઘટેલી ઘટનાઓ વિશે પ્રેક્ષકોને જણાવવાનું હોય, અને મુખ્ય દૃશ્ય સાથે જોડવા માટે ભૂમિકાની જરૂર હોય ત્યારે પ્રવેશકની કે વિષ્કંભકની યોજના કરવામાં આવે છે.

અહીં પ્રવેશકનો આરંભ વિદૂષકની એકોક્તિ દ્વારા થાય છે. તે જણાવે છે કે ઉદયન અને પદ્માવતીના વિવાહ થઈ ગયા છે. ઉદયનના જીવનમાં નવીન પાત્રનો પ્રવેશ થયો છે. અહીં મગધના રાજમહેલમાં શોકને બદલે સમુલ્લાસ જોવા મળે છે, એકાન્તને બદલે માનવ સમુદાય જોવા મળે છે, આહાર અને આરામ બંનેની સુચારુ વ્યવસ્થા છે. દરરોજ મધુર મધુર ભોજન આરોગવા મળે છે. સારા આચ્છાદનોવાળી શય્યામાં ઊંઘવાની વ્યવસ્થા છે માત્ર ફરિયાદ એટલી જ છે કે તેનો આહાર બરાબર પચતો નથી અને તેને કારણે ઊંઘ પણ બરાબર આવતી નથી. આ જ સમયે ચેટી રાજાના શણગાર લાવવા માટે વિદૂષક પાસેથી રાજાના સ્નાનાદિ કાર્યથી નિવૃત્ત થયા કે નહીં તે જાણવાનો પ્રયત્ન કરે છે. વિદૂષક રાજાના તૈયાર હોવા વિશે જણાવે છે. તથા ભોજન સિવાય બધું જ લાવવા જણાવે છે. કારણ કે તેનું પેટ ગરબડ છે. ચેટી તેની આ સ્થિતિ પર વિનોદ કરતાં કરતાં વિદાય લે છે. અહીં પ્રવેશક પૂરો થાય છે.

**પ્રવેશકનું નાટ્યગત મહત્ત્વ –**

આ અંકના આરંભે આવતા પ્રવેશકથી ત્રીજા અને ચોથા અંકની વચ્ચે ઘટી ગયેલી કેટલીક ઘટનાઓ વિશે જાણ થાય છે. જેમ કે –

- ઉદયન અને પદ્માવતીનો લગ્નપ્રસંગ પૂર્ણ થઈ ગયો છે.

- રાજા હજુ મગધના રાજમહેલમાં જ અતિથિસત્કાર ભોગવી રહ્યા છે.

- વિદૂષક તેના હાસ્ય થકી કહેવાતા સુખી લોકોના જીવનમાં અનુભવાતી મુશ્કેલીઓ વિશે કટાક્ષ કરે છે.

- અત્યાર સુધી નાટકમાં પરોક્ષ રીતે અનુભવાયેલ ઉદયનનો વિધિવત્ પ્રત્યક્ષ પ્રવેશ જોવા મળશે.

- પ્રથમ અંકથી અત્યાર સુધી ચાલતા ગંભીર વાતાવરણમાં રસાન્તરની જરૂર હતી જે અહીં વિદૂષકના પાત્ર થકી અનુભવાય છે. સાથે જ હવે પછી આવનારા વાતાવરણમાં હળવાશ અનુભવવા મળશે તેવો સંકેત પણ પ્રાપ્ત થાય છે.

આમ ચતુર્થાંકના પ્રવેશકનું નાટ્યગત મહત્ત્વ જોવા મળે છે.

## 5.3. 2 પ્રમદવન દૃશ્યનું મહત્ત્વ

**શેફાલિકા પુષ્પચયન પ્રસંગ**

ચોથા અંકના મુખ્ય દૃશ્યનો પ્રારંભ પ્રમદવનમાં થાય છે. અહીં શરૂઆતમાં પદ્માવતી, આવંતિકા વેશધારિણી વાસવદત્તા અને ચેટીનો પ્રવેશ થાય છે. તેઓ શેફાલિકા પુષ્પોની સમૃદ્ધિ જોઈ ખુશ થાય છે. ચેટી પુષ્પો ચૂંટી લાવે છે વધુ પુષ્પો ચૂંટવાથી રોકતાં પદ્માવતી તેને કહે છે કે શેફાલિકા પુષ્પોને જોઈ રાજા આનંદિત થશે. અહીં વાત-વાતમાં વાસવદત્તા પદ્માવતીના મનમાં ઉદયન પ્રત્યેની પ્રણયભાવના વિશે જાણવા પ્રયત્ન કરે છે. ત્યારે પદ્માવતી જણાવે છે કે – "મને તે પ્રિય છે કે નહીં તે તો હું નથી જાણતી પરંતુ એમની અનુપસ્થિતિમાં ઉત્કંઠિત થઈ જાઉં છું." અહીં બંનેની ઉદયન પ્રત્યેની પ્રણયભાવના વ્યક્ત થાય છે. પદ્માવતી વાસવદત્તાને પૂછે છે કે પોતાને રાજા જેટલા પ્રિય છે તેટલા જ વાસવદત્તાને પણ હશે ? ત્યારે વાસવદત્તા કહે છે – "એથી પણ અધિક." આવંતિકાને આ વાતની કઈ રીતે ખબર પડી એમ પૂછતાં સ્ત્રીસહજ ચાતુર્યથી પ્રત્યુત્તર વાળતાં આવંતિકા વેશમાં રહેલી વાસવદત્તા જણાવે છે – "જો એમ ન હોત તો પોતાના પ્રિયજનોને મૂકીને ચાલી નીકળે ખરી ?" પદ્માવતી આ વાતની મૂક સમ્મતિ આપે છે.

### માધવીલતામંડપપ્રસંગ – (અંદર અને બહાર) દ્વિકેન્દ્રી પ્રસંગ-

નાટકના મુખ્ય દૃશ્યના બીજા ભાગમાં ઉદયનનો મંચ પર પ્રવેશ થાય છે. તે શેફાલિકા પુષ્પોને જોઈ પ્રસન્ન થાય છે. ઉદયનને આવતા જોઈ ચેટી સમાચાર આપે છે પરંતુ આવંતિકાને કારણે પદ્માવતી રાજાને મળવાનું ટાળે છે. અને ત્રણેય માધવીલતામંડપમાં પ્રવેશી છુપાઈ જાય છે. ત્યાં જ રાજા અને વિદૂષક બહારની બાજુ આવે છે. અંદર રહેલી ચેટી ભમરાઓની લતા વડે તેઓને મંડપમાં પ્રવેશતા રોકે છે. આમ દ્વિકેન્દ્રી દૃશ્યની યોજના ઘડાય છે.

એકાન્ત જોઈ વિદૂષક રાજાને પ્રાણપ્રશ્ન પૂછે છે – તમને કોણ પ્રિય છે ? તે વાસવદત્તા કે આ પદ્માવતી ? રાજા પ્રથમ તબક્કે ટાળવાનો પ્રયત્ન કરે છે પરંતુ વિદૂષકના આગ્રહવશ જણાવે છે કે – તેને પદ્માવતી પ્રત્યે બહુમાન છે પરંતુ વાસવદત્તા પ્રત્યે આસક્ત હૃદયને તે હરી શકતી નથી.

આ સાંભળી વાસવદત્તા પ્રસન્ન થાય છે. પદ્માવતી પણ ઉદયન પ્રત્યે બહુમાન દર્શાવતાં જણાવે છે કે જે હજુ પણ વાસવદત્તાના ગુણોને યાદ રાખે તે સદાક્ષિણ્ય જ હોય. વાસવદત્તા માટે આ અજ્ઞાતવાસ લાભકારક બની રહ્યાનો અનુભવ થાય છે.

હવે રાજા વિદૂષકને એ જ પ્રમાણે પ્રશ્ન પૂછતાં પ્રથમ તો વિદૂષક પણ આવું જ નાટક કરતાં આનાકાની કરે છે ત્યારબાદ પદ્માવતી પ્રત્યે આદરની લાગણી વ્યક્ત કરતાં કારણ દર્શાવે છે કે – તેઓ સુંદર ભોજન સાથે મૃદુ અવાજે તેને બોલાવે છે કે – આર્ય વસન્તક ! ક્યાં ગયા ? આથી તે તેને વધુ પ્રિય છે. ઉદયન જણાવે છે કે તે વાસવદત્તાને આ વાત કહી દેશે. ત્યારે વાસ્તવનો અનુભવ કરાવતાં વિદૂષક કહે છે – चिरात् खलूपरता वासवदत्ता. આ તબક્કે હાસ્યનો પ્રસંગ શોકમય -ગંભીર બની જાય છે. રાજાના અશ્રુપૂર્ણ મુખને ધોવા માટે વિદૂષક પાણી લેવા જાય છે.

### પદ્માવતી – ઉદયન મિલાપ

રાજાની બંધ આંખો અને પાણી લેવા ગયેલા વિદૂષકની અનુપસ્થિતિનો લાભ લઈ ચેટી અને વાસવદત્તા ત્યાંથી વિદાય થાય છે. સાથે આવતી પદ્માવતીને વાસવદત્તા જ રાજાને આશ્વાસન આપવા ત્યાં જ રોકી રાખે છે. પદ્માવતી વિદૂષકને મળે છે ત્યારે તે મુખોદક પદ્માવતીને આપતાં કારણ જણાવે છે કે ભમરાઓ દ્વારા ઉડાડવામાં આવેલી કાશપુષ્પની પરાગરજથી અશ્રુવાળા બનેલા રાજાના મુખને ધોવા માટે આ પાણી લઈ જાય છે. ત્યારબાદ રાજા અને પદ્માવતીનું મિલન થાય છે. ત્યાં રાજા પણ વિદૂષકના જણાવ્યા પ્રમાણેનું કારણ દર્શાવે છે. વિદૂષક રાજાને મહારાજ દર્શકને મળવાનું યાદ કરાવે છે. અહીં અંક પૂરો થાય છે.

**પ્રમદવનદૃશ્યનું નાટ્યગત મહત્ત્વ –**

- આ દૃશ્યમાં પદ્માવતીનો રાજા પ્રત્યેનો પ્રણયભાવ પ્રગટ થાય છે.
- વાસવદત્તાને પદ્માવતી પાસેથી જાણવા મળે છે કે રાજા હજુ પણ તેને ભૂલ્યા નથી.
- આ અંકમાં ઉદયન અને વિદૂષકનો પ્રથમવાર મંચ પર પ્રવેશ થાય છે.
- રાજાના મનમાં વાસવદત્તા પ્રત્યે હજુ પણ પૂર્વવત્ લાગણીઓ અકબંધ છે એ તેના જ મુખે વાસવદત્તાને સાંભળવા મળે છે જેનાથી તેણે કરેલા ત્યાગનું ફળ મળ્યાનું અનુભવાય છે. જેથી અજ્ઞાતવાસમાં રહી અમાત્ય યૌગન્ધરાયણની યોજનાને પૂરી થવા સુધી ટકી રહેવાનું બળ પ્રાપ્ત થાય છે.
- ઉદયન સાચો પ્રેમી હોવાનું પૂરવાર થાય છે જે મૃત્યુ પામેલ પ્રિયાને હજુ પણ એટલી જ ઉત્કટતાથી ચાહે છે.
- પદ્માવતીનું ઈર્ષ્યારહિત ઉદાત્ત અને ઉદાર વ્યક્તિત્વ આ પ્રસંગમાં જોવા મળે છે.
- પદ્માવતીને રાજા પર અહોભાવ થાય છે – કારણ કે જે મૃત્યુ પામેલીને આટલો પ્રેમ કરી શકે તે મને તો ચોક્કસ પ્રેમ આપશે જ આ ગુણૌદાર્ય તેના વ્યક્તિત્વનું જમા પાસું છે.
- રાજાનું સ્ત્રીદાક્ષિણ્ય અને પદ્માવતી પ્રત્યેની ફરજનું ભાન તેને સત્ય બોલવાથી રોકે છે. જે રાજાના વ્યક્તિત્વને ઉજાગર કરે છે.
- રંગમંચીય વિશેષતા - ભાસની દ્વિકેન્દ્રી નાટ્યયોજના તેની રંગભૂમિ પ્રયોગશીલતાનું ઉત્તમ ઉદાહરણ બની રહે છે.

આમ પ્રમદવન દૃશ્ય યથાર્થમાં બહુવિધ પ્રણયની અભિવ્યક્તિનું દૃશ્ય બની રહે છે.

### 5.3.3 સ્વપ્નદૃશ્યનું રસદર્શન

પાંચમા અંકના પ્રવેશકમાં સૂચના પ્રાપ્ત થાય છે કે પદ્માવતી શિરોવેદનાથી દુઃખિત છે તેને માટે સમુદ્રગૃહમાં શય્યા તૈયાર કરવામાં આવી છે. આ માટે પદ્મિનિકા મધુકરિકા નામની દાસીને આર્યા આવંતિકાને જણાવવાનું કહી પોતે વસંતક દ્વારા રાજાને સંદેશો પહોંચાડે છે.

*મુખ્યદશ્યમાં વિદૂષક રાજા સુધી પદ્માવતીના શિરોવેદનાની વાત પહોંચાડે છે. આ સાંભળી રાજા સમુદ્રગૃહમાં જાય છે ત્યાં આછા પ્રકાશમાં વિદૂષકને તોરણમાળામાં સર્પની ભ્રાન્તિ થાય છે. અંદર પ્રવેશતાં શય્યાને ખાલી જોઈ વિદૂષક અનુમાન કરે છે કે પદ્માવતી આવીને જતી રહી હશે ત્યારે રાજા તર્ક વડે તેના ન આવ્યાનું સાબિત કરે છે. પદ્માવતીની રાહ જોતાં રાજા તે જ શય્યા પર આરામ કરે છે અને વિદૂષક તેને વાર્તા કહે છે. વિદૂષકની પ્રથમ વાર્તાની માંડણી ઉજ્જયિની નામની નગરીથી થાય છે જેના કારણે રાજાને વાસવદત્તા યાદ આવે છે. આથી વિદૂષક બીજા વાર્તા શરૂ કરે છે જેમાં નગર અને રાજાના નામ ઉલ્ટાસૂલટા બોલે છે. રાજા તેને સુધારે છે ત્યારે તે તેને કંઠસ્થ કરે ત્યાં સુધી રાહ જોવા જણાવે છે. વિદૂષક ફરી વાર્તા માટે તૈયાર થાય છે ત્યાં સુધીમાં રાજા ઊંઘી જાય છે. આથી વિદૂષક ઠંડીથી બચવા શાલ લેવા માટે ત્યાંથી જાય છે.*

*સમુદ્રગૃહમાં રાજા એકલો ઊંઘતો હોય છે ત્યારે મધુકરિકા નામની ચેટી વાસવદત્તાને લઈ ત્યાં આવે છે. ચેટી વાસવદત્તાને સમુદ્રગૃહમાં એકલી મૂકીને પદ્માવતીની શિરોવેદના માટે લેપ લેવા જતી રહે છે. અહીં એકલી વાસવદત્તા સમુદ્રગૃહની સ્થિતિ અને એકાંત જોઈ સેવકોની બેદરકારી પ્રત્યે ઉપાલંભ આપે છે. શય્યામાં સૂતેલા રાજાને પદ્માવતી સમજી તેની બાજુમાં સુઈ જાય છે. ત્યાં રાજા સ્વપ્રમાં વાસવદત્તાને યાદ કરીને બબડતાં વાસવદત્તા ચમકીને ઊઠી જાય છે. તેને યૌગન્ધરાયણની યોજના પોતાને લીધે નિષ્ફળ જતી પ્રતીત થાય છે. પરંતુ ઉદયનનું સ્વપ્રમાં બોલવું જાણી આશ્વસ્ત બને છે. આ સમયે તે પ્રિયતમને જોવાની સાંપડેલી તક જતી કરી શકતી નથી. અને રાજાના સ્વપ્નાવસ્થામાં બોલાયેલા સંવાદને તે પ્રત્યુત્તર આપે છે. આમ કરતાં પોતાની ઓળખ છતી થઈ જવાના ડરથી ત્યાંથી જવા ઈચ્છે છે. ત્યારે જતાં જતાં શય્યામાંથી નીચે સરકી ગયેલા રાજાના હાથને શય્યામાં ગોઠવીને ત્યાંથી નીકળી જાય છે. આ જ સમયે વાસવદત્તાના સ્પર્શથી જાગી ઊઠેલો રાજા તેની પાછળ જવા પ્રયત્ન કરે છે પરંતુ બારશાખ સાથે અથડાઈ જવાથી તે અસમંજસમાં પડી જાય છે.*

*આ તરફ શાલ લેવા ગયેલો વિદૂષક પાછો આવતાં રાજાને જાગેલા જુએ છે. રાજા તેને વાસવદત્તાના જીવિત હોવા વિશે જણાવે છે. ત્યારે વિદૂષક તે તેનો વહેમ હોવાનું જણાવતાં કહે છે કે અહીં એક અવંતિસુંદરી નામની યક્ષિણી રહે છે તેને તમે જોઈ હશે. અથવા તમે સ્વપ્ન જોયું હશે. રાજા પાછો સુઈ જતાં કહે છે જો તે સ્વપ્ન હોય તો મને ચિરકાલ માટે એ સ્વપ્ન જ રહો. આવા સમયે વત્સદેશ પાછો મેળવવા માટે યુદ્ધની સર્વવિધ તૈયારીઓ થઈ ગયાની સૂચના આપવા તથા રાજાને અગ્રેસર થવા કાંચુકીય આવે છે.*

કર્તવ્ય પ્રત્યે જાગૃત બનેલો રાજા વીરભાવમાં આવી આરુણિને હરાવવા માટે પોતાની પૂર્વ અવસ્થાને વિષાદને ખંખેરી વિજય માટે પ્રસ્થાન કરે છે. અહીં સ્વપ્નદશ્ય નામનો આ અંક પૂર્ણ થાય છે.

**સ્વપ્નદશ્યનું નાટ્યગત મહત્ત્વ –**

- સ્વપ્નદશ્ય આ નાટકનું કેન્દ્રવર્તી દશ્ય છે. જેમાં ઉદયન અને વાસવદત્તાને આંશિક રીતે મળવાની યોજના નાટ્યકારે ગોઠવી છે. તે માટે પદ્માવતીની શિરોવેદના અને સમદ્રગૃહમાં શય્યા પાથરવામાં આવી છે. આ વાત ધ્રુવપંક્તિની માફક વારંવાર બોલવામાં આવે છે છતાં ખટકતી નથી.
- અહીં ઉદયનની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ તેમજ વ્યવહારજ્ઞાનનો પરિચય થાય છે.
- સમુદ્રગૃહમાં આછા પ્રકાશનો દ્વિવિધ લાભ થાય છે. શય્યામાં પુરુષ છે કે સ્ત્રી એ તરત જાણી શકાય તેમ નથી તેની પ્રતીતિ થાય છે. આથી વાસવદત્તા સમુદ્રગૃહમાં આવે છે ત્યારે ત્યાં રાજા સૂતેલ છે એમ જાણી શકતી નથી. આ જ રીતે જયારે વાસવદત્તા ત્યાંથી વિદાય થાય છે ત્યારે ઉતાવળે ઊંઘમાંથી ઊઠેલા રાજાને સંભ્રમ થાય છે. આથી તેણે અનુભવેલું સાચું હતું કે સ્વપ્ન તે સમજી શકતો નથી.
- આ દશ્યના પરિણામે ઉદયનને માનસિક રીતે વાસવદત્તાના મળવાની ભૂમિકા તૈયાર થાય છે.
- ભાસે વિદૂષકને શાલ લેવાના બહાને તથા ચેટીને લેપ લાવવાના બહાને દૂર કરીને વિરહિણી વાસવદત્તાને પોતાના પતિ સાથે એકાંત મિલનની તક આપી છે જે તેના અજ્ઞાતવાસને ટકાવવામાં બળ પૂરું પાડે છે.
- આ દશ્યમાં મનોવૈજ્ઞાનિક આવેગો અને લાગણીની તીવ્રતાએ અવિદ્યમાન વાસવદત્તાને ઉદયનના સ્વપ્નમાં ઉપસ્થિત કરી કારણ કે ઉદયન વિદૂષકની ઉજ્જયિનીવાળી કથા સાંભળી વાસવદત્તાને યાદ કરતાં કરતાં ઊંઘી જાય છે. આથી પરામનોવિજ્ઞાનના સિદ્ધાન્ત મુજબ જેનો વિચાર કરતાં સૂઈ જઈએ તેનું સ્વપ્ન આવવું સ્વાભાવિક છે. અહીં ભાસનું મનોવિદ્ હોવાનું પૂરવાર થાય છે.
- ભરતના નાટ્યશાસ્ત્રને પડકાર – નાટ્યશાસ્ત્રના નિયમ અનુસાર શયન, મૃત્યુ, અગ્નિ, યુદ્ધ, પાણી જેવા દશ્યો રંગમંચ પર દર્શાવવા નિષિદ્ધ છે

*પરંતુ ભાસ આવા નિયમોનું છડેચોક ઉલ્લંઘન કરતાં તેવા દશ્યો થકી નાટ્યાત્મક ચમત્કૃતિ નિરૂપે છે. અહીં સ્વપ્નદશ્યને ભાસે કેન્દ્રવર્તી પ્રસંગ બનાવી તેના થકી નાટ્યાત્મક, મનોવૈજ્ઞાનિક, પ્રણયભાવનાને પોષનારા એવા અનેક હેતુઓ સર કર્યા છે.*

## 5.4 સૂક્તિનું વિવેચન કરો

5.4.1 *अधन्यस्य मम कोकिलानामक्षिपरिवर्त इव कुक्षिपरिवर्तः संवृत्तः ।*

*અર્થ : અધન્ય એવા મારે કોયલને આંખ ફરે તેમ મારા પેટમાં પરિવર્તન/ગોટાળો થાય છે.*

*સંદર્ભ : પ્રસ્તુત ઉક્તિ ચોથા અંકના પ્રવેશકમાં ચેટીને ઉદ્દેશીને વિદૂષક બોલે છે.*

*પ્રસંગ : - ચોથા અંકના પ્રવેશકમાં ઉદયનના વિવાહ મંગલ પ્રસંગે વધુ પડતાં સુખ ઉપભોગોને ભોગવતાં અને ભોજન કરવાના પરિણામે થયેલી પોતાની દુર્દશા વિશે જ્યારે વિદૂષક વર્ણન કરતો હોય છે ત્યારે ચેટી રાજા માટે પુષ્પ અને ચંદનાદિ લેપ લાવવા વિશે જણાવે છે તે સમયે વિદૂષક ચેટીને કહે છે કે બધું જ લાવો માત્ર ભોજનને છોડીને. આ સાંભળી ચેટી દ્વારા કારણ પૂછાતાં વિદૂષક આ વાક્ય બોલે છે.*

*સમજૂતી : અહીં વિદૂષક પોતાના સ્વભાવ દ્વારા રમૂજ પ્રેરતાં ચેટીને પોતાની દશા વર્ણવે છે. અહીં કોઈપણ બાબતની અતિશયતાનું પરિણામ દુ:ખદાયક હોય છે તેવું પણ જાણવા મળે છે. કહ્યું પણ છે કે - अति सर्वत्र वर्जयेत् —*

*વળી, વિદૂષક પોતાની દશાના ઉદાહરણ દ્વારા વૈભવી જીવન જીવતા લોકો પ્રત્યે કટાક્ષ કરે છે. જેમાં વૈભવોના અતિરેકમાં લોકો પોતાના સ્વાસ્થ્યને કેવી રીતે હાનિ પહોંચાડે છે તે બાબત પ્રત્યે ઈશારો જોવા મળે છે.*

*અહીં કોયલની આંખનું ફરવું તે અસમંજસ પેદા કરે તેવું છે. હકીકતમાં કાગડાને બે આંખમાં એક જ ડોળો હોય છે. આથી તેની આંખમાં જે તરફ જોવું હોય તે તરફ તેનો ડોળો તે લઈ જાય છે આ બાબતને કવિએ કોયલ સાથે જોડતાં કેટલાક લોકોએ ટીકા કરી છે. પરંતુ આ વાત બરાબર નથી. વિદૂષક જે પરિસ્થિતિમાં છે ત્યાં કાગડાને બદલે કોયલનો ઉલ્લેખ કરી પેટના ગોટાળાની અસર બોલવામાં પણ ગોટાળા સ્વરૂપે જોવા મળે છે જે વધુ સ્વીકાર્ય લાગે છે. જેના પરિણામે પ્રેક્ષકવર્ગમાં રમૂજ ફેલાવું સાહજિક બને છે.*

5.4.2 एकोपरता अपराऽसन्निहिता ।

અર્થ : એક મૃત્યુ પામી છે બીજી (અહીં )ઉપસ્થિત નથી.

સંદર્ભ : પ્રસ્તુત વાક્ય સ્વપ્નવાસવદત્તમ્‌ના ચતુર્થ અંકમાં વિદૂષક રાજાને ઉદ્દેશીને બોલે છે.

પ્રસંગ : જ્યારે રાજા અને વિદૂષક પ્રમદવનમાં જાય છે અને ત્યાં એકાંત જોતાં વિદૂષક રાજાને કહે છે કે મારે આપને એક વાત પૂછવી છે. રાજાએ અનુમાતિ આપતાં વિદૂષક પૂછે છે—આપને પ્રિય કોણ છે ? તે ત્યારની વાસવદત્તા કે અત્યારની પદ્માવતી ? જ્યારે રાજા આ વાતનો પ્રત્યુત્તર ટાળવા પ્રયત્ન કરે છે તો તેને હિંમત બંધાવતાં વિદૂષક આ વાક્ય બોલે છે.

સમજૂતી : આ એક નાટ્યાત્મક યોજના છે જેમાં રાજા અને વિદૂષક પોતાને એકાંતમાં હોવાનું માને છે પરંતુ ત્યાં જ માધવી લતામંડપમાં પદ્માવતી, વાસવદત્તા અને ચેટી તેમની વાતો સાંભળે છે.

રાજાને આ પ્રશ્ન પૂછતી વખતે વિદૂષક દ્વારા આપવામાં આવતું આશ્વાસન રાજાને બળ આપવાને બદલે દુઃખી કરનારું બને છે. કારણ કે રાજાનું મન વાસવદત્તાનું મૃત્યુ સ્વીકારવા તૈયાર નથી. એ સમયે તેના મૃત્યુ વિશે જણાવી રાજાનું વિરહદુઃખ અને વાસવદત્તા પ્રત્યેની સંવેદનાઓ વિદૂષકે જાગૃત કરી દીધી. જેના પરિણામે રાજા ઉદ્વિગ્ન બની જાય છે. અને એક રમૂજનો પ્રસંગ વિષાદમાં પરિણમે છે.

5.4.3 दत्तं वेतनमस्य परिखेदस्य ।

અર્થ : આ પરિશ્રમ/દુઃખનું ફળ આપી દેવામાં આવ્યું છે.

સંદર્ભ : ચતુર્થ અંકમાં વાસવદત્તા ઉદયન દ્વારા વિદૂષકને ઉદ્દેશીને આપવામાં આવેલ પ્રત્યુત્તર સાંભળી આ વાક્ય બોલે છે.

પ્રસંગ : - વિદૂષક દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્ન - का भवतः प्रिया ?ના પ્રત્યુત્તરમાં રાજાએ જ્યારે એમ જણાવ્યું કે તેને પદ્માવતી પ્રત્યે બહુમાન છે પરંતુ વાસવદત્તામાં બંધાયેલા તેના હૃદયને તેણી હરી શકતી નથી. આ વાત સાંભળતાં સંતુષ્ટ થયેલી આવંતિકા વેશમાં રહેલી વાસવદત્તા મનોમન આ વાક્ય બોલે છે.

સમજૂતી : અમાત્ય યૌગન્ધરાયણના કહેવાથી તેની યોજનમાં સામેલ થઈ વાસવદત્તા પોતાના સુખ, વૈભવ, પતિનો પ્રેમ ઈત્યાદિનો ત્યાગ કરે છે. અને યૌગન્ધરાયણ સાથે ચાલી નીકળે છે. યોજનાના ભાગરૂપે વાસવદત્તા અને યૌગન્ધરાયણ મૃત્યુ

*પામ્યા છે તેવા સમાચાર બધે વહેતા કરી દેવામાં આવ્યા. જે પછી બીજા તબક્કામાં ઉદયનના વિવાહ પદ્માવતી સાથે થાય છે જ્યાં યૌગન્ધરાયણ દ્વારા વાસવદત્તાને આવંતિકાના વેશમાં ધરોહર તરીકે મૂકવામાં આવી છે. તેણે જીવતા હોવા છતાં મૃત્યુ પામ્યાનું નાટક કર્યું, પતિનો વિરહ ભોગવ્યો, પોતાની સમક્ષ જ પતિના અન્ય સ્ત્રી સાથે વિવાહ થતા જોયા આ બધા દુ:ખો વચ્ચે વાસવદત્તા પોતાના પતિના મુખે જ્યારે આ વાક્ય સાંભળે છે કે તેને હજુ પણ વાસવદત્તા પ્રત્યે જ પ્રેમ છે ત્યારે અત્યાર સુધી કરેલા ત્યાગ અને દુ:ખનું જાણે વળતર મળી ગયું હોય તેવું વાસવદત્તા અનુભવે છે.*

5.4.4 *अहो ! अज्ञातवासोऽप्यत्र बहुगुणः सम्पद्यते ।*

*અર્થ : અરે વાહ ! અજ્ઞાતવાસ પણ અહીં બહુ ગુણવાન્/ફાયદાકારક સાબિત થઈ રહ્યો છે.*

*સંદર્ભ : પ્રસ્તુત વાક્ય ચતુર્થ અંકમાં ઉદયન દ્વારા વિદૂષકને આપવામાં આવેલા પ્રત્યુત્તરને સાંભળી વાસવદત્તા મનોમન બોલે છે.*

*પ્રસંગ :- વિદૂષક દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્ન - का भवतः प्रिया ?ના પ્રત્યુત્તરમાં રાજાએ જ્યારે એમ જણાવ્યું કે તેને પદ્માવતી પ્રત્યે બહુમાન છે પરંતુ વાસવદત્તામાં બંધાયેલા તેના હૃદયને તેણી હરી શકતી નથી. આ વાત સાંભળતાં સંતુષ્ટ થયેલી આવંતિકા વેશમાં રહેલી વાસવદત્તા મનોમન આ વાક્ય બોલે છે.*

*સમજૂતી : જ્યારે અનેક દુ:ખો પછી તેનું વળતર વ્યાજ સાથે મળતું હોય ત્યારે કોણ ખુશ ન થાય ? વાસવદત્તા પણ પોતાના પતિ દ્વારા તેની અનુપસ્થિતિમાં કરવામાં આવેલા પ્રણય એકરારથી પ્રસન્ન થાય છે. આ તબક્કે તેણે પૂર્વમાં કરેલા રાજા અને રાજ્ય માટેના ત્યાગ, સમર્પણ સાર્થક થતા હોય તેવું તે અનુભવે છે. દુનિયા માટે મૃત્યુ પામેલી વાસવદત્તા વિશે તેનો પતિ હજુ પણ એટલો જ સ્નેહ ધરાવે છે. તે કાંઈ નાનીસૂની બાબત નથી. અને આ જાણ ત્યાં જ છુપાઈને રહેલી વાસવદત્તાને પતિમુખે થાય ત્યારે તેથી વધુ રુડું શું હોઈ શકે. આથી અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરતી વાસવદત્તાને પણ એક સમયે દુ:ખદાયક લાગતો અજ્ઞાતવાસ અત્યારે ખુબ જ લાભકારક લાગી રહ્યો છે.*

5.4.5 *अनतिक्रमणीयो हि विधिः ।*

*અર્થ : વિધાતા/ભાગ્યનું અતિક્રમણ થઈ શકે નહીં*

*સંદર્ભ : પ્રસ્તુત વાક્ય ચતુર્થ અંકમાં ઉદયનને ઉદ્દેશીને વિદૂષક બોલે છે.*

પ્રસંગઃ - રાજા અને વિદૂષક વચ્ચે ચાલી રહેલી એકાંત વાર્તામાં રાજા દ્વારા વાસવદત્તા અને પદ્માવતી પ્રત્યેના મંતવ્ય બાદ રાજાએ જ્યારે વિદૂષકને તે જ પ્રશ્ન કરતાં વિદૂષક પદ્માવતી પ્રત્યે અધિક સમ્માન હોવાનું દર્શાવતાં જણાવે છે કે તે વિવિધ પ્રકારના ભોજન સાથે તેને સ્નેહપૂર્વક બોલાવે છે. આ પ્રત્યુત્તર સાંભળી રાજા જ્યારે વાસવદત્તાને આ વાત જણાવી દેવાનું કહેતાં વિદૂષક રાજાને વાસ્તવિકતાનું ભાન કરાવે છે કે વાસવદત્તા તો મૃત્યુ પામી છે આ સાંભળી દુઃખી થયેલા રાજાને આશ્વાસન આપતાં વિદૂષક આ વાક્ય બોલે છે.

સમજૂતી : વિધાતાએ જે પ્રમાણે જીવનમાં નિર્ધારિત કર્યું હોય તેના પર સામાન્ય માનવી મેખ મારી શકતો નથી. આ જ વાત જણાવી વિદૂષક રાજાને આશ્વાસન આપવા પ્રયત્ન કરે છે.

અહીં કવિનું ભાગ્યનો મહિમા અને નસીબ પ્રત્યનો અભિપ્રાય વ્યક્ત થાય છે. આ જ નાટકમાં અન્યત્ર પણ કવિ દ્વારા ભાગ્યનો મહિમા વ્યક્ત કરવામાં આવેલ છે.

5.4.6 अहो ! सदाक्षिण्यस्य जनस्य परिजनोऽपि सदाक्षिण्य एव भवति ।

અર્થ : અહો ! દાક્ષિણ્ય/શાલીનતાવાળા વ્યક્તિના સેવકો પણ દાક્ષિણ્યવાળા જ હોય છે.

સંદર્ભ : ચતુર્થ અંકમાં વિદૂષક દ્વારા પાણી લઈ જવાનું કારણ જણાવતાં પદ્માવતી મનમાં આ પ્રમાણે બોલે છે.

પ્રસંગ : - વાસવદત્તાના સ્મરણથી દુઃખી થયેલા ઉદયનનું અશ્રુપૂર્ણ આંખોવાળું મોં ધોવા માટે વિદૂષક પાણી લેવા જાય છે. ત્યારે ત્યાં પદ્માવતી તેને સામે મળે છે. કારણ પૂછતાં વિદૂષક જણાવે છે કે ભમરાઓ વડે ઉડાડવામાં આવેલ કાશપુષ્પની પરાગરજ તેના સ્વામીની આંખોમાં પડવાથી મુખ અશ્રુપૂર્ણ થયું છે તેને ધોવા માટે પાણી લઈ જાય છે આ પ્રત્યુત્તર સાંભળી સત્ય હકિકત જાણતી પદ્માવતીને વિદૂષક પ્રત્યે આદર થાય છે. તેને વ્યક્ત કરતાં મનમાં જ તે આ પ્રમાણે બોલે છે.

સમજૂતી : અહીં પદ્માવતીનું ઉદાર અને ઉદાત્ત ચરિત્ર જોવા મળે છે. તે વિદૂષકની સ્વામિનિષ્ઠા પ્રત્યે પોતાનો આ આદર વ્યક્ત કરે છે. ઉપરોક્ત વાતને સમર્થન આપતી ગુજરાતી કહેવત પણ અહીં ઉલ્લેખનીય છે – સંગ તેવો રંગ.

5.4.7 सत्कारो हि नाम सत्कारेण प्रतीष्टः प्रीतिमुत्पादयति ।

અર્થ : સત્કારનો પ્રત્યુત્તર સત્કાર/સન્માન દ્વારા વાળવામાં આવે તો પરસ્પર આત્મીયતા ઉત્પન્ન કરનારો બને છે.

સંદર્ભ : પ્રસ્તુત વાક્ય ચતુર્થ અંકના અંતે રાજાને મગધરાજ પાસે લઈ જવા પ્રેરતાં વિદૂષક બોલે છે.

પ્રસંગ : - વાસવદત્તાના વિષાદમાંથી બહાર આવવા મથતો રાજા પદ્માવતી સાથે વધુ સમય ન વિતાવે તે માટે રાજાને તેનું કર્તવ્ય યાદ કરાવતાં વિદૂષક જણાવે છે કે મગધરાજે બપોર પછીના સમયમાં મિત્રવર્તુળ સાથે બેઠકનું આયોજન કરેલ છે જેમાં આપનું હોવું અનિવાર્ય છે. કારણ કે સત્કારનો બદલો સત્કારથી વાળવો જ ઉચિત છે.

સમજૂતી : અહીં વિદૂષકની સમયસૂચકતાનો પરિચય થાય છે. જો રાજા વધુ સમય પદ્માવતી સાથે વિતાવે તો તેની વર્તમાન લાગણીઓ બહાર આવી જવાનો સંભવ હતો જે નવવિવાહિતા પદ્માવતીના હૃદયને સંભવતઃ ઠેસ પહોંચાડે તેમ હતું આથી સમયસૂચકતા વાપરી વિદૂષકે બંને નવવિવાહિતો વધારે સમયે સાથે ન વિતાવે અને અળગા થઈ જાય તેવી ગોઠવણ કરી. અને રાજાનું મુખ્ય કાર્ય યાદ અપાવી તેને કર્તવ્ય પ્રત્યે જાગૃત કર્યો.

## 5.5 નાટ્યશાસ્ત્રીય પરિભાષાઓ સમજાવો

5.5.1 **પ્રવેશક** – નાટકના પૂર્વ અને હવે પછી પ્રસ્તુત થનાર અંકના મુખ્ય દશ્ય વચ્ચેની ઘટનાઓ સૂચવી બે અંક વચ્ચે સેતુ તરીકેની ભૂમિકા ભજવવાનું કાર્ય પ્રવેશક કરે છે.

**પ્રવેશકનું લક્ષણ -**

प्रवेशकोऽनुदात्तोक्त्या नीचपात्रप्रयोजितः ।

अङ्कद्वयान्तर्विज्ञेयः शेषं विष्कम्भको यथा ॥

અર્થાત્ - પ્રવેશક એ છે જે નાટકના અતિગૌણ પાત્રો દ્વારા પ્રયોજવામાં આવે છે. બે અંકની મધ્યમાં પ્રયોજાય છે. પ્રવેશકની ભાષા પ્રાકૃત હોય છે. પ્રવેશકની બાકીની વાતો વિષ્કમ્ભક પ્રમાણે જાણવી. આ પ્રમાણે જોતાં વિષ્કમ્ભકનું અહીં લાગૂ પડતું લક્ષણ -

वृत्तवर्तिष्यमाणानां कथांशानां निदर्शकः ।

એટલે કે - વિષ્કમ્ભક (અને પ્રવેશક) ભૂતકાળમાં ઘટેલી અને ભવિષ્યમાં ઘટનારી ઘટનાઓ વચ્ચેની પરિસ્થિતિ જણાવનાર હોય છે.

*અહીં પ્રસ્તુત પ્રવેશક ત્રીજા અંકમાં પદ્માવતી અને ઉદયનના લગ્નની પૂર્વતૈયારીઓ દર્શાવાઈ જે ભૂતકાળની ઘટના અને ચતુર્થાંકના મુખ્યદશ્ય જ્યાં નાયક ઉદયન પ્રથમવાર મંચ પર આવનાર છે. તે બંને ઘટનાઓ વચ્ચે ઘટેલી ઉદયન-પદ્માવતીના લગ્નની વિધિ અને મહોત્સવની મધુરિમા વિદૂષકના મુખે કવિ પ્રસ્તુત કરે છે. અહીં વિદૂષક અને ચેટીના સંવાદમાં એ પણ જાણવા મળે છે કે વિવાહ બાદ ઉદયન મગધમાં રોકાયેલ છે. અર્થાત્ મુખ્યદશ્ય જ્યાં ભજવાશે તે સ્થળ મગધનો રાજપ્રાસાદ છે.*

5.5.2 ***आत्मगतम्*** *– મનમાં. આ એક પ્રકારની રંગસૂચના છે. નાટકોમાં જ્યારે નટ કોઈ વાત મનમાં બોલવા માગે ત્યારે ત્રિપતાક - ત્રણ આંગળીઓની મુદ્રા મંચ પર વિદ્યમાન અન્ય પાત્રો સમક્ષ કરી, પ્રેક્ષકો તરફ મુખ રાખીને સંવાદ બોલે ત્યારે તે મનમાં બોલી રહેલ છે તેમ સમજવામાં આવે.*

*स्वगतमात्मगतं चैव स्वयं त्रिपताकपाणिना ।*

*यः पठेत्तत्र संयोज्यं द्वयमेतत् प्रयोक्तृभिः ॥*

*આના માટે સ્વગતમ્ કે આત્મગતમ્ એવી રંગસૂચના પ્રયોજાય છે. બાકીનો અર્થ ઉપર મુજબ છે.*

5.5.3 ***प्रकाशम्*** *– આ એક પ્રકારની રંગસૂચના છે. જ્યારે કોઈ નટ મનમાં ઉક્તિ બોલ્યા બાદ પ્રેક્ષકો અને નટોને સૌને ઉદ્દેશીને સંવાદ બોલે ત્યારે તે પહેલાં આ પ્રકારની રંગસૂચના આપવામાં આવે છે. આ સમયે મનમાં બોલનાર નટે જે ત્રિપતાકની મુદ્રા કરેલ હોય તેને તે હટાવી લે છે.*

*प्रकाशं तत्र कर्तव्यं यथा प्रस्ताववर्तिना ।*

*અર્થાત્ – જ્યારે કોઈ વાતને મનમાં વિચાર્યા બાદ નટ પ્રકટરૂપે કહે ત્યારે તેને માટે પ્રકાશમ્ શબ્દ પ્રયોજવામાં આવે છે.*

*સન્ધિ કરો – જે તે એકમના ટિપ્પણમાંથી દર્શાવેલ છે.*

*સન્ધિ છોડો – જે તે એકમના ટિપ્પણમાંથી દર્શાવેલ છે.*

*સમાસ વિગ્રહ દર્શાવો. – જે તે એકમના ટિપ્પણમાંથી દર્શાવેલ છે.*

## 5.6 તમારી પ્રગતિ ચકાસોઃ

**- નીચેના પાત્રોનું પાત્રાલેખન કરો**

૧) ઉદયન

૨) વિદૂષક

**- નીચેના પ્રસંગોની સમીક્ષા કરો**

૧) ચતુર્થ અંકનો પ્રવેશક

૨) પ્રમદવન દૃશ્ય

૩) સ્વપ્નદૃશ્ય

- નીચેની સૂક્તિઓનું વિવેચન કરો

– *अधन्यस्य मम कोकिलानामक्षिपरिवर्त इव कुक्षिपरिवर्तः संवृत्तः ।*

– *एकोपरता अपराऽसन्निहिता ।*

– *दत्तं वेतनमस्य परिखेदस्य ।*

– *अहो ! अज्ञातवासोऽप्यत्र बहुगुणः सम्पद्यते ।*

– *अनतिक्रमणीयो हि विधिः ।*

– *अहो ! सदाक्षिण्यस्य जनस्य परिजनोऽपि सदाक्षिण्य एव भवति ।*

– *सत्कारो हि नाम सत्कारेण प्रतीष्टः प्रीतिमुत्पादयति ।*

**- નાટ્યશાસ્ત્રીય પરિભાષાઓ સમજાવો**

- પ્રવેશક

– *आत्मगतम्*

– *प्रकाशम्*

★★★

BAOU Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

સંસ્કૃત નાટ્ય ,સ્તોત્ર અને મુક્તક કાવ્યો

**SKTMN-202**

## વિભાગ-3 જગન્નાથ વિરચિત ગંગાલહરી (૧ થી ૨૪ શ્લોકો)

---

એકમ : 1

કવિ જગન્નાથ અને સ્તોત્રકાવ્યનો પરિચય

---

એકમ : 2

ગંગાલહરી (૧ થી ૧૨ શ્લોકો)

---

એકમ : 3

ગંગાલહરી (૧૩ થી ૨૪ શ્લોકો)

---

એકમ : 4

સમીક્ષાત્મક પ્રશ્નો

---

એકમ ૧

# કવિ જગન્નાથ અને સ્તોત્રકાવ્યનો પરિચય

## રૂપરેખા

ઉદ્દેશ
૧.૦ : પ્રસ્તાવના
૧.૧ : કવિ જગન્નાથનું જીવન
૧.૨ : યવન કન્યા સાથે લગ્ન
૧.૩ : કવિ જગન્નાથ વિશેની પ્રચલિત દંતકથાઓ
૧.૪ : કવિ જગન્નાથનું વ્યક્તિત્વ
૧.૫ : કવિ જગન્નાથનો સમય
૧.૬ : કવિ જગન્નાથની કૃતિઓનો પરિચય
૧.૭ : સ્તોત્રકાવ્યનો વ્યુત્પત્તિજન્ય અર્થ
૧.૮ : સ્તોત્રકાવ્યનો ઉદ્ભવ, વિકાસ અને લક્ષણો
૧.૯ : ગંગાલહરીનું સ્તોત્રકાવ્ય તરીકે મૂલ્યાંકન
૧.૧૦: કવિ જગન્નાથની કાવ્યકલા
૧.૧૧: તમારી પ્રગતિ ચકાસો

## ઉદ્દેશ

- સંસ્કૃત સ્તોત્રકાવ્યના સ્વરૂપથી પરિચિત થશે.
- પંડિતરાજ જગન્નાથનાં જીવન, સમય અને કવનનો પરિચય મેળવશે.
- ગંગાલહરીને એક સ્તોત્રકાવ્ય તરીકે મૂલવતા શીખશે.

## ૧.૦ : પ્રસ્તાવના

આ યુનિટમાં કવિ જગન્નાથ અને સ્તોત્ર સાહિત્ય એમ બે બાબતોનો પરિચય આપ્યો છે. ગંગાલહરીના રચયિતા કવિ જગન્નાથનું સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન છે. તેઓ પંડિતરાજ તરીકે પ્રસિદ્ધ છે. જગન્નાથના સમય અંગે ચોક્કસ માહિતી મળે છે. તેમણે અનેક કૃતિઓની રચના કરી છે. આ યુનિટમાં તેમનાં જીવન, સમય અને કવનનો પરિચય કરાવ્યો છે.

જગન્નાથ વિરચિત ગંગાલહરીમાં ભગવતી ગંગાનદીના મહિમાનું ગાન કરવામાં આવ્યું છે. ગંગાલહરી એક પ્રકારે સ્તોત્રકાવ્ય છે. તેથી સ્તોત્રકાવ્યનો પરિચય કરાવવાનો આ યુનિટનો સામાન્ય ઉદ્દેશ છે. સ્તોત્રનો અર્થ, સ્તોત્રકાવ્યનો ઉદ્ભવ, તેની વિકાસ

પરંપરા વગેરે વર્ણવીને ગંગાલહરીનું એક સ્તોત્રકાવ્ય તરીકે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

## ૧.૧ કવિ જગન્નાથનું જીવન :

**औषधं जाह्नवीतोयम्** ગંગાનું જળ જેના માટે ઔષધ છે. તે જગન્નાથનાં જીવન વિશે સંસ્કૃત સાહિત્યમાં ઠીક-ઠીક પ્રમાણમાં માહિતી પ્રાપ્ત થાય છે. તેમની વિશાળ કાવ્ય સમૃદ્ધિ જગન્નાથના જીવન આસપાસના ઘટના ચક્રને પ્રકાશિત કરે છે. સ્તોત્રકાવ્ય ક્ષેત્રે જગન્નાથનું અમૂલ્ય પ્રદાન રહ્યું છે. તેમણે કરેલા ઉલ્લેખો અને ટીકાકારોનાં ઉદ્ધરણો પરથી તેમના જીવન વિશેની માહિતી સુધી પહોંચી શકાય છે.

આસફવિલાસ નામનાં પ્રશસ્તિકાવ્યનાં અંતે તેઓ લખે છે.

**श्रीसार्वभौमसाहिजहानप्रसादादधिगतपण्डितरायपदवी -**
**विराजितेन तैलंगकुलावतंसेन पण्डितजगन्नाथनासफविलासाख्येमाख्यायिका निरमीयत**

પ્રસ્તુત પ્રશસ્તિ પરથી જગન્નાથનાં જન્મકુળની વિગત મળે છે. તેમનો જન્મ તૈલંગકુળમાં થયો હતો. મોગલ બાદશાહ શાહજહાંએ તેને 'પંડિતરાજ' ની પદવી આપી હતી. તેમના પિતાનું નામ પેરુભટ્ટ કે પેરમભટ્ટ હતું. તેમની માતાનું નામ લક્ષ્મી હતુ. પેરમભટ્ટ મહાન વિદ્વાન હતા. જગન્નાથે તેના પિતાની પાસે ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. તેથી તે પોતાના પિતાને '**महागुरु**' કહે છે. નાનપણથી જ પિતાની નિશ્રામાં ઉછરેલા જગન્નાથને પિતાના વાત્સલ્ય અને વિદ્વત્તાનો વિશેષ લાભ મળ્યો હતો. પિતા પ્રત્યેનો જગન્નાથનો આદરભાવ મહાગુરુના વિશેષ પ્રબોધનથી જોઈ શકાય છે. પેરમભટ્ટ વ્યાકરણના પ્રકાંડ પંડિત હતા. જગન્નાથનો પરિવાર તૈલંગણ (આંધ્રપ્રદેશ)ના ગોદાવરી જિલ્લાના મુગુંડ ગામનો વતની હતો.

'રસગંગાધર' નામના અલંકાર શાસ્ત્રના ગ્રંથમાં જગન્નાથે તેના પિતાનો આદરપૂર્વક ઉલ્લેખ કર્યો છે. 'પ્રાણાભરણ' નામના પ્રશસ્તિ કાવ્યમાં તેમણે પોતાના કુટુંબ વિશે માહિતી આપી છે.

**तैलङ्गान्वयमङ्गलालयमहालक्ष्मीदयालालितः**
**श्रीमत्परमभट्टसूनुरनिशं विद्वल्ललाटंतपः ।**

જગન્નાથને વિદ્યાનો વારસો પિતા પાસેથી મળ્યો હતો. પોતાના જીવનકાળ દરમિયાન જગન્નાથ આંધ્રથી જયપુર અને ત્યાંથી દિલ્હી ગયા હશે તેવું ભામિનીવિલાસ નામનાં તેનાં સર્જન દ્વારા જાણવા મળે છે. તેઓ નોંધે છે : **दिल्लीवल्लभपाणिपल्लवतले नीतं नवीनं वयः ।** જગન્નાથનો અભ્યાસ વારાણસીમાં થયો હોવાનું મનાય છે પરંતુ તેમણે સ્વયં એ ઉલ્લેખ કર્યો છે કે તેઓ મોગલ બાદશાહ જહાંગીર અને શાહજહાંના સમયમાં દિલ્હી રહ્યા હતા. દિલ્હીમાં આવતાં પહેલાં જગન્નાથે જયપુરમાં વસવાટ કર્યો હશે તેમ પણ વિદ્વાનોએ તારવેલાં તારણોથી જાણી શકાય છે. ત્યાંના રાજા જયસિંહની મદદથી તેમણે સંસ્કૃત પાઠશાળા પણ સ્થાપી હતી. ખૂબ જ ઓછા સમયમાં તેમના ઊંડા જ્ઞાનની સુવાસ દિલ્હી તેમજ સમગ્ર ભારતભરમાં પ્રસરી હતી. જોકે કેટલાક વિદ્વાનોના (પંડિત દુર્ગાપ્રસાદ) મતે જયપુરના જગન્નાથ રસગંગાધરના જગન્નાથથી ભિન્ન છે. જગન્નાથને

રાજ્યાશ્રય પણ મળેલો. જગન્નાથની પ્રતિભા અને તર્કશક્તિથી પ્રભાવિત થયેલા મોગલ સમ્રાટોએ તેમને સન્માન આપ્યું. જગન્નાથે પોતાના સન્માનને ગર્વપૂર્વક રજૂ કર્યું છે.

दिल्लीश्वरो वा जगदीश्वरो वा मनोरथान् पूरयितुं समर्थः ।
अन्यैर्नृपालैः परिदीयमानं शाकाय वा स्याल्लवणाय वा स्यात् ॥

"દિલ્હીસમ્રાટ કે પરમેશ્વર જ મારા મનોરથ પૂરી શકે. બીજા રાજાઓએ આપેલું તો મારે શાક કે મીઠા માટે જ પૂરતું થાય." નૂરજહાંના ભાઈ આસફખાન સાથે કવિને વિશેષ મિત્રતા હોય તેમ જણાય છે. ઈ.સ.૧૬૪૧ માં આસફખાન મૃત્યુ પામ્યા હતા. તેની પુણ્ય સ્મૃતિમાં જગન્નાથે 'આસફવિલાસ' નામનું પ્રશસ્તિ કાવ્ય રચ્યુ. કવિના શબ્દોમાં આસફખાનની પ્રશસ્તિ કાવ્યાત્મકતાની સાક્ષી છે.

युत्कत्कु याते दिवमासफेन्दौ तदाश्रितानां यदभूद्विनाशः।
इदन्तु चित्रं भुवनावकाशे निराशया खेलति तस्य कीर्तिः ॥

"આ યોગ્ય જ છે કે આસફખાન સ્વર્ગે જાય ત્યારે તેનાં આશ્રિતોનો નાશ થાય, પણ આશ્રયરહિત થયેલી તેની કીર્તિ ભુવનોના અવકાશમાં ભટકે તે વિચિત્ર છે."

જગન્નાથે પોતાના જીવનકાળ દરમિયાન થોડો સમયગાળો રાણા જગતસિંહ પાસે વિતાવ્યો હોય તેમ લાગે છે. તેમની પ્રશંસામાં જગન્નાથે 'જગદાભરણ' કાવ્યની રચના કરી છે. તેઓ આસામના રાજા પ્રાણનારાયણને ત્યાં પણ રહ્યા હશે. પ્રાણનારાયણની પ્રશસ્તિ કરતાં તેમણે 'પ્રાણાભરણ' કાવ્યની રચના કરી. જગન્નાથે રચેલાં વિવિધ પ્રશસ્તિ કાવ્યોથી જાણી શકાય કે તેમને વિવિધ રાજાઓનો રાજ્યાશ્રય સાંપડેલો હશે. આ રાજાઓ તરફથી કવચિત પર્યાપ્ત સન્માન ન મળવાથી તે વિષયક કડવી ફરિયાદ કવિ ગંગાલહરીમાં કરે છે.

पुरो धावं धावं द्रविणमदिरघूर्णितदृशां
महीपानां नानातरुणतरखेदस्य नियतम् ।
ममैवायं मन्तुः स्वहितशतहर्तुर्जडधियो
वियोगस्ते मातर्यदिह करुणातः क्षणमपि ॥

"સંપત્તિરૂપી મદિરાથી જેની દૃષ્ટિ ફરી ગઈ છે તેવા રાજાઓની પાસે સતત દોડી દોડીને જેને વિવિધ પ્રકારનો ઉત્કટ થાક લાગ્યો છે એવા અને પોતાના સેંકડો હિતોનો નાશ કરનાર એવા જડબુદ્ધિવાળા મારો જ આ અપરાધ છે કે અહીં તારો વિયોગ થયો; તેથી હે માતા, એક ક્ષણ પણ દયા કર.

મોગલોના રાજ્યમાં જગન્નાથને યથાયોગ્ય ગૌરવ મળ્યુ. જીવનમાં અંતભાગમાં જગન્નાથે 'રસગંગાધર' ની રચના કરી. આ ગ્રંથ અપૂર્ણ છે. આ ગ્રંથ પૂર્ણ થતાં પહેલાં જ જગન્નાથનાં જીવનનો અંત આવ્યો.

## ૧.૨ યવન કન્યા સાથે લગન :

મોગલ દરબારમાં જગન્નાથ ઉચ્ચ દરજ્જે હતા. મોગલ બાદશાહનાં વિલાસી જીવનની અસર જગન્નાથ પર પડી. દંતકથા અનુસાર જગન્નાથ એક યવનકન્યાનાં પરિચયમાં આવ્યા. આ કન્યાનું નામ લવંગી હતુ. જગન્નાથે લવંગી સાથે વિવાહ કર્યા. પરિણામે તત્કાલીન બ્રાહ્મણ સમાજે તેનો બહિષ્કાર કરેલો. લવંગી સાથેના જગન્નાથના સંબંધોના સાક્ષીરૂપે કેટલાક શૃંગારી શ્લોકોનાં પ્રમાણો પણ પ્રાપ્ત થાય છે. જો કે આ શ્લોકો પંડિતરાજ જગન્નાથનાં જ હોત તો અન્ય શ્લોકોની જેમ તેને પણ પોતાના પ્રશસ્તિ કાવ્યોમાં તેમણે સમાવ્યા હોત.

લવંગી નામની યવન કન્યા સાથેનાં લગ્નથી કાશીના રૂઢિચુસ્ત સમાજે કવિને જ્ઞાતિ બહાર મૂકેલા. આથી ખિન્ન થયેલા કવિએ ગંગાની આરાધના કરતાં 'ગંગાલહરી' નામે સ્તોત્ર કાવ્ય લખ્યું. ગંગાનદીના પવિત્ર જળથી પાવન બનેલા જગન્નાથનો રૂઢિચુસ્ત સમાજે સ્વીકાર કર્યો. તાર્કિક રીતે તપાસીએ તો આ દંતકથા પ્રમાણભૂત જણાતી નથી. કારણ કે મુસ્લિમ શાસકો જગન્નાથ અને લવંગીના હિન્દુ-મુસ્લિમ વિવાહનો સ્વીકાર કરે તે વાત પાયાહીન જણાય છે.

જગન્નાથની વિધર્મી પત્ની પુત્ર ને જન્મ આપી મૃત્યુ પામ્યાની કિંવદન્તી પણ છે. જગન્નાથે પત્નીનાં મૃત્યુ બાદની વિરહાવસ્થામાં 'કરુણવિલાસ' કાવ્ય રચ્યુ. જે દુઃખી પતિના દુઃખનું વાચક છે. કેટલાકના મતે પત્ની વિરહથી દુઃખી જગન્નાથે ગંગાલહરીની રચના કરી અને મૃત્યુ પામ્યા.

આ ઉપરાંત ગંગાલહરી કાવ્યની રચના પાછળની પૂર્વભૂમિકા તરીકે લવંગી સાથેના સંબંધને જોડવામાં આવ્યો હોય તેમ જણાય છે. સામાજિક બહિષ્કાર કવિને ગંગાના ખોળે લઈ જવાનું કારણ બન્યો હશે તેવુ અર્થઘટન વિદ્વાનો કરે છે.

## ૧.૩ કવિ જગન્નાથ વિશેની પ્રચલિત દંતકથાઓ :

(૧) જગન્નાથ પોતાના વતનમાંથી ઉત્તર ભારત આવવા નીકળ્યા તે પહેલાં તેમણે બાલા ત્રિપુરાસુંદરીની ઉપાસના કરેલી. દેવીએ પ્રસન્ન થઈ તેને આશીર્વચન આપ્યા;

**आकुरुदेश विचरेर्मा कुरु परवादनिर्जये शङ्काम् ।**
**स्वीकुरु वरमेकं मे व्याकुर भो वत्स शास्त्राणि ॥**

હે વત્સ, તું કુરુદેશ સુધી અટન કર. પ્રતિવાદીઓને હરાવવાની વાતમાં શંકા ન કરીશ. (તારો વિજય નિશ્ચિત જ છે.) મારું એક વરદાન લે અને શાસ્ત્રોનું વિવેચન કર.

(૨) એક કિંવદન્તી મુજબ જગન્નાથે જે કન્યા સાથે વિવાહ કર્યા હતા તેનું નામ ભામિની હતુ. હિન્દુ સમાજની દૃષ્ટિએ બન્નેનાં સંબંધોની યોગ્યતા ને અવગણી. ધર્મચુસ્ત સમાજે જગન્નાથનો બહિષ્કાર કર્યો. તે ઉપરાંત તત્કાલીન સમાજનાં શ્રેષ્ઠી અને જગન્નાથનાં વિરોધી હરિદીક્ષિતે ભામિનીને પકડી એકાંત કિલ્લામાં બંદી બનાવી દીધી. જગન્નાથે તેને શોધવા માટે ખૂબ પ્રયત્નો કર્યા. ફરતા-ફરતા તેઓ કાશી નગરીમાં આવ્યા. અહીં તેણે કાશી વિશ્વનાથની ભક્તિ કરી. પેલી તરફ ભામિની યુક્તિપૂર્વકની યોજનાથી ત્યાંથી નાસી છૂટી અને કાશી આવી પહોંચી. દૈવયોગે ત્યાં બન્નેનું મિલન થયું પછીથી

બન્ને ગંગાને ખોળે પોઢી ગયા.

(૩) એમ કહેવાય છે કે જગન્નાથે જયપુરમાં પાઠશાળા શરૂ કરી હતી. તે દિવસોમાં એક મુસ્લિમ મૌલવી પોતાના ધર્મની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા હિન્દુપંડિતોને પડકાર આપતો હતો. તેની સામે ભલભલા પંડિતોનો પરાજય થતો. જગન્નાથે ફારસી અને અરબી ભાષાનો અભ્યાસ કરી મૌલવી સાથે વિવાદ કર્યો અને તેને પરાજિત કર્યો.

(૪) ગંગામાતાની કૃપાથી જગન્નાથ વિખ્યાત સાહિત્યકાર બન્યા. પરંતુ તેઓ દરિદ્ર હતા. આથી તેઓ દિલ્હી ગયા અને બાદશાહ સમક્ષ પોતાની દરિદ્રતા વર્ણવી. બાદશાહે તેને રાજદરબારમાં સ્થાન આપ્યું.

(૫) અન્ય અંક દંતકથાથી જગન્નાથનો સંસ્કૃત ભાષા પ્રત્યેનો પ્રેમ અને સમ્માન પ્રકટ થાય છે. રાજા જયસિંહને મૌલવીઓ કહ્યા કરતા હતા કે તેઓ સૌ શુદ્ધ ક્ષત્રિય નથી, કારણ પરશુરામે ૨૧ વાર પૃથ્વી નક્ષત્રી કરી હતી. વળી તેઓ અરબી ભાષાને સંસ્કૃત ભાષાથી પ્રાચીન કહેતા હતા. આનાથી રાજા દુઃખી બની જતા.

રાજા જયસિંહ એકવાર તીર્થયાત્રા કરવા કાશી ગયા ત્યારે જગન્નાથની વિદ્વત્તા વિશે સાંભળી, રાજાએ જગન્નાથને આ હકીકત કહીં. જગન્નાથે સંસ્કૃતભાષા અને ક્ષત્રિયો સામેનો આ પડકાર ઝીલ્યો. તેનું આત્મસમ્માન જાગૃત થયુ. તેમણે અરબી ભાષાનો અભ્યાસ કર્યો અને મૌલવીઓનાં કુતર્કનું ખંડન કર્યુ. અરબી ભાષાનાં ‘હદીશ’ ગ્રંથના આધારે તેણે કહ્યું કે, આ ગ્રંથમાં લખ્યુ છે કે, ‘હે મુસલમાનો, હિન્દુઓ માને તેનાથી તમે વિરુદ્ધ માનો.’ આનો અર્થ એવો જ થાય કે હિન્દુઓ અને તેમની સંસ્કૃતભાષા પ્રાચીન છે. આ સાંભળી મૌલવી મૌન થઈ ગયા. રાજાએ જગન્નાથનું બહુમાન કર્યુ.

(૬) શ્રીમદ વલ્લભાચાર્ય દ્વારા પ્રસ્થાપિત પુષ્ટિ સંપ્રદાયમાં એક વાત પ્રચલિત છે કે શ્રીવલ્લભાચાર્યજીની પ્રપૌત્રીનાં પુત્ર જગન્નાથે નાનપણમાં જ વિવિધ રાગ અને તાલમાં નિબદ્ધ ગીતો વ્રજભાષામાં રચેલાં અને ગાયેલા. એકવાર તેમણે વલ્લભાચાર્યનાં પુત્ર વેંકટેશનાં અનુયાયી તાનસેન સમક્ષ ગીત ગાયા. તાનસેન તો સુવિખ્યાત ગાયક હતો. પરંતુ જગન્નાથનાં ગાયનથી પ્રભાવિત થઈ તેણે જગન્નાથને શ્રેષ્ઠ ગાયક, કવિ અને સંગીતકાર થવાનાં આશિર્વાદ આપ્યા.

વી. રામસ્વામી શાસ્ત્રીનાં પુસ્તકમાં શ્રી પગડી નામે વિદ્વાન લખે છે કે, ગાયક અને કવિ જગન્નાથ બે ભિન્ન વ્યક્તિઓ હતા. બન્ને શાહજહાંનાં દરબારમાં હતા. યવન કન્યા સાથેનાં સંબંધવાળા જગન્નાથ કદાચ ગાયક જગન્નાથ હોય અને કાળક્રમે તે દોષારોપણ કવિ જગન્નાથને લાગ્યો હોય તેવું પણ બની શકે. અત્રે એ ઉલ્લેખવુ ઘટે કે સંસ્કૃત સાહિત્યમાં જગન્નાથ નામવાળા અન્ય ઘણા કવિઓનો ઉલ્લેખ પણ મળે છે. જોકે પરંપરા આ ગૂંચવણમાંથી બહાર આવી પ્રશસ્તિકાર કવિ જગન્નાથને જ સ્વીકારે છે.

સંસ્કૃત કવિઓની બાબતમાં દંતકથાઓનાં જાળા ગૂંથવાનું કંઈ નવુ નથી. એક વ્યક્તિના નામે અનેક કૃત્તિઓ કે પછી વિવિધ સમયે એક જ નામધારી કવિઓ થયાનાં પ્રમાણો મળે છે. સત્યતા જે કંઈ હોય તે ગંગાલહરી આદિ પ્રશસ્તિ કાવ્યોનાં રચયિતા જગન્નાથ કવિ વિદ્વાન હોવાની બાબતને તેમની કાવ્ય રચનાઓ સમર્થે છે.

આમ, પંડિતરાજ જગન્નાથનું જીવન મોગલ બાદશાહોનાં દરબાર વીત્યુ છે. જે જે રાજા તરફથી તેમને રાજ્યાશ્રય મળ્યો તેમના પ્રશસ્તિ કાવ્યો જગન્નાથની

સંસ્કૃત સાહિત્યને અનુપમ ભેટ છે. તેમની ખુમારી તેમના કાવ્યોમાં છલકે છે તો ગંગાનાં પ્રવાહને ભક્તિમાં તરબોળ કરી મૂકતા શબ્દો તેમનાં ભક્ત હૃદયની ઝાંખી પણ કરાવે છે.

## ૧.૪ કવિ જગન્નાથનું વ્યક્તિત્વ :

જગન્નાથનું વ્યક્તિત્વ તેઓ પૂર્ણ ભારતીય હોવાનું પ્રમાણ આપે છે. ગંગાલહરી, અમૃતલહરી તથા કરુણાલહરી જેવા સ્તોત્રો તેઓની ધાર્મિકતાનાં પુરાવા છે. તેના વિશેની દંતકથાઓમાં કવિએ બાલા ત્રિપુરાસુંદરીની ઉપાસના કરેલી તેવો ઉલ્લેખ છે તે પરથી કહી શકાય કે કવિએ શક્તિની પણ ઉપાસના કરી હતી. શાંતવિલાસ પરથી કવિની વિષ્ણુભક્તિ પ્રકટ થાય છે. અદ્વૈત પરંપરાનાં અનુયાયી હોવા છતાં તેઓ કૃષ્ણનાં પરમ ભક્ત હતા. તેઓ સ્વભાવે એશઅરામી હોવાનું તેમનાં મોગલ રાજાઓનાં રાજદરબારનાં આશ્રયથી અનુમાન થઈ શકે છે. વળી તેમની દર્પોક્તિઓ તેમનાં ખુમારીવાળા સ્વભાવ અને વ્યક્તિત્વને રજૂ કરે છે. તેમને ભારતીય તીર્થો, વેદ, દેવતાઓ, દેવીઓ પ્રત્યે વિશેષ પ્રેમ છે. ગંગાલહરીમાં તેણે કરેલ ગંગાની સ્તુતિ તેમની ગંગા પ્રત્યેની અતૂટ શ્રદ્ધાની સાક્ષી પૂરે છે.

જગન્નાથે મહાન વિદ્વાન અને ધર્મ માટે વાદી તરીકેની ખ્યાતિ મેળવી હતી. મૌલવીનો પરાજય અને સંસ્કૃતની પ્રાચીનતા માટે તેઓએ અરબી ભાષાનો અભ્યાસ કર્યો, ભાષા અને ધર્મ પ્રત્યેનો આદર તેઓનાં વ્યક્તિત્વનું જમા પાસું છે.

મહત્તમ જીવન મોગલ બાદશાહોના રાજ્યાશ્રય તળે વીતાવનાર જગન્નાથ પોતાના ધર્મ કે ભાષા વિશે જરા પણ ઊતરતી વાત સાંખી શકે તેમ ન હતા. પોતની જાતને તેઓ ' अनिशं विद्वल्ललाटतपः' (હંમેશાં વિદ્વાનોને પાંદિત્યથી તાપ આપનાર) કહે છે. આ તેની દર્પોક્તિ પણ કહી શકાય. પ્રતિવાદીની ટીકા કરતી વખતે તેઓ તેમના માટે કડક શબ્દો વાપરતા પણ અચકાતા નથી. આત્મગૌરવથી છલોછલ વ્યક્તિત્વ તેમની આગવી મૂડી છે.

## ૧.૫ કવિ જગન્નાથનો સમય :

જગન્નાથ મોગલ બાદશાહ જહાંગીર અને શાહજહાંના સમયમાં દિલ્હીમાં રહ્યા હોવાનાં પ્રમાણો મળે છે. જહાંગીરે ઇ.સ. ૧૬૦૫ થી ઇ.સ. ૧૬૨૭ સુધી શાસન કર્યું. જગન્નાથ દિલ્હીમાં આવ્યા ત્યારે તેમની ઉંમર લગભગ ૨૫ થી ૩૦ વર્ષની હોવાની શક્યતા છે. ઇ.સ. ૧૬૨૮ માં શાહજહાં દિલ્હીનો સમ્રાટ થયો. ઇ.સ. ૧૬૪૧ માં આસફખાનનું અવસાન થયું. જગન્નાથે તેમની પુણ્ય સ્મૃતિમાં ' આસફ વિલાસ' નામના પ્રશસ્તિ કાવ્યની રચના કરી. ઇ.સ. ૧૬૨૭ પછી જગન્નાથ થોડો સમય ઉદયપુરના રાણા જગતસિંહને ત્યાં રહ્યા હોય તેમ લાગે છે. અહીંથી તેઓ શાહજહાંના દરબારમાં પાછા ફર્યા હશે. શાહજહાંના મૃત્યુ બાદ તેઓ આસામના રાજા પ્રાણનારાયણના આશ્રિત બન્યા. તે દરમિયાન તેમણે 'પ્રાણાભરણ' નામે પ્રશસ્તિ કાવ્ય રચ્યું હતું. આ સમયગાળો ઇ.સ. ૧૬૬૩ ની આસપાસનો છે.

કવિના જીવનનો અંતિમ સમય કાશી કે મથુરામાં પસાર થયો હોય તેમ મનાય છે. આમ સમ્રગ અવલોકનો દ્વારા કવિનો સમય ઈ.સ. ૧૫૯૦ થી ૧૬૭૦ ની વચ્ચેનો હશે તેમ કહી શકાય.

પંડિતરાજ જગન્નાથને સંસ્કૃત સાહિત્યનાં પ્રાચીનકાળના છેલ્લા એટલે કે આશરે ૧૭મી સદીના કહી શકાય.

## ૧.૬ કવિ જગન્નાથની કૃતિઓનો પરિચય :

જગન્નાથે રચેલ સાહિત્ય તેમના વિશાળ જ્ઞાનરાશિની સમૃદ્ધિનું દ્યોતક છે. સાહિત્ય કવિ જીવનનું દર્પણ પણ છે. વિદ્વત્તા, દર્પ (ખુમારી), આત્મગૌરવ અને ભક્તિ જેવા ગુણો ધરાવતા કવિ જગન્નાથે રચેલ પ્રશસ્તિ કાવ્યો અને અલંકારશાસ્ત્રનાં ગ્રંથો તેને સાહિત્યગગનના તેજસ્વી તારક તરીકે સ્થાપે છે. તેમની કૃતિઓ આ મુજબ છે.

### (૧) ગંગાલહરી :

'ગંગાલહરી' કે પીયૂષલહરી પંડિતરાજ જગન્નાથનું સર્વોત્તમ સ્તોત્રકાવ્ય છે. આ સ્તોત્રકાવ્યનું શ્રેષ્ઠ ભક્તિકાવ્ય તરીકે સંસ્કૃત સાહિત્યમાં આગવું છે. ગંગાલહરીમાં કુલ ૫૩ શ્લોકો છે. તેમાંથી ૫૨ (બાવન) શ્લોકોમાં પુણ્યસલિલા ભાગીરથી ગંગાની ભાવસભર સ્તુતિ છે. ત્રેપનમો શ્લોક ફલશ્રુતિનો છે. અહીં જગન્નાથ ગંગાને પોતાની માતા અને તારણહારરૂપે કલ્પી, તેની ભક્તિ કરે છે. શ્રદ્ધેય પરિબળ પ્રત્યેનો અગાઢ પ્રેમ એ જ ભક્તિ , ધર્મ અને પોતાની સંસ્કૃતિ પ્રત્યેનો આદર ગંગાલહરીમાં વહેતો કરી જગન્નાથે ભારતીય સમાજમાં આજે પણ તેની પ્રસ્તુતતા સિદ્ધ કરી છે. જગન્નાથે ભક્તિની પૂર્ણતા માટે અનિવાર્ય શ્રદ્ધા અને આવશ્યક શરણાગતિ સ્વીકારી છે. ભક્ત તરીકે શરણાગતભાવ ભક્તિની પૂર્વશરત છે. જગન્નાથનો દર્પ અહીં દેખાતો નથી. દેખાય છે તો માત્ર ગંગા પ્રત્યેની કવિની ભક્તિ. ભક્ત તરીકેની પોતાની અસહાય સ્થિતિનું કવિએ કરેલું નિરૂપણ માર્મિક છે. પ્રકૃતિ માટે કવિનો અહોભાવ અહીં છલકે છે. પંચમહાભૂત પૈકીનાં જળતત્ત્વનું રમણીય ચિત્રણ આલેખતા અહીં ગંગાની પવિત્રતા તાદૃશ થતી જોવા મળે છે. ગંગાનાં ઉછળતા પ્રવાહનું ચિત્રણ આબેહૂબ છે. આ કાવ્ય શિખરિણી છંદમાં નિબદ્ધ છે.

કહેવાય છે કે લવંગી નામની યવનકન્યા સાથેનાં પ્રણય સંબંધથી સમાજમાંથી તિરસ્કૃત થયેલ જગન્નાથે ગંગાની ભાવભરી સ્તુતિ કરી. ગંગાએ જગન્નાથની કરેલ સ્તુતિથી પ્રકૃતિનુ તત્ત્વ જળ પણ ચૈતન્યરૂપ બની જવા પામ્યુ અને એક-એક શ્લોકે ગંગાએ જગન્નાથ પાસે આવી તેઓની પવિત્રતા પ્રમાણિત કરી આપી. અંતિમ શ્લોક સુધીમાં તો ગંગાનો પ્રચંડ પ્રવાહ પતિ-પત્નીને સ્નાન કરાવી આપ્લાવિત કરી ગયો. જગન્નાથ આ ઘટનાથી સમાજમાં બહુમાન પામ્યા.

ગંગા પ્રત્યેની શરણાગતિનો ભાવ વ્યક્ત કરતા જગન્નાથ મા ગંગાને વિનવે છે;

**तवालम्बादम्ब स्फुरदलधुगर्वेण सहसा**
**मया सर्वेऽवज्ञासरणिमथ नीताः सुरगणाः ।**
**इदानीमौदास्यं भजसि यदि भागीरथि तदा**
**निराधारो हा रोदिमि कथय केषामिह पुरः ॥**

''હે માતા, તારા આધારની આશાએ ખૂબ જ ગર્વપૂર્વક એકાએક સર્વ દેવસમૂહોની મેં અવજ્ઞા કરી છે. હે ભાગીરથી, જો હવે તું ઉદાસ બનીશ તો નિરાધાર એવો હું કોની પાસે રડીશ તે મને કહે.''

ગંગાલહરીની શૈલી સરળ છે. ગંગાનાં ઉછળતા પ્રવાહનું વર્ણન કવિની શૈલીએ તેનું દર્શન કરાવવા સક્ષમ છે. શબ્દોની ભરમાર ગંગાનાં પ્રવાહ જેવી જ શાંત, તો કયારેક પ્રચંડ છે. વૈદર્ભી શૈલી આ કાવ્યની ખાસિયત છે.

**(૨) સુધાલહરી :**

૩૦ શ્લોકનાં આ લઘુકાવ્યમાં જગન્નાથે સૂર્યનારાયણની સ્તુતિ કરી છે. સુધાલહરીનાં શ્લોકો જગન્નાથે સ્રગ્ધરા છંદમાં નિબદ્ધ કર્યા છે. આ કાવ્યમાં સૂર્ય અને તેનાં કિરણોની ભક્તિભાવપૂર્ણ આરાધના છે. કાવ્યનાં પ્રથમ શ્લોકમાં આવતુ ઊગતા સૂર્યનું આહ્લાદક વર્ણન કવિની ઉત્કૃષ્ટ કાવ્યશક્તિનું દૃષ્ટાંત છે. અહીં મયૂરકવિનાં સૂર્ય શતકનું અનુકરણ જોવા મળે છે. છતાં કવિની પોતાની મૌલિકતા સભર વાણીથી કાવ્ય વિદ્વાનોની પ્રશંસાને પાત્ર બન્યુ છે.

**(૩) લક્ષ્મીલહરી :**

ધર્મપ્રીતિ ધરાવનાર જગન્નાથે મહાદેવી લક્ષ્મીની આ કાવ્યમાં સ્તુતિ કરી છે. ૪૧ શ્લોક નું શિખરિણી છંદમાં લખાયેલું આ કાવ્ય શ્રેષ્ઠ ભક્તિકાવ્યનો નમૂનો છે. દરિદ્રતાની સ્થિતિમાં રહેલ વ્યક્તિની લક્ષ્મીને પ્રસન્ન કરવાની વિનંતી આ સ્તોત્રનું કેન્દ્રબિંદુ છે.

એમ કહી શકાય કે પોતાના જીવનકાળ દરમિયાન જગન્નાથને કેટલાંક રાજાઓ તરફથી સત્કાર મળ્યો ન હતો. મોગલ શાસકોનાં દરબારમાં રાજ્યાશ્રય મળ્યા પહેલાની કવિની પરિસ્થિતિએ જગન્નાથને આ કાવ્યસર્જનની પ્રેરણા આપી હશે. અહી લક્ષ્મીનું સાંગોપાંગ વર્ણન છે. જગન્નાથની નમ્રતા અને અસહાય પરિસ્થિતિનો ચિતાર કાવ્યથી મળે છે. લક્ષ્મીલહરીનો પ્રત્યેક શ્લોક કવિની સરળ અને પ્રવાહી શૈલીનો દ્યોતક છે.

**(૪) અમૃતલહરી :**

શાર્દૂલવિક્રીડિત છંદમાં લખાયેલા આ સ્તોત્રકાવ્યમાં માત્ર ૧૦ શ્લોકો છે. અંતિમ સ્લોક અનુષ્ટુપ છંદમાં છે. આ લઘુકાવ્યમાં યમુનાની સ્તુતિ કરવામાં આવી છે. શંકરાચાર્યનાં નર્મદાષ્ટક ને લક્ષ્યમાં રાખીને જગન્નાથે આ કાવ્યરચના કરી હશે તેમ માની શકાય.

**(૫) કરુણાલહરી :**

આ સ્તોત્રકાવ્યનું બીજુ નામ વિષ્ણુલહરી છે. કુલ ૬૦ શ્લોકમાં વિષ્ણુની સ્તુતિ છે. તેમાં પ્રથમ ૧૨ શ્લોકો વંશસ્થ છંદમાં છે. ૧૩ થી ૫૪ સુધીનાં શ્લોકો સુંદરી છંદમાં છે. બાકીનાં શ્લોકો વિયોગિની, જેવા છંદમાં કંડારાયા છે. જગન્નાથની ભક્તિનો આ કાવ્ય નમૂનો છે. જગતનાં અસહ્ય દુઃખો અને માનવસ્વભાવની નબળાઈઓમાંથી પોતાને મુક્ત કરવા ભક્તકવિ જગન્નાથ શ્રીવિષ્ણુને પ્રાર્થના કરી વિનવે છે. રડતા બાળકની જેમ અસહાય જગન્નાથ પોતાના આત્માની શુદ્ધિ માટે વિષ્ણુની કૃપા ઈચ્છે છે.

શીર્ષકને યથાર્થ કરતા આ કાવ્યમાં ભારોભાર કરુણા ભરી છે.

નીચેના શ્લોકમાં કવિએ હૃદયનાં આર્દ્રભાવોની અભિવ્યક્તિ આપી છે;

**अहमेव हि दोषदूषितो भगवंस्त्वां समुपालमे मुधा ।**
**रमणीविरहज्वरज्वलन्नमृतांशुं कुमतिर्विनिन्दति ॥**

"હે ભગવાન, દોષથી હું જ દૂષિત થયો છું. તને વૃથા ઠપકો આપું છું. રમણીના વિરહના તાવથી બળતો, ખોટી બુદ્ધિવાળો (પ્રેમી) ચન્દ્રને નિંદે છે."

**(૬) ભામિની વિલાસ :**

આ કાવ્ય ચાર વિભાગમાં વહેંચાયેલું છે. 'ભામિની' એટલે ગુસ્સે થનાર સ્ત્રી. (**कोपना सैव भामिनी**-અમરકોશ) 'વિલાસ' એટલે સ્ત્રીઓનાં શૃંગાર ભાવથી ઉત્પન્ન થતી ક્રિયા. જેમકે ચાલવું, બેસવું, મુખ-નેત્રાદિથી થતો વ્યાપાર (ક્રીડા). પ્રસ્તુત વિશેષતાઓને વિલાસ કહે છે.

ચાર વિભાગમાં વિભક્ત આ કાવ્ય સંગ્રહનાં નામો આ પ્રમાણે છે. (૧) પ્રાસ્તાવિક વિલાસ (૨) શૃંગાર વિલાસ (૩) કરુણ વિલાસ (૪) શાંત વિલાસ. કાવ્યના પહેલા અને ચોથા વિભાગને ભામિની સાથે કંઈ લેવા દેવા નથી. છતાં સંપૂર્ણ કૃતિનું આ એક જ શીર્ષક છે. પ્રથમ પ્રાસ્તાવિક વિલાસનું નામ અન્યોક્તિ વિલાસ પણ છે. તેમાં લગભગ૧૨૯ શ્લોકો છે. બીજા શૃંગાર વિલાસમાં ૧૮૩ શ્લોકો છે. ત્રીજા કરુણ વિલાસમાં ૧૯ શ્લોકો છે. ચોથા વિલાસનું નામ શાંત વિલાસ છે, તેમાં ૪૬ શ્લોકો છે. ભામિની વિલાસનાં ચારે વિભાગોની કુલ સંખ્યા લગભગ ૩૭૭ જેટલી છે.

પ્રાસ્તાવિક વિલાસમાં નીતિવિષયક પદ્યો તેમજ સુભાષિતો છે. અહીં અપ્રસ્તુતપ્રશંસા અલંકારમાં લખાયેલા શ્લોકો છે. તેમાં એક ને ઉદ્દેશીને કહેવાય અને અન્યને સ્પર્શતું સૂચવાય છે. આથી જ તેને અન્યોક્તિ કાવ્ય પણ કહે છે. જુઓ;

**नापेक्षा न च दाक्षिण्यं न प्रीतिर्न च संगतिः ।**
**तथापि हरते तापं लोकनामुन्नतो घनः ॥**

"અપેક્ષા નથી, કે નથી દાક્ષિણ્ય કે નથી સ્નેહ કે નથી સમાગમ, છતાં પણ ઉન્નત મેઘ લોકોનાં કષ્ટ હરે છે."

પ્રતિ ઉપકારની અપેક્ષા વિના મહાન પુરુષો લોકોનાં દુઃખો હરે છે તેવી અન્યોક્તિથી જગન્નાથે મેઘને મહાપુરુષો સાથે સરખાવ્યો છે.

શૃંગાર વિલાસમાં સંભોગ અને વિપ્રલંભ શૃંગારનાં ચિત્રો છે. અહીં વિવિધ પ્રકારના નાયકો અને નાયિકાઓનું વિગતે વર્ણન છે. કરુણ વિલાસમાં કવિની પત્નીના દુઃખદ અવસાનની કરુણપ્રશસ્તિ કરવામાં આવી છે. પત્નીનાં મૃત્યુથી થતો વિલાપ હોઈ શકે તેમ લાગે છે. જુઓ તેનું દૃષ્ટાંત;

**मन्दस्मितेन सुधया परिसिच्य या मां नेत्रोत्पलैर्विकसितैरनिशं समीजे ।**
**सा नित्यमङ्गलमयी गृहदेवता मे कामेश्वरी हृदयतो दयिता न याति ॥**

"જેણે મંદસ્મિતરૂપી અમૃત વડે મને ચેતના આપી વિકસિત નયકમળોથી હંમેશાં મારી પૂજા કરી હતી તે સદૈવ કલ્યાણ સ્વરૂપિણી, અભિલાષાઓને પૂર્ણ કરનારી, ગૃહદેવી એવી મારી પ્રિયતમા મારા હૃદયમાંથી દૂર ખસતી નથી."

શાંતવિલાસમાં પરમેશ્વરનું ભાવસભર સ્તવન છે. જેમાં દુનિયા તરફનો વૈરાગ્યભાવ જોવા મળે છે.

**(૭) પ્રાણાભરણ :**

૫૩ શ્લોકનું આ કાવ્ય કામરૂપ નરેશ (આજનું આસામ) પ્રાણનારાયણની પ્રશસ્તિરૂપે લખાયુ છે. આ કાવ્યનાં ઘણાં શ્લોકો 'જગદાભરણ'ને મળતા છે. કહેવાય છે કે જગન્નાથ કામરૂપ પ્રદેશમાં ગયા ત્યારે તેણે ત્યાનાં રાજાને આ કાવ્ય અર્પણ કરેલું.

**(૮) જગદાભરણ :**

ઉદયપુરનાં રાજા જગતસિંહની પ્રશસ્તિમાં ૫૦ શ્લોકોમાં લખાયેલા આ કાવ્યનાં મહત્તમ શ્લોકો પ્રાણાભરણમાં છે. તફાવત માત્ર નામનો જ છે.

**(૯) આસફવિલાસ :**

આ પ્રશસ્તિગ્રંથ ગદ્યમાં રચાયુ છે. તેનો પ્રકાર આખ્યાયિકાનો છે. મોગલ બાદશાહ જહાંગીરની પત્ની નૂરજહાંના ભાઈ આસફખાનનું ચરિત્ર આ ગ્રંથનું વિષયવસ્તુ છે. જગન્નાથ આસફખાનનાં કૃપાપાત્ર હતા.

**(૧૦) મનોરમા કુચમર્દન :**

વ્યાકરણ શાસ્ત્રનો આ ગ્રંથ જગન્નાથે રચી ભક્ત અને વૈયાકરણ એમ બન્ને વ્યક્તિત્વ તેમની મૂડી છે તે દર્શાવ્યુ છે. ભટ્ટોજી દીક્ષિતે જગન્નાથનાં ગુરુનું ખંડન કરતાં 'પ્રૌઢમનોરમા' લખ્યુ. તેથી ભટ્ટોજી દીક્ષિતની આ ટીકાનું ખંડન કરતો ગ્રંથ જગન્નાથે રચ્યો.

**(૧૧) ચિત્રમીમાંસા ખંડન :**

અપ્પય દીક્ષિતનાં અલંકાર વિષયક મતનું ખંડન કરવા આ ગ્રંથ રચયો છે.

**(૧૨) રસગંગાધર :**

જગન્નાથની પ્રૌઢપ્રજ્ઞાનો દ્યોતક આ ગ્રંથ તેની શ્રેષ્ઠ રચના છે. કાવ્યશાસ્ત્રીય દૃષ્ટિકોણથી આ ગ્રંથ અત્યંત મહત્ત્વ ધરાવે છે. આ ગ્રંથનાં પાંચમાંથી બે આનન (પ્રકરણ) જગન્નાથ રચી શકયા બાકીનો ગ્રંથ અપૂર્ણ છે.

## ૧.૭ સ્તોત્રકાવ્યનો વ્યુત્પત્તિજન્ય અર્થ :

**स्तूयते अनेन इति स्तोत्रम् ।** જેનાથી સ્તુતિ કરાય તે સ્તોત્ર. સ્તોત્રમાં ભક્ત પોતાના હૃદયની વાતો ભગવાનને કહે છે. જેનાથી સ્તોત્રમાં ભાવુકતા ભળે છે. પરમતત્ત્વ કે શ્રદ્ધેયતત્ત્વો પ્રત્યેનાં ભક્તિભાવ સભર ઉદ્ગાર સ્તોત્રનાં સર્જન માટેનું પ્રથમ પગથિયું છે. સ્તોત્ર મનુષ્યહૃદયનો પ્રથમ ઉદ્ગાર છે.

**સ્વરૂપ :**

આપણો પ્રાચીનતમ ઋગ્વેદ સ્તોત્રનું ઉદ્ગાર બિંદુ છે. સ્તોત્ર ગેય, છંદોબદ્ધ અને ભક્તિપ્રધાન હોય છે. વિન્ટરનીટ્ઝ કહે છે કે ઋગ્વેદની સ્તુતિઓમાં માનવહૃદયની કોમળ વૃત્તિ છે. સ્તોત્રમાં ધર્મ અને કાવ્યતત્ત્વનો સમન્વય જોવા મળે છે. તેથી લાગણી, ઊર્મિ કે ભાવના સાથે સ્તોત્રને સીધો સંબંધ છે. બીજી બાજુ સ્તોત્રકાવ્યને મુક્તકનું

કલેવર વધુ માફક આવે છે.

**ઉદ્ભવ-વિકાસ :**

ઋગ્વેદથી ઉદ્ભવતી સ્તોત્રકાવ્યની યાત્રા સમય જતા રામાયણ, મહાભારતમાં જોવા મળે છે. ત્યારબાદ કાલિદાસનાં મહાકાવ્યો, નાટકો તેમજ પ્રશિષ્ટ કાવ્ય પરંપરામાં સ્તોત્રનું સ્વરૂપ વિકસતુ જોવા મળે છે. સાચા બનવા પ્રથમ ભક્ત બનવુ પડે એ સત્યને સ્તોત્રકાવ્યનાં કવિભક્તોએ ઝીલ્યું છે. કાલિદાસે રઘુવંશનાં મંગલાચરણમાં શિવ-પાર્વતીની કરેલી સ્તુતિ સ્તોત્રરૂપે જોવા મળે છે.

**वागर्थात्वव संपृक्तौ वागर्थप्रतित्तये ।**
**जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ।।** (रघुवंश १/१)

"વાણી અને અર્થની જેમ જોડાયેલા જગતનાં માતાપિતા શિવ અને પાર્વતીને શબ્દજ્ઞાનની પ્રાપ્તિ માટે હું વંદન કરુ છું."

સમયના અભાવે કાળક્રમે લોકોને વેદ, ઉપનિષદ્ જેવાં ગહન કાવ્યોને બદલે સરળ સાહિત્યનાં વાંચન-લેખનની રુચિ વધવા લાગી. કોઈ એક દેવ-દેવી કે તત્ત્વ પ્રત્યેની શ્રદ્ધાથી કવિ થોડા શ્લોકોમાં સ્તોત્ર દ્વારા પોતાની ભાવનાને વાચા આપી સર્જન કરતા. સરળ અને પ્રવાહી શૈલીથી જનસમૂહ પણ સ્તુતિપરક કાવ્યોને માણવા લાગ્યા. **शिवमहिम्नःस्तोत्रम्, सूर्यशतक** શંકરાચાર્ય રચિત **सौंदर्यलहरी** માનતુંગાચાર્ય રચિત **भक्तामरस्तोत्र** તેમજ જગન્નથ વિરચિત **गंगालहरी** જેવા કાવ્યો-કાવ્ય અને ભક્તિનો સુમેળ સાધે છે.

## ૧.૮ સ્તોત્રકાવ્યનો ઉદ્ભવ, વિકાસ અને લક્ષણો :

**કોઈપણ આરાધ્યદેવની સ્તુતિ :**

સ્તોત્રકારની સમક્ષ આરાધ્ય ઈષ્ટદેવ જ સર્વસ્વ છે. ભક્ત પોતાના ઈષ્ટદેવની અતિ નમ્રભાવે સ્તુતિ કરે છે. અહીં પ્રાર્થનાનો ભાવ મુખ્ય હોવાથી 'મારો અપરાધ ક્ષમા કરો' એવા શબ્દોથી દીનતાભર્યા પોકાર સંભળાય છે.

**વિનમ્રતા :**

કવિ પોતાના ઈષ્ટદેવ સમક્ષ અત્યંત વિનમ્રતાથી આત્મનિવેદન કરે છે. જેમકે ગંગાલહરીમાં ભક્ત પોતાને પાપી અને દુષ્ટ કહે છે. જગન્નાથ ગંગાને સ્તુતિ કરતા પોતાને **नरपशु** ગણાવે છે. **तव श्लाघां कर्तु कथमिव समर्थो नरपशुः** (શ્લોક-૨૯) તારી પ્રશંસા કરવાને માટે હું નરપશુ કેવી રીતે સમર્થ થાઉં ?

**શીર્ષક :**

સ્તોત્રકાવ્યમાં શીર્ષક ઘણું કરીને જેની આરાધના કરવામાં આવી છે તેના નામ પરથી આપવામાં આવે છે. જેમ કે **गंगालहरी** ગંગાની સ્તુતિ જેમા કરવામાં આવી છે તે **गंगालहरी**. આ ઉપરાંત **सरस्वती स्तोत्रम्, रामरक्षास्तोत्रम्, शिवपञ्चाक्षरम्** વગેરેનાં શીર્ષક જે તે દેવ-દેવીના સ્તુતિનાં વાચક છે.

**શૈલી :**

સ્તોત્રકાવ્યની શૈલી પ્રાસાદિક હોય છે. સરળતા અને ભાવવાહિતા સ્તોત્ર કાવ્યનું આગવું લક્ષણ છે. સ્તોત્રમાં કવિની વિદ્વત્તાને નહીં પરંતુ આર્દ્રતા-કોમળ ભાવોને મહત્ત્વના ગણવામાં આવે છે.

**ફળપ્રાપ્તિ :**

કોઈપણ કૃતિની રચના પાછળનું નિશ્ચિત્ ધ્યેય હોય છે. ધ્યેય વિનાનું કોઈ જ કાવ્ય ન હોઈ શકે. ગંગાલહરીમાં જગન્નાથનું ધ્યેય ગંગાને પવિત્ર તેમજ પુણ્યશાળી તરીકે પ્રસ્થાપિત કરવાનું છે. કવિએ ગંગામાતાને માતા, પુણ્યકારી, મોક્ષ આપનારી કહી પુત્રભાવે પ્રાર્થના કરી છે. કવિ પાપમાંથી મુક્ત કરાવનારી ગંગાને વિનવે છે. **परिहरतु तापं तव वपुः** ત્રિવિધ તાપથી મુક્ત કરાવતી ગંગા ફળ અવશ્ય આપશે તેવો અહીં સૂર છે.

**પુરુષાર્થ :**

શાસ્ત્રોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. ચાર પુરુષાર્થમાંથી કોઈપણ એક પુરુષાર્થની પ્રાપ્તિ કાવ્યસાહિત્યનો ઉદ્દેશ હોય છે. સ્તોત્રકાવ્યમાં પણ **चत्वारो पुरुषार्थाः** પૈકે એકનો આશ્રય લઈ કવિની સ્તુતિ હોય છે.

મોટેભાગે ધર્મને પ્રાધાન્ય આપી કવિઓ કૃતિ રચે છે. ગંગાલહરીમાં પુણ્યકારી માતા ગંગા પ્રત્યેની અપાર શ્રદ્ધા કવિની ધર્મરુચિની દ્યોતક છે.

## ૧.૯ ગંગાલહરીનું સ્તોત્રકાવ્ય તરીકે મૂલ્યાંકન :

જગન્નાથની ગંગાલહરી ઉત્તમ સ્તોત્રકાવ્ય છે. કુલ ૫૩ શ્લોકોનું (૫૨ શ્લોકો ગંગાની સ્તુતિ તથા ૫૩મો શ્લોક ફલશ્રુતિ) ફલક ધરાવતું આ સ્તોત્ર કાવ્ય છે.

ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિનાં તત્ત્વોને દેવત્વ આપી તેના પ્રત્યેનો આદર સેવવામાં આવ્યો છે. નદી, પર્વતો, વૃક્ષો, સમુદ્ર, ધરતી – આ તત્ત્વો જીવસૃષ્ટિના તથા પર્યાવરણના દૃષ્ટિકોણથી ખૂબ મહત્ત્વનાં છે. ભારતીય વ્રતો, ઉત્સવો પણ આવા જ હેતુથી ધર્મ સાથે જોડવામાં આવ્યાં છે. સંસ્કૃત સુભાષિતોમાં કહેવાયું છે –

**परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः ।**
**परोपकाराय दुहन्ति गावः परोपकारार्थमिदं शरीरम् ॥**

વૃક્ષો, નદીઓ, પશુઓ તથા પ્રકૃતિનાં તત્ત્વો માનવસુખાકારી માટે પરોપકારની ભાવનાથી સતત કાર્ય કરે છે.

નદીને ભારતીય સંસ્કૃતિમાં માતાનું સ્થાન આપવામાં આવ્યું છે. **औषधं जाह्नवीतोयम्** ગંગાનદીનું જળ સર્વપાપ હરનારું છે. શિવની જટામાં તેનું સ્થાન છે. **समृद्धं सौभग्यं सकलवसुधायाः** –આખી પૃથ્વીના અહોભાગ્યરૂપ છે. તેથી કવિ જગન્નાથે ગંગાને દેવી અને માતારૂપે વર્ણવી છે.

સ્તોત્રકાવ્યનાં સ્વરૂપગત લક્ષણો નથી. કોઈપણ દેવ અથવા દેવીની આરાધના તેમાં મુખ્ય હોય છે. ભક્તિને હૃદય સાથે સીધો સંબંધ છે. ભક્ત પોતાના ભાવોને

આરાધ્ય દેવ-દેવી સાથે જોડે છે. દેવતાની સ્તુતિ કરતાં કવિ અને ભક્ત હૃદય સર્વસ્વ સમર્પિત કરી દે છે. ભક્તિ સાથે સ્તોત્રમાં સાહિત્ય ભળે છે. ભાવસભર ઉદ્ગારોમાં અલંકૃત શૈલી ભળે છે અને સ્તોત્ર પ્રકટે છે.

કવિ પોતાના આરાધ્ય-શ્રદ્ધેય દેવ-દેવી પ્રત્યે શરણાગતિ સ્વીકારી જે તે સ્તુત્ય તત્ત્વ પાસે પોતાની દીનતા વ્યક્ત કરે છે. પોતે પાપી છે તેનો ઉદ્ધાર કરવા યાચના કરે છે. સ્તોત્રકાવ્યમાં ઈષ્ટતત્ત્વ જ ભક્તકવિનો ઉદ્ધારક છે તેવા ભાવ સાથે કવિ પોતાની ઉર્મિઓનું ગાન કરે છે.

ગંગાલહરીમાં જગન્નાથે ગંગાના પાવનકારી જળની સ્તુતિ કરતાં પાપનો ઉદ્ધાર કરવા વિનંતિ કરી છે. કવિ પોતાના પાંડિત્યને ઓગાળી ભાવનાની જ્યોતને સંકોરે છે. ગંગાલહરી કાવ્ય આ રીતે ગંગા પ્રત્યેની કવિની ભક્તિનું કાવ્ય બની રહ્યું છે.

સ્તોત્રકાવ્ય તરીકે ગંગાલહરીને મૂલવતા નીચે પ્રમાણેનાં પાસાંઓ ઉપસે છે.

### (૧) આરાધ્યાસ્વરૂપા ભાગીરથી :

સ્તોત્રકાવ્ય આરાધ્યતત્ત્વની શ્રેષ્ઠતા દર્શાવવાની એક પ્રથા છે. જગન્નાથ અહીં ભાગીરથી ગંગાને પાપીઓનો ઉદ્ધાર કરનાર સંસારનું સર્વશ્રેષ્ઠ તત્ત્વ છે તેવું સ્વીકારે છે. કવિ માટે અન્ય દેવ-દેવીની તુલનામાં ગંગા જ શ્રેષ્ઠ માતા છે. તેથી તેની શરણે જાય છે. ગંગા ભક્તવત્સલ છે. પોતે તેની પાસે દીન બાળક ભાવે યાચે છે. કવિનાં પાપ ધોવા ગંગાનું સામર્થ્ય જગન્નાથ સ્વીકારે છે. પાપીને જો ગંગા ત્યજી દેશે તો હું કોની શરણે જાઉં ? એવો નિખાલસ અને નિરહંકારભાવ કવિની સ્તુતિમાં રજૂ થયો છે. જુઓ;

**तवालम्बादम्ब स्फुरदलघुगर्वेणसहसा**
**मया सर्वेऽवज्ञासरणिमय नीताः सुरगणाः ।**
**इदानीमौदास्यं भजसि यदि भागीरथि तदा**
**निराधारो हा रोदिमि कथय केषामिह पुरः ॥**

હે માતા, તારા આશ્રયે રહી ઉદ્દીપ્ત અને મહાન ગર્વને લીધે મેં બધા દેવોની એકદમ અવજ્ઞા કરી. હવે જો તું (મારી પ્રત્યે) ઉદાસીન થઈશ તો હે ભાગીરથી, તું કહે કે આધાર વગરના મારે અહીં કોની આગળ રડવું ?

કવિ ગંગાને પોતાના ત્રિવિધ તાપ અને સંતાપને દૂર કરવા વિનવે છે. કવિને ભૌતિક સુખ નથી જોઈતું, તેમને તો પારમાર્થિક સુખ મેળવવું છે. જે ગંગા સિવાય કોઈ આપી શકે તેમ નથી. તે માટે કવિ પોતાની જાતને નિરાધાર માને છે.

### (૨) સંપૂર્ણ શરણાગતિ :

ગંગા તરફની આસક્તિને કારણે બીજા દેવોને ત્યજીને તેઓ ગંગાને શરણે ગયા છે ગંગા ઈચ્છિત સુખ આપનારી છે. કવિ શરણાગતભાવથી ગંગા પ્રત્યેનો પ્રેમ સેવે છે.

**प्रपद्यन्ते लोकाः कति न भवतीमत्रभवती**
**मुपाधिस्तत्रायं स्फुरति यदभीष्टं वितरसि ।**

**शपे तुभ्यं मातर्मम तु पुनरात्मासुरधुनि**
**स्वभावादेव त्वय्यमितमनुरागं विधृतवान् ॥**

''પૂજ્ય એવી તારી પાસે કેટલાય લોકો કેમ ન આવે ? તેનું કારણ એ છે કે તું ઈચ્છિત વસ્તુ આપે છે. પણ હે માતા દેવનદી, તારા સોગંદ ખાઈને કહું છું કે મારો આત્મા સ્વભાવથી જ તારા પર અનુરાગ ધારણ કરે છે.''

ગંગા સંપૂર્ણ પૃથ્વીનું અવર્ણનીય સમૃદ્ર સૌભાગ્ય છે. સહેલાઈથી જગતનું નિર્માણ કરનારા શિવનું પરમ ઐશ્વર્ય છે. કવિ અહીં શરણાગત ભાવથી ગંગા સમક્ષ પોતાની જડતાનો એકરાર કરતા જરાપણ અચકાતા નથી. તેઓ કહે છે, ''સ્વર્ગાદિની પ્રાપ્તિ માટે કેટલાક લોકો પરોપકાર કરે છે, તો કોઈ જપ-તપથી આત્મકલ્યાણ કરે છે. જગન્નાથ આ બેમાંથી એકેય પ્રવૃત્તિ કરતા નથી છતાં તેઓ નિશ્ચિંત છે કારણ કે તેઓ ગંગા માતાના શરણે છે ! જગન્નાથના શબ્દો તેની સાક્ષી પૂરે છે.

**सुखं शेते मातस्तव खलु कृपातः पुनरयं**
**जगन्नाथः शश्वत्त्वयि निहितलोकद्वयभरः ।**

### (૩) આત્મનિંદા અને પશ્ચાત્તાપ :

જગન્નાથ ગંગાને **त्वं जगति पुनरेका विजयसे** તું એક જ જગતમાં સર્વશ્રેષ્ઠ છે, એવું કહેતા પોતે કરેલાં પાપ માટે પશ્ચાત્તાપ કરે છે. ખુલ્લા મનથી કરેલા પશ્ચાત્તાપ સાથે કવિ પોતાનાં અગણ્ય પાપોની કબૂલાત કરતા જણાવે છે.

**अनाथः स्नेहार्द्रां विगलितगतिः पुण्यगतिदां**
**पतन्विश्वोद्धर्त्रीं गदविगलितः सिद्धभिषजम् ।**
**सुधासिन्धुं तृष्णाकुलितहृदयो मातरमयं**
**शिशुः संप्राप्तस्त्वामहमिह विदध्याः समुचितम् ॥**

''અનાથ, નષ્ટ થઈ ગયેલી ગતિવાળો, પતિત, રોગોથી જર્જરિત બની ગયેલો, તૃષ્ણાથી પીડિત હૃદયવાળો હું તારો બાળક સ્નેહાર્દ્ર, પુણ્યગતિ આપનાર, વિશ્વનો ઉદ્ધાર કરનાર, સિદ્ધહસ્ત વૈદ્ય, અમૃતના સાગરસમાન એવી માતા તારી પાસે આવ્યો છું.

જગન્નાથ અહીં માઁ ગંગા પાસે જાણે એકરારનામું આપતા હોય તેવા ભાવથી અહીં ભક્તિનાં સર્વપ્રકારો વિદિત થાય છે. ભાગવતપુરાણમાં નવધા ભક્તિનું પ્રતિપાદન થયું છે. તે પૈકી તમામ પાસાંઓ અત્રે જગન્નાથનાં વ્યક્તિત્વનું જમા પાસું છે.

### (૪) કવિનો આર્તનાદ :

ગંગાનો મહિમા ગાઈને, એની પાસે આજીજી કરીને કવિ ગંગા પાસે અનન્ય ભક્તિભાવથી આર્તનાદ કરે છે.

**न कुर्यास्त्वं हेलामितरजनसाधारणतया**
**जगन्नाथस्यायं सुरधुनि समुद्धारसमयः ।**

હે દેવનદી, તરત જ અતિદઢ અને રમણીય કેડ બાંધ, મુગટ ઉપર બાલચન્દ્રને સર્પોના સમૂહો વડે બાંધી દે. બીજા સાધારણ માણસ જેવો ગણીને તું મારો તિરસ્કાર ન કરીશ. જગન્નાથનો ઉદ્ધાર કરવાનો આ સમય છે.

ગંગાનો મહિમા ગાઈને, એની પાસે કાકલૂદીના સ્વરે કહે છે. હું બાળક છું, અપરાધી છું, તારા ભરોસે છું, બધાં જ પાપો કર્યાં છે, નિંદા કરી છે, ન કરવાં જેવાં કાર્યો કર્યાં છે. જયારથી સમજણ આવી છે એ બધું ત્યજીને હવે હું તારા શરણે છું. તને યોગ્ય લાગે એમ કર.

કવિનો પોકાર કરુણામય વાણીમાં વહેતો થયો છે. કવિ ભક્ત ન હોવા છતાં ભક્ત બની ગયા. સ્તોત્રકાવ્યનું આ વણલખ્યું લક્ષણ જગન્નાથની વાણીમાં સ્ખલિત થયું છે.

**(૫) પાવનકારિત્વ :**

ગંગાના પવિત્ર કરવાના સ્વભાવથી પરિચિત સાગરપુત્રો સ્વર્ગમાંથી એનું ગુણગાન કરે છે. પ્રાયશ્ચિત્તથી પણ દૂર ન થાય એવાં પાપોને ગંગાનું જળ દૂર કરે છે. શાંતનુની ભાર્યા ગંગાની ઉત્પત્તિ વિષ્ણુના નખથી થયેલી છે, કામદેવના શત્રુ શંકરની જટામાં જેનું રહેઠાણ છે અને જે સદાય પાપીઓનો જ ઉત્કર્ષ કરે છે તેવી ગંગાની પવિત્રતા અસીમ છે તેવું વર્ણવતા કવિ ગંગાની પાવનધારાનો મહિમા ગાતા વર્ણવે છે; -

**श्ववृत्तिव्यासङ्गो नियतमथ मिथ्याप्रलपनं**
**कुतर्केष्वभ्यासः सतत परपैशुन्यमननम् ।**
**अपि श्रावं श्रावं मम तु पुनरेव गुणगणा**
**नृतेत्वत्को नाम क्षणमपि निरीक्षेत वदनम् ॥**

''કૂતરાના જેવા આચરણ પ્રત્યે રુચિ, અવશ્ય અસત્ય બોલવું, કુતર્કોનો અભ્યાસ, સતત બીજાની દુષ્ટતાનું મનન આવા મારા ગુણોના સમૂહને વારંવાર સાંભળીને પણ તારા વિના બીજું કોણ ક્ષણભર પણ મારું મુખ જુએ ?''

પાગલો વડે નિંદનીય, અસંસ્કારીઓ દ્વારા અવાચ્ય, પતિતો વડે ત્યજવા યોગ્ય એવા દુષ્ટોનાં પાપોને ગંગા દૂર કરે છે. બ્રાહ્મણોની હત્યા કરનારા, ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનારા, મદ્યપાનનું સેવન કરનારા એવા મહાપાપીઓ પણ ગંગાના કિનારે દેહત્યાગ કરીને યજ્ઞ અને જપથી મળતા પદ કરતાં ઉચ્ચ પદ મેળવે છે. ગંગાનો ચાંડાલ, અધમ અને પાખંડીઓનો પણ ઉદ્ધાર કરે છે. ગંગાનાં તરંગો પરથી વહેતો પવન પણ પાવનકારી છે. **पुनीते सोऽपि द्रागदह पवमानस्त्रिभुवनम्** ગંગાની લહરીઓને સ્પર્શ કરતો પવન ત્રણ ભુવનોને પાવન કરે છે. કવિએ કરેલ ગંગાની પ્રશસ્તિ ચરમસીમા સુધી પહોંચે છે — ગંગા જગતનો ઉદ્ધાર કરવા સક્ષમ હોવાથી કવિ બ્રહ્માને નિશ્ચિત થઈને સમાધિ લેવાનું, વિષ્ણુને શેષનાગ પર શયન કરવાનું અને શિવને તાંડવ નૃત્યમાં રમમાણ રહેવાનું સૂચવે છે.

**(૬) નામ સ્મરણનો મહિમા :**

**यज्ञानां जपयज्ञोऽस्मि** ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે જપને યજ્ઞનો દરજ્જો આપ્યો છે. નામસ્મરણનો મહિમા ગાતા મહાભારત-પુરાણાદિ ગ્રંથોએ પણ જે તે ગ્રંથોમાં સ્તુવ્ય દેવોના નામ-જપની શ્રેષ્ઠતા દર્શાવી છે. ભાગવતપુરાણ સ્તુતિઓનો સમૂહ છે. મહાભારતે ભક્તિસભર પ્રાર્થના કરતા ભીષ્મની સ્તુતિ શાંતિપર્વમાં આપી છે (જે ભીષ્મ સ્તવરાજ થી પ્રસિદ્ધ છે.). ગજેન્દ્રે કરેલી વિષ્ણુની સ્તુતિ આજે વિષ્ણુસહસ્રનામથી ભક્તોની શ્રદ્ધાનું કેન્દ્ર બની છે.

કવિ જગન્નાથે ગંગાના નામનું રટણ કર્યા કર્યુ છે. આજ તેમના પ્રત્યેનો અહોભાવ છે. **जननि तापं हरतु नः** , 'હે જનની અમારા તાપને હરો,' **मातर्यदिह करुणातः क्षणमपि** 'હે માતા એકક્ષણ પણ દયા કર-એવુ વારંવાર રટતા અહીં કવિ ગંગાનું સતત નામ સ્મરણ કરે છે.

ગંગાલહરી સ્તોત્રકાવ્ય ક્ષેત્રે ઉત્તમ કોટિનું સ્તોત્ર છે. પ્રો. આઠવલે ગંગાલહરી વિશે કહે છે – "એક ભાવકાવ્ય અથવા ભક્તિકાવ્યની દૃષ્ટિએ ગંગાલહરીની નોંધ લેવી જ ઘટે". આ કૃતિમાં સ્તોત્રકાવ્યની લાક્ષણિકતાઓનું પૂરેપુરું પાલન થયું છે. સ્તોત્રકાવ્યની રચના પ્રાસાદિક છે, ઉદાત્તત્ત્વ તેમાં સાંગોપાંગ છે. કારુણ્ય, વૈરાગ્ય અને શાંતરસ વડે વહેતો કાવ્યનો ભાવ ગંગાલહરીને મન અને મસ્તિષ્ક બન્નેમાં સ્થાપે છે. કવિ શિખરિણી છંદમાં ભક્તિની પ્રગાઢ ઉર્મિને વ્યક્ત કરે છે. ગંગાલહરીમાં પુનરુક્તિ દોષ વહોરીને પણ જગન્નાથે સ્તોત્રદ્વારા ભાવનાની પ્રબળતા વધારી છે. કાવ્ય દોષમય ન બનતા હૃદયંગમ બન્યુ છે.

## ૧.૧૦ કવિ જગન્નાથની કાવ્ય કલા :

પંડિતરાજ તરીકે ખ્યાતિ મેળવનાર જગન્નાથને ગંગાલહરીને આધારે પ્રકૃતિના પૂજારી કહીશુ તો તેમાં અતિશયોક્તિ નહિ ગણાય.

જગન્નાથ રમણીય અર્થ આપી સુંદર ચિત્ર ખડું કરી દેવાની શક્તિ ધરાવે છે. ગંગાનાં ઉછળતાં મોજાંઓ અને પ્રચંડ-વેગશાળી પ્રવાહનું કવિ શબ્દચિત્ર આલેખે છે તેનો ઉત્તમ નમૂનો ગંગાલહરીમાં છે –

**उदञ्चन्मार्तडं स्फुटकपटहेरम्बजननी**
**कटाक्षव्याक्षेपणजनितसंक्षोभनिवहाः ।**
**भवन्तु त्वङ्गन्तो हरिशिरसि गंगातनुभुव**
**स्तरङ्गाप्रोत्तुंगादुरितभयभङ्गाय भवताम् ॥**

ગણપતિની માતાના ઉદય પામતા સૂર્ય જેવા સ્પષ્ટ કપટભર્યા (પાર્વતીના) કટાક્ષપાતોથી ક્ષણેક ખળભળી ઉઠેલા, શંકરના મસ્તક પર નાચતા, ગંગાનાં પ્રવાહમાં ઉત્પન્ન થયેલાં અતિ ઊંચા તરંગો આપનાં (ભક્તોનાં) પાપ અને ભય દૂર કરો.

ગંગાના વેગીલા પ્રવાહને આ શબ્દોમાં ઢાળતી, કવિની કવિતામાં લયબદ્ધતાનું દર્શન થાય છે. કવિની વાણી અલંકારોથી ભરેલી છે. શ્લોકે શ્લોકે કવિએ અલંકારો યોજયા છે. પ્રાસ્તવિક વિલાસની અન્યોક્તિ હોય કે મોગલ રાજાઓની પ્રશસ્તિ. કવિની હથોટી કુશળતાની સ્વામિની છે.

કયાંક કવિ આત્મપ્રશંસાના દોષને પણ વહોરે છે. પોતાના કવિત્વની પ્રશંસા કરતા તેઓ દર્પોકિત પણ કરે છે. શાંત વિલાસમાં તેઓનું નિવેદન કવિત્વશક્તિનો

ગર્વ હોવાનું સિદ્ધ કરે છે.

"હિમાલયથી મલયપર્વત સુધી વીંટળાયેલા દક્ષિણના સાગર સુધીમાં કાવ્યરચનામાં જેટલા કુશળ કવિઓ છે તે બધા નિશંક બનીને પોતાનાં કાવ્યો બોલે પણ લીલી દ્રાક્ષમાંથી ઝરતા સ્વાદિષ્ટ રસના માધુર્યના ભાવવાળી વાણીના આચાર્યપદનો અનુભવ કરાવવા માટે મારા સિવાય બીજો કોણ છે ?

જગન્નાથનાં લહરી કાવ્યો, મુક્તક કાવ્યો, પ્રશસ્તિ કાવ્યો વગેરેમાં જગન્નાથની કવિત્વની પ્રતિભાના પદે પદે દર્શન થાય છે તે કહે છે કે –

"કાનને સાંભળવી ગમે તેવી મધુરવાણી સાંભળીને જે માથું ન ધુણાવે તે કાં તો નરપશુ હોય અથવા તો પશુપતિ જગન્નાથની વાણી જેમને આનંદ ન આપે એવા મંદબુદ્ધિવાળા જીવતા છતાં મરેલા જેવા છે.

કવિની કવિતા રસ અને ભાવોથી પરિપૂર્ણ છે. કાવ્ય સર્વથા નિર્દોષ હોય નહીં પરંતુ જગન્નાથની કવિતા દોષરહિત છે – એમ કહીં શકાય કે નિર્દોષ છે.

શબ્દાલંકારો પ્રત્યે કવિની પ્રીતિ હોવા છતાં અર્થાલંકારમાં તે સમુચિત પ્રયોગ કરે છે. જગન્નાથ ગંગાલહરીમાં શબ્દાલંકાર અને અર્થલંકારમાં સમુચિત પ્રયોગ કરે છે. ગંગાલહરીના શ્લોકથી તેનું પ્રમાણ મળે છે.

**यदन्तः खेलंतो बहुलतरसंतोषभरिता**
**न काका नाकाधीश्वरनगर साकांक्षमनसः ।**

**दन्तः लन्तः, काका-नाका –साका** – અહીં યમકની ચમત્કૃતિ છે. વર્ણાનુપ્રાસનો ચમત્કાર તેની શૈલીની વિશેષતા દર્શાવે છે.

**दरिद्राणां दैन्यं दुरितमथ दुर्वासनहृदां**
**द्रुतं दूरीकुर्वन्सकृदपि गतो दृष्टिसरणिम् ।**

આ બધુ હોવા છતાં પુનરાવર્તન દોષને જગન્નાથ અટકાવી શકયા નથી. કવિની આ મોટામાં મોટી મર્યાદા રસને અને અર્થને હાનિ પહોંચાડે છે.

છંદોનું વૈવિધ્ય ગંગાલહરીનું સૌંદર્ય છે. ૧ થી ૪૮ શ્લોક સુધી શિખરિણી છન્દ, ૪૯માં પૃથ્વી છન્દ અને ૫૦માં શાર્દૂલવિક્રીડિત છન્દ, ૫૧માં સ્રગ્ધરા, ૫૨માં ઉપજાતિ છન્દ છે.

પાંડિત્યપ્રદર્શનની ખેવના કવિ ધરાવે છે આથી કવચિત્ તેઓ મર્યાદા ચૂકી જાય છે. આમ છતાં તેમનું પ્રદાન સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રે અણમોલ છે. તેમની પ્રશંસા કરતાં કહેવાયુ છે – **"जगनाथो जगन्नाथः भारतीरतिदैवतम् "**

## ૧.૧૧ તમારી પ્રગતિ ચકાસો :

**૧. નીચેના પ્રશ્નોના એક કે બે વાકયોમાં ઉત્તરો આપો :**

૧. જગન્નાથનો જન્મ કયા રાજયમાં થયો હતો ?

..........................................................

..............................................................

..............................................................

૨. તેઓ કયા બે મોગલ બાદશાહના સમકાલીન હતા ?

..............................................................

..............................................................

..............................................................

૩. તેમના એક ગ્રંથનું નામ ‘આસફવિલાસ’ શા માટે છે ?

..............................................................

..............................................................

..............................................................

૪. જગતસિંહ અને પ્રાણનારાયણની પ્રશસ્તિ કયા ગ્રંથોમાં છે ?

..............................................................

..............................................................

..............................................................

૫. ભામિની વિલાસના કેટલા ભાગ છે ? કયા કયા ?

..............................................................

..............................................................

..............................................................

૬. મનોરમાકુચમર્દન એ કયા પ્રકારનો શાસ્ત્રગ્રંથ છે ?

..............................................................

..............................................................

..............................................................

૭. જગન્નાથે કયા બે અલંકારશાસ્ત્રીય ગ્રંથો રચ્યા છે ?

..............................................................

..............................................................

..............................................................

**૨. નીચેના પ્રશ્નોના ઉત્તરો ત્રણ થી ચાર વાકયોમાં આપો :**

૧. ગંગાલહરીની રચના પાછળ કઈ કથા જાણીતી છે ?

..............................................................

..........................................................
..........................................................
..........................................................

૨. પ્રાસ્તાવિક વિલાસને અન્યોક્તિવિલાસ પણ શા માટે કહે છે ?

..........................................................
..........................................................
..........................................................
..........................................................

૩. જગન્નાથે ભારતમાં કયાં કયાં નિવાસ કર્યો છે ?

..........................................................
..........................................................
..........................................................
..........................................................

૪. કરુણાલહરી શીર્ષક કઈ રીતે યોગ્ય છે ?

..........................................................
..........................................................
..........................................................
..........................................................

૫. ગંગાલહરીને સ્તોત્રકાવ્ય કેમ કહે છે ?

..........................................................
..........................................................
..........................................................
..........................................................

**૩. ટૂંકનોંધ લખો :**

૧. જગન્નાથનો સમય

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

૨. યવનકન્યા સાથે જગન્નાથના લગ્ન

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

૩. સુધાલહરી

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

૪. જગન્નાથ અંગેની દંતકથાઓ

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

**૪. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તરો તૈયાર કરો :**

૧. જગન્નાથના ગ્રંથો

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

૨. સ્તોત્રકાવ્યનાં લક્ષણો

..............................................................
..............................................................

............................................................
............................................................
............................................................
............................................................

૩. ગંગાલહરી : એક સ્તોત્રકાવ્ય

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

૪. જગન્નાથની કાવ્યકલા

............................................................
............................................................
............................................................
............................................................
............................................................
............................................................

★★ ★★ ★★

એકમ ૨

# ગંગાલહરી (૧ થી ૧૨ શ્લોકો)

## રૂપરેખા


ઉદ્દેશ

૨.૦ : પ્રસ્તાવના

૨.૧ : ગંગાલહરીઃ શ્લોક ૧ થી ૧૨ : મૂળ શ્લોકો અને સમજૂતી

૨.૨ : તમારી પ્રગતિ ચકાસો


### ઉદ્દેશો :

- ગંગાલહરીના શ્લોકોનું શુદ્ધ અને સરળ વાચન કરી શકશે.
- ગંગાલહરીના શ્લોકોનો સરળ અનુવાદ સમજી શકશે.
- શ્લોકોમાં પ્રયુક્ત નવા શબ્દોનો અર્થ જાણશે.
- શ્લોકોમાં પ્રતિબિંબિત થતા વિવિધ ભાવોને ગ્રહણ કરશે.
- શિખરિણી છન્દમાં રહેલ શ્લોકોનું ગાન કરી શકશે.

### ૨.૦ : પ્રસ્તાવના

બીજા યુનિટમાં ગંગાલહરીના ૧ થી ૧૨ સુધીના મૂળ સંસ્કૃત શ્લોકોને નિયત કરવામાં આવ્યા છે. ગંગાલહરી શિખરિણી છન્દમાં હોઈ વિદ્યાર્થીઓ આ છન્દથી પરિચિત થઈને સુંદર રીતે ગાઈને તેનું સૌંદર્ય સમજી શકે તેવા છે.

આ શ્લોકોનો સર્વગ્રાહી પરિચય સાંપડે તે હેતુથી આરંભે મૂળ શ્લોક આપ્યો છે. ત્યારબાદ તેનાં પદોનો વિચ્છેદ કરીને અન્વય ગોઠવ્યો છે. શ્લોકમાં પ્રયુક્ત મોટા ભાગના શબ્દોના અર્થોને એ રીતે આપ્યા છે કે વિદ્યાર્થીઓ તેનો સરળતાથી અનુવાદ સમજી શકે. અનુવાદ બાદ વિમર્શમાં શ્લોકોમાં પ્રતિબિંબિત ભક્તકવિના વિવિધ મનોભાવો, કાવ્યાત્મક વિશેષતા, અલંકાર, સ્તોત્રકાવ્યના લક્ષણનો વિનિયોગ વગેરેને ખૂબજ સરળ રીતે દર્શાવ્યા છે.

### ૨.૧ : ગંગાલહરીઃ શ્લોક ૧ થી ૧૨ : મૂળ શ્લોકો અને સમજૂતી

**(૧) મંગલાચરણ :**

समृद्धं सौभाग्यं सकलवसुधायाः किमपि
तन्महैश्वर्यं लीलाजनितजगतः खण्डपरशोः ।
श्रुतीनां सर्वस्वंसुकृतमथ मूर्तं सुमनसां
सुधासौन्दर्यं ते सलिलमशिवं नः शमयतु ॥१॥

અન્વય : **सकलवसुधायाः किम् अपि समृद्धं सौभाग्यं, लीलाजनितजगतः खण्डपरशोः महैश्वर्यं, श्रुतीनां सर्वस्वं, अथ (यत्) सुमनसां मूर्तं सुकृतं, तत् ते सुधासौन्दर्यं सलिलं नः अशिवं शमयतु ।**

શબ્દાર્થ : **सकलवसुधाया**ः-સમસ્ત પૃથ્વીનું, **किम् अपि**-ન કહીં શકાય એવું, અનિર્વચનીય, અવર્ણનીય, **लीलाजनितजगतः**-સરળતાથી જગતનું નિર્માણ કરનારા, **खण्डपरशोः**:-શિવનું, **महैश्वर्य** -મહાન ઐશ્વર્ય, **श्रुतीनां**-વેદોનું, **सर्वस्वं**-સારરૂપ (સર્વસ્વ), **सुमनसां**-દેવોનું, **सुकृतम्**-પુણ્ય, **सुधासौन्दर्य**-અમૃત જેવું સુંદર, **ते**-તારું, **तत्**-તે, **सलिलं**-પાણી, **नः**-અમારું, **अशिवं**-અમંગળ, **शमयतु** -દૂર કરો.

અનુવાદ : (હે ગંગા), (જે) તારું જળ આખી પૃથ્વીના અતિશય અહોભાગરૂપ છે, લીલાથી જગતનું નિર્માણ કરનારા ભગવાન શંકરના મહાન ઐશ્વર્યરૂપ છે, વેદોનું સર્વસ્વ છે અને જે દેવોના મૂર્તિમંત પુણ્યરૂપ છે, તે તારું (ગંગાનું) અમૃત જેવું જળ અમારાં અમંગળને દૂર કરો (અમારું કલ્યાણ કરો).

વિમર્શ : આ શ્લોકમાં ગંગાના પવિત્રજળની સ્તુતિ કરવામાં આવી છે. ગંગાલહરીની રચના માટે એક દંતકથા પ્રચલિત છે. યવન કન્યા લવંગી સાથે જગન્નાથે વિવાહ કર્યા. તે સમયના રુઢિચુસ્ત સમાજે જગન્નાથનો પત્ની સાથે બહિષ્કાર કર્યો. સમાજના અપમાનથી જગન્નાથે પોતાની પવિત્રતા સિદ્ધ કરવા માતા ગંગાની સ્તુતિ કરી. કહેવાય છે કે ગંગાના ઘાટ પર બેસી જેમ-જેમ જગન્નાથ એક-એક શ્લોક રચતા ગયા તેમ-તેમ ગંગાનું પાણી એક-એક પગથિયા ચઢતું ગયું અને બાવન શ્લોક પૂરા થતાં ગંગાનો પવિત્ર પ્રવાહ જગન્નાથ અને તેમનાં પત્ની લવંગીના મસ્તક પરથી વહી ગયો અને બંને પાવન થયા.

અહીં ગંગાની કરુણાસભર સ્તુતિ હોવાથી આ સ્તોત્રનું નામ **गंगालहरी** પડ્યું.

સંસ્કૃત સાહિત્યમાં એક પરંપરા રહી છે. કોઈપણ ગ્રંથનો આરંભ **अथुरेण** થતો જોવા મળે છે. કાવ્યની શરૂઆત મહદંશે કવિઓ મંગલશ્લોકથી કરતા હોય છે. 'ગંગાની ભાવસભર સ્તુતિ કરતાં પ્રથમ શ્લોકમાં જ કવિ 'ગંગાનું જળ અમંગળનો નાશ કરો' એવું કહે છે.

**(૨) ગુરુ સમાન તથા સમૃદ્ધિનો ભંડાર :**

दरिद्राणां दैन्यं दुरितमथ दुर्वासनहृदां
द्रुतं दूरीकुर्वन्सकृदपि गतो दृष्टिसरणिम् ।
अपि द्रागाविद्याद्रुमदलनदीक्षागुरुरिह
प्रवाहस्ते वारां श्रियमयमपारां दिशतु नः ॥२॥

અન્વય : **ह सकृद्, दृष्टिसरणिं उपगतः अपि दरिद्राणां दैन्यं अथ दुर्वासनहृदां दुरितं द्रुतं दूरीकुर्वन्, द्राक्, अविद्याद्रुमदलनदीक्षागुरुः अयं ते वारां प्रवाहः नः अपारां श्रियं दिशतु ।**

શબ્દાર્થ : **इह**-અહીં (આ જગતમાં), **सकृद्**-એકવાર, **दृष्टिसरणिं**-નજરમાં, **उपगतः**-આવે, **दैन्य**-દીનતાને (ગરીબાઈને), **अथ**-અને, **दुर्वासनहृदां**-દુષ્ટવાસનાઓથી ભરેલા હૃદયવાળાનાં, **दुरितं** -પાપને, **द्रुत** -જલદીથી, **दूरीकुर्वन्**-દૂર કરનાર, **अविद्याद्रुमदलनदीक्षागुरुः**-અવિદ્યારૂપી વૃક્ષોને ઉખેડીને નાખવા માટે દીક્ષા આપનાર ગુરુ જેવા, **वारां** -પાણીનો, **नः** -અમોને, **श्रिय**-લક્ષ્મી,**दिशतु** -આપો.

અનુવાદ : આ પૃથ્વી ઉપર જો તું એકવાર પણ નજરમાં આવે તો ગરીબોની ગરીબીને અને દુષ્ટવાસનાઓથી ભરેલા હૃદયવાળાનાં પાપને દૂર કરનાર, એકાએક અવિદ્યાઓરૂપ વૃક્ષોને ઉખેડીને નાખવાની દીક્ષા આપનારા ગુરુ જેવા આ તારા પાણીનો પ્રવાહ અપાર લક્ષ્મી આપો.

વિમર્શ : આ શ્લોકમાં કવિએ ગંગાના પાણીની શક્તિ કેવી છે તેનું વર્ણન કર્યું છે. ગંગાનું માત્ર દર્શન થઈ જાય તો દરિદ્રની દરિદ્રતા નાશ પામે, દુષ્ટ-પાપીનાં પાપો કેવળ ગંગાના દર્શનથી દૂર થાય, પાપી મુક્તિ મેળવે, સાથે આ પવિત્ર નદીના જળનો પ્રવાહ અજ્ઞાનરૂપી વૃક્ષોને ઉખેડવાની શિક્ષા આપતા શ્રેષ્ઠ ગુરુ સમાન છે. આમ ગુરુ સમાન અને દરિદ્રતાને દૂર કરનાર પાવનકારી ગંગા અમોને લક્ષ્મી આપો. તેમ જણાવી કવિ અહીં ગંગાની ઐશ્વર્ય આપવાની શક્તિનું વર્ણન કરતાં તેમને પ્રાર્થના કરે છે.

આ શ્લોકમાં રૂપક અલંકારનો પ્રયોગ છે. ગંગાના પ્રવાહને ગુરુનું રૂપક આપી **अविद्याद्रुम** કહી તેની સ્તુતિ કરી છે. શ્લોક પૂર્વચરણમાં '**द**' વર્ણનો પ્રયોગ કરી શબ્દની ચમત્કૃતિ પ્રયોજતા કવિની કાવ્યકલાનું પણ દ્રષ્ટાંત જોવા છે.

### (૩) પાપ હરનારી :

**उदञ्चन्मार्तकस्फुटकपट हेरम्बजननी-**
**कटाक्षव्याक्षेपक्षणजनितसंक्षोभनिवहाः ।**
**भवन्तु त्वङ्गन्तो हरिशिरसि गंगातनुभुव-**
**तरङ्गाः प्रोत्तुंगा दुरितभयभङ्गाय भवताम् ॥३॥**

અન્વય : **उदञ्चन् मार्तण्ड हेरम्ब जननी कटाक्षः व्याक्षेपः क्षजनितः संक्षोभनिवहाः हरशिरसि प्रोत्तुङ्गा त्वङ्गन्तः दुरितभयभङ्गाय भवताम् ।**

શબ્દાર્થ : **उदञ्चन**-ઉદય પામતો, **मार्तण्ड**-સૂર્ય, **हेरम्ब**-ગણપતિ, **जननी**-માતા(પાર્વતી), **कटाक्षः**-કટાક્ષપાતોથી, **व्याक्षेपः**-ખળભળી ઉઠેલા, **क्षजनितः**-ઉત્પન્ન થયેલા, **संक्षोभनिवहाः**-પ્રચંડ ખળભળાટવાળા, **हरशिरसि**-શંકરના મસ્તકપર, **प्रोत्तुङ्ग**-બહુ ઊંચા, **त्वङ्गन्तः**-નાચતા, **दुरितभयभङ्गाय**-પાપ અને ભય દૂર કરો, **भवताम्** -આપના.

અનુવાદ : ઉદય પામતા સૂર્યનાં જેવા સ્પષ્ટ કપટ ભર્યા ગણપતિની માતાના(પાર્વતીના) કટાક્ષપાતોથી ખળભળી ઉઠેલા શંકરનાં મસ્તક પર નાચી રહેલા ગંગાના પ્રવહમાં ઉત્પન્ન થયેલાં ખૂબ ઊંચાં તરંગો આપનાં(ભકતોનાં) પાપ અને ભય દૂર કરો.

વિમર્શ : આ શ્લોકમાં કવિ કહે છે કે ગંગાનાં અતિ ઊંચાં તરંગો ઉત્પન્ન થવાનું કારણ એ છે કે શંકરનાં મસ્તક ઉપર ગંગાને બિરાજમાન થયેલી જોઈને સપત્ની ભાવથી અત્યંત ગુસ્સે થયેલા ગણપતિના માતા પાર્વતીએ કટાક્ષપાત કર્યા,તેથી ભયભીત થયેલી ગંગાના પ્રવાહો ખૂબ વેગથી ઉછળવા લાગ્યા અને આથી તેમાં તરંગો ઉત્પન્ન થયાં.

અહીં કવિની સુંદર કાવ્યકલાનું દર્શન થયા વિના રહેતુ નથી. પ્રથમ પંક્તિમાં ઉગતા સૂર્ય સાથે પાર્વતીના કટાક્ષની સરખામણી કરેલી હોવાથી ઉપમા અલંકાર થયો છે.

જગન્નાથની વાણી અહીં શબ્દચિત્રનો ઉત્તમ નમૂનો બની છે. પ્રચંડ વેગથી ઉછળતાં ગંગાનાં તરંગો માટેના શબ્દો જ વેગીલાં જલતરંગોની ઝાંખી કરાવી રહ્યા છે. સાથે પાર્વતીનો રોષ અને ગંગાનું ભયભીત થવું — આ બન્ને બાબતોથી ગંગાલહરીનો આ શ્લોક કાવ્યત્વની દષ્ટિએપણ નોંધનીય બન્યો છે.

**(૪) શરણાગતિ ભાવે યાચના :**

**तवालम्बादम्ब स्फुरदलघुगर्वेण सहसा**

**मया सर्वेऽवज्ञासरणिमथ नीताः सुरगणाः ।**

**इदानीमौदास्यं भजसि यदि भागीरथि तदा**

**निराधरो हा रोदामि कथम केषामिह पुरः ॥४॥**

અન્વય : **हे अम्ब, तव आलम्बात् स्फुरदलघुगर्वेण सर्वेः सुरगणाः मया सहसा अवज्ञासरणिं नीताः अथ इदानीं यदि औदास्यं भजसि यदा, हे भागीरथि निराधारः अहं, हा कथप, इह केषां पुरः रोदामि ।**

શબ્દાર્થ : **हे अम्ब** -અમ્બા (માતા) સંબોધન — હે માતા, **आलम्बात**-આધારને લીધે, **तव**-તારા, **स्फुरत**-ઝળહળતા, **अलघु**-મહાન, **गर्वेण**-ગર્વથી, **सर्वेः**-સૌ, **सुरगणाः**-દેવગણો, **मया**- મારા વડે, **सहसा** -એકદમ, વિચાર કર્યા વિના, **अवज्ञासरणिं**-અવજ્ઞાના માર્ગે, **अथ इदानी**-તેથી આવી,**औदास्यं** -ઉદાસીનતા, **भागीरथि**-હે ગંગા (ભગીરથ રાજા સગરપુત્રોનાં ઉદ્ધાર માટે ગંગાને સ્વર્ગમાંથી પૃથ્વી પર તપ દ્વારા લઈ આવ્યા તેથી ભગિરથી), **निराधार** -આધાર વગરનો, **रोदामि** -હું રડું, **कथप**-કહે, **केषामिह पुरः**-કોની સામે.

અનુવાદ : હે માતા, તારા આશ્રયે રહી ઉદ્દીપ્ત અને મહાન ગર્વને લીધે મેં બધા દેવોની એકદમ અવજ્ઞા કરી. હવે જો તું (મારા પ્રત્યે) ઉદાસીન થઈશ તો હે ભાગિરથી, તું કહે કે આધાર વગરના મારે અહી કોની પાસે રડવું ?

વિમર્શ : કવિ અહીં ગંગા પ્રત્યે શરણાગતભાવથી પોતાની ભૂલનો એકરાર કરે છે. કવિ પોતે ગંગા પાસે નિરાધાર અવસ્થાની નિખાલસ રજૂઆત કરે છે. કવિ કહે છે કે હે માતા, તારા આશ્રયથી અભિમાન ને કારણે મેં બીજા બધા જ દેવોની અવજ્ઞા કરી છે. પણ જો તું મારી પ્રત્યે ઉદાસીન બનીશ તો મારે કોનો આધાર રહેશે ? અહીં કવિ ગંગા પ્રત્યે અનન્ય શ્રદ્ધાભાવે એક માત્ર ગંગાનું જ શરણ છે તેવો ભાવ વ્યક્ત કરી, પોતાને ઉગારવા ગંગાને વિનવે છે. દેવોથી ત્યજાયેલ વ્યક્તિ માટે ગંગા જ આધાર છે, આશરોછે તેમ કહી જગન્નાથ ગંગા પ્રત્યેની ભક્તિથી સ્તુતિ કરે છે.

આ શ્લોકમાં કાવ્યલિંગ અલંકાર છે.

**(૫) ત્રિવિધ તાપ અને પાપ હરનારી ગંગા :**

**स्मृति याता पुंसामकृतसुकृता नामपि च या**
**हरत्यंतस्तंद्रां तिमिरमिव चंद्रांशुसरणिः ।**
**इयं सा ते मूर्तिः सकलसुरसंसेव्यसलिला**
**ममान्तः संतापं त्रिविधमपि पापं च हरताम् ॥५॥**

અન્વય : **या अकृतसुकृतानाम् अपि पुंसां स्मृतिं याता चन्द्रांशुसरणिः तिमिरम् इव अन्तस्तन्द्रां हरति सा इयं सकलसुरसंसेव्यसलिला ते मूर्तिः मम अन्तः सन्तापं त्रिविधमपि पापं च हरताम ।**

શબ્દાર્થ : **या**-જે (ગંગા), **अकृतसुकृत** -જેમણે સારાં કર્મો નથી કર્યા તેવા અપુણ્યશાળી, **पुंसां**-પુરુષોના (મનુષ્યો), **याता स्मृतिं**-જેના સ્મરણમાં છે, **चन्द्रांशुसरणिः**-ચન્દ્રના કિરણો નો સમૂહ (અહીં **सरणि** નો અર્થ સમૂહ લેવાના છે.), **तन्द्रां**-જડતા, અજ્ઞાન, **तमिरम**-અંધકાર, **इयं**-એવી આ, **सा ते मूर्तिः**- તારી મૂર્તિ (પ્રવાહ રૂપી), **सकल**-સર્વ, **सुर**-દેવ,**संसेव्य**-સેવન કરવા યોગ્ય, **सलिला**-ગંગાનુંજળ, **ममान्तः संतापं**-મારાઅન્તઃસન્તાપને, **त्रिविधमपि**-ત્રણ પ્રકારનાં પાપને (કાયિકા, વાચિક અને માનસિક), **हरताम्**-હરો.

અનુવાદ : સારાં કાર્યો નહીં કરનારા મનુષ્યના સ્મરણમાં આવેલી જે ગંગા, જેવી રીતે ચંદ્રના કિરણોનો સમૂહ અંધકાર ને દૂર કરે છે તેવી રીતે અંતરની જડતાને (અજ્ઞાનને) દૂર કરે છે તે, સર્વ દેવો વડે પણ જેનું જળ સેવવા યોગ્ય છે એવી (પ્રવાહરૂપી) મૂર્તિ મારાં અન્તઃ સંતાપને તથા ત્રિવિધ પાપને પણ હરે.

વિમર્શ : અપુણ્યશાળી મનુષ્યો એટલે કે પાપીએ, પણ જો તારું સ્મરણ કરે તો તેની જડતાને-અજ્ઞાનને તું દૂર કરે છે. વળી ગંગાનું જળ સર્વ દેવો માટે પણ સેવન કરવા યોગ્ય છે. કવિ જાણે ગંગાનાં જળને અહીં અમૃત સમાન ગણાવે છે તેવી ગંગાની મૂર્તિ અર્થાત્ ગંગાનું નીર ત્રણ પ્રકારનાં તાપ અને પાપને હરો એવી ગંગા સમક્ષ કવિની નમ્ર અરજ છે.

ગંગા ત્રણ પ્રકારનાં સંતાપ હરે છે. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક.

ત્રણ પ્રકારનાં પાપ કાયાથી (શરીર થી થયેલાં), વાચિક (વાણી થી કરેલ પાપ, કોઈને વિશે ગમે તેવા ઉચ્ચારણ કરવા, કઠોર શબ્દો કહેવા- તે વાચિક પાપ), માનસિક પાપ એટલે મનથી પણ કોઈનું અહિત કરવું અહિત કરવું. કવિ ત્રણ પ્રકારનાં પાપની પણ અહીં સ્પષ્ટતા કરે છે. કવિને આ સર્વ દુઃખો ગંગા હરી શકવા સમર્થ છે તેવી અતૂટ શ્રદ્ધા છે. પુણ્યકર્મો નહિ કરનારને પણ ગંગા તારે છે.

આ શ્લોકમાં કવિ સુંદર ઉપમાનો પ્રયોગ કરે છે જેમ ચન્દ્રના કિરણો અંધકારને દૂર કરે તેમ ગંગાનું પાણી અંતરના અજ્ઞાનને દૂર કરે છે. સુંદર ઉપમા અલંકાર યોજી કવિ ગંગા પ્રત્યે શ્રદ્ધાભવ વ્યક્ત કરે છે. માત્ર મનુષ્યો જ નહીં બધા જ દેવો માટે પણ ગંગાનું સેવન ઉત્તમ છે. આ શ્લોકથી ગંગાની પવિત્રતા તરફ કવિ નિર્દેશ કરે છે.

### (૬) મોક્ષથી પણ અધિક ગંગાનું જળ :

अपि प्राज्यं राज्यं तृणमिव परित्यज्य सहसा
विलोलद्वानीरं तव ~~जननि तीरं~~ श्रितवताम् ।
सुधातः स्वादीयस्सलिलभरमातृप्ति पिबतां
जनानामानंदः परिहसति निर्वाणपदवीम् ॥६॥

અન્વય : **हे जननि, प्राज्यम् अपि राज्यं तृणम् इव सहसा परित्यज्य विलोलद्वानीरं तव तीरं श्रितवतां, सुधातः स्वादीयः सलिलभरम् आतृप्ति पिबतां जनानां आनन्दः निर्वाणपदवीं परिहसति ।**

શબ્દાર્થ : **हे जननि** -હે માતા (સંબોધન),**प्राज्यम**-વિશાળ, **राज्यं**-રાજ્યને, **अपि** -પણ, **तृणम इव** -તણખલાની જેમ, **सहसा**-એકદમ, **परित्यज्य**-ત્યજીને, **विलोलद्व**-ઝૂલતા, **वनीरं**-નેતરને, **तव तीरं**-તારા કિનારે, **श्रितवतां**-આશરો લેતા, **सुधातः**:-અમૃત કરતાં પણ, **स्वादीयः**-વધુ સ્વાદિષ્ટ, **सलिलभरम**-જળનો સમૂહ, **आतृप्ति**-તૃપ્ત થનારો, **पिबता**-પીને, **जनानामानंदः**-લોકોનો આનંદ, **निर्वाणपदवी**-મોક્ષ માર્ગને, **परिहसति** -હસી કાઢે છે.

અનુવાદ : આ શ્લોકમાં ગંગાના પાણીની વિશેષ મહત્તા દર્શાવવામાં આવી છે. ગંગાના કિનારે આશ્રય લેનારા લોકો વિશાળ રાજ્યને પણ તણખલા સમાન માની ત્યજી દે છે. કારણ કે ગંગાનું જળ પીવાથી થતો આનંદ મોક્ષ કરતાં પણ વધારે ચઢિયાતો છે.

વિમર્શ : રાજભોગ કરતાં પણ ગંગાજળનું સેવન વધારે આનંદ આપનારું છે એમ કહી કવિ રાજ્ય સંપત્તિ સામે ગંગાજળની શ્રેષ્ઠતા દર્શાવે છે.

અહીં રાજ્ય અને ગંગાજળ – એમ બે બાબતોની તુલનામાં ગંગાજળની શ્રેષ્ઠતા વધારે હોય – અહીં વ્યતિરેક અલંકાર થયો છે. **सुधा** – અને **सलिल** ની તુલનામાં પણ અમૃત કરતા પણ ગંગાનું પાણી વધારે પુણ્યપ્રદ છે તેમ કહી વ્યતિરેક અલંકારનો પ્રયોગ કર્યો છે.

**(૭) પાવનકારી ગંગા, સ્વર્ગ સુધી લઈ જનારી છે :**

**प्रभाते स्नान्तीनां नृपतिरमणीनां कुचतटी-**
**गतो यावन्मातर्मिलति तव तोयैर्मृगमदः ।**
**मृगास्तावद्वैमानिकशतसहस्रैः परिवृता**
**विशन्ति स्वच्छंदं विमलवपुषो नन्दनवनम् ॥७॥**

અન્વય : **हे मातः ! प्रभाते स्नान्तीनां नृपतिरमणीनां कुचतटीगतः मृगमदः यावत् तव तोयैः मिलति तावत् विमलवपुषः वैमानिकशतसहस्रैः परिवृताः मृगाः स्वच्छन्दं नन्दनवनम् विशन्ति ।**

શબ્દાર્થ : **स्नान्तीनां** -સ્નાન કરતી, **नृपतिरमणीना**-રાજાની રાણીઓના, **कुचतटीः**-સ્તનના અગ્રભાગ પર રહેલી, **मृगमदः**-કસ્તુરી, **यावत्**-જેટલા સમયમાં, **तोयैः**-પાણી સાથે, **मिलति**-ભળે છે, **तावत्**-તેટલી વારમાં, **विमलवपुषः**-નિર્મળ શરીરવાળા, **वैमानिकशतसहस्रैः**-સેંકડો-હજારો વિમાનોથી, **परिवृताः**-વીંટળાયેલા, **स्वच्छन्दं**-સ્વચ્છન્દતાપૂર્વક, **नन्दनवनम**-નંદનવનમાં, **विशन्ति**-પ્રવેશે છે.

અનુવાદ : હે માતા, સવારે સ્નાન કરતી રાજાની રાણીઓનાં સ્તનનાં ઉપરના ભાગ પર રહેલી કસ્તુરી જેટલી વારમાં તારા પાણી સાથે ભળે છે. તેટલી વારમાં નિર્મળ શરીરવાળા સેંકડો-હજારો વિમાનોથી વીંટળાયેલા મૃગો સ્વચ્છન્દતાપૂર્વક નંદનવનમાં પ્રવેશે છે.

વિમર્શ : જગન્નાથે આ શ્લોકમાં ગંગાના પાણીનો પ્રભાવ અને પવિત્રતાનું કાવ્યમય શૈલીમાં નિરૂપણ કર્યું છે. ગંગાનાં જળમાં અનેક રાજરાણીઓ પ્રાતઃકાળે સ્નાન કરે છે. આ રાણીઓએ પોતાના સ્તન પ્રદેશ પર કસ્તુરીનો લેપ કરેલો છે. જ્યારે તેઓ સ્નાન કરે છે, ત્યારે કસ્તુરીનો લેપ પાણીના પ્રવાહમાં ભળી જાય છે. આ કસ્તુરી મૃગોની નાભિમાંથી કાઢવામાં આવી છે. તે મૃગો દિવ્યશરીર ધારણ કરીને વિમાનમાં બેસીને સ્વર્ગે જાય છે.

જગન્નાથ અહીં ગંગાનું જળ સ્વર્ગ સુધી લઈ જાય છે, તે બાબત વર્ણવે છે. કવિ સૂચવે છે. કવિ સૂચવે છે કે ગંગાના પાણી સાથે પરોક્ષ રીતે સમ્બન્ધ ધરાવનાર મૃગો પણ સ્વર્ગના અધિકારી બને છે, કારણ કે એમની નાભિમાંથી કાઢેલી કસ્તુરી ગંગાના પાણીમાં મળે છે. કવિ કહે છે કે મૃગોએ સ્નાન કર્યું નથી છતાં રાણીઓએ પોતાના સ્તનપ્રદેશ ઉપર લગાવેલી કસ્તુરી પાણીના પ્રવાહમાં ભળી તેથી તેનો લાભ મૃગોને મળ્યો અને તેઓ પણ સ્વર્ગમાં ગયા. આ રીતે કવિ આ શ્લોકમાં ગંગાના જળની પવિત્રતા બતાવી, શરીરનો એક અંશ પણ ગંગાના જળમાં પ્રવેશે તો પણ સ્વર્ગ મળે છે, એવું કહી ગંગાનું ઔદાર્ય રજૂ કરે છે.

આ શ્લોકમાં કસ્તુરીનું પાણીમાં ભળવુ અને મૃગોનું સ્વર્ગમાં જવુ — બન્ને બાબતો સાથે સૂચવાઈ છે. તેથી અહીં અતિશયોક્તિ અલંકાર થયો છે.

**(૮) ગંગાના નામસ્મરણનો મહિમા :**

स्मृतं सद्यः स्वान्तं विरचयति शान्तं सकृदपि
प्रगतिं यत्पायं झटिति भवतापं च हरति ।
इदं तद्गङ्गेति श्रवणरमणीयं खलु पदं
मम प्राणप्रान्ते वदनकमलान्तर्विलसतु ॥८॥

અન્વય : (हे गंगे) यत् सकृत् स्मृतमपि सद्यः स्वान्तं शान्तं विरचयति यच्च प्रगीत झटिति पापं भवतापं च हरिति, तदिदं खलु 'गङ्गा' इति श्रवणरमणीयं यदं मम प्राणप्रान्ते वदनकमलान्तः विलसतु ।

શબ્દાર્થ : **स्मृतं**-સ્મરણ કરવાથી, **सद्यः**-તરત જ, **यत**-જે, **सकृत्**-એક જ વાર, **स्वान्तम्** (**स्व-अन्तम्**)-અન્તઃકરણને, **शान्तम्**-શાન્ત (કરે છે), **प्रगतिं**-મોટેથી ઉચ્ચારવાથી, **यत्-च**-અને, જે, **झटिति**-જલદીથી, **भवताप**-સંસારનાં દુખોને, **पाप**-પાપોને, **हरिति**-હરે છે, **इदं-तद्**-આ, તે, **गंगा इति**-'ગંગા' એવું, **श्रवणरमणीयं**-કર્ણ પ્રિય, **प्राणप्रान्ते**-મૃત્યુ સમયે, **वदनकमलान्तः**-કમળ સમાન મુખમા, **विलसतु**-વિલસો.

અનુવાદ : (હે ગંગા) જે એકવાર પણ સ્મરણ કરવાથી તરત જ અન્તઃકરણને શાન્ત કરે છે, અને જે મોટેથી ઉચ્ચારણથી પાપ અને સંસારનાં દુઃખોને જલ્દીથી હરે છે તે આ તારું 'ગંગા' એ ખરેખર શ્રવણ સુભગ પદ (નામ) મારા મૃત્યુ સમયે મારા વદનકમળમાં વિલસો.

વિમર્શ : ગંગાના નામસ્મરણનો મહિમા ગાતા કવિ અહીં મૃત્યુ સમયે 'ગંગા' નામ જ મારા મુખમાં શોભે તેવી પ્રાર્થના કરે છે. ગંગાનું માત્ર એક જ વાર સ્મરણ કરવાથી તે સંસારિક દુઃખોનું શમન કરે છે અને પાપ હરે છે. ગંગાનું નામ કાનને પ્રિય લાગે તેવું છે. તે આ પદ (ગંગા) કવિને મરણ સમયે પણ મુખમાં રહે તેવી અભિલાષા જગન્નાથ ધરાવે છે.

ગંગાનું સ્નાન તો સ્વર્ગ અપાવે છે. પરંતુ નામ સ્મરણથી પણ ભવતાપ અને પાપ હરે છે. ગંગા પ્રત્યેની ભક્તિ કવિ જીવનનાં અંત સુધી રહે તેમ ઈચ્છે છે.

ભાગવતપુરાણમાં ભક્તિના નવ પ્રકારો દર્શાવ્યા છે. તેને નવધા ભક્તિ કહેવાય છે. તેમાંથી શ્રવણ અને કીર્તનનો અહીં મહિમા ગાતા જગન્નાથે ગંગાની ભક્તિ કરી છે.

**(૯) ગંગાના કિનારાની પવિત્રતા દુઃખ હરનાર છે.**

यदन्तःखेलंतो बहुलतरसंतोषभरिता
न काका नालाधीश्वरनगरसाकांक्षमनसः ।
निवासाल्लौकानां जनिमरणशोकापहरणं
यदेतत्ते तीरं श्रमशमनधीरं भवतु नः ॥९॥

અન્વય : **यदन्तः खेलन्तः बहुलतरसंतोषभरिताः काकाः (अपि) नालाधीश्वरनगरसालांक्षमनसः न (भवन्ति) (यच्च) निवासात् लोकानां जनिमरणशोलापहरणं(भवति) तद् एतत् ते तीरं श्रमश्मनधीरं भवतु ।**

શબ્દાર્થ : **यद्**-જેની, **अन्तः**-અંદર, **खेलंतोः**-ખેલતા, ક્રીડા કરતા, **बहुलतर**-અત્યંત, **संतोषभरिताः**-સંતોષથી પૂર્ણ, **काकाः**-કાગડાઓને, **न**-નથી, **नाक**-સ્વર્ગ, **अधीश्वरः**-રાજા (ઈન્દ્ર), **नगरः**-નગરીની, **साकाङ्क्षमनसः**-મનમાં પણ ઈચ્છા નથી, **तद्**-તે, **जनि**-જન્મ, **मरणशोक**-મરણ (અને) દુઃખ, **अपहरणं**-દૂર કરનાર, **तद् एतत्**-તે આ તારો, **तीरं**-તટ, **नः**-અમારો, **श्रम**-દુઃખો, **शमनधीरं** -શમન કરવા સમર્થ.

અનુવાદ : જેની અંદર ક્રીડા કરતા, અત્યંત સંતોષથી પૂર્ણ કાગડાઓને અમરાવતીની (સ્વર્ગનાં રાજા ઈન્દ્રની નગરીની) આકાંક્ષા (ઈચ્છા) મનમાં નથી (અને જ્યાં) નિવાસ કરવાથી લોકોનાં જન્મ, મરણ અને શોક દૂર થાય છે તે આ તારો તટ અમારા (સંસારના) શ્રમને દૂર કરવામાં સમર્થ થાઓ.

વિમર્શ : ગંગાનો કિનારો સ્વર્ગની નગરી કરતાં પણ ચઢિયાતો છે તેવું દર્શાવી કવિ ગંગાની પ્રશંસા કરે છે.

ગંગાપુરાણમાં એક કથા છે કે એક સમયે ઈન્દ્રે ગંગાના તીર પર નિવાસ કરતા કાગડાઓને પોતાના નંદનવનમાં આવવાનું કહ્યું ત્યારે કાગડાઓએ જવાબ આપ્યો કે અમે તમારાં નંદનવનમાં આવવા માંગતા નથી, કારણ કે તેનાં કરતાં ગંગાનો તટ વધુ ઉત્કૃષ્ટ છે.

આ શ્લોકમાં આ કથાનો ઉલ્લેખ છે. તેના દ્વારા કવિએ ગંગાનો કિનારો કેટલો પવિત્ર છે તે દર્શાવતાં અમરાવતી નગરી કે જે ઈન્દ્રપુરી તરીકે ઓળખાય છે તેનો પણ ઉલ્લેખ કરેલો છે. ગંગા કિનારે વસતા કાગડાઓ પણ ઈન્દ્રપુરી જવા ઈચ્છતા નથી એવી સુંદર રજૂઆત અહીં કરવામાં આવી છે. વળી, કવિ વધુમાં ઉમેરે છે કે ગંગા કિનારો જન્મ મરણનાં દુઃખો હરનારો છે. કવિને શ્રધ્ધા છે કે આવો પવિત્ર તટ અમારા સંસારના શ્રમને દૂર કરશે જ.

આ શ્લોકમાં ગંગાનાં તીરને અમરાવતી નગરી કરતાં પણ અધિક શ્રેષ્ઠ દર્શાવ્યાહોવાથી અહીં વ્યતિરેક અલંકાર થયો છે.

**(૧૦)પરમતત્ત્વરૂપ સાક્ષાત્ ગંગા :**

**न यत्साक्षाद्वेदैरपि गलितभेदैरवसितं**
**न यस्मिन् जीवानां प्रसरति मनोवागवसरः ।**
**निराकारं नित्यं निजमहिमनिर्वासिततमो**
**विशुद्धं यत्तत्वं सुरतटिनि तत्त्वं न विषयः ॥१०॥**

અન્વય : **हे सुरतटिनि, यत् साक्षात् गलितभैदैः वेदैः अपि न अवसितं, यस्मिन् जीवानां मनोवागवसरः न प्रसरति तत् निराकारं नित्यं, निजमहिमनिर्वासित तमः विशुद्धं तत्त्वं त्वं (असि), (अन्यः) विषयः न ।**

શબ્દાર્થ : **हे सुरतटिनि** - દેવનદી, **गलितभैदैः**-અભેદનું પ્રતિપાદાન કરનાર (જેમાં ભેદ નથી તે), **वेदैः**વેદોથી,**अपि न अवसितं** -પણ જાણી શકાયુ નથી, **यस्मिन्** -જે, **जीवानां**-મનુષ્યોનાં, **मनोवागवसरः**-મન અને વાણીની પહોંચ, **न प्रसरति** -પહોંચી નથી શકતા, **तत्त**-તે, **निराकारं**-નિરાકાર (પરબ્રહ્મ), **नित्यं** -નિત્ય (જે શાશ્વતકાળ સુધી છે તે બ્રહ્મ), **निजमहिम**-પોતાના પ્રભાવથી, **निर्वासित**-નાશ કરનાર, **तमः**-અંધકારનો, **विशुद्धं तत्त्वं त्वं**-તે વિશુદ્ધ તત્ત્વ તું (છે), **न विषयः** (अन्यः) -બીજું કોઈ નથી.

અનુવાદ : હે સુરસરિતા અભેદનું પ્રતિપાદન કરનાર, સાક્ષાત્ વેદો વડે પણ જે જાણી શકાયું નથી, મનુષ્યોનાં મન અને વાણી જેની પહોંચની બહાર છે, નિરાકાર, નિત્ય અને પોતાના પ્રભાવ વડે (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર જે વિશુદ્ધ તત્ત્વ છે તે તું જ છે, બીજું કંઈ નથી.

વિમર્શ : આ શ્લોકમાં ગંગાને સુરતટિનિ કહી સંબોધવામાં આવી છે. પહેલા ગંગા કેવળ સ્વર્ગમાં જ રહેતી હતી. સગરપુત્રોના ઉદ્ધાર માટે ભગીરથ રાજા તપ કરીને તેને પૃથ્વી પર લઈ આવ્યા. આથી હવે તે પૃથ્વી, સ્વર્ગ અને પાતાળલોકમાં વહે છે. આમ તે સ્વર્ગનદી કે દેવનદીથી પણ પ્રખ્યાત છે. કવિ એ અહીં તેને સુરતટિનિ કહી સંબોધી છે.

વેદોમાં પરબ્રહ્મ પરમાત્મા કે જે અભેદતત્ત્વ કહેવાય છે તેનું વર્ણન છે. તેવા વેદો પણ જે (બ્રહ્મ) ને જાણી શક્યા નથી, મનુષોના મન અને વાણીની પહોંચની બહાર જે તત્ત્વ છે તે (બ્રહ્મ), નિરાકાર (જેને કોઈ આકાર નથી તે બ્રહ્મ), નિત્ય છે તે, (તેને જન્મ-મરણ નથી તે બ્રહ્મ) અને પોતાના પ્રભાવથી જેણે અંધકારનો નાશ કર્યો છે તે (બ્રહ્મ), જે વિશુદ્ધ (માયાથી રહિત) છે તે (બ્રહ્મ), તું જ છે, અન્ય કોઈ નથી.

શંકરાચાર્યના અદ્વૈત પ્રતિપાદનની કવિરાજ જગન્નાથ પર અહીં અસર જોવા મળે છે. નિરાકાર, નિત્ય, વિશુદ્ધ એવું પ્રમતત્ત્વ બીજું કોઈ નહીં કેવળ ગંગા જ છે એજ કહી કવિ ગંગાને બ્રહ્મરૂપે પ્રસ્થાપિત કરે છે. કેવળ ગંગા વેદોમાં વર્ણિત તત્ત્વ છે. જેને મનુષ્યો વાણીથી ઉચ્ચારી શકતા નથી, મનુષ્યોના મનથી જે પર છે તેવું તત્ત્વ એ જ પરમત્ત્વ-પરબ્રહ્મ છે આ તત્ત્વ બીજું કોઈ નહીં જગન્નાથના મતે ગંગા જ છે.

આ શ્લોકમાં ગંગાને સાક્ષાત્ બ્રહ્મ કહી છે. તેથી રૂપક અલંકાર છે.

**(૧૧)વિષ્ણુપદની પ્રાપ્તિ કરાવનારી ગંગા :**

**महादानैर्ध्यानैर्बहुविधवितानैरपि च यत्**
**न लभ्यं धोराभिः सुविमलतपोराशिभिरपि।**
**अचिन्त्यंतद्विष्णोः पदमखिलसाधारण तया**

ददाना केनासि त्वमिह तुलनीया कथय नः ।।११।।

અન્વય : यद् महादानैः ध्यानैः बहुविधवितानैः अपि च घोराभिः सुविमलतपोराशिभिः, अपि न लभ्यं तद् अचिन्त्यं विष्णोः पदम् अखिलसाधारणतया ददाना त्वंइह केन तुलनीया असि (तत) नः कथय ।

શબ્દાર્થ : यद् -જે, महादानै :-અન્ન, સુવર્ણ વગેરે અતિશય કિંમતી વસ્તુનાં દાન વડે, ध्यानैः-ધ્યાન વડે, बहुविध-વિવિધ પ્રકારનાં, वितानैः-યજ્ઞો વડે, घोराभि -ઘોર (ઉગ્ર), सुविमलतपोराशिभिः-નિર્મળ તપના સમૂહ વડે, न लभ्यं-પ્રાપ્ત થતું નથી, यत्-તે, अचिन्त्यं-ચિંતન ન કરી શકાય તેવું, કલ્પનાતીત, विष्णोः पदम् -વિષ્ણુનું પદ (અથવા વૈકુંઠ) કે વિષ્ણુનાં ચરણ, अखिल-બધાને, साधारणतया-સામાન રીતે, ददाना-આપનાર, त्वमिह - તારી આ, तुलनीया - તુલના, कथय-કહે, नः-અમને, केनासि -કોની સાથે (થઈ શકે).

અનુવાદ : મોટાં દાનો વડે, ધ્યાનો વડે, વિવિધ પ્રકારના યજ્ઞો વડે, તેમજ ઉગ્ર અને અત્યંત નિર્મળ તપના સમૂહ વડે પણ જે પ્રાપ્ત કરી શકાતું નથી તે અચિન્ત્ય વિષ્ણુનું પદ (વૈકુંઠ) સર્વને સમાન રીતે આપનાર તારી તુલના અહીં કોની સાથે થઈ શકે તે અમને કહે.

વિમર્શ : અહીં કવિ ગંગા વિષ્ણુના પરમપદ એટલે કે વૈકુંઠ સુધી લઈ જાય છે તેવું કહી ગંગાની મહત્તા રજૂ કરે છે. વિષ્ણુનું પરમપદ મોટાં દાનો, ખૂબ ધ્યાનાદિ કર્મો, વિવિધ યજ્ઞો તેમજ ઉગ્ર તપથી પણ મળવુ મુશ્કેલ છે. તે વિષ્ણુનું પદ સાધારણ લોકોને પણ ગંગા સમાન રીતે આપનારી છે. કવિ ગંગાને જાણે વિનવે છે કે “હે માતા, આવી તારી મહાનતાની તુલના કોની સાથે થાય ? તે તું અમને કહે. એટલે કે ગંગાની તુલના કોઈની સાથે થઈ શકે નહીં.

ગંગા નદીની શ્રેષ્ઠતાની બાબતમાં કોઈ સાથે સરખામણી થઈ શકતી નથી. તેનું જળ સાક્ષાત્ વિષ્ણુપદની પ્રાપ્તિ કરાવનારું છે.

આગળનાં શ્લોકમાં કવિ ઈન્દ્રપુરી લઈ જતી ગંગાનું ગાન કરે છે પરંતુ હવે કવિ વિષ્ણુનું પદ અપાવવા સક્ષમ ગંગાને નમન કરે છે.

### (૧૨)શિવની જટામાં રહેલી કલ્યાણકારી મૂર્તિરૂપ :

नृणामीक्षामात्रादपि परिहरन्त्या भवभयं
शिवायास्ते मूर्तेः क इह महिमानं निगदतु ।
अमर्षम्लानायाः परममनुरोधं गिरिभुवो
विहाय श्रीकण्ठः शिरसि नियतं धारयति याम् ।।१२।।

અન્વય : **अमर्षम्लानायाः गिरिभुवः परमम् अनुरोधं विहाय श्रीकण्ठः यां नियतं शिरसि धारयति नृणाम् ईक्षा मात्रात् अपि भवभयं परिहरन्त्याः शिवायाः ते मूर्तेः महिमानं इह कः निगदत ।**

શબ્દાર્થ : **अमर्षण**-કોપથી, **म्लानायाः**-મ્લાન થયેલી, સુકાઈ ગયેલે, **गिरिभुवः**-ગિરિજાનો (પાર્વતીનો), **अनुरोधं**-અનુનય (મનામણાં), **श्रीकण्ठः**-શિવ, **विहाय**-છોડીને, **या**-જેને, **नियतं**-હંમેશા, **शिरसि** -મસ્તક પર, **धारयति**-ધારણ કરે છે, **त**-તેવી, **नृणाम**-લોકોના, **ईक्षा मात्रात**-દર્શનમાત્રથી, **भवभयं** -સંસારનાં ભયને, **परिहरन्त्याः**-હરે છે (દૂર કરે છે), **त**-તે (તારી) કલ્યાણમયી (શિવા એટલે કલ્યાણકારી), **मूर्तः**-મૂર્તિ, **कः** -કોણ અહીં, **महिमानं निगदत**-મહિમા વર્ણવી શકે ?

વિમર્શ : ગંગાને શિવે મસ્તક પર ધારણ કરી તેથી સપત્નીભાવથી પાર્વતી ક્રોધિત થયાં છતાં પણ ક્રોધાયમાન થયેલી પત્નીને મનાવવાની પરવા કર્યા વિના શંકર ગંગાને હંમેશા મસ્તક પર રાખે છે. કવિ અહીં પરોક્ષ રીતે પાર્વતી કરતાં પણ ગંગા શંકરને વધુ પ્રિય છે એવું જણાવે છે. તેથી જ ગંગાનો મહિમા અવર્ણનીય છે.

ગંગાનો મહિમા ગાવો અશક્ય છે કારણ કે તેની કલ્યાણકારી મૂર્તિના દર્શનમાત્રથી મનુષ્યોનો સંસારનો ભય દૂર થાય છે. ગંગાની મૂર્તિ એટલે તેનું પવિત્ર જળ, તેનો પાવન પ્રવાહ. તેનાં દર્શન માત્રથી લોકોના સંસારનાં દુઃખો તે હરે છે.

આ શ્લોકમાં કવિએ શિવ-પાર્વતી અને ગંગાના સ્નેહપૂર્ણ સંબંધની કાવ્યમય કલ્પના કરી પાર્વતી કરતાં પણ શિવને ગંગા પ્રિય છે તેવું સૂચવ્યું છે. અહીં કાવ્યલિંગ અલંકાર છે.

ગંગાને **शिवायः मूर्तः** શિવની જટામાં રહેલી કલ્યાણકારી મૂર્તિ કહી ગંગાને કલ્યાણમયી કહી છે.

## ૨.૨ : તમારી પ્રગતિ ચકાસો

**૧. નીચેના શબ્દોનો માત્ર અર્થ આપો.**

**खण्डपरशुः, मार्तण्डः, हेरम्बः, दृष्टिसरणिम्, झटिति भवभयम्**

**૨. નીચેના શબ્દસમૂહનો અર્થ આપી એકાદ વાક્યમાં સમજૂતી આપો.**

**अविद्याद्रुमदलनदीक्षागुरुः**

.............................................................................................................

.............................................................................................................

**त्रिविधं सन्तापम्**

.............................................................................................................

.............................................................................................................

**निर्वाणपदवीम्**

..............................................................................................................

..............................................................................................................

**प्राणप्रान्ते**

..............................................................................................................

..............................................................................................................

**नन्दनवनम्**

..............................................................................................................

..............................................................................................................

**૩. ગંગા માટે વપરાયેલાં સંબોધનોની યાદી કરો.**

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

**૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

૧. ગંગાલહરીના પ્રથમ શ્લોકમાં કઈ મંગળ કામના વ્યક્ત થઈ છે.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

૨. ગંગાના પ્રવાહનો મહિમા વર્ણવો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

૩. ગંગાની ઉદાસીનતાથી કવિ કેવી મુંઝવણ અનુભવે છે ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

૪. ગંગાના કિનારે નિવાસ કરનારમાં કેવું ગૌરવ પ્રગટે છે ?

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

૫. ગંગા અને પાર્વતીનો સપત્નીભાવ કઈ રીતે વ્યક્ત થયો છે ?

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

૬. ગંગામાં સ્નાન નહિ કરવા છતાં મૃગો સ્વર્ગની પ્રાપ્તિ કઈ રીતે કરે છે ?

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

**૫. ટૂંકનોંધ લખો.**

૧. ગંગાનો મહિમા

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

૨. જગન્નાથનો ગંગા પ્રત્યેનો ભક્તિભાવ

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

**૬. નીચેના શ્લોકો કંઠસ્થ કરો.**

૧. समृद्धं सौभाग्यं... नः शमयतु ॥१॥

२.  स्मृतं सद्यः स्वान्तं... विलसतु ॥८॥

★★ ★★ ★★

# એકમ ૩ ગંગાલહરી (૧૩ થી ૨૪ શ્લોકો)

## રૂપરેખા

ઉદ્દેશ

**૩.૦ : પ્રસ્તાવના**

**૩.૧ : ગંગાલહરીના મૂળ શ્લોકો (૧૩ થી ૨૪) અને તેમની સમજૂતી.**

**૩.૨ : તમારી પ્રગતિ ચકાસો**

**ઉદ્દેશો :**

- ગંગાલહરીના શ્લોકોનું શુદ્ધ અને સરળ વાચન કરી શકશે.
- ગંગાલહરીના શ્લોકોનો સરળ અનુવાદ સમજી શકશે.
- શ્લોકોમાં પ્રયુક્ત નવા શબ્દોનો અર્થ જાણશે.
- શ્લોકોમાં પ્રતિબિંબિત થતા વિવિધ ભાવોને ગ્રહણ કરશે.
- શિખરિણી છન્દમાં રહેલ શ્લોકોનું ગાન કરી શકશે.

## ૩.૦ : પ્રસ્તાવના

ત્રીજા યુનિટમાં ગંગાલહરીના ૧૩ થી ૨૪ સુધીના શ્લોકોનો સમાવેશ થયો છે. આગળના યુનિટ-૨ની માફક જ અહીં આ શ્લોકોની સમજૂતી આપવામાં આવી છે. અન્વય, શબ્દાર્થ, અનુવાદ અને વિમર્શ એ જ ક્રમમાં વિચારણા કરીને શ્લોકોનો અર્થ પ્રાપ્ત થાય એવો પ્રયત્ન કર્યો છે.

## ૩.૧ : ગંગાલહરીના મૂળ શ્લોકો અને તેમની સમજૂતી.

### (૧૩) પાપ હરનારી ગંગા જ જગતમાં સર્વશ્રેષ્ઠ રૂપે :

विनिंद्यान्युन्मत्तैरपि च परिहार्याणि पतितै-
रवाच्यानि व्रात्यैः सपुलकमपास्यानि पिशुनैः ।
हरन्ति लोकानामनवरतमेनांसि कियतां
कदाप्यश्रान्ता त्वं जगति पुनरेका विजयसे ॥१३॥

અન્વય : उन्मत्तैः अपि विनिन्द्यानि पतितैः अपि च परिहार्याणि, व्रात्यैः अवाच्यानि, पिशुनैः सपुलकम् अपास्यानि कियतां लोकानां एनांसि अनवरतं हरन्ति कदापि अश्रान्ता त्वं पुनः एका जगति विजयसे ।

શબ્દાર્થ : **विनिन्द्यानि**-નિંદા કરવાને માટે યોગ્ય, **उन्मत्तैः**-ઉન્મત્ત-અસ્થિર ચિત્તવાળા, **परिहार्याणि**-ત્યાગ કરવા જેવા, (પરિહાર-એટલે નિવારવું), **व्रात्यैः**-જેના પર સંસ્કાર વિધિ થયા નથી તેઓથી, **अवाच्यानि**-ઉચ્ચારણ નહીં કરવા યોગ્ય, **पतितैः**-પાપીઓ વડે, **पिशुन**-દુષ્ટો વડે, **सपुलकम**-રોમાંચ સહિત, (રુંવાડાં ઊભા થઈ જાય તે રીતે), **अपास्यानि**-ફેંકી દેવા યોગ્ય, **अनवरतं**-સતત, **एनांसि** -પાપો, **कियतां**-કેટલાયના, **कदापि अश्रान्ता**-કદી ન થાકતી, **त्वं**-તું, **जगति**-જગતમાં, **पुनः एका**-એક જ, **विजयसे** -(સર્વશ્રેષ્ઠ છે) વિજયી છે.

અનુવાદ : અસ્થિર મનના લોકોથી પણ નિંદનીય, પતિત લોકોથી ત્યાગ કરવા યોગ્ય, અસંસ્કારીઓ દ્વારા ઉચ્ચારણ ન કરી શકાય એવાં, દુર્જનો દ્વારા રોમાંચ ફેકી દેવાય એવાં, કેટલાય લોકોનાં પાપોને સતત હરતી તું ક્યારેય થાકતી નથી એ જ તું માત્ર એકલી જગતમાં વિજયી થાય છે.

વિમર્શ : ગંગા જ એક માત્ર જગતમાં સર્વશ્રેષ્ઠ છે, તેમ ભક્તિભાવે તેને વિનવતાં કવિ પાપીઓનાં પાપ કેવાં કેવાં હોય છે તે વર્ણવે છે. કેટલાક પાપીઓનાં પાપને ગાંડાઓ પણ નીદે તેવાં હોય છે, તે પાપોને પાપીઓ પણ ત્યજે તેવાં ભયંકર હોય છે, સંસ્કારહીન લોકો પણ તેનું ઉચ્ચારણ ન કરે તેવાં હોય છે અને દુર્જનો પણ તેનો ત્યાગ કરે તેવાં પાપોને ગંગા હરે છે !! છતાં કદી તે થાકતી નથી આથી તો તે જગતમાં સર્વશ્રેષ્ઠ છે.

ભયંકર અસંખ્ય પાપો હરનારી સતત હરતી ગંગા કેટલી મહાન છે કે અધમમાં અધમ, પાપીમાં પાપી લોકો પણ જેને તિરસ્કારે તેવા પાપીનાં પાપ ગંગા દૂર કરતી હોય છે આવી ગંગા જ વિજયશ્રીની સ્વામિનીછે. આ શ્લોકમાં કાવ્યલિંગ અલંકાર છે.

**(૧૪) ગંગાના ગુણોનો મહિમા :**

**स्खलंती स्वर्लोकादवनियतलशोकापहृत्तये**
**जटाजूटग्रन्थौ यदसि विनिबद्धा पुरभिदा ।**
**अये निर्लोभानामपि मनसि लोभं जनयतां**
**गुणानामेवायं तव जननि दोषः परिणतः ।।१४।।**

અન્વય : **अये जननि, अवनितलशोक-अपहृतये स्खलन्ती यत् पुरभिदा जटाजूटग्रन्थौविनिबद्धा असि सः अयं निर्लोभानाम् मनसि अपि लोभं जनयातां तव गुणनाम् इव दोषः परिणत ।**

શબ્દાર્થ : **अये जननि**-અરે માતા, **अवनितल**-પૃથ્વી પરનો, **शोक**-શોક (દુઃખ), **अपहृतये**-હરવા માટે (દૂર કરવાં માટે), **स्वर्लोकात**-સ્વર્ગલોક પરથી, **स्खलन्ती**-પડતી, **पुरभिदा**-(જેણે દૈત્યોનાં ત્રણ નગરો તોડી નાખ્યા છે તે), શંકર, **जटाजूट**-જટામાં બાંધેલ, **ग्रन्थौ**-ગ્રન્થિમાં, **विनिबद्धा**-બંધાયેલી, **यद**-જે, **असि**-છે. **सः**-તે, **निर्लोभानाम**-નિર્લોભનાં (શંકરનાં), **मनसि**-મનમાં, **अपि**-પણ, **लोभं**-લોભને,

**जनयातां**-ઉત્પન્ન કરે છે, **एव अयं** -એવા આ, **दोषः**-દોષ, **गुणनाम**-ગુણોમાં જ, **परिणतः**-પરિણમ્યો છે.

અનુવાદ : હે જનની, પૃથ્વી પરનો શોક દૂર કરવાને માટે સ્વર્ગમાંથી નીચે પડતી, તને શંકરે જટાપાશમાં જે બાંધી લીધી તે નિર્લોભનાં મનમાં પણ લોભ ઉત્પન્ન કરે તેવા તારા ગુણોનો જ દોષ પરિણમ્યો છે.

વિમર્શ : સમસ્ત જગતનાં લોકોનાં દુઃખ દૂર કરવાને માટે ગંગા સ્વર્ગમાંથી પૃથ્વી પર આવવા લાગી ત્યારે શિવે તેનાં ગુણો પર આસક્ત થઈને તેને પોતાના જટાપાશમાં સમાવી દીધી. આ પ્રમાણે સત્કાર્યમાં આવી પડેલ વિઘ્નની બાબતમાં શંકરનો અપરાધ નથી, પણ ગંગાના ગુણોનો જ અપરાધ છે. (ગંગાના ગુણો જ તેના દોષનું પરિણામ છે)

અહીં કવિ કહેવા માંગે છે કે ગંગા એટલી બધી ગુણવતી છે કે નિર્લોભ એવા શંકરનાં મનમાં પણ તેણે લોભ ઉત્પન્ન કર્યો. સ્વયં શિવને લોભાવવાનો ગુણ ધરાવતી ગંગાનો આ ગુણ તેને પૃથ્વી પર લાવવાનું કારણ બન્યો. તેનો આ ગુણ જ તેનો દોષ બન્યો.

આ શ્લોકમાં કવિ એ ગંગાના ગુણોની નિંદા કરી તે બહાને વખાણ કર્યા હોવાથી અહીં **व्याजस्तुति** અલંકાર થયો છે. ગંગાના ગુણોએ જ શંકરના મનમાં લોભ ઉત્પન્ન કર્યો અને તેને જટામાં બાંધી.

**(૧૫) ગંગા પાપીઓ તથા લાચારજનો માટે ઔષધ છે :**

**जडानन्धान् पंगून प्रकृतिबधिरानुक्तिकविकलान्**
**ग्रहग्रस्तानस्ताखिलदुरितनिस्तारसरणीन् ।**
**निलिम्पैर्निर्मुक्तानपि च निरयान्तर्निपततो**
**नरानम्ब त्रातुं त्वमिह परमं भेषजमसि ॥१५॥**

અન્વય : **हे अम्ब, जडान्, अन्धान् पङ्गून्, प्रकृतिबधिरान्, उत्तिकविकलान्,ग्रहग्रस्तान्, अस्तअकिल-दुरित निस्तारसणीन्, निलिम्पैः निर्मुत्तकान् अपि च निरयान्तः निपततः जनान् त्रातुं त्वम् इह परमं भेषजम् असि ।**

શબ્દાર્થ : **हे अम्ब**-હે માતા, **जडान**-જડ, મંદબુદ્ધિવાળા, **पङ्गून्**-લંગડા, **प्रकृतिबधिरान्**-જન્મથી જ બહેરા, **उत्तिकविकलान**-વાચા વિનાના (મૂંગા), **ग्रहग्रस्तान**-(શનિ-મંગળ જેવા) ગ્રહોથી પીડાતા, **अस्त**-પૂરો થયો છે, (અહીં માર્ગની વાત છે તેથી બંધ થઈ ગયો છે), **अकिल**-સર્વ, **निस्तारसणीन्**-તરવાનો માર્ગ, **निलिम्पः**-દેવો વડે, **निर्मुत्तकान् अपि** -પણ ત્યજાયેલા, **निरयान्तः**-નરકની અંદર, **निपततः**-પડેલા, **जनान्**-લોકોને, **त्रातुं**-તારવા માટે,**त्वम् इह**-તું જ, **परमं भेषजम् असि**-મોટું ઔષધ છે.

અનુવાદ : હે માતા, જડ, અંધ, પાંગળા, જન્મથી જ બહેરા, મૂંગા, ગ્રહોથી પીડાતા, જેમનો સર્વપાપોમાંથી તરવાનો માર્ગ બંધ થઈ ગયો છે તેવા, દેવો વડે પણ ત્યજાયેલા અને નરકમાં પડેલા લોકોનું રક્ષણ કરવા માટે તું અહીં શ્રેષ્ઠ ઔષધ છે.

વિમર્શ : આ શ્લોકમાં કવિએ ગંગાના જળને ઔષધરૂપ કહ્યું છે વળી આ ઔષધ કેવા લોકો માટે છે ? કવિ કહે છે, જડ એટલે કે મૂર્ખ લોકો માટે, અંધ એટલે આંખોથી અંધ તેમજ જ્ઞાન ન હોય તેવા અંધ (અજ્ઞાની), પાંગળા અર્થાત્ લાચાર લોકો, નિઃસહાયજનો, જન્મથી બહેરા જે લોકના કાને કદી પુણ્યકર્મો સાંભળ્યાં જ નથી તેવા લોકો, ગ્રહોથી પીડાતા લોકો અને જે લોકોનો પાપોમાંથી તરવાનો રસ્તો બંધ છે — પાપમાંથી મુક્તિ મળે તેમ નથી તેવા લોકો, દેવોએ જેમને ત્યજી દીધા છે તેવા પાપી લોકો, અને નરકમાં પડેલા (પાપીઓ) લોકો- આ બધા માટે ગંગા ઔષધ સમાન છે. આ બધા લોકો રોગીઓ છે. આ કર્મથી રોગી લોકોના રોગને દૂર કરવા ગંગા જ ઓસડ છે. એમ કહી કવિ ગંગા પતિત ઉદ્ધારક છે તેમ જણાવી તેની સ્તુતિ કરે છે.

અહીં ગંગાને ઔષધની સાથે સરખાવતા કવિ બન્ને વચ્ચેનો ભેદ મીટાવી દે છે. આથી અહીં રૂપક અલંકાર થયો છે.

પરંપરા પણ ગંગાનાં જળને ઔષધ જ માને છે — **औषधं जाह्नवीतोयम् ।**

**(૧૬) સ્વચ્છ અને સહજ ઠંડા ગંગાના જળનો મહિમા :**

**स्वाभावस्वच्छानां सहजशिशिराणामयमपा-**
**मपारस्ते मातर्जयति महिमा कोऽपि जगति ।**
**मुदा यं गायन्ति द्युतलमनवद्यद्युतिभृतः**
**समासाद्याधापि स्फुटपुलकसान्द्राःसगरजाः ॥१६॥**

અન્વય : **हे मातः अनवद्यद्युतिभृतः स्फुटपुलकसान्द्राः सगरजाः द्युतलं समासाद्य मुदा अद्यापि यं गायन्ति सः ते स्वभावस्वच्छानां, सहजशिशिराणाम् अपाम् अयं अपारः कोऽपि महिमा जगति जयति ।**

શબ્દાર્થ : **हे मातः** :-હે માતા, **अनवद्यद्युतिभृतः**-સ્તુતિ કરવાને યોગ્ય, તેજ ધારણ કરનારાં, **स्फुटपुलकसान्द्राः**-સ્પષ્ટ, ગાઢ રોમાંચવાળા, **सगरजाः**-સગર રાજાનાં પુત્રો, **द्युतल**-સ્વર્ગને, **अद्यापि**-આજે પણ, **समासाद्य**-પ્રાપ્ત કરીને, **मुदा**-આનંદથી, **यं**-જેનું, **गायन्ति**-ગાન કરે છે, **ते**-એવી, **स्वभावस्वच्छानां**-સ્વભાવથી જ સ્વચ્છ (નિર્મળ), **सहजशिशिराणाम्**-સહજ રીતે જ ઠંડા, **अपाम्** -જળનો, **अपारः**-પાર વિનાનો, **महिमा**-મહિમા, **जगति**-જગતમાં, **जयति**-વિજય પામે છે.

અનુવાદ : હે માતા, દિવ્ય તેજને ધારણ કરનાર અને સ્પષ્ટ તથા ગાઢ રોમાંચથી વ્યાપ્ત, સગરપુત્રો સ્વર્ગને પ્રાપ્ત કરીને આજે પણ આનંદથી જેનું ગાન કરે છે તે આ તારા સ્વભાવે સ્વચ્છ અને સહજ રીતે ઠંડા જળનો અપાર મહિમા જગતમાં વિજય પામે છે.

વિમર્શ : કવિ ભક્તહૃદયની આર્દ્રતા સાથે આ શ્લોકમાં રામાયણ તેમજ પુરાણોમાં વર્ણિત એક કથાનું અહીં અનુસંધાન સાધે છે.

સૂર્યવંશી રાજા સગરે ૯૯ અશ્વમેધ યજ્ઞો પૂર્ણ કરી ૧૦૦માં અશ્વમેધ યજ્ઞનો પ્રારંભ કર્યો. જો સો અશ્વમેધ યજ્ઞો પૂરા કરે તો તે ઈન્દ્ર બની શકે. આથી ભય પામેલા ઈન્દ્રે યજ્ઞનો અશ્વ ચોરી જઈને કપિલમુનિના આશ્રમમાં બાંધ્યો. અશ્વનું રક્ષણ કરતાં ૬૦,૦૦૦ સગરપુત્રો અશ્વને શોધતાં-શોધતાં કપિલમુનિનાં આશ્રમ પર આવ્યા. ત્યાં તેઓએ અશ્વમેધ યજ્ઞના અશ્વને જોયો. આ અશ્વને મુનિએ જ ચોર્યો હશે એમ માની તેઓએ ઋષિને હેરાન કર્યા. આથી ક્રોધિત થયેલા મુનિએ પોતાના તપોતેજથી સગરપુત્રોને ભસ્મ કરી દીધા.

આ સગરપુત્રોના ઉદ્ધાર માટે તેની પેઢીમાં થયેલા પુત્ર પૌત્રોએ તપ કર્યા. તે વંશમાં થયેલ ભગીરથ નામે રાજાના તપથી સ્વર્ગમાં વહેતી ગંગા પૃથ્વી પર આવી. ગંગાનો પ્રવાહ વહેતો-વહેતો સગરપુત્રોની રાખને પવિત્ર કરીને આગળ વધ્યો. ગંગાના પવિત્ર જળનો સ્પર્શ થવાથી સગરપુત્રો સ્વર્ગે ગયા.

આ પ્રમાણે ગંગા થકી સ્વર્ગ મળતાં તેઓ આજે પણ ગંગા પ્રત્યે કૃતજ્ઞ બની તેનો મહિમા ગાય છે. તે ગંગાનાં નીર સ્વભાવથી જ સ્વચ્છ-નિર્મળ છે અને સહજ રીતે જ ઠંડા-શિશિર છે. તેનામાં કૃત્રિમ ઠંડક નથી. તેનો સ્વભાવ જ ઠંડકને સ્વચ્છતાનો છે એવી ગંગાનો મહિમા આ જગતમાં જય પામે છે.

કવિએ અહીં ગંગા પ્રત્યેની અનન્ય ભક્તિ માટે સગરપુત્રોનો ઉલ્લેખ કરી ગંગાનો મહિમા વર્ણવ્યો છે.

અહીં કાવ્યલિંગ અલંકાર છે. પોતાના હૃદયના મધુર ભાવ પ્રમાણે કવિએ ભાષાને પ્રયોજી છે. આ તેની શૈલીની વિશેષતા છે.

### (૧૭) સર્વ તીર્થોમાં ગંગાની શ્રેષ્ઠતા :

कृतक्षुद्रैनस्कानथ झटिति संतप्रमनसः
समुद्धर्तु सन्ति त्रिभुवनतले तीर्थनिवहाः ।
अपि प्रायश्चित्तप्रसरणपथातीतचरितान
नरान् दूरीकर्तु त्वमिव जननि त्वं विजयसे ।।१७।।

અન્વય : हे जननि, कृतक्षुद्रैनस्कान् अथ झटिति संतप्रमनसः समुद्धर्तु त्रिभुवननतले तीर्थनिवहाः सन्तिः, अपि प्रायश्चित्प्रसरणपथातीतचरितान् नरान् दूरीकर्तु त्वम् इव त्वं विजयसे ।

શબ્દાર્થ : हे जननि -હે માતા, कृतक्षुद्रै-જેમણે ક્ષુદ્ર પાપો કર્યાં છે, झटिति-જલ્દીથી, संतप्रमनसः-જેના મનમાં પશ્ચાત્તાપ થયો છે, તેવા (લોકોનો), समुद्धत-ઉદ્ધાર

કરવા માટે, त्रिभुवननतले -ત્રિભુવનમાં, तीर्थनिवहाः-તીર્થોનો સમૂહ,सन्ति-છે, अपि-પણ, प्रायश्चित्त-પ્રાયશ્ચિતથી, पथ-માર્ગ, अतीत-દૂર, चरितान् नरान्-(જે) લોકોનું ચરિત્ર, दूरीकर्तु -વટાવી ગયુ છે (તેના માટે), त्वम् इव त्वं-તારા જેવી તું જ, विजयस-વિજય પામે છે.

અનુવાદ : હે જનની, નાના પાપો કરનાર અને પછી ઝટ મનમાં સંતાપ કરનાર (લોકોનો) ઉદ્ધાર કરવાને માટે ત્રણે ભુવનમાં તીર્થોનો સમૂહ છે, પણ જેમનું આચરણ પ્રાયશ્ચિત્ત કરવાનાં માર્ગને વટાવી ગયું છે (પ્રાયશ્ચિત્તને યોગ્ય પણ નથી) તેવા લોકોનાં (પાપ) દૂર કરવામાં તારા જેવી તું જ વિજય પામે છે.

વિમર્શ : કવિનાં ભક્તિભાવની વિશેષતા આ શ્લોકમાં પ્રદર્શિત થાય છે. કવિ ગંગાને કહે છે થોડા પાપ કરનારનો ઉદ્ધાર કરવા માટે અન્ય તીર્થોનો સમૂહ છે પરંતુ પ્રાયશ્ચિત્ત પણ ન થઈ શકે તેવા ઘોર પાપીઓનો ઉદ્ધાર કરનાર ગંગા એકલી જ છે. 'હરિ ભલે શેષ શયન કર્યા કરે, શંકર નૃત્ય કર્યા કરે' જ્યાં સુધી ગંગા વહે છે ત્યાં સુધી ઘોર પાપીઓનાં પાપો પણ તે ઉદ્ધાર કરશે જ એવો શ્રદ્ધાભાવ કવિ ધરાવે છે.

અન્ય તીર્થો કરતાં અહીં ગંગાની શ્રેષ્ઠતા દર્શાવતા કવિએ ઉત્તમ ભક્તિસ્તોત્રનો નમૂનો પૂરો પાડયો છે.

આ શ્લોકમાં ગંગાને 'त्वमिव त्वं' — 'તારા જેવી તું' એ પ્રમાણે કહી છે. તેથી અહીં અનન્વય અલંકાર છે. न अन्वय इति – अनन्वयः ।

**(૧૮) ગંગાનાં જળનું મહત્ત્વ :**

निधानं धर्माणां किमपि च विधानं नवमुदां
प्रधानं तीर्थानाममलपरिधानं त्रिजगतः ।
समाधानं बुद्धेरथ खलु तिरोधानमधियां
श्रियामाधानं नः परिहरतु तापं तव वपुः ।।१८।।

અન્વય : धर्माणां निधानम्, नवमुदां किमपि विधानम्, तीर्थानां प्रधानम्, त्रिजगतः अमलपरिधानम् बुद्धेः समाधनम्, अधियां खलु तीरोधानम्, अथ च श्रियां आधानम् (हे गङ्गे) तव वपुः नः तापं परिहरत ।

શબ્દાર્થ : निधानम्-સ્થાન, नवमुदां-નવા આનંદોનું, किमपि-અવર્ણનીય, विधानम -વિધાન (ઉત્પાદક), अमलपरिधानम-સ્વચ્છ વસ્ત્ર, अधिया-બુદ્ધિહીનોનું (धि-એટલે બુદ્ધિ-અહીં अधि-याम-એટલે જેનામાં બુદ્ધિ નથી તેવાઓ), तीरोधानम-દૂર કરનારાં, श्रियां-સમૃદ્ધિઓનું, आधानम-આપનાર, तापं -સંતાપને, वपुः-શરીર, परिहरत-દૂર કરો.

અનુવાદ : હે ગંગા ! તારું શરીર (જળ પ્રવાહ) ધર્મોનું સ્થાન, નવા આનંદો આપનાર, તીર્થોમાં મુખ્ય, ત્રણેય ભુવનોનું નિર્મળ વસ્ત્ર, બુદ્ધિનું સમાધાન કરનાર, અબુદ્ધિને દૂર કરનાર (બુદ્ધિ આપનાર) અને લક્ષ્મી આપનાર તારું શરીર અમારાં સંતાપને (ત્રિવિધ તાપને) હરો.

વિમર્શ : કવિ જગન્નાથે આ શ્લોકમાં ગંગાની સાત વિશેષતાઓનું વર્ણન કર્યું છે. આ શ્લોકમાં ગંગાના જળને ત્રણેય લોકનું નિર્મળ વસ્ત્ર કલ્પ્યું છે.

'ધ' વર્ણની અધિકતા આ શ્લોકમાં નિરૂપતા જગન્નાથની આ વિશેષતા છે. વર્ણબહુલતા તેની શૈલીમાં સ્પષ્ટ દેખાય આવે છે. છતાં અર્થ સભરતા પણ એટલી જ છે. ગંગાનાં જળને ત્રણેય લોકનું નિર્મળ વસ્ત્ર કલ્પ્યું હોવાથી અહીં 'રૂપક' અલંકાર થયો છે.

અહીં કવિએ ગંગાનાં શરીર (જળ પ્રવાહરૂપી) નું વર્ણન કર્યું છે. ગંગાના જળમાં સ્નાન કરવાથી પ્રાપ્ત તથા પુણ્યમાં બધા ધર્મોનાં આચરણથી પ્રાપ્ત થતાં પુણ્યોનો સમાવેશ થાય છે. ગંગાનું અતિરમણીય જળરૂપી શરીર હંમેશાં નવો આનંદ આપે છે. સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ – આ ત્રણેલોકમાં ગંગાનું નિર્મળ જળ વહે છે. તેથી કવિએ ગંગાને નિર્મળ વસ્ત્ર કહેલ છે.

**(૧૯) અપરાધ ભાવે યાચના :**

**पुरो घावं घावं द्रविणमदिराधूर्णितदृशां**
**महीपानां नानातरुणतरखेदस्य नियतम् ।**
**ममैवायं मन्तुः स्वहितशतहर्तुर्जडधियो**
**वियोगस्ते मातर्यदिह करुणातः क्षणमपि ॥१९॥**

અન્વય : **द्रविणमदिराधूर्णितदृशां महीपानां पुरः धावं धावं नानातरुणतरखेदस्य, स्वहितशतहन्तुः जडधियः ममैव अयं मन्तुः यत् इह ते वियोगः हे मातः क्षणपमि करुणा ।**

શબ્દાર્થ : **द्रविणमदिराधूर्णितदृशां**-ધન અને મદિરાથી છકેલી દૃષ્ટિવાળા, **महीपानां**-રાજાઓની, **नियतम** -સતત, **नानातरुणतरखेदस्य** -વિવિધ પ્રકારનો ઉત્કટ થાક જેને લાગ્યો છે તેવા, **र्जडधियः** -જડ બુદ્ધિવાળા (મૂર્ખ), **स्वहितशतह** -પોતાના સેંકડો હિતોનો નાશ કરનારી, **मन्तु** :-અપરાધ (ભૂલ).

અનુવાદ : ધન અને મદથી (અહંકારથી) છકેલી દૃષ્ટિવાળા રાજાઓની આગળ વારંવાર દોડીને, વિવિધ પ્રકારનો ભયંકર જેને થાક લાગ્યો છે એવા પોતાના સેંકડો હિતોનો નાશ કરનારા, જડબુદ્ધિવાળા (એવા), મારો જ અપરાધ છે કે અહીં તારો વિયોગ થયો. માટે હે માતા ! એક ક્ષણ માટે પણ દયા કર.

વિમર્શ : કવિ ગંગામાતાને કહે છે કે અત્યાર સુધી મને તારો વિયોગ થયો, તેમાં મારો જ

દોષ (ભૂલ) છે. પરંતુ હવે મને ક્ષમા કરીને મારા પર દયા કર.

કવિનાં યુવાનીનાં વર્ષો પર આ વાતથી પ્રકાશ પડે છે. મોગલ બાદશાહોની ખુશામત કરીને સમય પસાર કરનાર કવિએ ભક્તિનું ભાથું ન બાંધ્યુ. આથી તેમને ગંગાનો વિયોગ થયો એટલે કે કવિએ ગંગાનું સ્તવન (ભક્તિ) અને સેવન કોરાણે (એકબાજુ) મૂકેલા. કવિએ આત્માનું હિત ન વિચાર્યું. એ માટે કવિ પશ્ચાત્તાપ કરી પોતાના પર કરુણા કરવા ગંગા સમક્ષ ભાવભરી પ્રાર્થના કરે છે.

અહીં કાવ્યલિંગ અલંકાર થયો છે.

**(૨૦) જન્મ જન્માંતરની પીડાથી છુટકારો :**

**मरुल्लीलालोलल्लहरिलुलिताम्भोजपटली-**
**स्खलत्पांसुव्रातच्छुरणविसरत्कौंकुमरुचि ।**
**सुरस्त्रीवक्षोजक्षरदगरुजम्बालजटिलं**
**जलं ते जम्बालं मम जननजालं जरयतु ॥२०॥**

અન્વય : **मरुल्लीलालोलल्लहर्य (ताभिः) लुलिताः अम्भोजपटल्यः (ताभ्यः) स्खलन्तः (ये) पटली (स्खलन्तः) पांसुव्राताः (तैः) छुरणम् (तेन) विसरन्ति कौङ्कुमस्य रुचिः सुरस्त्री (तासां) वक्षोजेभ्यः क्षरन् अगुरोः जम्बालः तेन जटिलम् जलं मम जननजालम् जरयतु ।**

શબ્દાર્થ : **मरुल्लीला(मरुतः ल्लीला)**-પવનની લીલા, પવનની ક્રીડા, **तेन लोलन्त्यः लहर्यः**:-તેનાથી હાલતી, ચંચળ બનેલી લહરીઓ, **भिः लुलिताः अम्भोजानां पटल्यः**-:-તેના વડે અસ્થિત બનેલા, હાલતા, કમળોના સમૂહો, **ताभ्यः स्खलन्तः ये पांसुव्राताः**-તેમાંથી ખરતા પરાગના સમૂહો, ઢગલા, **तैः छुरणम**-એમના વડે છવાયેલું, **तेन विसरन्ती कौङ्कुमस्यरुचः यस्य तत्**-તેના વડે જેની કુમકુમ જેવી પ્રભા (તેજ) પ્રસરી રહી છે તેવું, **सुराणां स्त्रियः**:-દેવોની સ્ત્રીઓ, દેવાંગનાઓ, **(तासां) वक्षोजेभ्यः**:-અગરુ ચંદનનો લેપ, **तेन जटिलम्**--તેનાં વડે જાડુ બનેલું, (કાદવ જેવું બનેલું), **जम्बालम्**--કાદવવાળું, (શેવાળવાળુ), **जननजालम्**-જન્મોની જંજાળ (પરંપરા-ઘટમાળા),**जरयत**-ક્ષીણ કરો (નાશ કરો).

અનુવાદ : પવનની ક્રીડાથી ચંચળ બનેલી (ડોલી ઉઠતી) લહરીઓ (તરંગો) વડે, હાલતાં કમળ સમૂહોમાંથી ખરતા પરાગના (કમળની દાંડી પરની ધૂળ-રજકણ) ઢગલાઓના પ્રસરી જવાથી જેની કુમકુમ જેવી રક્તપ્રભા (લાલિમાવાળી જ્યોતિ-તેજ) ફેલાઈ રહી છે તેવું અને દેવોની સ્ત્રીઓ (દેવાંગનાઓ) નાં સ્તનો પરથી (તેમના સ્નાન કરવાથી) પડતા અગરુ ચંદનનાં લેપથી ઘટ્ટ બનેલું તારું શેવાળવાળું જળ મારી જન્મોની પરંપરાનો નાશ કરો.

વિમર્શ : ગંગાનું જળ જન્મમરણના ચક્રમાંથી મુક્તિ અપાવનારું છે. આથી કવિ આ જંજાળમાંથી છુટકારો મેળવવા ગંગાને વિનવે છે. આ જળ કેવું છે ? તેના માટે કવિ 'ल' અને 'ज' વર્ણો વિશેષ પ્રયોજીને ચમત્કૃતિપૂર્ણ શ્લોક રચી તેમાં અર્થને ભરે છે.

ગંગાના જળમાં પવનને કારણે તેની લહરીઓ એટલે કે તેનાં જલતરંગો (મોજાઓ) ઉઠે છે. તેને કારણે કમળોના સમૂહો પણ હલે છે. આ હલતાં કમળોના સમૂહોથી તેની દાંડીઓમાંથી પરાગરજ ખરે છે. જેનો રંગ લાલાશવાળો છે. તે પરાગરજના ઢગલાને કારણે કંકુ જેવી લાલિમા પ્રસરી રહી છે તેવું, અને દેવસ્ત્રીઓના ગંગામાં સ્નાન કરવાથી તેમનાં સ્તનો પરથી અગરુ ચંદનનો લેપ ખરીને ગંગાનું જળ ઘાટું બની ગયું છે, શેવાળ જેવું બની ગયુ છે – એ ઘટ્ટ જળ હે માતા ! મારા જન્મ જન્માંતરના ફેરાઓનો નાશ કરો. (જન્મ-મરણના ફેરામાંથી મોક્ષ આપો.)

આ શ્લોકમાં અનુપ્રાસોથી પરંપરા છે. દીર્ઘ સમાસનું જાળું રચી કવિએ પોતાના પાંડિત્યનો પરિચય કરાવ્યો છે. ગંગાનું જળ મુક્તિ અપાવનારું છે એ અર્થ સુંદર પદાવલીઓ દ્વારા નીકળે છે.

શબ્દો સાથે રમત કરવાની જગન્નાથની શૈલીની ખૂબી અહીં જોવા મળે છે. આ શ્લોક વાંચતા મંદ પવનથી હાલતાં નદીના તરંગોનો મંદ પ્રવાહ અનુભવાય છે. ભક્તિ સાથે થોડી ચમત્કૃતિને સ્તોત્રમાં સ્થાન મળવું જોઈએ એવું જગન્નાથ સ્પષ્ટ પણે માનતા હોય તેમ લાગે છે. 'ल' અને 'ज' નો અનુપાસ પ્રયન્તપૂર્વક યોજયો હોવા છતાં નદીની લહરીઓનો ખ્યાલ શ્લોક વાંચતાં જ આવી જાય છે.

**(૨૧) ગંગાની ઉત્પત્તિ અને નિવાસ :**

**समुत्पत्तिः पद्मारमणपदपद्मामलनखा-**
**न्निवासः कंदर्पप्रतिभटजटाजूटभवने ।**
**अथाऽयं व्यासंगो हतपतितनिस्तारणविधौ**
**न कस्मादुत्कर्षस्तव जननि जागर्ति जगति ॥२१॥**

અન્વય : **पद्मारमण-पद-पद्मामलनखात् समुत्पत्तिःकन्दर्पप्रतिभटर्जिटजूटभवने निवासः, अथ हतपतितनिस्तारणविधौ अयं व्यासाङ्गः - जगति तव उत्कर्षः कस्मात् न जागर्ति ।**

શબ્દાર્થ : **पद्मारमण-पद्मा**-એટલે લક્ષ્મી, **रमण**-(લક્ષ્મીના પતિ) વિષ્ણુ, **पद्मामलनखात**-નખથી, **समुत्पत्तिः**-જન્મ, **कन्दर्पप्रति**-કામદેવના શત્રુ (શંકર), **जटजूटभवन**-જટમાં રહેલા, નિવાસ કરતાં, **हतपतित**-મરણ પામેલા અને પાપીઓને, **निस्तारणविधौ**-ઉદ્ધાર કરવાનાં કાર્યમાં, **अयं** -આ, **व्यासाङ्ग**-રુચિ ધરાવતા, **उत्कष**-શ્રેષ્ઠતા, **जगति**-જગતમાં, **हे जननि**-હે માતા, **कस्मात्** -ક્યાંથી, **तव**-તારો, **न जागर्ति** -(ન હોય !) ન જાગતો હોય !.

અનુવાદ : હે જનની, તારી ઉત્પત્તિ (જન્મ) લક્ષ્મીના પતિ વિષ્ણુનાં ચરણકમળના નિર્મળ નખોમાંથી છે. તારો નિવાસ કામદેવનાં શત્રુ શંકરના જટાઝૂંડરૂપી ભવનમાં છે.

(જટામાં છે.) વળી તારી આ ઉત્કટ રુચિ મરેલાઓ તેમજ પાપીઓનો ઉદ્ધાર કરવાનાં કાર્યમાં છે. પછી જગતમાં તારો ઉત્કર્ષ કેમ ન હોય ?

વિમર્શ : ગંગાની અહીં શ્રેષ્ઠતા દર્શાવવા કવિએ સ્વયં દેવો સાથેનો તેનો સંબંધ દર્શાવ્યો છે. વિષ્ણુનાં નખમાંથી જેનું પ્રાક્ટય થયું છે, જે શંકરની જટામાં રહે છે અને મૃત તથા પતિતોને તારે છે (ઉદ્ધાર કરે છે) તેવી ગંગાનો ઉત્કર્ષ (શ્રેષ્ઠતા) કેમ ન હોય ?

શિવ અને વિષ્ણુ સાથે વસનારી આ પાપનાશ કરતી ગંગા પ્રત્યેની કવિ શ્રદ્ધા વધુ પ્રબળ બનતી જાય છે.

અહીં ગંગાની શ્રેષ્ઠતા બતાવવા માટે ત્રણ કારણો આપેલાં છે તેમાંથી એક કારણ વડે પણ તેનું મહત્ત્વ બતાવી શકાય છતાં પણ ત્રણ કારણો એકત્ર રીતે આપેલા હોવાથી અહીં ‘समुच्च्य’ અલંકાર થયો છે.

**(૨૨)અન્ય નદીઓ કરતાં ગંગાની શ્રેષ્ઠતાનાં કારણો :**

**नगेभ्यो यान्तीनां कथय तटिनीनां कतमया**
**पुराणां संहर्तुः सुरधुनि कपर्दोऽधिरुरुहे ।**
**कया वा श्रीभर्तुः पदकमलमक्षालि सलिलै-**
**स्तुलालेशो यस्यां तव जननि दीयेत कविभिः ॥२२॥**

અન્વય : **हे सुरधुनि कथप नगेभ्यो यान्तीनां तटिनीनां कतमया पुराणां संहर्तुः कपर्दोऽधिरुरुहे, कया च सलिलैः श्रीभर्तुः पदकमलम् अक्षालि, यस्यां हे जननि, तव तुलालेशः कविभिः दीयेत ।**

શબ્દાર્થ : **हे सुर** -હે દેવનદી, **कथप**-કહે, **नगेभ्या**-પર્વતોમાંથી, **यान्तीना**-નીકળતી, **तटिनीनां**-નદીઓમાંની, **कतमया**-કઈ નદીએ, **पुराणां संहतः**-ત્રિપુરનો નાશ કરનારની (શંકરની), **कपदा**-જટા,**धिरुरुह**-આરોહણ કર્યું ? **कया च**-અને કઈ (નદીએ), **श्रीभर्तुः**-લક્ષ્મીના પતિ (વિષ્ણુના), **पदकमलम्**-ચરણકમળનું, **अक्षालि**-પ્રક્ષાલન કર્યું (ચરણો ધોયા), **हे जननि**-હે માતા, **यस्यां**-જેની સાથે,**तव** -તારી, **तुलालेशः**-સહેજ પણ તુલના (સરખામણી), **कविभिः**-કવિઓ, **दीयेत**-કરી શકે.

અનુવાદ : હે દેવનદી, કહે પર્વતોમાંથી નીકળતી નદીઓમાંથી કઈ નદીએ નગરોનો નાશ કરનાર (શંકર) ની જટા પર આરોહણ કર્યું ? (શંકરની જટા પર કઈ નદી રહી ?) અને કઈ નદીએ લક્ષ્મીના પતિ (વિષ્ણુના) ના ચરણકમળનું (પોતાનાં) પાણીથી પ્રક્ષાલન કર્યું ? (કઈ નદીએ વિષ્ણુના ચરણ ધોયા ?) કે જેની સાથે હે માતા, તારી સહેજ પણ તુલના કવિઓ કરી શકે ?

વિમર્શ : આ શ્લોકમાં કવિ અન્ય નદીઓ કરતાં ગંગાની અધિકતા દર્શાવે છે. પૃથ્વીની

અન્ય નદીઓની સરખામણીમાં ગંગા નદી સૌથી ઉત્તમ છે. તેનાં કારણો કવિ રજૂ કરે છે. અહીં કવિએ તેનું સંબોધન જ 'દેવનદી'કહી કર્યું છે. ગંગા શંકરની જટામાં આરોહિત છે (રહે છે) આ વિશેષતા બીજી કોઈ નદીમાં નથી. બીજુ વિષ્ણુના ચરણો પખાળતી ગંગા એકમાત્ર પૃથ્વીની નદી છે. બીજી નદીઓ નહીં. તો પછી તેનાથી શ્રેષ્ઠ બીજી કઈ નદી હોય શકે ? (ન જ હોય) તો પછી કવિજનો ગંગાની સરખામણી બીજી કોઈ નદી સાથે કેમ કરી શકે ?

ગંગાની ભવ્યતા નિરૂપી કવિ ગંગાનો મહિમા ગાય છે. ગંગા અજોડ છે. તે હિમાલયમાંથી નીકળે છે. કવિ ગંગા સાથે જાણે સંવાદ કરતા હોય તેમ તેને પ્રશ્ન કરે છે તેનાં પ્રશ્નનો ઉત્તર કોઈ નહીં એવો સમજવાનો છે.

આ શ્લોકમાં **असम** અલંકાર છે.

**(૨૩) ગંગા સર્વ કામનાઓ પૂર્ણ કરે છે :**

**विधत्तां निःशंक निरवधिसमाधिं विधिरहो**
**सुखं शेषे शेतां हरिरविरतं नृत्यतु हरः ।**
**कृतं प्रायश्चित्तैरलमथ तपोदानयजनैः**
**सवित्री कामानां यदि जगति जागर्ति भवति ॥२३॥**

અન્વય : **अहो, यदि कामानां सवित्री भवती जगति जागर्ति (तदा) विधिः निःशङ्क निरवधि समाधिं विधत्तां, हरिः शेषे सुखं शेतां, हरः अविरतं नृत्यतु, प्रायश्चित्तैः कृतम् अथ तपः दानः यजनः अलम ।**

શબ્દાર્થ : **अहो** -અહો, યદિ-જો, કામના-(સર્વ) કામનાઓને, ઈચ્છાઓને, સવિત્રે-ઉત્પન્ન કરનાર (આપનાર), **भवती**-આપ (ગંગા), **जागर्ति**-જાગો છે, **तदा**-તો, **विधिः**-બ્રહ્મા, **निःशङ्क** -શંકા વિના (અહીં નિશ્ચિત રીતે એવો અર્થ લેવાનો છે), **निरवधि**-કાયમ માટે, **समाधिं** - સમાધિ (માં), **विधत्ता**-લાગી જાય, **शेषे** -શેષનાગ પર, **सुखं** -સુખથી, **शेतां**- સુએ, **हरः**-વિષ્ણુ, **अविरतं** - સતત, **नृत्यत**-નૃત્ય કરે, **हरः**-શંકર, **तप**-તપઃ, **दानः**-દાન, **यजनः**-યજ્ઞ (તથા), **प्रायश्चित्तैः**-પ્રાયશ્ચિત્ત, **अलम**- જરૂર નથી (**अलम**-નિષેધ વાચક શબ્દ છે).

અનુવાદ : અહો ! સર્વ કામનાઓને પૂર્ણ કરનાર તું જો જગતમાં જાગે છે તો બ્રહ્માને સદાયને માટે નિશ્ચિત રીતે સમાધિ કરવા દો, વિષ્ણુને સુખેથી શેષનાગ ઉપર સૂવા દો, શંકરને સતત નૃત્ય કરવા દો. પ્રાયશ્ચિત્તોની જરૂર નથી અને તપ, દાન, યજ્ઞની (પણ) જરૂર નથી.

વિમર્શ : સર્વ કામનાઓ (ઈચ્છઓ) ને પૂરી કરનાર ગંગા જગતમાં છે ત્યારે સૃષ્ટિનું સર્જન કરવાની ચિંતા કર્યા સિવાય બ્રહ્મા સુખેથી સમાધિ કરે, જગતનું રક્ષણ કરવાની ચિંતા કર્યા સિવાય વિષ્ણુ નિરાંતે શેષનાગ પર સૂઈ રહે અને શિવ સતત તાંડવ

નૃત્ય કર્યા કરે તો પણ વાંધો આવે તેમ નથી. એમ અહીં કવિ કહે છે. પ્રાયશ્ચિત કરવાથી પાપોનો નાશ થાય છે પણ ગંગા સ્વયં પાપોનો નાશ કરનારી દેવનદી છે. માટે પાપી લોકોએ પ્રાયશ્ચિત્ત કરવાની પણ જરૂર નથી. તપ, દાન અને યજ્ઞથી પુણ્ય મળે છે પણ ગંગાનાં દર્શન અને સ્નાનથી પુણ્ય મળી જાય છે માટે તેની પણ જરૂર નથી.

ગંગાના પરમ ભક્ત કવિએ ગંગાની ઉત્તમતા સિદ્ધ કરતા અહીં સર્જન-પાલન અને મૃત્યના દેવોની કોટિમાં તેને મૂકી છે. આ ત્રણ દેવોની બરાબરી કરે શકવા ગંગા સમર્થ છે.

કવિની ભક્તિભાવનાની આ ખૂબી છે કે ગંગાની શ્રેષ્ઠતા દર્શાવવા તે અહીં યોગ્ય તર્કો પણ આપે છે. પોતે ગંગાનું શરણ સીધું છે પછી 'હરિ ભલે શેષશયન કર્યા કરે, અને શંકર નૃત્ય કર્યા કરે. જ્યાં સુધી ગંગા જાગતી બેઠી છે ત્યાં સુધી પ્રાયશ્ચિત્ત, તપ, દાન કે યજ્ઞની જરૂર નથી' એમ કહીને કવિ ગંગાનાં વખાણ કરે છે.

અહીં કવિની ઉત્તમ કાવ્યકલાનો પરિચય મળે છે.

**(૨૪)અમૃતનદી ગંગા પાસે કવિની વ્યાકુળહૃદયે માગણી :**

**अनाथः स्नेहार्द्रा विगलितगतिः पुण्यगतिदां**
**पतन्विश्वोद्धर्त्री गदविगलितः सिद्धभिषजम् ।**
**सुधासिन्धुं तृष्णाकुलितहृदयो मातरमयं**
**शिशुः संप्राप्तस्त्वामहमिह विदध्याः समुचितम् ।।२४।।**

અન્વય : **अनाथः विगलितगतिः पतन् गदविगलितः तृष्णाकुलितहृदयः अयं अहं शिशुः स्नेहार्द्रा पुण्यगतिदां, विश्वोद्धर्त्री, सिद्धभिषजम्, सुधासिन्धुं त्वां मातरं (अहं) सम्प्राप्तः इह समुचितं विदध्याः ।**

શબ્દાર્થ : **अनाथः**-અનાથ (નિરાધાર), **विगलितगतिः**-જેની (સારા માર્ગે જવાની જેની ગતિ નષ્ટ થઈ) છે, **पतन**-પતિત (પાપી), **गदविगलितः**-રોગોથી જર્જરીત બની ગયેલો, **तृष्णाकुलितहृदयः**-તૃષ્ણાથી પીડિત હૃદયવાળો, (તૃષ્ણાથી જેનું હૃદય વ્યાકુળ થયું છે તેવો), **अयं**-આ, **अहं**-હું, **तव**-તારે, **शिशुः** :-બાળક, **स्नेहार्द्रा** - સ્નેહભીની, **पुण्यगतिदा**-પુણ્યગતિ આપનાર, **विश्वोद्धर्त्री**-વિશ્વનો ઉદ્ધાર કરનારી, **सिद्धभिषजम्**-નિષ્ણાત વૈદ્ય (અસરકારક ઔષધ આપનાર વૈદ્ય),**सुधासिन्धुं**-અમૃતની નદી, **समुचितं** :-યોગ્ય લાગે તેમ કર.

અનુવાદ : અનાથ, નિરાધાર, પતિત, રોગોથી ઘેરાયેલો, તૃષ્ણાથી વ્યાકુળ હૃદયવાળો, આ હું તારો બાળક, સ્નેહથી દયાળુ, પુણ્યગતિ આપનારી, વિશ્વનો ઉદ્ધાર કરનારી, નિષ્ણાત વૈદ્ય (ઔષધ આપનારી), અમૃતની નદી, હે માં ! તારી પાસે આવ્યો છું. તને ઠીક લાગે તેમ કર.

વિમર્શ : અહીં કવિ પોતાને અનાથ દર્શાવી માઁ ગંગા પાસે ભાવભરી શ્રદ્ધાથી-વિનમ્રતા પૂર્વક બાળકની જેમ સમર્પિત બને છે. કવિ શિશુ (બાળકની) ની જેમ માઁ પાસે (ગંગા પાસે) પોતાની જાતને પાપી, નિરાધાર, તૃષ્ણાવાળો, રોગી ગણાવી અને માતા ગંગા કેવી છે તે પણ વર્ણવે છે. ગંગા સ્નેહથી દયાળુ, પુણ્ય આપનારી, વિશ્વનો ઉદ્ધાર કરનારી, અમૃત જેવી છે. કવિ કહે છે હે માતા ! તને ઠીક લાગે તેમ કર.

આ શ્લોકમાં જગન્નાથ બાળક અને માતા વચ્ચે સમાનતા દર્શાવી છે. **सिद्धभिषजम्**અને **सुधासिन्धु** માં **रुपक** અલંકાર છે.

---

**૩.૨ : તમારી પ્રગતિ ચકાસો**

---

**૧. આ યુનિટમાં કવિએ ગંગા માટે પ્રયોજેલાં સંબોધનોની યાદી કરો.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**૨. નીચેના શબ્દોનો અર્થ આપો.**

**व्रात्यैः, पिशुनैः, पुरभिदा, भेषदा, भेषजम्, निधानम्, जम्बालम्**

**૩. નીચેના શબ્દોને સમજાવી એકાદ વાક્યમાં નોંધ લખો.**

**जटाजूटग्रन्थौ**

..........................................................................................

**निलिम्पैः निर्मुक्तान्**

..........................................................................................

**स्कुटपुलकसान्द्राः सगरजाः**

..........................................................................................

**सवित्री कामानाम्**

..........................................................................................

**૪. નીચેનાનો અર્થ આપી પૂર્વાપર સંદર્ભ સાથે સમજાવો.**

૧. जगति पुनरेका विजयसे ।

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. **गुणानामेवायं तव जननि दोषः परिणतः ।**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. **जलं ते जम्बालं मम जननजालं जरयतु ।**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૪. **तुलालेशो यस्यां तव जननि दीयेत कविभिः ।**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**૫. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

૧. ગંગા કઈ રીતે સતત પાપોને હરે છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. ગંગાએ નિર્લોભી શિવને કઈ રીતે લોભાવ્યા છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. અન્ય તીર્થો કરતાં ગંગાનો મહિમા કઈ રીતે વિશેષ છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૪. કવિએ કયા પ્રકારના અપરાધો કર્યા છે ?

..........................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

**૬. ગંગાના મહિમા વિશે તમારા શબ્દોમાં સવિસ્તર નોંધ લખો.**

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

**૭. નીચેના શ્લોકો કંઠસ્થ કરો.**

१. निधानं धर्माणां ............ तापं तव वपुः ॥१८॥

२. मरुल्लीलालोल ............. जननजालं जरयतु ॥२०॥

★★ ★★ ★★

એકમ ૪

# સમીક્ષાત્મક પ્રશ્નો

## રૂપરેખા

ઉદ્દેશ

૪.૦ : પ્રસ્તાવના

૪.૧ : સમીક્ષાત્મક પ્રશ્નોના ઉત્તર આપો.

૪.૨ : તમારી પ્રગતિ ચકાસો.

૪.૩ : સંદર્ભ ગ્રંથ સૂચિ.

**ઉદ્દેશો :**

- પોતાના વિષયને સર્વાંગીણ રીતે સમજી તેની અભિવ્યક્તિ કરતા શીખે.
- કવિ અને કાવ્યકૃતિનું મૂલ્યાંકન કરીને પોતાના શબ્દોમાં રજૂ કરતા શીખે.

## ૪.૦ : પ્રસ્તાવના

આ યુનિટમાં જગન્નાથ વિરચિત ગંગાલહરીના સમીક્ષાત્મક પ્રશ્નો આપવામાં આવ્યા છે. અગાઉ યુનિટ-૧માં કવિ અને સ્તોત્રકાવ્યનો પરિચય આપ્યો છે. યુનિટ-૨ અને ૩માં ગંગાલહરીના કુલ ચોવીસ શ્લોકોનો સર્વગ્રાહી અભ્યાસ કરાવવામાં આવ્યો છે. આ ત્રણ યુનિટોના આધારે નિષ્પન્ન થતા સમીક્ષાત્મક પ્રશ્નો આ ચોથા યુનિટમાં આપ્યા છે.

અહીં જગન્નાથની શૈલી, ગંગાલહરીનું સ્તોત્રકાવ્ય તરીકે મૂલ્યાંકન અને જગન્નાથની દર્પોક્તિઓ એવા ત્રણ પ્રશ્નો નમૂનારૂપે આપ્યા છે. આ પ્રશ્નોના આધારે તમે આવા પ્રશ્નોના ઉત્તરો લખવાનો મહાવરો કેળવશો તો પોતાના શબ્દોમાં વિચારોને અભિવ્યક્ત કરતાનું કૌશલ્ય મેળવીશું.

## ૪.૧ : સમીક્ષાત્મક પ્રશ્નોના ઉત્તર આપો

**પ્રશ્ન-૧ જગન્નાથની શૈલી વિશે વિસ્તૃત નોંધ લખો.**

ઉત્તર : સંસ્કૃત સ્તોત્રકાવ્યમાં પંડિતરાજ જગન્નાથનું સ્થાન મહત્વપૂર્ણ છે. તેની કાવ્યરચનાની પદ્ધતિ ભવ્ય છે. ભાષા, ભાવ અને પ્રવાહિતાનો સંગમ કરી તે વૈદર્ભી અને ગૌડી એમ બન્ને પ્રકારની શૈલી પ્રયોજી શકે છે. સાથે વિવિધ વર્ણોની સુંદર યોજના તેની કાવ્યકલાની વિશિષ્ટતા છે.

ગંગાલહરીમાં ગંગાના ઉછળતા પ્રવાહનું વર્ણન કરતા કવિ તેનું શબ્દચિત્ર દોરવામાં સફળ બન્યા છે. વાચક સમક્ષ તે ગંગાનાં પ્રચંડ પ્રવાહનું શબ્દચિત્ર દોરતા કવિ આ શ્લોકમાં જણાવે છે –

उदञ्चन्मार्ताण्डस्फुटकपटेरम्बजननी-
कटाक्षव्याक्षेपक्षणजनितसंक्षोभनिवहा ।

(ગંગાલહરી/૩)

ગણપતિની માતાના ઉદય પામતા સૂર્યના જેવા સ્પષ્ટ કપટભર્યા (પાર્વતીના) કટાક્ષપાતોથી ક્ષણેક ખળભળી ઉઠેલા, શંકરના મસ્તક પર નાચતા ગંગાના પ્રવાહમાં ઉત્પન્ન થયેલ અતિ ઊંચા તરંગો આપના (ભક્તો) પાપ અને ભય દૂર કરો.

જગન્નાથ રમણીય અર્થ આપીને સુંદર ચિત્ર ખડું કરી દેવાની શક્તિ ધરાવે છે. શિવ-પાર્વતી દ્યૂત રમતા હતા ત્યારે ગંગાએ શિવની જટા ઉપર જે નૃત્ય કર્યું તેનું કલ્પ નાસભરવર્ણન કરતા કવિની કલમનો ચમત્કાર પ્રસ્તુત શ્લોકમાં સુંદર રીતે આલેખાયો છે –

द्यूते नागेन्द्रकृत्तिप्रथम गणफणिश्रेणिनन्दीन्दुमुख्यं
सर्वस्वं हारयित्वा स्वमथ पुरभिदि द्राक् पणीकर्तृकामे ।
साकूतं हैमवत्या मृदुलहसितया वीक्षतायास्तवाम्ब
व्यालोलोल्लासिवल्गल्लहरिनटघटिताण्डवं नः पुनातु (શ્લોક ૫૧)

હે માતા, દ્યૂતમાં વાસુકિનાગ, ગજચર્મ, ભૂતગણો, રુદ્રાક્ષમાળા, નન્દી, ચન્દ્ર વગેરે સર્વસ્વ હારી ગયા પછી જયારે શિવ પોતાની જાતને એકદમ હોડમાં મૂકવા તૈયાર થયા ત્યારે મૃદુ રીતે હસતી પાર્વતીએ સાભિપ્રાય તેની તરફ જોયું એવી તારું, ચંચળ તેમજ ઉછળતી, વહેતી લહેરીઓરૂપી નટનું ઘટતાંડવ અમને પાવન કરો.

ભાવપ્રમાણે ભાષા બદલીને તેને યોગ્ય અસર પણ કવિ નીપજાવી જાણે છે. શબ્દોની સાથે રમત કરવાની કવિની આદત કાવ્યને સૌંદર્ય બક્ષે છે. પરિણામે સુંદર અનુપ્રાસ કે યમક નિષ્પન્ન થાય છે. જુઓ આ શ્લોકમાં ગંગાનું શેવાળવાળુ જળ ભક્તોને જન્મમૃત્યુનાં ફેરામાંથી ઉગારવા સક્ષમ છે તેનું વર્ણન –

मरुल्लीलालोलल्लहरिलुलिताम्भोजपटली-
स्खलत्पांसुव्रातच्छुरणविसरत्कौंकुमरुचि ।
सुरस्त्रीवक्षोजक्षरदगरुजम्बालजटिलं
जलं ते जम्बालंमम जननजालं जरयतु ॥२०॥

પવનની ક્રીડાથી ચંચળ બનેલી લહરીઓ વડે હાલ કમળસમૂહોમાંથી ખરતા પરાગનાં ઢગલાઓનાં પ્રસરી જવાથી કુંકુમ જેવી રકતપ્રભા (લાલિમા) ફેલાઈ રહી છે. તેવું અને દેવોની સ્ત્રીઓનાં સ્તનો પરથી પડતા અગરુ ચંદનનાં લેપથી ઘટ્ટ બનેલું તારું શેવાળવાળું જળ મારી જન્મોની પરંપરાનો નાશ કરો.

જગન્નાથને અનુપ્રાસનો શોખ હતો તે આ શ્લોક પરથી સમજી શકાય છે. પાર્વતીના કટાક્ષની ક્રૂરતા અને શબ્દોનો શણગાર કવિને સુસાધ્ય છે. તે માટે કવિ અનેક અલંકારો યોજે છે જેવાકે ઉપમા, રૂપક (ગંગાલહરી/૧૫) વ્યાજસ્તુતિ (શ્લોક-૩૦) ભ્રાન્તિમાન, દૃષ્ટાંત, વ્યતિરેક (શ્લોક-૬) દીપક, સમાસોક્તિ, તુલ્યયોગિતા વગેરે

ઠેરઠેર જોવા મળે છે.

સ્તોત્રકાવ્યમાં સળંગ વાર્તા પ્રવાહ ન હોવાથી કોઈ એક જ રસની જાળવણી શક્ય નથી. છતાં કવિની આર્દ્ર ભાવની ભક્તિમાં કરુણ અને વીરરસની નિષ્ઠા જોઈ શકાય છે.

જગન્નાથ અનેક શાસ્ત્રોમાં પારંગત હતો. પરંતુ વ્યાકરણ તથા સાહિત્યશાસ્ત્રમાં તેનું પ્રભુત્વ અનેરું હતું. અર્થમાં વધારો કરતા હોય કે નહીં છતાં **वदान्यगुरु, जम्बाल** જેવા શબ્દો તેણે શોખથી વાપર્યા છે. કયાંક એક ને એક શબ્દનું પુનરાવર્તન કરી કવિ ચમત્કૃતિ સર્જે છે **स्मारं स्मारम्, धावं धावम्, कारं कारम्** વગેરે

સંસ્કૃતસાહિત્યમાં કલમ ચલાવતા કવિ પ્રકૃતિથી કેમ અલિપ્ત રહી શકે ? સંસ્કૃતસાહિત્યનો પ્રકૃતિ સાથેનો સમ્બન્ધ પાણીરૂપે કે પ્રાણીરૂપે રહેતા પ્રકૃતિનાં તત્ત્વોને જગન્નાથે પોતાના સર્જનમાં ગૂંથે છે. એકબાજુ નદીનું નિર્મળ પાણી, મંદ ઉછળતા પ્રવાહો, આનંદથી આંખો બંધ કરીને બેઠેલ હરણાં, નિર્ભય રીતે ફરતા હાથીઓ, વૃક્ષો – આ સૌને જગન્નાથે જીવંત આલેખ્યા છે. સાથે ઘુઘવતુ જલતાંડવ, ઝેર ઓકતા ભયંકર સર્પો અને સર્વભક્ષી દાવાનળ પણ છે. પ્રકૃતિનાં સૌમ્ય અને રૌદ્ર પાસાઓને નિરૂપી જગન્નાથની કલમે તેની તાદૃશ કરી બતાવી છે.

જગન્નાથે ઉત્કૃષ્ટ કાવ્યનાં નમૂના આપ્યા છે. તે માટે સંસ્કૃતસાહિત્ય જગત તેનું ઋણી છે. ભારતીય પરંપરા જગન્નાથને જે બહુમાન આપે છે તે ખોટું નથી. તેની પ્રશંસા કરતો શ્લોક અહીં રજૂ થયો છે –

**कवयति पण्डितराजे कवयन्त्यन्येऽपि विद्वांसः**
**नृत्यति पिनाकपाणौ नृत्यन्त्यन्येऽपि वेतालाः ।**
**जगन्नाथो जगन्नाथो भारतीरतिदैवतम्**
**यत्यदौपासना सद्यो विधत्ते परमां मुदम् ॥**

**પ્રશ્ન-૨ ગંગાલહરીનું સ્તોત્રકાવ્ય તરીકે મૂલ્યાંકન કરો.**

ઉત્તર : જગન્નાથની ગંગાલહરી ઉત્તમસ્તોત્ર કાવ્ય છે. ગંગાનદીની સ્તુતિ કરતાં સ્તોત્રોમાં આ કાવ્ય વિશેષ કરીને ખ્યાતિ પામ્યું છે. બાવન શ્લોકોનાં આ કાવ્યનું બીજુ નામ **पीयूषलहरी** પણ છે.

પંડિતરાજ આ સ્તોત્રમાં ગંગા નદીનાં બધાજ પાસાઓનો ઉલ્લેખ કરે છે અને ગંગા સાથે બાળક જેવો પોતાનો સમ્બન્ધ સ્થાપીને શરણાગત ભાવથી તેની સ્તુતિ કરે છે. આ માટે કવિએ સાક્ષાત્ ગંગાને વાચક સમક્ષ ખડી કરી દીધી છે. શરદ જેવી સફેદ, મુગટથી શોભતી અને મગર પર સવાર થયેલી ગંગા મૈયાનું શાબ્દિકચિત્ર વાચકોને ભાવમગ્ન બનાવી દે છે. સ્તોત્રકાવ્યનું આ લક્ષણ છે – ભક્તની શરણાગતિ જે અહીં રજૂ થઈ છે.

પરંપરા તો ગંગાના જળને ઔષધ જ માને છે. **औषधं जाह्नवीतोयम् ।** જગન્નાથ લખે છે – **नरान् अम्ब त्रातुम् त्वमिह परमं भेषजमसि ।** ધર્મો અને તીર્થોમાં ગંગા જ સર્વશ્રેષ્ઠ છે એવું વર્ણવતા કવિનો આર્તનાદ સૌ કોઈનાં હૃદય-મનને ડોલાવી, શ્રદ્ધાની કેડીએ લઈ જાય છે. ભક્તિની તલ્લીનતા સ્તોત્રકાવ્યનું બીજુ પાસુ છે. જે કવિએ આદિથી અંત પૂરેપૂરા બાવન શ્લોકોમાં જાળવ્યું છે. એક-એક શ્લોક ભક્તિનું ઉત્તમ દૃષ્ટાંત છે.

કવિ ભક્ત તો છે જ. સમગ્ર કાવ્યને ભક્તિકાવ્ય પણ કહી શકાય છતાં જગન્નાથ

પંડિતોની જેમ કહે છે કે થોડા પાપ કરનારનો ઉદ્ધાર કરનાર દેવતાઓને તો મોટો સમૂહ છે પરંતુ પ્રાયશ્ચિત પણ ન થઈ શકે માટે તો પોતે દેવોને ત્યજીને ગંગાને શરણે ગયા છે. 'હરિ ભલે શેષ શયન કર્યા કરે. શંકર નૃત્ય કર્યા કરે. જ્યાં સુધી ગંગા જાગતી બેઠી છે ત્યાં સુધી પ્રાયશ્ચિત, તપ, દાન કે યજ્ઞની જરૂર નથી.' એમ કહીને આ વિદ્વાન કવિ ગંગાનાં વખાણ કરે છે.

સ્તોત્રકાવ્યનાં લક્ષણ પ્રમાણે આત્મનિવેદન, ક્ષમાયાચના, શ્રદ્ધા તેમજ ઉપાસ્ય દેવ પાસેથી આત્મરક્ષણ – એ સ્તોત્રની અનિવાર્યતા છે. ગંગાલહરીમાં આ લક્ષણો યથાતથ જળવાયાં છે.

કવિ અહીં એટલી અતૂટ શ્રદ્ધા ધરાવતા લખે છે કે ગમે તેવા પાપીનું પાપ નાશ કરીને તેને વિષ્ણુપદ અપાવવા ગંગા સમર્થ છે. આના માટેની પૂર્વ શરત છે માત્ર અનન્ય વિશ્વાસ અને શ્રદ્ધાની.ગંગા સાથેનો નાતો અડગ રાખવા તેઓ તીર, જલકણ જલસમૂહ, લહરી, તાંડવ વગેરે સાથે પણ કવિ જોડાય છે અને ગંગામાં અડગ શ્રદ્ધા દાખવી પોતાનો ઉદ્ધાર કરવા તેને વીનવે છે કવિ કહે છે – **यदि त्वं मामम्ब त्यजसि समयेऽस्मिन्सुविषमे** હે માતા, જો તું આ અત્યંત વિષમ સમયમાં ત્યજી દઈશ તો તારા પરનો વિશ્વાસ અસ્ત પામશે.

કવિ કહે છે, "હું અનાથ છું, અને તું પ્રેમાળ છે, મારી દિવ્યગતિ નષ્ટ થઈ છે, અને તું પુણ્ય આપનારી છે, હું પતિત છું તું ઉદ્ધારક છે, હું રુગ્ણ (રોગી) છું, તું પ્રસિદ્ધ વૈદ્ય છે, હું બાળક છું, તું માતા છે. તો પછી યોગ્ય લાગે તે કર." કેવી સરસ રજૂઆત છે ! માતા પાસે મસ્તી અને ભોળપણનો ધ્વનિ આ સ્તોત્રમાં સંભળાય છે અને માતાના ખોળામાં ચીરકાળ સુધી પોઢી જવાની તેની ઈચ્છા નમ્ર પ્રાર્થના રૂપે રજૂ થાય છે – **इदानीमुत्साङ्के मृदुपवनसंचारशिशिरे चिरादुन्निद्रं मां हृदयदयिते शायय चिरम्** હે આમ અનેક કાલાવાલા કરતા કવિની કરુણતાનો પૂર્ણ પરિચય આપતા આ સ્તોત્રમાં આત્મનિવેદનનું સ્તોત્રકાવ્યનું લક્ષણ નખશિખ ખડું થયું છે. ગંગાનાં નામસ્મરણથી જ પોતાનો દેહ પડે એવી કવિની ઈચ્છા છે.

કવિનાં જીવનમાં બનેલી ઘટનાથી દ્રવિત કવિ ગંગાનું શરણ લે છે. કવિની સ્તુતિથી ગંગાએ તેને પોતાનામાં સ્થાન આપ્યું તે હકીકતથી સમાજ પરિચિત છે. તેથી તો કવિ પોતાની જાતને બાળક તરીકે ઓળખાવે છે અને ગંગાને **शिशु सम्प्राप्तोऽहम्** કહી ઉદ્ધાર કરવા વિનવે છે. કવિ ગંગાને ખોળે પોતાનું મસ્તક મૂકે છે અને વિનમ્રતાથી કે કવિનો આર્તનાદ ઉર્ધ્વગામી બને છે અને ઘેરો બનતો જાય છે. કવિ ભાવ તથા ભક્તિમાં એટલા બધા તલ્લીન થઈ જાય છે કે અંતે તે ગળગળા બની જાય છે અને તેમનો અવાજ એકદમ ઢીલો થઈ જાય છે. આ જ છે ભક્તિની પૂર્ણતા ! સ્તોત્રકાવ્યનું આ પ્રમુખ પાસુ !

ભક્તિભાવની સાથે થોડી ચમત્કૃતિને સ્તોત્રમાં સ્થાન મળવું જોઈએ એવી સ્તોત્રકારોની માન્યતાને લીધે કવચિત્ કાવ્યત્વહાનિ પ્રયુક્ત ભભકદાર ભાષા સ્તોત્રકાવ્યનો દોષ બની રહે છે. પરંતુ શ્લોકો એટલા બધા સરળ છે કે તેમાં રહેલો ભાવ સચોટ રીતે પ્રકટ થાય છે. જો કે સંસ્કૃત સાહિત્ય જગતનાં મોટાભાગનાં વિદ્વાનો ગંગાલહરીને સાધારણ સ્તોત્રકાવ્ય ન માનતાં અત્યંત સુંદર ઊર્મિકાવ્ય માને છે. રામસ્વામી શાસ્ત્રી લખે છે – તેની શૈલી સાદી તથા ભવ્ય છે, કલ્પના ઊંચે ને ઊંચે જાય છે અને પ્રકૃતિનાં જલતત્ત્વનાં કેટલાંક સુંદર ચિત્રો અલંકાર સભર મધુરશૈલીમાં અહીં રજૂ થયા છે.

**પ્રશ્ન-૩ જગન્નાથની દર્પોક્તિઓ : નોંધ લખો.**

ઉત્તર : સંસ્કૃતસાહિત્યમાં આત્મપ્રશંસા કરતાં કવિઓનો તોટો નથી. વેદવ્યાસે પોતાના મહાભારતને સર્વવ્યાપી જ્ઞાનકોશ કહીને તેની વિશાળતાનો ખ્યાલ આપ્યો છે. જયદેવે પોતાની કવિતાને જગતના બધા જ મધુર પદાર્થોને આંબી જતી કહી છે. તેથી આ પરમ્પરા કંઈ નવી નથી. કાવ્યરસનું આકંઠ પાન કરાવતા કવિ આવી અપેક્ષા રાખે તે સહજ સ્વાભાવિક છે. જગન્નાથનાં વ્યક્તિત્ત્વ વિશે પણ એટલું કહી શકાય તેનાં કાવ્યમાં તેણે યોજેલ ગર્વયુક્ત ઉક્તિઓ તેની દર્પોક્તિ નથી પરંતુ તેનાં જ્ઞાન-વિદ્વત્તાની ખુમારી કહી શકાય.

કવિ સ્વભાવે ઊર્મિશીલ-લાગણીપ્રધાન છે. વળી તે પોતાની ગહન વિદ્વત્તાથી સભાન છે. પરિણામે તે આત્મપ્રશસ્તિ કરવા પ્રેરાય છે. મહાનવાદી હોવાથી તે ખંડન મંડન કરી શકે છે. આથી અહંકારનો રણકો તેની કલમમાં વ્યક્ત થાય છે. તેને સમાજે તિરસ્કૃત કર્યા હતા આથી તેનો રોષ તેની વાણીમાં જોવા મળે છે. વિરોધીઓનો કડક શબ્દોમાં ઉપહાસ કરતા અને કેટલીક વખત તો માનનીય વ્યક્તિઓને પણ ઉતારી પાડતા કવિ અચકાતા નથી. અપ્પય્ય દીક્ષિતની તેણે કટુ શબ્દોમાં ટીકા કરી છે. કટાક્ષમાં તેઓ તેમને **द्रविड शिरोमणि** કહે દે છે અને **दीर्घश्रवस्** (ગધેડો) કહીને નિમ્ન કક્ષા સુધી પણ તેનો ગર્વ તેને લઈ જાય છે.

તે પોતાના કાવ્યને દ્રાક્ષ કરતાં પણ વધુ માધુર્યવાળું ગણાવે છે. મધુરું દૂધ, શેરડી, મધ અને અમૃત કેટલીકવાર આનંદ ન આપે. પરંતુ જે મંદમતિવાળાઓ જગન્નાથની કવિતાને આસ્વાદી શકતા નથી તેઓ જીવતા જ મરેલા છે.

કવિ રાજવૈભવમાં રહેલ વ્યક્તિતત્ત્વનાં સ્વામી હોય, આ કારણ પણ તેનાં ગર્વ માટેનું કારણ હોઈ શકે. પ્રતિષ્ઠા અને પૈસો-સાથે જ્ઞાનની ઊંચાઈ કવિને આત્મપ્રશંસા માટે પ્રેરે છે. એમ જણાય છે. આ કારણ જ છે કે કેટલીક વખત તેનો દર્પ-ગર્વ વધતો ચાલ્યો. તે સ્વયં એવુ લખે છે. કે દિલ્લીપતિ જ મારી આશા-આકાંક્ષા પૂરી પાડી શકે તેમ છે. બીજા રાજાઓએ આપેલું દ્રવ્ય તો મારે શાકભાજી બરાબર છે.

પોતાના ગ્રંથ **रसगंगाधर** માટે તેણે જાતે જ ઉદાહરણો રચ્યા છે. ''જેની નાભિમાં કસ્તૂરી છુપાઈ છે તે કસ્તૂરીમૃગ શું બીજા પુષ્પોની સુગંધનું મનોમન પણ સેવન કરતો હશે ?'' આ દૃષ્ટાંતો તેની આત્મશ્લાઘા (સ્વપ્રશંસા) નો પરિચય આપે છે.

કાલિદાસે કહ્યું છે કે **प्रायः समान विद्याः परस्परयशः पुरोभागाः ।** અને ભાગવતમાં પણ કહેવાયું છે કે, **तेजीयसां न दोषाय ।** આના આધારે જગન્નાથની દર્પોક્તિને ક્ષમ્ય ગણી શકાય.

## ૪.૨ : તમારી પ્રગતિ ચકાસો

૧. ટૂંકનોંધ લખોઃ જગન્નાથની શૈલી

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

૨. ગંગાલહરીનું મૂલ્યાંકન કરો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

૩. જગન્નાથની દર્પોક્તિઓ વિશે નોંધ લખો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## ૪.૩ : સંદર્ભ ગ્રંથ સૂચિ


- વધુ સ્વાધ્યાય માટે જુઓ.
- **गङ्गालहरी** – સરસ્વતી પુસ્તક ભંડાર – અમદાવાદ.
- સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ – પાર્શ્વ પબ્લિકેશન- અમદાવાદ.
- સંસ્કૃત સ્તોત્રકાવ્ય – ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ
- **संस्कृत साहित्यका आलोचनात्मक इतिहास – डॉ. बाबूराम त्रिपाठी – प्र. विनोद पुस्तक मन्दिर, आगरा ।**


★★ ★★ ★★

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

સંસ્કૃત નાટ્ય ,સ્તોત્ર અને મુક્તક કાવ્યો
**SKTMN-202**

## વિભાગ- 4 ભર્તૃહરિ રચિત શતકત્રયમ્ ( નીતિશતકમ્,વૈરાગ્યશતકમ્ અને શૃઙ્ગારશતકમ્) નિયતશ્લોકો

---

એકમ : 1

ભર્તૃહરિ અને મુક્તક કાવ્યનો પરિચય

---

એકમ : 2

શૃંગારશતકના નિયત શ્લોકો અને પ્રશ્નો

(શ્લોક ક્રમાંક : ૧,૨,૩,૬,૧૦,૩૪,૩૬,૪૨,૫૧,૫૨,૫૮)

---

એકમ : 3

વૈરાગ્યશતકના નિયત શ્લોકો અને પ્રશ્નો

(શ્લોક ક્રમાંક : ૧,૪,૫,૧૩,૧૭,૨૦,૨૩,૨૫,૨૯,૩૩,૩૬)

---

એકમ : 4

નીતિશતકના નિયત શ્લોકો અને પ્રશ્નો

(શ્લોક ક્રમાંક : ૧,૪,૫,૮,૧૦,૧૧,૧૨,૧૩,૧૬,૧૯,૨૦,૫૧)

---

(કુલ ૩૪શ્લોકો)

એકમ ૧

# ભર્તૃહરિ અને મુક્તક કાવ્યનો પરિચય

## રૂપરેખા


૧.૦ ઉદ્દેશ

૧.૧ પ્રસ્તાવના

૧.૨ મહાકવિ ભર્તૃહરિ એક પરિચય

૧.૩ ભર્તૃહરિનો સમય

૧.૪ ભર્તૃહરિના ગ્રન્થો

૧.૫ મુક્તક કાવ્યનો પરિચય

૧.૬ મુક્તકનાં લક્ષણો

૧.૭ મુક્તકના પ્રકારો

૧.૮ મુક્તક કાવ્યોની પરંપરા

૧.૯ ભર્તૃહરિની શૈલીની વિશેષતાઓ

૧.૧૦ તમારી પ્રગતિ ચકાસો.


## ૧.૦ ઉદ્દેશ

દૂરવર્તી શિક્ષણ અંતર્ગત આપને 'ભર્તૃહરિ રચિત 'શતકકાવ્ય' ના અગત્યના શ્લોકોનો અભ્યાસ કરવાનો છે, એ માટે અભિનંદન. આ શ્લોકોના અભ્યાસથી આપ આપના જીવન વિકાસમાં પણ નવો દૃષ્ટિકોણ ઉમેરી શકશો. કેમકે-

- ભર્તૃહરિના ત્રણ શતકો એ કેવળ કલ્પનાજન્ય નથી; પરંતુ જીવનના વિશાળ ફલક ઉપર કરેલું નિરીક્ષણ છે.
- આપણી સંસ્કૃતિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારને પુરુષાર્થો ગણ્યા છે. તેમાં નીતિશતક- ધર્મ અને અર્થ, શૃંગારશતક- કામ અને વૈરાગ્યશતક મોક્ષનું પ્રતિપાદન અથવા પ્રતિનિધિત્વ કરે છે.
- સંસ્કૃત સાહિત્યમાં ભર્તૃહરિ એક માત્ર કવિ છે; જેમણે નીતિ, શૃંગાર અને વૈરાગ્ય ઉપર પુસ્તકો રચ્યા હોય.
- સંસ્કૃત સાહિત્યના કેટલાક શ્લોકો લોકોના હૃદયમાં વસેલા છે. તેવા કવિઓમાં ભર્તૃહરિ મુખ્ય છે.
- અહીં વિશ્વની સમગ્ર માનવજાતને ધ્યાનમાં રાખીને કવિએ ઊંડુ ચિંતન કર્યુ છે. એટલે આનંદ સાથે સામાન્ય જનસમાજમાં પણ આ કવિ લોકપ્રિય છે.
- જ્યાં સુધી પૃથ્વી પર માનવ વસ્તી રહેશે ત્યાં સુધી જીવન જીવવાનું ભાથું આ શ્લોકોમાંથી મળતું રહેશે.

- દરેક શ્લોકોમાં અલગ વિચાર, ક્યારેક હાસ્ય, કટાક્ષ અને મીઠા ઉપાલંભ (ઠપકા) સાથેની રચનારીતિ પ્રથમ નજરે જ ગમશે.
- સાવ સરળ શબ્દો, સામાન્ય ઉદાહરણો અને વ્યાપક વસ્તુને આવરી લેતો આ કવિ માત્ર અભ્યાસના વિષય ઉપરાંત 'જીવનબોધ' આપી જાય છે. તે પણ જોઈ શકશો.

## ૧.૧ પ્રસ્તાવના

સાહિત્ય એટલે શું ? જેમાં માનવનું સહિતપણું પ્રતિબિંબિત હોય તે સાહિત્ય. જેમાં માનવનાં સુખદુઃખાદિ અને જીવનનું પ્રતિબિમ્બ હોય તે સાહિત્ય. પરંતુ એ પણ સત્ય છે કે સત્સાહિત્ય માનવ માટે ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડનો રોલ ભજવતું હોય. ખાસ કરીને ભારતીય સાહિત્યમાં તો નીતિવિષયક સાહિત્યનો એક આખો વિભાગ પ્રાપ્ત થાય છે જે માનવને જીવન વ્યવસ્થાપન (લાઈફમેનેજમેન્ટ) પ્રતિ દોરે છે. નીતિશતકનું સ્થાન નીતિવિષયક સાહિત્યમાં મોખરાનું છે. દરેક પુક્તકોમાં અલગ- અલગ મૂલ્યો સચવાયેલા છે. સાથોસાથ ગાઈ શકાય તેવી છંદોબધ્ધ રચના છે. તે પણ જાણીતા અને લોકપ્રિય છંદોમાં. જો આ બધું આ નાનકડા મનુષ્ય અવતારમાં ન માણીએ તો ભારતીય તરીકે કંઈક ઉણા ઊતરીએ એમ પણ બને.

## ૧.૨ મહાકવિ ભર્તૃહરિ-એક પરિચય :

સામાન્ય જનમાનસમાં રાજા ભર્તૃહરિ 'ભરથરી' તરીકે ઓળખાતા અને જન્મોજન્મથી પિંગલાના પ્રેમી તરીકે પ્રસિધ્ધ બનેલા મહાકવિ ભર્તૃહરિના જીવન વિષે આપણી પાસે નક્કર સ્વરૂપમાં કોઈ માહિતી નથી. આ સંસ્કૃત કવિઓના સમયમાં પોતાની માહિતી પોતે જ આપવી એ આત્મપ્રશંસા ગણાતી. પરિણામે કવિના જીવન આસપાસ જાતજાતની દંતકથાઓ રચાતી ગઈ, તે આ પ્રમાણે છે :

- **દંતકથા – ૧ :**

ભર્તૃહરિને એમની પત્ની પિંગલા તરફ અનહદ પ્રેમ હતો. સુમન્ત નામના યોગીએ ભર્તૃહરિને અમરતા પ્રાપ્ત થાય એવું અમરફળ ભેટ આપ્યું હતું. પિંગલામાં આસક્ત એવા રાજાએ એ ફળ એને ખાવા આપ્યું, પણ પિંગલાએ એ ફળ પોતાના પ્રેમી અશ્વપાલને આપ્યું, આ અશ્વપાલ નગરની એક ગણિકાને ખૂબ ચાહતો હતો. તેથી તે ફળ તેણે ગણિકાને આપ્યું અને ગણિકાએ એ ફળ સહુના આશ્રયદાતા રાજાને ભેટ ધર્યું. રાજાને આ ફળ ફરતું- ફરતું પ્રાપ્ત થયું એટલે આશ્ચર્ય થયું. તપાસ કરાવતાં રાજાને રાણીની બેવફાઈની જાણ થતાં ભારે આઘાત લાગ્યો અને તે વૈરાગી થઈ સંસાર છોડીને ચાલી નીકળ્યો.

- **દંતકથા – ૨ :**

આ દંતકથા પ્રમાણે ભર્તૃહરિને પિંગળા માટે ખૂબ પ્રેમ હતો. ભર્તૃહરિએ પિંગળાના પ્રેમની કસોટી કરવા એકવાર પોતાના મૃત્યુના ખોટા સમાચાર કોઈ ખાસ માણસ દ્વારા પિંગળાને કહેડાવ્યા. પિંગળા આ આઘાત સહન કરી શકી નહી અને મૃત્યુ પામી. પ્રિય રાણીના આઘાતમાં ગાંડા જેવો થઈ ગયેલો રાજા જંગલમાં ભટકવા લાગ્યો. આ હાલતમાં તેને યોગી ગોરખનાથ મળ્યા અને એમણે પોતાની યોગશક્તિથી

રાજાનો શોક દૂર કરી રાજાને આધ્યાત્મિક માર્ગ દેખાડ્યો.

- **દંતકથા – ૩ :**

આ દંતકથા પ્રમાણે ઉજ્જયિનીમાં આજે પણ 'નાથગુફા' નામની એક ગુફા આવેલી છે. જ્યાં કાનફટ્ટા યોગીઓની પરંપરા વર્તમાન છે. આ નાથગુફા ભર્તૃહરિ ગુફા તરીકે ઓળખાય છે. તે ગુફામાં એક લેખ પ્રાપ્ત થાય છે જે ખૂબ અર્વાચીન જણાય છે. આ ગુફાની છતમાં હથેળીના નિશાન જોવા મળે છે. આ ગુફાને પડતી રોકવા ભર્તૃહરિએ પોતાના હાથનો ટેકો આપેલો એવું કહેવાય છે.

- **દંતકથા – ૪ :**

આ દંતકથા પ્રમાણે ભર્તૃહરિ ખૂબ વિષયાસક્ત રાજા હતો. એના અંતઃપુરમાં ત્રીસ રાણીઓ હતી અને રાજા ખૂબ વિલાસી જીવન જીવતો હતો. એના પિતાએ તેને આ બાબતમાં ઠપકો આપતાં તેને લાગી આવ્યું અને તે વૈરાગ્ય ધારણ કરી સંન્યાસી થઈ ગયેલો.

- **દંતકથા – ૫ :**

'અર્વાચીન કોશ' માં ભર્તૃહરિના જીવન વિશે કેટલીક માહિતી આપવામાં આવી છે. તદનુસાર એના માતા પિતાનું નામ અનુક્રમે સુશીલા અને ગાંધર્વ હતું. ભર્તૃહરિને વિક્રમાદિત્ય અને સુભાતવીર્ય નામના બે ભાઈઓ અને મેનાવતી નામની બહેન હતી, જે પ્રસિદ્ધ રાજા ગોપીચંદનની માતા હતી. ભર્તૃહરિની માતા સુશીલાના પિતા જમ્બુદ્વીપને કોઇ પુત્ર ન હતો. આથી એણે પોતાનું રાજ્ય દીકરીના દીકરા ભર્તૃહરિને આપ્યું હતું, પણ ભર્તૃહરિએ તે રાજ્ય ઉજ્જયિનીના રાજાને અર્પણ કર્યું અને સુભાતવીર્યને મુખ્યમંત્રી પદે નિયુક્ત કર્યો.

- **નિષ્કર્ષ :**

સંસ્કૃતના દરેક કવિની જેમ ભર્તૃહરિ વિષયક પણ આવી દંતકથાઓનો ઢગલો જોવા મળે છે. પરંતુ આ દંતકથાઓના સમૂહમાંથી કેટલીક બાબતો સત્ય છે, જે આ મુજબ છે :

૧. ભર્તૃહરિ રાજા હતો અને સારો કવિ હતો.

૨. તેને તેની રાણી પ્રત્યે પ્રગાઢ પ્રેમ હતો. ઉજ્જયિનીમાં રહેતો હતો.

૩. સંસાર અને વૈરાગ્ય વચ્ચે તેના વિચારો આવા- ગમન કરતાં હતા.

૪. મુક્તક રચનાઓમાં તેમનું પોતાનું નિરીક્ષણ જોવા મળે છે.

## ૧.૩ ભર્તૃહરિનો સમય :

પ્રાપ્ત માહિતીના આધારે ભર્તૃહરિને સાતમી સદીમાં મૂકી શકાય તેમ છે. તેના પ્રમાણો નીચે મુજબ છે.

૧. ચીની મુસાફર ઇત્સિંગની નોંધ અનુસાર ભર્તૃહરિ ચાલીસ વર્ષ પહેલા અવસાન પામ્યા હતા. ઇત્સિંગ ભારતમાં ૭મી સદીમાં આવ્યા હતા. તેમના ચાલીસ વર્ષ પૂર્વે અવસાન એટલે કે ભર્તૃહરિનો સમય ઇ.સ.૬૫૧ નો ગણી શકાય.

૨. ભર્તૃહરિને વિક્રમાદિત્યના ભાઇ માનવામાં આવે છે. આ વિક્રમાદિત્ય હુણોને પરાસ્ત કરનાર ગણીએ તો તેમનો સમય ઇ.સ.૬૪૪ નક્કી થાય છે. તેથી ભર્તૃહરિનો સમય ઈ.સ.૬૫૧ અથવા સાતમી સદીનો પૂર્વાર્ધ કહી શકાય.

આ મુખ્ય બે પ્રમાણમાં મજબૂત આધારોથી એમ કહી શકાય કે ભર્તૃહરિનો સમય ઇ.સ.૬૫૧ અથવા સાતમી સદીનો પૂર્વાધ કહી શકાય.

## ૧.૪ ભર્તૃહરિના ગ્રંથો

'સંસ્કૃત મુક્તક' સાહિત્યની 'શતક' પરંપરા એટલે એકસો (૧૦૦) શ્લોકો રચવાની પરંપરામાં કવિ ભર્તૃહરિનો અમૂલ્ય ફાળો રહ્યો છે. આમાં શતકત્રય એટલે ત્રણ શતકોના રચયિતા તરીકે કવિ ભર્તૃહરિ સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધિ પામ્યા છે. કવિ ભર્તૃહરિના ત્રણ શતકો નીચે મુજબ છે :

### ૧. શૃંગાર શતક :

શૃંગારશતકને ભર્તૃહરિની યૌવનકાળની પ્રથમ કૃતિ માનવામાં આવી છે. કવિએ સો શ્લોકોમાં કામ, તેના વિલાસ અને કામીઓની ચેષ્ટાઓની રંગીન ચિત્રાવલી આલેખી છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા સ્વર્ગના દેવો પણ જે કામદેવના પ્રભાવમાં આવી જઈને મૃગનયની રમણીઓના દાસ બની ગયા હતા, તે કામદેવ સંસારના લોકો માટે તો કેટલો અનિવાર્ય છે એ વાત ભર્તૃહરિએ અનેક રીતે દર્શાવી છે. એ રીતે કામદેવને નમસ્કાર કરી, તેનું ગૌરવ અને મહત્વ સ્વીકાર્યુ છે. સ્ત્રીઓના હાવભાવ, વિલાસ, ચેષ્ટા વગેરેનું રસિક અને કલાત્મક વર્ણન એવી જ મધુરશૈલીમાં કર્યુ છે. મુગ્ધા, નવોઢા કે પ્રૌઢા નારીના સ્વાભાવિક વર્તનનું આવું મનોહારી વર્ણન સંસ્કૃત સાહિત્યમાં 'અમરુશતક' બાદ કરતાં ભાગ્યે જ અન્યત્ર જોવા મળે છે.

સ્ત્રીના રૂપનું આલેખન કરવા માટે પરંપરાથી ચાલ્યા આવતા ઉપમાનોનો પ્રયોગ તેણે કર્યો છે. ઉપરાંત નવી નવી કલ્પનાઓથી તેને વધુ રસપ્રદ બનાવેલ છે. એક તરફ તેણે સ્ત્રી પ્રશંસા, વિવિધ પ્રકારની રતિક્રીડા, સુંદરીના અંગ- ઉપાંગ અને ઋતુઓના વિલાસપૂર્ણ વર્ણનો કર્યા છે. તો બીજી તરફ કામિનીના રૂપની નિંદા પણ કરી છે. તો બંને વચ્ચેના વિરોધાભાસની વાત 'વૈરાગ્ય' તરીકે પણ કરી છે. આમ શૃંગારશતકમાં શૃંગારનું નિરૂપણ કરતાં કરતાં પણ 'વૈરાગ્ય' ની વાત કરવાનું આ કવિ ચૂકતા નથી. એમને મન તો બે જ ઉત્તમ છે, यौवनं वा वनं वा । કાં તો યૌવન અથવા વન. કાં તો સુંદરી અથવા દરી (ગુફા).

### ૨. નીતિશતક :

સંસારના વિવિધ અનુભવોમાંથી ઘડાયેલી ભર્તૃહરિની કલમમાંથી નીતિશતકના મધુબિંદુ જેવા સો શ્લોકો ટપક્યા છે. તેમાં સામાન્યથી માંડીને સાક્ષર સુધીના જનસમુદાયને જીવનમાં ઉપયોગી થાય તેવી પરમ કલ્યાણકારી વાતો સમજાવવામાં આવી છે. પ્રાચીન કથાઓ અને શાસ્ત્રોમાંથી યોગ્ય ઉદાહરણો લઈને પોતાની વિચારધારા સારી રીતે સ્પષ્ટ કરી છે. તેના ચિંતનનો વિસ્તાર અત્યંત વ્યાપક છે. જે સુવિચારના મોતી તેણે આ શતકમાં ગૂંથ્યા છે. તે કોઇ પણ કાળે, કોઇ પણ દેશની, કોઇ પણ માનવજાતિના વિકાસ અને પારિવારિક તંદુરસ્તી માટે મૂલ્યવાન આભૂષણ બની શકે તેમ છે. મૂર્ખતા, દુર્જનતા, સજ્જનતા, વિદ્વત્તા, સુકવિતા, ધનિકતા, નિર્ધનતા,

પ્રારબ્ધ, પુરુષાર્થ, સત્કર્મ, રાજનીતિ અને રોજિંદા જીવનમાં કરવામાં આવતા વ્યવહારો ઉપર તેની કસાયેલી કલમ ચાલી છે. અને તેમાં પ્રવાહિત થયેલા ડાહપણે માનવજીવનને સાર્થક બનાવવા દિશાસૂચન કર્યું છે.

**૩. વૈરાગ્યશતક :**

યૌવનની અનેક દોડધામ કરી, વિલાસ અને ભોગ ભોગવીને થાકી ગયેલા મનુષ્યને અંતે તો વૈરાગ્યની દશામાં જ પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. તેથી તો ભર્તૃહરિએ કહ્યું છે કે ભોગ ભોગવવામાં રોગનો ભય છે, સારા કુળમાં કલંકનો ભય છે અને જીવનને મૃત્યુનો ભય છે. આમ જગતની તમામ વસ્તુઓ ભયથી ભરેલી છે. પરંતુ એકમાત્ર વૈરાગ્ય જ અભય છે. આમ મનુષ્યને જ્યારે મોત તેની પાછળ પડ્યું છે, ત્યારે અભયદાન આપનાર વૈરાગ્ય જ તેનો સાચો રક્ષણ કરનારો છે. આ દર્શાવવા ભર્તૃહરિએ વૈરાગ્યશતકનું સર્જન કર્યું છે. તેના આરંભમાં તૃષ્ણા, જે બધા અનર્થોનું મૂળ છે. લોકો ઘરડા થાય છે પણ તેની તૃષ્ણા ઘરડી થતી નથી. સંસારની વસ્તુઓની, જુદા- જુદા વિષયોની માણસો જે રીતે યાચના કરે છે, તેની નિંદા કરી છે. આ ઉપરાંત જીવનના ભોગવિલાસની અસ્થિરતા, સર્વને ભક્ષણ કરનાર સમયનો મહિમા, સાધુ અને રાજાની તુલના અને તે દ્વારા સાધુની શ્રેષ્ઠતા દર્શાવતા વિચારો, સંકલ્પ અને વિકલ્પ વચ્ચે ભટકતા માનવીના મનની વાત, નિત્ય અને અનિત્ય વસ્તુઓ પરનો વિવેક અને અંતે ભગવાન શિવના ચરણોનું ધ્યાન અને અવધૂત યોગીની જીવનચર્યા વગેરે વિષયો ભર્તૃહરિએ આ વૈરાગ્યશતકમાં આલેખ્યા છે.

## ૧.૫ મુક્તક કાવ્યનો પરિચય

સંસ્કૃત સાહિત્યમાં લઘુકાવ્ય પરંપરામાં 'મુક્તક' સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું છે. અહીં કવિના મનની ભાવનાઓ રોચક શૈલીમાં વ્યક્ત થાય છે. એટલે કે, **मुच्यते मुक्तकम** । એટલે કે જે મુક્ત છે, કશાની સહાયની અપેક્ષા નથી, સ્વતંત્ર અસ્તિત્વ છે, તે મુક્તક. આવી કેટલીક વ્યાખ્યાઓ આ કાવ્ય પ્રકાર વિષયક છે, જે આપણે જોઈએઃ

### ૧.૫.૧ મુક્તકની વ્યાખ્યા

સંસ્કૃતના મુક્તકો હૈયે તથા હોઠે વસી જાય તેવા છે. સંસ્કૃતના મુક્તકો સાંભળતા સાંભળતા દ્રાક્ષ ખાટી લાગે, મધુની મીઠાશ ઓછી લાગે ને અમૃત તો એના અનેરા આસ્વાદથી ડરીને નાસી જ જાય! આ મુક્તક સાહિત્યને સુભાષિત પણ કહેવામાં આવે છે. તેની રસપ્રદ વ્યાખ્યાઓ આ પ્રમાણે છે.

१. **मुक्तकं श्लोक एवैकश्चमत्कारक्षमः सताम्** । (અગ્નિ. પૃ.૩૩૭)

મુક્તકનો એક શ્લોક જ ચમત્કાર કરવા સક્ષમ છે.

२. **एकस्मिन छन्दसि वाक्यसमाप्तौ । - रूद्रट**

કોઈ એક છંદમાં એક મુક્તક પૂરું થાય છે.

३. **मुक्तमन्येन् नालिङ्गितम् । तेन स्वतन्त्रतया परिसमाप्ति निराकांक्षार्थमपि प्रबन्धमध्यवर्ती मुक्तक्रम्** । - અભિનવ ગુપ્ત

મુક્તક અન્ય વિષય સાથે સંબંધ ધરાવતું નથી, સ્વતંત્ર રીતે જ તેની સમાપ્તિ થાય છે. અપેક્ષા રહિત કોઈ એક પ્રબંધનો વિચાર એક જ મુક્તકમાં સમાવેશ થઈ શકે છે.

४. **एकेन छन्दसा मुक्तकमित्युच्यते ।**

એક જ છંદમાં કહેવાયેલું હોય તેને મુક્તક કહેવાય છે.

૫. **अन्याऽनपेक्ष एक श्लोक निबन्धो मुक्तवत् ।** - દંડી

અન્ય સાહિત્ય પ્રકારોની અપેક્ષાએ મુક્તકમાં રચાયેલો એક શ્લોક નિબંધની ગરજ સારે છે.

૬. **प्रबन्धे मुक्तके वापि रसादिन् बद्धुमिच्छत:। तत्र मुक्तकेषु रसबंधाभिनिवेशिनः कवेस्तदायमौचित्यम् ।** રસાસ્વાદની દૃષ્ટિથી મુક્તક પ્રબંધ કાવ્યની જેમ મહત્વપૂર્ણ છે. કવિઓ તે મુક્તકને આશ્રયે રહીને રસ- ભાવ- વિચાર રજૂ કરે છે. તે તેનું મહત્વ છે.

૭. આચાર્ય કેશવ તેમના 'શબ્દકલ્પદ્રુમકોશ' માં મુક્તકના સ્વરૂપને સ્પષ્ટ કરતાં લખે છે કે – **विनाकृतं विरहितं व्यवच्छिन्नं विशेषितम् ।**

**भिन्नं स्यादर्थनिर्व्यूहे मुक्तं यो वातिशोभन : ॥**

આ રીતે આકૃતિ વગરનું, એકલું, વિશિષ્ટ અને અર્થની પ્રાપ્તિ કરવામાં સ્વંય સક્ષમ કાવ્ય તે મુક્તક.

## ૧.૬ મુક્તકના લક્ષણો

૧. મુક્તક ચમત્કૃતિસભર હોય છે. એને વાંચતાવેંત જ તેની અસર વાચક પર થાય છે. એ ચોટદાર હોય છે. આથી તેની ચમત્કૃતિ વાચકોના ચિત્તમાં વસી જાય છે.

૨. મુક્તકમાં લાઘવ સિદ્ધ થયેલું હોવું જોઇએ. કવિએ બિનજરૂરી શબ્દો, શબ્દ-સમૂહો ટાળીને અભિવ્યક્તિ ધારદાર બનાવવી જોઇએ.

૩. મુક્તક અર્થઘન હોવું જોઇએ. બ.ક. ઠાકોર જેને 'ઘૂંટેલી રોનક' કહેતા.એટલે વિચારોને ઘૂંટી ઘૂંટીને તેનો અર્ક મુક્તકમાં રજૂ થાય ત્યારે તેમાંથી એક પ્રબંધ રચવાની શક્યતા ઊભી થાય.

૪. કોઇ મોટા મહાકાવ્ય કે પ્રબંધમાં જે રસ નિરૂપણનું મહત્વ હોય છે તેવું મુક્તકમાં પણ એટલું જ મહત્વ હોય છે.

૫. મુક્તકનો અર્થ મોતી થાય છે. મુક્તકમાં પણ મોતીની જેવા ગુણો રહેલા છે. બુદ્ધિની ચમક જયારે મુક્તકમાં ઉમેરાય ત્યારે મુક્તક પાણીદાર બને. મુક્તક વિચારનો ઝબકારો કરીને પૂરું થઈ જાય છે ને એનાં અર્થકરણથી ચિત્ત રસતરબોળ બની જાય છે.

૬. પરમાનંદ શાસ્ત્રીના મતે મુક્તક એ એવો શ્લોક છે જે નિરપેક્ષ રહેવા છતાં પણ અર્થની અભિવ્યક્તિ સાધવામાં શક્તિમાન છે. ચમત્કૃતિ- ગુંફન, ધ્વનિ, રસ વગેરેની વિશેષતાઓ તેમાં પ્રવેશતા તે બ્રહ્માનંદ- સહોદર આનંદની અનુભૂતિ કરાવી શકે છે.

૭. મુક્તક ગમે તે છંદમાં લખી શકાય છે. સંસ્કૃતમાં મુક્તકો છંદમાં લખાયા છે. પ્રાકૃત તથા ગુજરાતીમાં મુક્તક છંદ, છંદસ ખંડો, ગીત- લય, અછાંદસ, વગેરે પ્રયોગો થતા રહ્યા છે. લોક સાહિત્યનો દોહરો કે ગઝલના શેર પણ એક રીતે જોતા મુક્તક છે.

૮. મુક્તકમાં આ સિવાય (૧) સુશ્લિષ્ટતા (૨) વિષય- વૈવિધ્ય (૩) અર્થપૂર્ણતા (૪) ભાવપ્રાબલ્ય (૫) સુકુમારતા (૬) પુરાકલ્પન (૭), ગેયતા જેવા લક્ષણો પણ

ચરિતાર્થ થતાં જોવા મળે છે.

## ૧.૭ મુક્તકના પ્રકારો

રાજશેખર મુક્તકના પાંચ પ્રકારો માને છે, જે આ પ્રમાણે છે :

**મુક્તકના પ્રકારો**

| **૧ શુદ્ધ** | **૨ ચિત્ર** | **૩ કથોત્થ** | **૪ સંવિધાનક્ષમ** | **૫ આખ્યાનશ્રિત** |
|---|---|---|---|---|
| - કથાવસ્તુ - ઘટના ન હોય - સ્વતંત્રરૂપે હોય - સાહિત્યમાં આ પ્રકાર ખૂબ જ ખેડાયેલો છે. | - સવિસ્તાર સ્વરૂપનું - અનેક વર્ણનોથી વિકસિત હોય | - જેમાં કથાવસ્તુ આવતું હોય | - જેમાં ઘટના આવી શકતી હોય - ઘટનાની કોઇ કલ્પના કરવામાં આવી હોય | - જેમાં કોઇ પુરાણ આધારિત કથાવસ્તુ હોય. |

## ૧.૮ મુક્તક કાવ્યોની પરંપરા

સંસ્કૃત સાહિત્યમાં પ્રાચીનકાળથી મુક્તકો રચાતાં આવ્યાં છે; પણ તેને ખરી સમૃદ્ધિ કવિ ભતૃહરિએ બક્ષી છે. આ ક્રમને આપણે આ રીતે જોઇએઃ

- **વૈદિક-સૂક્તો**

ઉષા-પર્જન્ય-સરિત-અરણ્યાની વગેરે સૂક્તોમાં મુક્તકોની ઝલક જોવા મળે છે.

↓

- **ઉપનિષદો**

ઈશ, કેન, કંઠ, મુંડક વગેરે ઉપનિષદોમાં કાવ્ય તત્વવાળા મુક્તકો મળે છે.

↓

- **થેરગાથા/થેરીગાથા**

આ સંગ્રહમાં પ્રાકૃત-માગધી-અપભ્રંશ ભાષામાં અનેક મુક્તકો પ્રાપ્ત થાય છે.

↓

- **ગાથા સપ્તશતી (ગાહા સત્તસઈ)**

કવિ હાલની 'ગાથા સપ્તશતી' માં મુક્તકોનો વિશાળ સંગ્રહ પ્રાપ્ત થાય છે.

↓

- **ભર્તૃહરિ**

આ કવિએ મુક્તક સાહિત્યને સાચા અર્થમાં ત્રણશતક ગ્રંથો દ્વારા સમૃદ્ધ કર્યુ છે.

↓

- **આર્યા સપ્તશતી**

આચાર્ય ગોવર્ધનની ૭૦૦ મુક્તકો વાળી રચના છે. જેમાં 'પ્રેમ' ને વિષય બનાવી રજૂ કરાતાં વિચારો જોવા મળે છે.

↓

● **પંડિત જગન્નાથ**

પાંચ લહરી કાવ્યોના રચયિતા કવિ પંડિત જગન્નાથનો 'ભામિની વિલાસ' મુક્તકોનો અનુપમ સંગ્રહ છે.

આ પછી અનેક કવિઓએ આ આકર્ષક કાવ્ય પ્રકારને આગળ વધાર્યો છે. વર્તમાન સમયમાં પણ શતક કાવ્યો રચવાની પરંપરા સતત આગળ વધી રહી છે.

## ૧.૯ ભર્તૃહરિની શૈલીની વિશેષતાઓ

''**शीले भवा शैली**'' શૈલી એટલે રીત. '**शील**' એટલે સ્વભાવ, લાક્ષણિકતાઓ. કોઈ કવિના લેખન અને અભિવ્યક્તિ માટે એવું કહેવાયું છે. વામન નામના આલંકારિક '**रीतिरात्मा काव्यस्य**' એમ કહે છે. એટલે કે કાવ્યનો આત્મા રીતિ છે. તેના દ્વારા કાવ્ય હૃદયને ગમે તેવું બને છે. તો દંડી નામના અલંકાર શાસ્ત્રીએ એવું કહ્યું છે કે કોઈ પણ કવિની કાવ્ય સમૃદ્ધિ ત્રણ વસ્તુઓથી શોભે છે.

૧. નૈસર્ગિક પ્રતિભા ૨. અત્યંત નિર્મલ જ્ઞાન અને ૩. કવિ કર્મનો સતત પરિશ્રમ. કવિ ભર્તૃહરિમાં આ ત્રણેય બાબતોનો સુમેળ સારી રીતે થયો છે. આ ઉપરાંત વૈદર્ભી શૈલી પણ લોકપ્રિયતા માટે સાબિત થઈ. આપણે તેને આ રીતે જોઈશું.

### ૧.૯.૧ સંસ્કૃત શૈલીના પ્રકારો :

સંસ્કૃતના આચાર્યોએ શૈલીનું વિભાજન ત્રણ રીતે કર્યું છે. ૧. વૈદર્ભી ૨. ગૌડી અને ૩. પાંચાલી. આ ત્રણ પ્રકારોમાં વૈદર્ભી શૈલી અનેક રીતે લોકપ્રિય શૈલી બની છે.

સંસ્કૃતના લોકપ્રિય કવિઓ કલિદાસ, અશ્વઘોષ વ. કવિઓએ વૈદર્ભીશૈલીમાં રચના કરી છે. આ વૈદર્ભીશૈલીના લક્ષણો જ એવા છે કે જે સામાન્ય વાચકને આકર્ષી શકે છે, મનને આનંદ આપી શકે છે.

### ૧.૯.૨ વૈદર્ભીશૈલીના લક્ષણો :

વૈદર્ભી શૈલીના લક્ષણો આ પ્રકારે મળે છે :

**श्लेष : प्रसाद समता माधुर्य सुकुमारता ।**

**अर्थव्यक्तिउदारत्वमोज : कान्तिरसमाधय : ॥**

**इति वैदर्भीमार्गस्य प्राणा : दशगुणा : स्मृत : ॥**

અર્થાત ૧. શ્લેષ ૨. પ્રસાદ ૩. સમતા ૪. માધુર્ય ૫. સુકુમારતા ૬. અર્થવ્યક્તિ ૭. ઉદારત્વ ૮. ઓજ ૯. કાંતિ ૧૦. સમાધિ

આ ૧૦ ગુણોને વૈદર્ભી શૈલીના પ્રાણ સ્વરૂપે માનવામાં આવે છે. તેમાં પણ **प्रसादः** (આનંદ), **माधुर्य** (મધુરતા) અને **सुकुमारता** (કોમળતા) આ ત્રણ ગુણો તો વૈદર્ભી શૈલી માટે અત્યંત આવશ્યક મનાયા છે. ભર્તૃહરિનાં શતકોમાં પ્રયોજાયેલી વૈદર્ભીશૈલી કાવ્યોને વધુ મનોહરી બનાવે છે.

**૧. પ્રસાદ :**

પ્રસાદનો અર્થ પ્રાસાદિકતા. કાવ્ય વાંચતાની સાથે મનમાં પ્રસન્નતાનો ભાવ પ્રગટ થાય તે પ્રસાદ ગુણ કહેવાય. ભર્તૃહરિના કાવ્યોમાં પ્રાસાદિકતાનો ગુણ વધુ પ્રમાણમાં

જોવા મળે છે, સમજવામાં કઠિનાઇ પડે તેવા શબ્દો, અપ્રચલિત શબ્દોના પ્રયોગો જોવા મળતા નથી. લાંબા લાંબા સમાસો, શબ્દની ચમત્કૃતિઓ અને કૃત્રિમતાનું વાતાવરણ જોવા મળતું નથી. કવિને જે વાત કરવાની હોય તે સરળ અને પ્રભાવ પડે તેવી રીતે મૂકે છે. તેના કવિત્વમાં પ્રસાદ, માધુર્ય અને સુકુમારતાના ગુણો ભારોભાર જોવા મળે છે.

**૨. મુક્તક શૈલી :**

ભર્તૃહરિએ પોતાનાં શતકોની રચના મુક્તકો અને વૈદર્ભીશૈલીમાં કરી છે. મુક્તક શૈલીમાં ભાવોની ગૂઢતા, અનુભૂતિ, સંક્ષિપ્તતા, સરળ તથા સાહજિક અભિવ્યક્તિ જેવી વિશેષતાઓ કવિની કવિતામાં જોવા મળે છે. વિષયની રોચકતા, દષ્ટાંતોનું વૈવિધ્ય પોતાના મનોભાવને અભિવ્યક્ત કરવામાં રહેલી ગતિશીલતા, છંદોની વિવિધતા અલંકારોનો ઉચિત પ્રયોગ જોવા મળે છે. ગેયતા વિશેષરૂપે આસ્વાદ્ય બને છે. ભર્તૃહરિના મુક્તકો પાણીદાર છે. શ્લોકોમાં ભાવોત્પાદકતા, રસાનુભૂતિ, અમુચિત શબ્દ વિન્યાસ તથા અલંકારોનો સુમેળ સધાયો છે. આ બધા ગુણો કવિની રચનાને પરિપૂર્ણ બનાવે છે. ભર્તૃહરિ એક સિદ્ધ મુક્તકકાર છે. તેની કલ્પનાઓ દષ્ટાંતો તથા અન્યોક્તિઓ દાદ માંગી લે તેવી છે.

**૩. વિષય પ્રતિપાદન :**

ભર્તૃહરિના શતકોનું વિષય પ્રતિપાદન વિશાળ છે. તેમનું પોતાનું જીવનદર્શન અને સૂક્ષ્મ નિરીક્ષણ આ માટે કારણભૂત બને છે. મોટાભાગના પદ્યો કવિએ પોતાના અનુભવોને આધારે રચેલા છે. જેથી તે રોચક અને પ્રભાવક બન્યા છે. કવિએ જીવનના રોજીંદા સત્યો તથા વાસ્તવિકતાને હૃદયગ્રાહી સ્વરૂપમાં રજૂ કર્યા છે. કવિ નીતિશતકમાં નીતિનો ઉપદેશ, શૃંગાર શતકમાં રમણીઓના વિલાસો તથા વૈરાગ્ય શતકમાં જીવનની પવિત્રતાને વર્ણવવામાં ક્યાંય ઉણા ઉતર્યા નથી. ખાસ કરીને નીતિશતક લાઈફમેનેજમેન્ટનું પુસ્તક છે તેમ કહેવાય છે ત્યારે ભર્તૃહરિએ મુક્તકોમાં લીધેલા વિષયો સીધા જીવનને સ્પર્શે છે અને માનવમાત્રને માટે માર્ગદર્શક બને છે.

**૪. અલંકાર નિરૂપણ :**

મુક્તકમાં ગેય તત્વ વિશેષ પ્રમાણમાં હોવું જોઇએ એનાથી કવિ પૂરેપૂરા સભાન છે. વર્ણવિન્યાસ તથા શબ્દોનું ચયન કવિએ કુશળતાપૂર્વક કર્યુ છે. તેથી તેની કવિતામાં માધુર્યભાવ સતત પ્રગટ થતો રહે છે. દા.ત.

**''विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः : ''**

અહીં વર્ણવિન્યાસ અને શબ્દોનું સંયોજન માધુર્યભાવ ઉત્પન્ન કરે છે. કવિએ ઉચિત માત્રામાં અલંકારોનો પ્રયોગ કર્યો છે. જેમ કે રાજનીતિની ઉપમા વારાંગના સાથે કરી છે. **''वाराङ्गनेव नृपनीतिरनेकरूपा''** આ સિવાય દુર્જનો અને સજ્જનોની મૈત્રી પ્રાતઃકાળ અને બપોર પછીની છાયાની જેમ કવિએ વર્ણવી છે. **''छायेव मैत्री खलसज्ज नानाम् ''** અહીં રૂપક અલંકાર જોવા મળે છે.

ભર્તૃહરિએ દષ્ટાંતોનો પ્રયોગ પુષ્કળ પ્રમાણમાં કર્યો છે જેમકે -

**दुर्जनः परिहर्तव्यो विद्ययाऽलङ्कृतोऽपि सन् ।**

**मणिना भूषित : सर्प : किमसौ न भयङ्कर : ॥** ભલે વિદ્યાથી અલંકૃત દુર્જન હોય તેનો ત્યાગ કરવો જોઇએ. મણિથી ભૂષિત અર્થ હોય તો તે શું ભયંકર નથી હોતો? અહીં સરસ દષ્ટાંત આપીને પોતાની વાત સમજાવી છે.

- **અપ્રસ્તુત પ્રશંસા :**

કવિ અપ્રસ્તુત પ્રશંસા દ્વારા અન્યોક્તિ રજૂ કરવામાં માહીર છે. કવિ, મેઘ, રાહુ, સિંહ, શશક, સમુદ્ર વગેરે પ્રતીકોને અપ્રસ્તુત રૂપે રજૂ કરીને પોતાને કહેવાની વાત સચોટ રૂપે મૂકે છે. જેમકે –

**रे रे चातक सावधानमनसा मित्रं क्षणं श्रूयताम् ।**

**अम्बोधा : बहवो वसन्ति गगने सर्वेऽपि नैतादृशा : ॥**

**केचिद् वृष्टिभिरार्द्रयन्ति वसुधां गर्जन्ति केचिद् धना : ।**

**यं यं पश्यसि तस्य तस्य पुरतो मा ब्रूहि दीनं वच : ॥**

આ શ્લોકમાં ધનવાન તથા યાચક પ્રસ્તુત છે, અને મેઘ તથા ચાતક અપ્રસ્તુત છે. કવિ ચાતક પક્ષીને સંબોધીને કહે છે કે આકાશમાં ચોમાસામાં અસંખ્ય વાદળો હોય છે. તે બધા વરસશે એવું માનતો નહી. કવિ અહીં યાચકને ઉદ્દેશીને કહે છે. બધા પાસે હાથ લંબાવવો યોગ્ય નથી. આ સિવાય કવિએ બીજા અલંકારોનો પણ વિચાર પ્રમાણે કાળજીપૂર્વક ઉપયોગ કર્યો છે.

● **છંદનિવેશ :**

છંદોના ઉપયોગમાં કવિ ખૂબ જ સાવધ હોય તેમ જણાય છે. છંદોને અનુકૂળ શબ્દ પસંદગી કવિ કરે છે. જેવા કે વસન્તતિલકા, શાર્દૂલવિક્રીડિત, અનુષ્ટુપ, પૃથ્વી, આર્યા, હરિણી, ઉપજાતિ, વંશસ્થ વગેરે છંદોનો કવિએ સ્થળે સ્થળે કર્યો છે. છંદોનાં માધ્યમથી કવિ પોતાની વાત ભાવક સુધી પહોંચાડવામાં સફળ નીવડે છે. કારણ કે તે હૃદયસ્પર્શી લયથી પ્રગટે છે.

**૫. વિવિધ વિષયોનું નિરૂપણ :**

કવિ ભર્તૃહરિએ માનવજીવન માટે ઉપયોગી વિવિધ વિષયોનું નિરૂપણ દૃષ્ટાંતો સાથે કર્યુ છે. સત્સંગ દ્વારા અનેક વસ્તુઓ સિદ્ધ થાય છે, એમ કવિ કહે છે -

સત્સંગતિ બુદ્ધિની જડતા દૂર કરે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, માન અને ઉન્નતિ અપાવે છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે, દિશાઓમાં કીર્તિ ફેલાવે છે. ખરેખર સાધુ માણસોની સોબત શું નથી કરતી? અહીં જીવનની એક ઉચ્ચ અવસ્થાની સાધનાથી અનેકની સિદ્ધિ પ્રાપ્ત થતી કવિ દર્શાવે છે કે ધનના પ્રતાપે ગમે તેવો માણસ કુલીન, પંડિત શાસ્ત્રોનો જ્ઞાતા, ગુણવાન, વક્તા અને દેખાવડો ગણાય છે. કારણ કે બધા જ ગુણો ધનમાં સમાયેલા છે. આમ દ્રષ્ટાંતો દ્વારા વિવિધ વિષયોના નિરૂપણમાં કવિએ કૌશલ્ય દાખવ્યું છે.

- પોતાની વાતને ખૂબ જ સંક્ષિપ્તમાં, ટૂંકમાં ઓછા શબ્દોમાં રજૂ કરવી તેનું નામ લાઘવ. આ સાથે તેમાં પ્રાસાદિકતા, નિખાલસતા, ભાવપ્રબલતા અને પદલાલિત્ય જાળવવા જોઇએ. આવી ચતુરાઇ કાલિદાસ, ભાસ વ. માં જ જોવા મળે છે. તેવી જ કવિ ભર્તૃહરિમાં પણ જોવા મળે છે. આ કવિના મુક્તકો લોકોને ખૂબ પ્રિય થઈ પડ્યા છે તેનું કારણ પણ લાઘવતામાં સમાયેલું છે.

આ ઉપરાંત આ કવિ તેના મુક્તકોને શાશ્વતતા, ચિરંજીવીપણું આપવા સર્વકાલીન, સાંપ્રત અને આસપાસમાં હંમેશા જોવા મળે તેવા દૃષ્ટાંતો, ઉદાહરણોનો ઉપયોગ કરે છે. પરિણામે વાચકને કે ભાવકને તેનો આસ્વાદ્ય માણવામાં સહેજ પણ તકલીફ પડતી નથી. એટલું જ નહિં વિશ્વના કોઇ પણ માનવીના ભાવજગતમાં પ્રવેશ કરાવી શકાય તેટલું કવિનું 'લાઘવ' છે.

## ૧.૧૦ તમારી પ્રગતિ ચકાસો :

૧. આપણા ચાર પુરુષાર્થોના નામ આપો.

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

૨. ગાઈ શકાય તેવી ગેય રચના એટલે શું?

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

૩. કયા વિદેશ યાત્રીએ ભર્તૃહરિ વિશે નોંધ કરી છે?

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

૪. ભર્તૃહરિના જીવન વિષેની દંતકથાઓ કેટલી છે?

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

૫. **'શતક'** એટલે કેટલી સંખ્યા?

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

૬. ભર્તૃહરિએ રચેલા ત્રણ શતકોના માત્ર નામ લખો.

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

૭. ભર્તૃહરિના સમય વિષે મજબૂત રીતે કયો સમયગાળો મૂકી શકાય?

૮. શૃંગારશતકમાં કોના શૃંગારની વાત કરવામાં આવી છે?

૯. નીતિશતકમાં કવિએ કેટલા વિષયો ઉપર મુક્તકો રચ્યા છે - જણાવો.

૧૦. મુક્તકોની કોઈપણ ત્રણ વ્યાખ્યા સંસ્કૃતમાં આપો.

૧૧. મુક્તકોના કોઈપણ ચાર લક્ષણો ગુજરાતી ભાષામાં જણાવો.

૧૨. મુક્તકના કુલ કેટલા પ્રકારો છે? કયા કયા?

૧૩. શુદ્ધ મુક્તકના લક્ષણો કયા કયા હોય છે? જણાવો.

૧૪. મુક્તક કાવ્યની પરંપરા જણાવો.

૧૫. ભર્તૃહરિની શૈલી કેવી છે ?

૧૬. વૈદર્ભીશૈલીના લક્ષણો જણાવો.

૧૭. અપ્રસ્તુત પ્રશંસા અલંકાર કોને કહેવામાં આવે છે?

૧૮. દૃષ્ટાંતોનો ઉપયોગ ભર્તૃહરિ કેવી રીતે કરે છે ?

૧૯. ભર્તૃહરિની લોકપ્રિયતાના મૂળમાં રહેલી કોઈપણ પાંચ બાબતો જણાવો.

-----------------------------------------------------------------

-----------------------------------------------------------------

-----------------------------------------------------------------

-----------------------------------------------------------------

એકમ ૨

# શૃંગારશતકના નિયત શ્લોકો અને પ્રશ્નો

## રૂપરેખા


૨.૦ ઉદ્દેશ

૨.૧ પ્રસ્તાવના

૨.૨ શ્રૃંગારશતકમ્ (નિયતાંશ)

૨.૩ તમારી પ્રગતિ ચકાસો.


## ૨.૦ ઉદ્દેશ :

પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ –

- શૃંગારશતકના શ્લોકોનો અન્વય સહિત અભ્યાસ કરી શકશે.
- સંસારનું સર્જન અને સંચાલન કરનાર બે પુરૂષાર્થો – અર્થ અને કામને સમજી શકશે.
- શ્લોકોનો અર્થ જાણી શકશે.

## ૨.૧ પ્રસ્તાવના :

આપણી સંસ્કૃતિએ ચાર પુરૂષાર્થોનું જીવનમાં મહત્ત્વ સ્વીકાર્યુ છે અને તેનું ગૌરવ પણ કર્યુ છે. આ ચાર પુરૂષાર્થોમાંથી અર્થ અને કામને એક ગણી લઈએ તો ત્રણ પુરૂષાર્થો થાય. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ભર્તૃહરિના ત્રણ શતકોને આ રીતે પણ સમજાવી શકાય.

**કવિ ભર્તૃહરિના શતકો**

- **શૃંગારશતક**
  - **અર્થ** / **કામ**
  - **આ સંસારનું સર્જન અને સંચાલન થાય છે.**
  - ↓ **સંસાર જીવનના પ્રથમ ચરણને તાકે છે.**
- **નીતિશતક**
  - **ધર્મ**
  - **કેવી રીતે જીવવું? કેમ જીવવું? જીવનની/સંસારની ઘટમાળમાં કઇ-કઇ કાળજી રાખવી. તે શીખવે છે.**
  - ↓ **સંસાર જીવનની મધ્ય અવસ્થાને તાકે છે.**
- **વૈરાગ્યશતક**
  - **મોક્ષ**
  - **શા માટે સંસારમાં રહેવું? પરમ પ્રાપ્તવ્ય સ્થાન ખરેખર કયું છે, તેની ચર્ચા કરી.**
  - ↓ **સંસાર જીવનની ઉત્તર અવસ્થાને તાકે છે.**

ભર્તૃહરિના શૃંગારશતકમાં જ્યાં એકી સાથે બે પુરૂષાર્થો સિદ્ધ થતા જોવા મળે છે, તેવા શૃંગાર સન્દર્ભે નિયત શ્લોકો જોઈએ.

## ૨.૨ शृंगार शतकम् (નિયતાંશ) :

(१) शंभुस्वयंभुहरयो हरिणेक्षणानां
येनाक्रियन्त सततं गृहकुम्भदासाः ।
वाचामगोचरचरित्रविचित्रताय
तस्मै नमो भगवते मकरध्वजाय ॥१॥

**અન્વય :**

**येन (कामदेवेन) शंभुस्वयम्भुहरयः हरिणेक्षणानां सततं गृहकुम्भदासाः, अक्रियन्त तस्मै वाचां अगोचरचरित्रविचित्रताय भगवते मकरध्वजाय नमः ॥**

**શબ્દાર્થ :**

**येन**-જે કામદેવે, **स्वयंभु**-બ્રહ્મા, **हरि**-વિષ્ણુ, **हरिणेक्षणानाम्** -હરિણિ સમાન આંખોવાળી સ્ત્રીઓનો, **सततम्** -સતત, **गृहकुम्भदासा**-ઘરના ચાકર, **अक्रियन्त**-બનાવી દીધા છે, **वाचाम्** -વાણીના, **अगोचर चरित्रविचित्रताय**-ન સમજાવી શકાય તેવા ચરિત્રથી વિચિત્ર, **मकरध्वजाय**-કામદેવને.

**ભાષાંતર :**

જે કામદેવે શિવ, બ્રહ્મા અને વિષ્ણુને હરણ સમાન આંખોવાળી સ્ત્રીઓના સતત ઘરમાં નોકરો બનાવી દીધેલાં છે, વાણી માટે અગોચર (વાણીથી ન વર્ણવી શકાય) તેવાં ચરિત્રથી વિચિત્ર જણાતા ભગવાન કામદેવને નમસ્કાર.

**વિમર્શ :**

ભર્તૃહરિએ આ શ્લોકમાં કામદેવના પ્રભાવ અને સામર્થ્યનું વર્ણન કરેલ છે. કામદેવનો પ્રભાવ એવો છે કે તે પોતાના બળથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને એમની પત્નીઓના દાસ બનાવે છે, તેમની આ ત્રણેય પત્નીઓ હરણાં જેવી ચંચળ નેત્રોવાળી છે, જે પોતાના નેત્ર કટાક્ષોથી આ ત્રણેય દેવોને પોતાના દાસ બનાવે છે. એ કામદેવનો પ્રભાવ અનન્ય છે. "**हरितापि तनु यस्य शंभुना न हृतम् बलम्**" મહાદેવે કામદેવનું શરીર ભસ્મ કર્યુ હોવા છતાં એનું બળ હરી શકયા ન હતા. એવો કામદેવનો પ્રભાવ હતો. કવિ કામદેવને નમસ્કાર કરી તેની અવર્ણનીય શક્તિનો સ્વીકાર કરે છે. આ ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે કે શારીરિક આવેગને કામદેવ દેવતાનું નામ આપીને કામદેવની અનિવાર્યતા સિદ્ધ કરી છે. આ કામદેવ આગળ દેવોને પણ લાચાર બતાવ્યા છે.

(२) **स्मितेन भावेन च लज्जया भिया**

**पराङ्मुखैरर्धकटाक्षवीक्षणैः ।**

**वचोभिरीर्ष्याकलहेन लीलया**

**समस्तभावैः खलु बन्धनं स्त्रियः ॥२॥**

**અન્વય :**

**स्मितेन भावेन लज्जया च भिया पराङ्ग् अर्ध कटाक्षवीक्षणैः मुखे, इर्ष्या, कलहेन, लीलया, वचोभि ऐन समस्तभावैः खलु स्त्रियः बन्धनम् ॥**

**શબ્દાર્થ :**

**स्मितेन**-સ્મિતથી, **भावेन**-ભાવથી, **लज्जया**-લજ્જાથી, **भया**-ભયથી, **पराङ्ग्**-પાછા વળીને, **अर्ध**-અડધા, **कटाक्ष**-કટાક્ષ, **वीक्षणै**-નજરવાળા, **मुखै**-મુખ વડે, **इर्ष्या**-ઈર્ષ્યા, **कलहेन**-કલહથી, **लीलया**-લીલા વડે, **वचोभि**-વચનોથી, **ऐन**-આમ, **समस्तभावैः**-સમસ્તભાવથી, **खलु**-ખરેખર, **स्त्रियः**-સ્ત્રીઓ, **बन्धनं**-બંધન છે.

**ભાષાંતર :**

સ્મિતથી, ભાવથી, લજ્જાથી, ભયથી, પાછા વળીને અર્ધા કટાક્ષભરી નજરવાળા મુખ વડે, ઈર્ષ્યાથી, કલહથી, લીલા વડે અને વચનોથી આમ, સમસ્ત ભાવથી ખરેખર સ્ત્રીઓ બંધન છે.

**વિમર્શ :**

સ્ત્રીઓના હાવ-ભાવ અને ચેષ્ટા કેવી રીતે બંધનરૂપ થઈ પડે છે, તેની કવિએ ચર્ચા કરી છે. જેમકે સ્મિત, લાગણી, લજ્જા, ભય, અર્ધ કટાક્ષ, ઈર્ષ્યા, કલહ, લીલા, વચનો વગેરેથી પુરૂષોને બંધનમાં લઈ લે છે.

(३) **भ्रूचातुर्यात्कुञ्चिताक्षाः कटाक्षाः**

**स्निग्धा वाचो लज्जितान्ताश्च हासाः ।**

**लीलामन्दं प्रस्थितं च स्थितं च**

**स्त्रीणामेतद्भूषणं चायुधं च ॥३॥**

**અન્વય :**

**भ्रू चातुर्यात् कुञ्चि अक्षाः कटाक्षाः, स्निग्धा वाचो, लज्जितान्ताश्च हासाः लीला मन्दम् प्रस्थितम् च स्थितम् एतद् स्त्रीणामेतत् भूषणम् च आयुधम् च ॥**

**શબ્દાર્થ :**

**भ्रू**-નેણ, **चातुर्य**-ચતુરાઈ, **कुञ्चित**-મીંચીને, **कटाक्षा**-કટાક્ષો, **स्निग्धा**-સ્નેહભર્યા,

**वाचो**-વચનો, **लज्जिता**-શરમાતાં, **हासाः**-સ્મિતો, **लीला**-લીલાપૂર્વક, **मन्दम्** -મંદ/ ધીમે, **प्रस्थितम्** -ચાલવું, **स्थितं**-ઉભુ રહેવું, **एतद्**-આ, **स्त्रीणाम्** -સ્ત્રીઓના, **भूषणम्** -આભૂષણ, **आयुधम्** -હથિયાર.

**ભાષાંતર :**

નેણની ચતુરાઈથી આંખો મીંચીને કરેલા કટાક્ષો, સ્નેહભર્યા વચનો, શરમાતાં શરમાતાં વેરેલા હાસ્યો, લીલાપૂર્વક મંદ મંદ ચાલવું અને ઊભું રહેવું આ બધુ જ સ્ત્રીઓનું આભૂષણ પણ છે અને હથિયાર પણ છે !

**વિમર્શ :**

કવિએ સ્ત્રીઓના નેણ, આંખો, કટાક્ષો, પ્રેમાળવાણી, હાસ્ય, હાલ-ચાલને સ્ત્રીઓના આભુષણ ગણ્યા છે, કેમકે તેનાથી તે શોભે છે અને અન્યને જીતી શકે છે. સાથોસાથ આ બધાને હથિયાર ગણ્યા છે, કેમકે ગમે તેવા પુરૂષને તે આનાથી જ મહાત કરી દે છે.

(૪) **स्मितं किञ्चिन्मुग्धं सरलतरलो दृष्टिविभवः**
**परिस्पन्दो वाचामभिनवविलासोक्तिसरसः ।**
**गतानामारम्भः किसलयितलीलापरिकरः**
**स्पृशन्त्यास्तारुण्यं किमिव न हि रम्यं मृगदशः ।।६।।**

**અન્વય :**

**किञ्चित् मुग्ध स्मितम्, सरलः च तरलः द्रष्टि विभवः, अभिनव विलासो, उक्ति सरसः वाचाम् परिस्पन्दो, परिकरः लीला किसलयित, गतानाम् आरम्भ तारुण्यं स्पृशन्त्या मृगदशः किम इव न हि रम्यम् ?**

**શબ્દાર્થ :**

**किञ्चित्**-સહેજ, **मुग्धम्**-ભોળું, **स्मितम्**-સ્મિત, હાસ્ય, **सरलः**-સરળ, **तरलः**-ચંચળ, **द्रष्टिविभव**-નજરોનો વૈભવ, **अभिनव**-નવા વિલાસોની, **उक्ति**-વાતો, **सरसः**-સરસ, **वाचाम्** -વાણીનો,**परिस्पन्दो**-વ્યવહાર, **परिकरः**-અનેક પ્રકારની, **लीला**-લીલા, **किसलयित**-અંકુરિત થઈ છે. **गतानाम**-ગમનનો, **आरम्भ**-આરંભ, શરૂઆત, **तारुण्यम्**-યૌવનનો, **स्पृशन्त्य**-સ્પર્શ થતાની સાથે જ, **मृगदशः**-મૃગનયનીઓનું, **किं**-શું, **रम्यं**-મનોહર, **न**-નહીં.

**ભાષાંતર :**

સહેજ ભોળું સ્મિત, ચંચલ અને સરલ નજરોનો વૈભવ, નવા નવા વિલાસોની વાતોથી સરસ બનેલો વાણીનો વ્યહવાર, જેમાં અનેક પ્રકારની લીલાઓ અંકુરિત

થઈ છે, એવા ગમનનો આરંભ-યૌવનનો સ્પર્શ થતાંની સાથે જ મૃગનયનીઓનું શું શું મનોહર નથી થઈ જતું ?

**વિમર્શ :**

એવું કહેવાય છે કે યૌવનનો સ્પર્શ થતાં જ 'કામ'નો પ્રવેશ આપોઆપ થઈ જ જાય છે. તેના કારણે યુવતીઓના મનોભાવો, અંગ-ઉપાગો અને ચેષ્ટાઓ બદલાઈ જાય છે. આધુનિક વિજ્ઞાન અને મનોવિજ્ઞાન પણ આ બાબતને ટેકો આપે છે, અને આ લીલાયુક્ત રમણીઓ ભલભલાને મોહી લે છે.

(૫) **नूनं हि ते कविवरा विपरीतवाचो**

**ये नित्यमाहुरबला इति कामिनीस्ता: ।**

**याभिर्विलोलतरतारकदृष्टिपातै:**

**शक्रादयोऽपि विजितास्त्वबला: कथं ता: ।।१०।।**

**અન્વય :**

**नूनं ते कविवरा विपरीत वाचो हि ये कामिनी ता: नित्यम् अबला आहु इति, याभि विलोलतर तारक द्रष्टि पातै: शक्रादयो अपि विजिता:, तत अबला: कथं ता: ?**

**શબ્દાર્થ :**

**नूनं**-ખરેખર, **ते**-તે, **कविवरा**-મોટા કવિઓ, **विपरीत**-ખોટી, **वाचो**-વાત કરનારા, **हि**-કારણ કે, **ये**-તેઓ, **कामिनी ता:**-કામિનીઓને, **नित्यम्** -હંમેશા, **अबला**-અબલા, **आहु**-બોલાવે છે, આપે છે, **याभि**-જેઓએ, **विलोलतर**-વધુ ચંચળ, **तारकद्रष्टि**-ચંચળ નેત્રના, **पातै:**-કટાક્ષોથી, **शक्रादय:**-ઈન્દ્ર વગેરે, **विजिता**-જીતી લીધી હતાં, **ता:**-તેઓ, **अबला**-અબળા, **कथं**-કેવી રીતે ?

**ભાષાંતર :**

ખરેખર તે મોટા કવિઓ ખોટી વાત કરનારા છે. કારણ કે તેઓ કામિનીઓને હંમેશા 'અબલા' એવું નામ આપે છે. પરંતુ જેઓએ પોતાના ચંચલ નેત્રના કટાક્ષોથી ઈન્દ્ર વગેરેને પણ જીતી લીધા હતા, તેઓ 'અબલા' કેવી રીતે ગણાય ?

**વિમર્શ :**

આ શ્લોકમાં કવિ કહે છે કે જે મોટા કવિઓ સ્ત્રીઓને અબળા કહે છે, તેઓ ખરેખર અવળી વાત ઉચ્ચારે છે. સ્ત્રીઓ અબળા નથી પણ સબળા છે. જેમકે મેનકાએ વિશ્વામિત્ર, ઈન્દ્ર વગેરે દેવોને પોતાને વશવર્તી બનાવ્યા હતા તો પછી તેઓ અબળા શી રીતે કહેવાય ?

(६) **दिश वनहरिणेभ्यो वंशकाण्डच्छवीनां**
**कवलमुपलकोटिच्छिन्नमूलं कुशानाम् ।**
**शकयुवतिकपोलापाण्डुताम्बूलवल्ली**
**दलमरुणनखाग्रैः पाटितं वा वधूभ्यः ॥३४॥**

**અન્વય :**

**वंशकाण्डच्छवीनाम् कुशनाम, कवलम् उपलकोटित् छिन्न मूलम्, वनहरिणेभ्यो दिश, वा शकयुवति कपोला ताम्बूकवल्लीदलम् अरुण पाण्डु नखाग्रैः पाटितं वधूभ्यः (दिश)**

**શબ્દાર્થ :**

**वंशः+काण्डत्+छवीनाम्**-વાંસની કાતળી જેવા ચમકતા (લીલા), **कुशानाम**-દર્ભના, **कवल**-કોળિયા, **उपलकोटि**-પથ્થરની અણી, **च्छिन्नं मूलम्**-કૂટી કૂટીને, **वन+हरिणेभ्यो**-વનના હરણાઓને, **दिश**-આપે, **वा**-અથવા, **शकयुवति**-શક યુવતિઓના, **कपोल**-ગાલના, **ताम्बूक+वल्ली+दल**-તાંબૂલના વેલાના પાન, **अरुण**-લાલ, **नरवाः+अग्रे**-નખના આગળના ભાગથી, **पाटितं**-ભાગ કરીને, ચિરીને, **दिश**-આપો.

**ભાષાંતર :**

લીલા વાંસની કાતળી જેવા દર્ભના કોળિયા, પથ્થરની અણીથી કૂટી કૂટીને કાં તો વનમાં હરણાંઓને આપો અથવા તો શક યુવતીઓના ગાલના જેવા લાલ લાલ તાંબુલનાં પાન, ગુલાબી નખના આગળના ભાગથી ચીરીને પ્રિયાઓને આપો.

**વિમર્શ :**

સંસારમાં મનુષ્ય માટે બે સ્થિતિ આવકારદાયક છે (૧) વૈરાગ્યભાવ સેવી વનમાં જઈ હરણાઓને કુણાં-કુણાં દર્ભ ઘાસના કોળિયા ખવડાવો. (૨) સંસારમાં રહી પ્રિયતમાઓને નાગરવેલના પાન હાથથી બનાવી ખવડાવો.

(७) **मात्सर्यमुत्सार्य विचार्य कार्य-**
**मार्या समर्यादमिदं वदन्तु ।**
**सेव्या नितम्बाः किमु भूधराणा-**
**मुत स्मरस्मेरविलासिनीनाम् ॥३६॥**

**અન્વય :**

**आर्या मात्सर्यम् उत्सार्य कार्य विचार्य समर्यादम् इदं वदन्तु ? किं भूधराणाम् सेव्या उत् विलासिनीनाम् स्मेर स्मर नितम्बा ?**

**શબ્દાર્થ :**

**आर्या**-હે આર્યો !, **मत्सरः**-મત્સર, **उत्सार्य**-છોડીને, **कार्यम्** -કાર્યનો, **विचार्य**-વિચાર કરી, **समर्यादम्** -મર્યાદા પૂર્વક, પૂર્વગ્રહ વગર, **इदं**-આમ, **वदन्तु**-(અમને) કહો, **किम्** -શું, **भूधराणाम्** -પર્વતોના, **नितम्बा**-નિતમ્બો (ઢોળાવો), **सेव्या**-સેવવા લાયક, **विलासिनीनाम्** -વિલાસથી, **स्मेर**-સ્મિત વેરતી, **स्मर**-કામ, સુંદરીઓ.

**ભાષાંતર :**

હે આર્યો ! મત્સર છોડીને, કાર્યનો વિચાર કરી, મર્યાદાપૂર્વક જરા અમને કહો, કે (આ સંસારમાં) શું પર્વતના નિતમ્બો (ઢોળાવો) સેવવા લાયક છે કે વિલાસથી સ્મિત વેરતી સુંદરીઓના નિતમ્બો સેવવા લાયક છે ?

**વિમર્શ :**

આ શ્લોકમાં કવિ ‘આર્યો’ એવું સંબોધન કરી એક પ્રશ્ન પૂછે છે અને વળી તટસ્થતા પૂર્વક ઉત્તર આપવાનું કહે છે કે કોનું સેવન કરવું જોઈએ (૧) પર્વતોના ઢોળાવો કે જ્યાં યોગીઓ રહે છે. (૨) સુંદરીઓના નિતમ્બો જેમાં કામીજનો રહેતા હોય છે. એક મોક્ષનું સ્થાન છે બીજું કામનું-રાગનું કે વિલાસનું. યોગીઓ કરતાં સંસારીઓની સંખ્યા વધારે હોઈ કવિએ અહીં કામદેવની અફાટ શક્તિ તરફ અંગુલિ - નિર્દેશ કર્યો છે.

(૮) **स्मृता भवति तापाय दृष्ट्वा चोन्मादकारिणी ।**
**स्पृष्टा भवति मोहाय सा नाम दयिता कथम् ॥४२॥**

**અન્વય :**

**(या) स्मृता तापाय भवति, दृष्टा च उन्मादकारिणी (भवति) स्पृष्टा मोहाय (भवति) सा नाम दयिता कथं भवेत् ?**

**શબ્દાર્થ :**

**स्मृता**-યાદ કરવામાં આવે ત્યારે, **तापाय**-સંતાપ આપનારી, **दृष्ट्वा**-જોવામાં આવતાં, **उन्मादकारिणी**-પાગલ કરનારી, **स्पृष्टा**-સ્પર્શ કરવામાં આવતા, **दयिता**-બાપડી, **भविता**-થાય છે/હોય છે.

**ભાષાંતર :**

સ્મરણ કરતાંની સાથે જ સંતાપ આપે છે, જોવાથી ઉન્માદ કરે છે, સ્પર્શ કરવાથી મોહ જગાડે છે. આવી પ્રિયતમાને દયાવાળી (દયિતા) કેમ કહી શકાય ?

**વિમર્શ :**

કવિ ભર્તૃહરિએ સ્ત્રી પ્રત્યેના મોહને ત્રણ રીતે ચકાસ્યું છે (૧) સ્મરણ કરવાથી (૨) માત્ર જોવાથી અને (૩) સ્પર્શ કરવાથી અનુક્રમે સંતાપ, ઉન્માદ અને મોહ

જગાડનારી કહી છે. એટલે કંઈ કર્યા વગર જ આ ત્રણ જાતનું આક્રમણ પુરૂષવર્ગને સહન કરવું પડતું હોય તો તેને દયિતા કેમ કહી શકાય તેવો કવિએ કટાક્ષ કર્યો છે.

(९) **अपसर सखे दूरादस्मात्कटाक्षविषानलात्**

**प्रकृतिविषमाद्योषित्सर्पाद्विलासफलाभृतः ।**

**इतरफणिना दृष्टः शक्यश्चिकित्सितुमौषधे-**

**श्चतुरवनिताभोगिग्रस्तं त्यजन्ति हि मन्त्रिणः ।।५१।।**

**અન્વય :**

**सखे कटाक्ष विषानलात्, विलासफलाभृतः प्रकृति विषमद्य, योषित् सर्पात् अपसर, हि इतरकविना दृष्टः किञ्चित औषधैः शक्यम्, चतुर वनिता भोगिग्रस्तं मन्त्रिणः त्यजन्ति ।**

**શબ્દાર્થ :**

**सखे**-મિત્ર, **कटाक्षविषानलात्**-કટાક્ષરૂપી કાતિલ ઝેરથી ભરેલા, **विलासफलाभृतः**-વિલાસરૂપી ફેણવાળા, **प्रकृति विषमाद्यात्**-સ્વાભાવિક રીતે ભયંકર, **योषित्**-નારી, **सर्पान्**-સાપથી, **अपसर**-દૂર રહેજે, **हि**-કારણ કે, **इतरफणिना**-બીજો સાપ, **दष्ट**-કરડશે, **औषधै**-ઔષધથી, **किस्तित**-સારવાર, **शक्यम्**-શકય છે, **चतुर वनिता**-ચતુર સુંદરી, **भोगिग्रस्तम्**-રૂપી સાપ કરડે, **मन्त्रिणः**-મંત્ર જાણનારાઓ, ગારુડીઓ વ. **त्यजन्ति**-ત્યજી દે છે.

**ભાષાંતર :**

હે મિત્ર ! કટાક્ષરૂપી કાતિલ ઝેરથી ભરેલા, વિલાસરૂપી ફેણવાળા અને સ્વાભાવિક રીતે જ ભયાનક આ નારીરૂપી નાગથી તું દૂર રહેજે. કારણ કે જો બીજો સર્પ કરડશે તો તેની ઔષધિથી સારવાર કરવી શકય છે, પરંતુ ચતુર સુંદરીરૂપી સાપ જો કરડે, તો ઝેર ઉતારનારા ગારુડીઓ પણ એને ત્યજી દે છે.

**વિમર્શ :**

કવિએ અહીં સ્ત્રી તૃષ્ણાને સર્પના ઝેર સાથે સરખાવી છે. અન્ય સાપ કરડે તો ઔષધિઓ, ગારુડીની મંત્રવિદ્યાથી ઝેર ઉતારી શકાય પરંતુ ચતુર સુંદરીના કામણરૂપી સાપ કરડે તો તે ઝેર ઉતારવું ગારુડીઓથી પણ શકય નથી. આમ અતિશયોક્તિપૂર્વક સાપ કરતાં સુંદરીઓની શક્તિ કવિ દર્શાવે છે.

(१०) **विस्तारितं मकरकेतनधीवरेण**

**स्त्रीसंज्ञितं बडिशमत्र भवाम्बुराशौ ।**

**येनाचिरात्तदधरामिषलोलमर्त्य-**

**मत्स्यान्विकृष्य विपचत्यनुरागवह्नौ ।।૫૨।।**

**અન્વય :**

**अत्र मकरकेतन धीवरेण, भव अम्बुराशौ स्त्रीसंज्ञितं वडिशम् विस्तारितम् येन अधरा मिष लोलम् मर्त्य मत्स्यान् अवकृष्य अनुराग वह्नि विपचत्य ।।**

**શબ્દાર્થ :**

**अत्र**-અહિં, **मकरकेतन**-કામદેવરૂપી, **धीवरेण**-માછીમારે, **भव**-સંસાર (રૂપી), **अम्बुराशौ**-સાગરમાં, **स्त्रीसंज्ञितं**-સ્ત્રી નામનો, **वडिश**-કાંટો, **अचिरात्**-ટૂકડાથી, **लोल**-લોલૂપ, **मर्त्य**-મનુષ્યોરૂપી, **मत्स्यान्**-માછલાને, **आविकृष्य्**-ખેંચીને, **अनुराग**-અનુરાગરૂપી, **वहन्यौ**-અગ્નિમાં, **विपचत्य**-પકાવશે.

**ભાષાંતર :**

આ કામદેવરૂપી માછીમારે, સંસારરૂપી સાગરમાં સ્ત્રી નામનો આ કાંટો (ગલ) નાખ્યો છે. જેના વડે હોઠરૂપી માંસના ટુકડામાં લોલૂપ બનેલા મનુષ્યોરૂપી માછલાંઓને ખેંચીને અનુરાગરૂપી અગ્નિમાં પકાવશે.

**વિમર્શ :**

ભર્તૃહરિએ અહીં કામદેવને માછીમાર સાથે, સંસારને સમુદ્ર સાથે, સ્ત્રીને માછલી મારવાના કાંટા (ગલ) સાથે અને મનુષ્યોને માછલા સાથે અને સ્ત્રી-પુરૂષોના આકર્ષણને અનુરાગરૂપી અગ્નિ સાથે સરખાવી છે. તે દ્વારા શૃંગારરૂપી કામની નિરર્થકતા પણ 'પકાવશે'-'**विपचत्य**' શબ્દ દ્વારા સિદ્ધ કરી છે.

(૧૧) **वेश्यासौ मदनज्वाला रूपेन्धनविवर्धिता ।**

**कामिभिर्यत्र हूयन्ते यौवनानि धनानि च ।।૫૮।।**

**અન્વય :**

**असौ वेश्या रूपे इन्धन विवर्धिता मदनज्वाला यत्र कामिभि यौवनानि च धनानि हूयन्ते ।।**

**શબ્દાર્થ :**

**असौ**-આ, **वेश्यारूपे**-વેશ્યારૂપી, **इन्धन**-ઈંધણ, **विवर्धिता**-વધેલી, **मदन**-કામ, **ज्वाला**-જવાળા, **यत्र**-જેમાં, **कामिभि**-કામી લોકો, **यौवनानि**-યુવાનીને, **च**-અને, **धनानि**-ધનને, **हूयन्ते**-હોમે છે.

**ભાષાંતર :**

આ વેશ્યારૂપી ઈંધણથી વધેલી કામની જ્વાળા છે. તેમાં કામી લોકો પોતાના યૌવન અને ધનને હોમે છે.

**વિમર્શ :**

વેશ્યા સાથેનાં સમ્બન્ધો શું આપે છે ? તેમાં કામરૂપી જ્વાલા વધતી જ જાય છે. માણસની યુવાની અને ખૂબ મહેનતથી મળેલું ધન આ સ્વચ્છંદતાના કારણે નાશ પામે છે. જે માર્ગ ભૂલેલાઓ વેશ્યા વડે કામવાસના શાંત કરવા મથે છે તે સફળ થતાં નથી, કારણ કે વેશ્યાનું રૂપ તો ઈંધણ છે જેમાં કામની જ્વાલાઓ વધે જ છે ને સઘળુ હોમાઈ જઈ, બળીને ભસ્મ થઈ જાય છે.

## ૨.૩ તમારી પ્રગતિ ચકાસો.

૧. શૃંગારશતક કયા પુરૂષાર્થોને આવરી લે છે ?

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

૨. શૃંગારશતકમાં કયા દેવનો મુખ્ય રીતે ઉલ્લેખ થયો છે ?

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

૩. શૃંગારશતકના પ્રથમ શ્લોકમાં કવિ કયા દેવતાને અને શા માટે નમસ્કાર કરે છે ?

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

૪. કામદેવે કયા ત્રણ દેવોને નોકરો બનાવી દીધાં છે ?

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

---------------------------------------------------------------------

૫. સ્ત્રીઓના કયા-કયા ભાવોને બંધનરૂપ માનવામાં આવે છે ?

૬. કયા કયા ભાવો સ્ત્રીઓના આભૂષણ અને હથિયાર છે ?

૭. સ્ત્રીઓને 'અબલા' નહિં પણ 'સબલા' કહેવા માટે કવિ કયા કારણો રજૂ કરે છે ?

૮. સંસારમાં મનુષ્ય માટે કઈ બે સ્થિતિ આવકારવા દાયક છે ?

૯. પ્રિયતમાને 'દયિતા' કેમ કહી શકાય ?

૧૦. કવિ ભર્તૃહરિ '**सखे**' એવા સંબોધનથી શી શીખામણ આપે છે ?

૧૧. કામદેવને માછીમારની ઉપમા આપી કવિ શું સમજાવે છે ?

----------------------------------------------------------------------

----------------------------------------------------------------------

----------------------------------------------------------------------

----------------------------------------------------------------------

----------------------------------------------------------------------

૧૨. કામી લોકોની કામનાઓ પાછળ કઈ કઈ વસ્તુઓ હોમાઈ જાય છે ?

----------------------------------------------------------------------

----------------------------------------------------------------------

----------------------------------------------------------------------

----------------------------------------------------------------------

----------------------------------------------------------------------

★ સંધિ છોડો :

(१) एतन्भूषणम्

----------------------------------------------------------------------

(२) चोन्मादकारिणी

----------------------------------------------------------------------

(३) स्पृशन्त्यास्तारुण्यम्

----------------------------------------------------------------------

(४) शक्रादयोऽपि

----------------------------------------------------------------------

(५) मात्सर्यमुत्सार्यम्

----------------------------------------------------------------------

(६) भवाम्बुराशौ

----------------------------------------------------------------------

(७) मत्सान्विकृष्यम्

----------------------------------------------------------------------

(८) कामिभिर्यत्र

----------------------------------------------------------------------

(९) वेश्याऽसौ

----------------------------------------------------------------------

★ પદોને જોડો :

(१) वाचाम्+अगोचर+चरित्र+विचित्रताय

---

(२) पराङ्मुखै+अर्धकटाक्ष+वीक्षणे

---

(३) भ्रूचातुर्यात्+कुञ्चित+अक्षाः

---

(४) स्त्रीणाम्+एतद+भूषणम्

---

(५) गतानाम्+आरम्भः

---

(६) वंशः+काण्डत्+छवीनाम्

---

(७) च+उन्मादः+कारिणि

---

(८) मत्स्यान्+अवकृष्य

---

(९) वचौभिः+इर्ष्याः+कलहेन

---

(१०) लज्जितः+अन्ताः+च

---

★ પ્રશ્નોના ઉત્તર આપો.

१. भगवते मकरध्वजाय नमः । સમજાવો.

---

---

---

---

---

२. समस्तभावैः खलु बन्धनं स्त्रियः । સ્પષ્ટ કરો.

---

---

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

૩. **सेव्या नितम्बा किमु भूधराणाम्** – સમજાવો .

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

૪. કવિ ભર્તૃહરિએ સ્ત્રી પ્રત્યેના મોહને કઈ રીતે ચકાસ્યું છે ?

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

૫. શૃંગારશતકનો સંદેશ

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------

એકમ ૩

# વૈરાગ્યશતકના નિયત શ્લોકો અને પ્રશ્નો

## રૂપરેખા

૩.૦ ઉદ્દેશ
૩.૧ પ્રસ્તાવના
૩.૨ वैराग्यशतकम् (નિયતાંશ)
૩.૩ તમારી પ્રગતિ ચકાસો

## ૩.૦ ઉદ્દેશ :

પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ –

- વૈરાગ્યશતકના શ્લોકોને અન્વય અને અર્થ સહિત સમજશે.
- સંસારમાં શા માટે રહેવું, પરમસ્થાન ખરેખર કયું, તે જાણી શકશે.
- જીવનની ઉત્તર અવસ્થાને સમજી શકશે.

## ૩.૧ પ્રસ્તાવના :

આ પહેલાનાં એકમ-૨ માં શૃંગારશતક અંતર્ગત મહત્વના શ્લોકોનો અભ્યાસ કર્યો. હવે આ એકમમાં કવિ ભર્તૃહરિના '**वैराग्यशतक**'ના મહત્વના શ્લોકોનો અભ્યાસ કરીશું. '**वितरति रागः इति वैराग्यः**' એ રીતે જયાં કામના રાગ, શૃંગાર વગેરેની નિરર્થકતા પ્રતીત થાય, તટસ્થતાનો ભાવ ઊભો થાય એટલે નીર-ક્ષીર વિવેક કેળવાય પછીનું ચિંતન કેવું હોય તે જાણી શકાય.

## ૩.૨ वैराग्यशतकम् (નિયતાંશ) :

(१)

चूडोत्तं सितचन्द्रचारुकलिकाचञ्चच्छिखाभास्वरो
लीलादग्धविलोलकामशलभः श्रेयोदशाग्रे स्फुरन् ।
अन्तः स्फूर्जदपारमोहतिमिरप्राग्भारमुच्चाटयं-
श्वेतः सद्मनि योगिनां विजयते ज्ञानप्रदीपो हरः ॥१॥

**અન્વય :**

चूडा उत्तंसित चारु चन्द्रकलिका चञ्चत् शिखाः भास्वरः लीलादग्ध् विलोल काम शलभः श्रेयः दशाः अग्रेः स्फुरन् अन्तः स्फूर्जत् अपार मोह तिमिरः प्राग्भारं उच्चाटयन् ज्ञानप्रदीपः

हरः योगिनां चेतः सद्मनि विजयते ।

**શબ્દાર્થ :**

**चूडा**-જટા, **उत्तंसित**-અલંકારની જેમ રાખ્યો છે, **चारु**-સુંદર, **कलिका**-કલા, **शिखा**-કલગી, **भास्वर**-પ્રકાશિત, **कामशलभ**-કામદેવરૂપી તીડને, **लीला**-સહજ રીતે રમત માત્રમાં, **दग्ध्**-બાળી નાંખ્યા, **श्रेयोदशाग्रे**-કલ્યાણરૂપી વાટની, **स्फुरन**-પ્રકાશતા, **प्राग्भार**-અતિશય, **उच्चाटयन्**-દૂર કરી દેતો, **चेतः**-મનરૂપી, **सद्मनि**-મહેલમાં, **विजयते**-વિજય પામે છે.

**ભાષાંતર :**

જટામાં શોભતી સુંદર ચંદ્રકલાની કલગીથી દેદીપ્યમાન, જેણે ચંચલ કામદેવરૂપી તીડને સહજ રીતે બાળી નાખ્યો છે તેવા, કલ્યાણ માટે આગળ પ્રકાશતા, અંતરમાં ઊભરાતા અપાર મોહના ભારે અંધકારને મૂળમાંથી ઉખેડી નાખનાર, જ્ઞાનના દીપક એવા ભગવાન શંકર, યોગીઓના મનરૂપી મંદિરમાં વિજય પામે છે.

**વિમર્શ :**

વૈરાગ્યશતકના પ્રથમ શ્લોકમાં કવિ ભર્તૃહરિએ યોગીઓના મનરૂપી મંદિરમાં પ્રકાશતા શિવસ્વરૂપ જ્ઞાનદીપકનું વિજયગાન કર્યું છે. તૃષ્ણા, તરસ, ઘેલછા, મોહ એ જ બધાં અનર્થો કે આપત્તિઓનું મૂળ છે. તૃષ્ણાનો ત્યાગ ન થાય ત્યાં સુધી રાગ જતો નથી અને વિરાગ પ્રગટતો નથી. જેમ ઈંડામાંથી મરઘી અને મરઘીમાંથી ઈંડુ જન્મે છે તેમ તૃષ્ણામાંથી મોહ અને મોહમાંથી તૃષ્ણા જન્મે છે. આ ભયાનક વિષચક્ર છે, તેને કોઈ વિરલો જ ભેદી શકે અને જે ભેદી શકે તેને જ સાચો જ્ઞાનપ્રકાશ મળે.

(૨)

खलोल्लापः सोढाः कथमपि तदाराधनपरै-
र्निगृह्यान्तर्बाष्पं हसितमपि शून्येन मनसा ।
कृतश्चित्तस्तम्भः प्रतिहतधियामञ्जलिरपि
त्वमाशे मोघाशे किमपरमतो नर्तयसि माम् ॥४॥

**અન્વય :**

खल उल्लापः तद् आराधना परैः कथम अपि सोढाः अन्तः बाष्पं निगृह्य शून्येन मनसा हसितम् अपि वित्तः स्तम्भः प्रतिहत धियाम् अञ्जलि अपि कृतः मोघ आशे आशे त्वम् अतः अपरम् किं नृत्यसि ?

**શબ્દાર્થ :**

**खलः+उल्लापः**-દુર્જનોનો બબડાટ, **सोढाः**-સહન કર્યા, **निगृह्य**-છૂપાવીને, **अन्तर्बाष्पम्**-અંતરના આંસુ, **शून्येन मनसा**શૂન્ય મનથી, **हसितमपि**-હસી રહ્યાં, **श्चित्तस्तम्भप्रतिहतधियाम्**-ધનની જડતાથી જેની બુદ્ધિ બહેર મારી ગઈ છે તેવા ધનવાનોના, **अञ्जलिः कृतः**-અંજલિ કરી છે, હાથ જોડયાં છે, **मोघाशे**-હે નિષ્ફળ આશાવાળી !

**ભાષાંતર :**

દુષ્ટોની સેવા કરતાં કરતાં, તેઓનાં કડવા વેણ મહામહેનતે સહન કર્યા. આંસુને અંતરમાં સંઘરીને, શૂન્ય મનથી હસતા રહ્યા, મનની લાગણી રોકીને, બુદ્ધિ વિનાના

મનુષ્યોને હાથ પણ જોડયા. તો પછી નિષ્ફળ આશા વાળી હે આશા ! તું શા માટે મને હવે નચાવે છે ?

**વિમર્શ :**

મનુષ્ય ભૌતિક સુખો જેવા કે, ગાડી, બંગલા, સોના-ચાંદી, બેંક બેલેન્સ વધારવા અર્થાત્ ધન મેળવવા દુષ્ટ ધનિકોનાં કડવાં વેણ સાંભળે છે. કારણ વગર તેની સેવા કરવા દોડી જાય છે. આ બધુય કરવામાં તેનું મન અંદરખાને માનતું નથી. બહારથી હસતું મોઢું રાખીને પણ વેઠો કર્યે જાય છે. ધનના નશામાં છકી ગયેલાં, બુદ્ધિ અને સંસ્કારહીન શ્રીમંતો આગળ કાકલુદી કર્યા કરે છે. તે જેવા નાચ નચાવે છે તેવા કરે છે. આ માટે જ કવિએ આશાની આગળ 'મોઘ' વિશેષણ મૂકીને તેને મોઘાશા કહી છે તે સંપૂર્ણ યોગ્ય છે. મોઘનો અર્થ છે નિરર્થક, નિષ્ફળ જે કોઈ પણ પ્રકારનું ફળ નથી આપતી.

(૩)

**अमीषां प्राणानां तुलितबिसिनीपत्रपयसां**
**कृते किं नास्माभिर्विगलितविवेकैर्व्यवसितम् ।**
**यदाढ्यानामग्रे द्रविणमदनिः शङ्क मनसां**
**कृतं मानव्रीडैर्निजगुणकथापातकमपि ॥५॥**

**અન્વય :**

**तुलित-बिसीनीपत्र-पयसाम् अमीषां प्राणानां कृते विगलित-विवेकैः अस्माभिः कृते किं न व्यवसितम् । यत् द्रविणः मदः निःशङ्क मनसाम् आढ्यानाम् अग्रे वीतव्रीडैः निजगुण कथा-यातकम् अपि कृतम् ॥**

**શબ્દાર્થ :**

**तुलितबिसिनीपत्रपयसाम्**-કમળના પાંદડા ઉપર પડેલા પાણી જેવા, **विगलित-विवेकैः**- વિવેક ત્યજીને, **व्यवसितम्**-વર્તન કર્યું છે, **द्रविणमद्**-પૈસાનો મદ, **निः संज्ञ**-સમજણ વિનાના, **मनसाम्**-મનવાળા, **आढ्यानाम्**-ધનાઢ્યોની, **अग्रे**-આગળ, **मानव्रीडै**-માન અને મર્યાદાવાળા, **निजगुणकथायातकम्**-પોતાના ગુણો કહેવાનું પાપ, **कृतं**-હોવા છતાં.

**ભાષાંતર :**

કમળના પાંદડા ઉપર પડેલાં જળબિંદુ જેવા આ પ્રાણોને માટે, વિવેકનો ત્યાગ કરીને પણ અમે શું શું નથી કર્યુ ? ધનના અભિમાનથી સમજણ વિનાના મનવાળા ધનવાળાઓની આગળ અમે માન-મર્યાદાવાળા છીએ, છતાં પોતાના ગુણોની વાત કહેવાનું પાપ કર્યુ.

**વિમર્શ :**

જીવન ક્ષણભંગુર છે. દરરોજ જીવનમાંથી એક-એક દિવસ ઓછો થાય છે. કમળના પાંદડા ઉપર પાણીના ટીપાની જેમ અસ્થિર એવું જીવન પસાર થઈ જાય છે. આવા તુચ્છ જીવન માટે મનુષ્યો શું શું નથી કરતાં! જેમકે વારંવાર વિવેકનો ત્યાગ કરવો પડે છે, ધન માટે આંધળા બની દોટ મૂકવી પડે છે, પોતાના ગુણોનો ઢોલ પીટવો પડે છે, લાચારીથી માફી માંગવી પડે છે અને આપવી પણ પડે છે, ટાઢ-તાપ વેઠવા પડે છે. પરંતુ જીવન જે માટે મળ્યું છે, તેનો જ વિચાર માણસ કરતો નથી. ખરેખર શિવપદનું ધ્યાન કરવું જોઈએ, પરંતુ જગત મોહની મદિરાનું પાન કરીને પાગલ બની ગયું છે.

(૪)

ब्रह्मज्ञानविवेकनिर्मलधियः कुर्वन्त्यहो दुष्करं
यन्मुञ्चन्त्युपभोगभाञ्ज्यपि धनान्येकान्ततो निःस्पृहाः।
संप्राप्तान्न पुरा न संप्रति न च प्राप्तौ दृढप्रत्यया-
न्वाञ्छामात्रपरिग्रहानपि परं त्यक्तुं न शक्ता वयम् ॥१३॥

**અન્વય :**

ब्रह्म-ज्ञान-विवेक-निर्मल-धिय अहो दुष्करं कुर्वन्त्य यत् एकान्ततः निःस्पृहाः उपभोग भाञ्ज धनानि अपि मुञ्चति। वयं पुरा न संप्राप्तवान् न संप्रति पुरापूतौ च न दृढ प्रत्यायान् वाञ्छ-मात्र-परिग्रहान् अपि त्यक्तुं परं न शक्ताः ॥

**શબ્દાર્થ :**

उपाभोगभाञ्जि अपि-ઉપભોગ કરવા યોગ્ય છતાં, एकान्ततः-અત્યંત, वाञ्छामात्र परिग्रहान्-માત્ર મનમાં કલ્પેલા, ब्रह्मज्ञानविवेक-બ્રહ્મજ્ઞાનના વિવેકથી, निर्मल-નિર્મળ, धियः-બુદ્ધિવાળા, यन् मुञ्यन्त्यु-જેઓ છોડી દે છે, संप्राप्तान्न-અમે મેળવ્યું નથી, पुरा-પહેલાં, वाञ्छा मात्र-માત્ર કલ્પેલા.

**ભાષાંતર :**

બ્રહ્મજ્ઞાનના વિવેકથી નિર્મળ બુદ્ધિવાળા સજ્જનો અહો ! કેવું દુષ્કર કામ કરે છે, કે તેઓ ઉપભોગ કરી શકાય તેવા ધનને નિઃસ્પૃહ બનીને સાવ ત્યજી દે છે. જયારે જેને અમે પહેલાં મેળવ્યું નથી, હવે મળવાનું નથી અને જે મળવાનો અમને વિશ્વાસ નથી, એવા માત્ર કલ્પેલા ધનવૈભવને પણ છોડવા અમે સમર્થ નથી.

**વિમર્શ :**

માનવજાતને બે પ્રકારના ધન મળ્યાં છેઃ આંતરિક અને બાહ્ય. સત્ય, શીલ, સદાચાર, વિવેક, નિષ્ઠા, સદ્‌વૃત્તિ અને બહારના ધન તરીકે સોનું-ચાંદી વગેરે. બીજા પ્રકારનું ધન મળે કે ન પણ મળે, ટકે અને ન પણ ટકે અને જો તે કદાચ ટકી પણ જાય તો મૃત્યુ તો થવાનું જ છે. સંસારમાં વિષય દ્વારા કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-મસ્તર (અભિમાન) થી કરવામાં આવતું કોઈપણ કામ કલ્યાણ કરનારૂં નથી. તો પછી વિવેકબુદ્ધિથી શા માટે અંદરના ગુણોને લઈને પરમપદની પ્રાપ્તિ માટે કાર્ય ન કરવું ? એમ આ સન્યાસી કવિનું ચિંતન છે.

(૫)

एको रागिषु राजते प्रियतमादेहार्धहारी हरो
नीरागेषु जनो विमुक्तललनासङ्गो न यस्मात्परः।
दुर्वारस्मरबाणपन्नगविषव्याबिद्धमुग्धो जनः
शेषः कामविडम्बितान्न विषयान्भोक्तुं न भोक्तुं क्षमः ॥१७॥

**અન્વય :**

प्रियतमा अर्धदेहहारी हरो रागिषु एको राजते, नीरागेषु जनो ललना सङ्गो विमुक्त यस्मात पर न। शेषः जनः दुर्वार स्मरबाण पन्नग विष व्याविद्ध मुग्धो, काम विडम्बतान् विषयान् न भोक्तु न भोक्तु क्षमः ॥

**શબ્દાર્થ :**

रागिषु-રાગીઓમાં , देहार्ध=देह+अर्ध-અડધા દેહને, हरो-શંકરના, प्रियतमा-પ્રેમીઓમાં,

**राजते**-શોભે છે, **नीरागेषु जनो**-વિરાગી માણસોમાં પણ, **दुर्वार**-ન રોકી શકાય તેવા, **स्मरबाण**-કામદેવના બાણ, **पन्नग**-સર્પો, **विषव्याविद्धमुग्ध**-ઝેરથી વ્યાપ્ત થવાના કારણે મૂઢ બનેલા, **विषयान्**-વિષયોને, **कामविडम्बितान्**-કામની વિડમ્બનાવાળા.

**ભાષાંતર :**

પ્રિયતમાના અર્ધા દેહને સાથે રાખનાર શંકર જેવા દેવ, પ્રેમીઓમાં એકલા શોભે છે. તેમજ વૈરાગી લોકોમાં પણ લલનાઓના સંગથી મુક્ત કોઈ બીજો નથી, બાકીના લોકો તો ન રોકી શકાય તેવા કામબાણરૂપી કાળાનાગના વિષથી મૂર્ચ્છિત થઈને, કામની વિડમ્બનાવાળા વિષયોને ન તો ભોગવી શકવા કે ન તો છોડી શકવા સમર્થ છે.

**વિમર્શ :**

રાગ અને વૈરાગ્ય, ભોગ અને યોગ, કામ અને મોક્ષ, રતિ અને વિરતિને સાથે રાખનાર જો કોઈ દેવ હોય તો તે શંકર છે. સાચો પ્રેમી પણ શંકર છે કેમ કે પાર્વતી સાથે તેનું અર્ધનારીનટેશ્વર સ્વરૂપ ખૂબ પ્રખ્યાત છે. આ સિવાય જે માનવીઓ છે તે વૈરાગ્યની જગ્યાએ રાગ, યોગની જગ્યાએ ભોગ, વિરતિની જગ્યાએ રતિ ઇચ્છે છે અને ચિંતનહીન જીવન જીવે છે. પરિણામે તે નથી વિષયોને છોડી શકતા, ભોગવી પણ શકતા નથી.

(६)

**तुङ्गं वेश्म सुताः सतामभिमताः संख्यातिगा संपदः**
**कल्याणी दयिता वयश्च नवमित्यज्ञानमूढो जनः ।**
**मत्वा विश्वमनश्वरं निविशते संसारकारागृहे**
**संदृश्य क्षणभङ्गुरं तदखिलं धन्यस्तु संन्यस्यति ॥२०॥**

**અન્વય :**

**तुङ्गं (उत्तुगं) वेश्म, सताम अभिमता सुताः अतिगाः संख्या संपदः, कल्याणी दयिता, नवमित्य वयः च अज्ञान मूढो जनः ।**

**(इदं) विश्वम् अनश्वरं मत्वा संसार कारागृहे निविशते तद क्षणभङ्गुरं संदश्य अखिलं संन्यस्यति तु धन्य ॥**

**શબ્દાર્થ :**

**तुङ्गम्**-ભવ્ય, **वेश्म**-મહેલ, **सताम्**-સજ્જનોમાં, **अभिमता**-માનીતા, **सुताः**-સુપુત્રો, **संख्यातिगाः संपदः**-અતિશય સંપત્તિ, **दयिता**-પુત્રવધૂ, **अज्ञान मूढो**-અજ્ઞાનથી મોહિત થયેલો, **जनः**-માણસ, **अनश्वरं**-અવિનાશી, **मत्वां**-સમજીને, **संसारकारागृहे**-સંસારરૂપી કારાગૃહમાં, **निविशते**-પડયો રહે છે.

**ભાષાંતર :**

ભવ્ય આવાસ, સજ્જનોમાં માનીતા હોય તેવા પુત્રો, અતિશય સંપત્તિ, કલ્યાણી કુળવધૂ, યુવાન, ઉંમર વગેરેમાં અજ્ઞાનથી મોહિત થયેલો માનવી આ વિશ્વને અવિનાશી સમજીને સંસારરૂપી જેલમાં જ પડયો રહે છે. પરંતુ તેને ક્ષણભંગુર સમજીને જે સંન્યાસ લઈ લે છે, તે ખરેખર ધન્ય છે.

**વિમર્શ :**

સંસાર અને તેની વસ્તુઓ અજ્ઞાનથી મૂઢ બનેલ માનવને વહાલી લાગે છે. ઊંચા અને આરામદાયક મહાલયો, અઢળક ધનદોલત, ગુણવાન સંતાનો, રૂપાળી

અને કલ્યાણી પ્રિયતમા અને રંગીલી યુવતી- આ બધું મનુષ્યને એવું ગમી જાય છે કે એના કેફી મોહમાં એ ભાન ભૂલી જાય છે. ખરેખર તો આ બંધન તેણે જાતે જ ઊભા કરેલા છે. એ અર્થમાં સંસાર એ એક જેલ છે પરંતુ મૂર્ખ, અજ્ઞાની માણસોને આવી જેલ વહાલી લાગતી હોય છે. જ્યારે યોગી આ ક્ષણભંગુર સત્યને જાણે છે, માટે તે ધન્ય છે.

(૭)

**पुण्ये ग्रामे वने वा महति सितपटच्छन्नपालिं कपालिं**
**ह्यादाय न्यायगर्भद्विजहुतहुतभुग्धूमधूम्रोपकण्ठे ।**
**द्वारं द्वारं प्रविष्टो वरमुदरदरीपूरणाय क्षुधार्तो**
**मानी प्राणैः सनाथो न पुनरनुदिनं तुल्यकुल्येषु दीनः ॥२३॥**

**અન્વય :**

**सितपटत् च्छिन्नपालिं कपालिं ह्यादा, न्यायगर्भ द्विज हुतहुतभूक धूम धूम्रउपकंठे महति वने वा पुण्ये ग्रामे द्वारं द्वारंप्रविष्टो क्षुधार्तो उदर-दरी-पूरणाय वरम्, (परं) मानी प्राणैः सनाथो अनुदिनं (प्रतिदिनं) कुल्येषु तुल्य दीनः पुर्न न ।**

**શબ્દાર્થ :**

**सितपत्र**-સફેદ વસ્ત્ર, **च्छिन्नपालिं**-ઢંકાયેલી છે, **कपालिं**-ભિક્ષાપાત્ર, **न्याय+गर्भ+द्विज**-ન્યાયને જાણનારા, **ब्राह्मणो**, **हुतहुतभूक**-હોમાયેલો અગ્નિ, **धूम**-ધૂમાડાથી, **धूम्रुपकंठे**-સીમાડા મલીન થયા છે એવા, **उदरदरीपूरणाय**-પેટનો ખાડો પૂરવા માટે.

**ભાષાંતર :**

સફેદ વસ્ત્રથી પૂરા ઢંકાયેલા ભિક્ષાપાત્રને લઈને, અંતરમાં ન્યાયવાળા બ્રાહ્મણોએ હોમેલા અગ્નિમાંથી નીકળતા ધૂમાડાથી જેના સીમાડા મલીન થયા છે, તેવા મોટા વનમાં અથવા પવિત્ર ગામમાં ઘેર ઘેર જઈને ભૂખ લાગે ત્યારે પેટનો ખાડો પૂરવો સારો. પરંતુ સ્વમાની આત્માવાળા પુરૂષે દરરોજ કુટુંબીઓની વચ્ચે રાંક બનીને રહેવું સારું નહિ.

**વિમર્શ :**

કવિ ભર્તૃહરિ આ **जठरपिठरी** પેટની પટારીને કદી ન ભરનારી **दूष्पूरा** કહે છે. તે માટે કેટ-કેટલી અવહેલના સહન કરવી પડે છે ! વળી આ પટારીનાં અપલક્ષણ તો જુઓ. ગમે તેવા કુળવાન માનવના માનને મૂકાવવામાં કાબેલ છે, આ રૂપાળી ચંદ્રિકા, ગુણોના વિકસેલા કમલવનને મૂરઝાવી નાખે છે. મર્યાદાની વધેલી વેલીનો લતામંડપ કાપી નાખવા તે કુહાડી જેવું કામ કરે છે, પણ કુટુંબની વચ્ચે દીન (ગરીબ) બનીને અપમાનિત દશામાં જીવવું તેના કરતાં ભિક્ષા માંગવી સારી. કવિ અહીં માનવ માટે ભૂખ કરતા પણ સ્વમાન અગત્યનું છે તે વાત ઉપર ભાર મૂકે છે.

(૮)

**किं कन्दाः कन्दरेभ्यः प्रलयमुपगता निर्झरा वा गिरिभ्यः**
**प्रध्वस्ता वा तरुभ्यः सरसफलभृतो वल्कलिन्यश्च शाखाः ।**
**वीक्षयन्ते यन्मुखानि प्रसभमपगतप्रश्रयाणां खलानां**
**दुःखाप्तस्वल्पवित्तस्मयपवनवशानर्तितभूलतानि ॥२५॥**

**અન્વય :**

**किं कन्दरेभ्य् कन्दाः प्रलयं वा (किं) गिरिभ्य निर्झरा उपगता सरल-फल-भृतो प्रध्वस्ता वा वल्कलि अन्यश्च शाखा प्रध्वस्ता यत् (मनुष्याणाम्)खलानां प्रसभ-उपगत-प्रश्रयाणां दुःखाप्त स्वल्पवित्त स्मयपवन-वशा-नर्तित-भूलतानि मुखानि वीक्ष्यन्ते ॥**

**શબ્દાર્થ :**

**कन्दाः**-કંદમૂળ, **कन्दरेभ्यः**-ગુફાઓમાંથી, **निर्झरा**-વહેતાં ઝરણા, **प्रसभम**-અત્યન્ત, **अपगतप्रश्रयाणां**-જેનો વિવેક ચાલ્યો ગયો છે તેવા, **खलानां**-દુષ્ટોના, **दुःखाप्त**-મહામહેનતે મેળવેલા, **स्वल्प**-થોડું, **वित्त**-ધન, **स्मय**-અભિમાન, **पवन**-પવન, હવા, **वशआनर्तितभूलतानि**-તેને લીધે જેનાં નેણ નાચી રહ્યાં છે તેવા, **मुखानि**-મુખો, ચહેરાઓ.

**ભાષાંતર :**

શું પર્વતની ગુફાઓમાં કંદમૂળ ખૂટી ગયાં છે ? અથવા શું તેમાંથી વહેતા ઝરણાંનાં નીર સુકાઈ ગયાં છે ? અથવા શું સરસ ફળ આપનાર વૃક્ષો ભાંગી ગયા છે કે વલ્કલ આપનારી ડાળીઓ તૂટી પડી છે ? કે મનુષ્યોને દુષ્ટ લોકોના આશ્રયે જવું પડે છે અને મુશ્કેલીથી મળેલ થોડી મૂડીના અભિમાનથી ખેંચાયેલ નેણવાળાં તેઓના મુખને નીરખવાં પડે છે ?

**વિમર્શ :**

મનુષ્યને બે સમયનું ભોજન સહેલાઈથી પ્રાપ્ત થાય તેવા અસંખ્ય ખાવા-પીવાનો પ્રબંધ-કાળજી ભગવાને દરેક માટે લીધી. ‘કીડીને કણ અને હાથીને મણ’ મળી જ રહે છે. રહેવા માટે હિમાલય અને અન્ય પર્વતો, પીવા માટે પર્વતમાંથી વહેતાં નિર્મલ ઝરણા સર્જ્યા છે. વિવિધ જાતના ફળ-ફૂલો બનાવ્યા છે. પહેરવા માટે વૃક્ષોની છાલો સહજ સુલભ છે. તો પછી સંવેદના વગરના જડ શ્રીમંતો આગળ શા માટે લાચારી કરવી ? ધનના લોભના કારણે જ શા માટે અપમાનના ઘૂંટડા પીવા ? આથી જ એક કવિ લખે છે –

**ઈશ્વર આટલામાં જ છે, એ વાત મેં એ રીતે જાણી,**
**સદીઓથી મફત મળે છે; પ્રકાશ, પવન અને પાણી.**

આ શ્લોકમાં પણ કવિ સ્વામાનનું મહત્ત્વ પ્રગટ કરે છે, પરંતુ રાગબદ્ધ માનવ આ વાત ક્યાં સમજી શકે છે ?

(૯)

ये संतोषनिरन्तरप्रमुदितास्तेषां न भिन्ना मुदो
ये त्वन्ये धनलुब्धसंकुलधियस्तेसां न तृष्णा हता ।
इत्थं कस्य कृतेः कृतः स विधिना कीदृक्पदं संपदां
स्वात्मन्येव समाप्तहेममहिमा मेरुर्न मे रोचते ॥२९॥

**અન્વય :**

**ये जनाः निरन्तर संतोष प्रमुदिता तेषां न भिन्ना मुदः अन्ये धनलुब्ध-संकुलधिय्ः तेषां तृष्णां हता न । रूत्थं स विधिना संपदापदं किद्क् कृते कृतः ? स्व-आत्मने एव समाप्तः (तस्मात्) मेरु न मे रोचते ।**

**શબ્દાર્થ :**

**न भिन्ना मुदः**-આનંદ ઓછો નથી થયો, **धन+लुब्ध+संकुल+धिया**-ધનના લોભથી સંકુચિત

બુદ્ધિવાળા, इत्थम-આમ, संपदा पदं-સંપત્તિઓનું સ્થાન એવો, सः-તે (મેરૂપર્વત), विधिना-વિધાતાએ, कस्य कृते कृतः- કોને માટે બનાવ્યો છે, स्व+आत्मने+एव+समाप्त-મારા અંતરમાં જ સમાપ્ત થઈ ગયો છે., हेम+महिमा-સોનાનો મહિમા.

**ભાષાંતર :**

જે લોકો નિરંતર સંતોષથી પ્રસન્ન રહેતા હોય છે, તેઓનો હર્ષ કદી તૂટતો નથી. પરંતુ જે બીજા લોકો ધનલોભી અને સંકુચિત બુદ્ધિના હોય છે, તેઓની તૃષ્ણા જતી નથી. તો પછી વિધિએ (વિધાતાએ) આ સંપત્તિઓનું સ્થાન કોને માટે શું કામ કર્યું હશે ? સોનાનો મહિમા મારા અંતરમાં જ સમાપ્ત થઈ ગયો છે, તેથી મેરૂ પર્વત પણ મને ગમતો નથી.

**વિમર્શ :**

મનુષ્ય માટે 'સંતોષ' ધારણ કરવા જેવું ઘરેણું છે એટલે તો કહેવત છે કે, 'સંતોષી નર સદા સુખી'. જ્યાં અસંતોષ છે ત્યાં દુઃખ જ છે. આનંદ એ સંપૂર્ણપણે મનુષ્યની અંદરથી ઊભી થતી વસ્તુ છે. કોઈ બહારનો પદાર્થ સોના, ચાંદી વગેરે આનંદ આપી શકે તે વાત જ અપ્રસ્તુત અને ભ્રામક છે. કેમકે, એ વસ્તુ જશે કે તરત જ આનંદ જતો રહેશે. 'આઠે પહોરનો આનંદ' એ વસ્તુ વગરનો આનંદ છે. ધનલોભી, સંકુચિત બુદ્ધિના માણસો બીજા પ્રકારના આનંદને મુખ્ય ગણે છે. તેને સતત ગુમાવવાનો ભય રહ્યા કરે છે. પરિણામે નથી ખાતા કે નથી ખવડાવતા. કહેવાય છે કે મેરૂ પર્વત આખેઆખો સોનાનો છે; પણ તેથી શું ? જેને મન સોનાનું મૂલ્ય જ ન હોય તેને મેરૂ નું શું મહત્ત્વ ?

(૧૦)

आधिव्याधिशतैर्जनस्य विविधैरारोग्यमुन्मूल्यते
लक्ष्मीर्यत्र पतन्ति तत्र विवृतद्वारा इव व्यापदः ।
जातंजातमवश्यमाशु विवशं मृत्युः करोत्यात्मसा-
त्तत्किं तेन निरङ्कुशेन विधिना यन्निर्मितं सुस्थिरम् ॥३३॥

**અન્વય :**

र्जनस्य विविधैः शतैः आधि-व्याधि आरोग्यं उन्मूल्यते, यत्र लक्ष्मी तत्र विवृत्तद्वारा इव व्यापदः पतन्ति । (मनुष्याः) जातं जातं अवश्यं आशु मृत्यु आत्मसात्तम् करोति । तत् किं तेन निरङ्कुशेन विधिना यत् निर्मितं सुस्थिरम् ॥

**શબ્દાર્થ :**

शतैः-સેંકડો, र्जनस्य-મનુષ્યને, विविधै-અનેક પ્રકારની, आरोग्यम्+उन्मूल्यते-આરોગ્ય દૂર થઈ રહ્યું છે, यत्र लक्ष्मी-જ્યાં લક્ષ્મી, पतन्ति-પડે છે અર્થાત્ હોય છે, तत्र-ત્યાં, विवृत+द्वारः+इव-જાણે દરવાજા ખૂલી ગયા હોય, व्यापद (पतन्ति)-આપત્તિઓ આવી પડે છે, जातम्+जातम्-જેમ જેમ જન્મે છે, मृत्यु-મૃત્યુ/મરણ, आत्मसात्-આત્મસાત્ (પોતાનો), करोति-કરે છે, विधिना-વિધાતાએ, यन्+निर्मितं+सुस्थिरम्-સારી રીતે સ્થિર બનાવ્યું હોય ?

**ભાષાંતર :**

મનુષ્યને અનેક પ્રકારની આધિ અને વ્યાધિ વડે આરોગ્ય દૂર થઈ રહ્યું છે. જ્યાં લક્ષ્મી હોય છે ત્યાં જાણે દરવાજા ખુલ્લી ગયા હોય તેમ આપત્તિઓ આવી પડે છે. મનુષ્ય જેમ જેમ જન્મે છે, તેમ તેમ મૃત્યુ તેને આત્મસાત્ કરે છે. તેથી એવું શું છે, જેને તે નિરંકુશ વિધિએ સારી રીતે સ્થિર બનાવ્યું હોય ?

**વિમર્શ :**

માણસ જાત માટે ત્રણ આપત્તિઓ આવતી રહે છે (૧) દૈવી આપત્તિ=જેમકે ભૂકંપ, અતિવૃષ્ટિ, દુષ્કાળ (૨) આધિ કે ઉપાધિ=ચોર, લૂંટારા, સરકારીતંત્રની કનડગત, સગાં-વહાંલા વગેરે (૩) વ્યાધિ=જુદા જુદા રોગો. આ ત્રણ દરવાજાથી કોઈને કોઈ દુઃખ આવી જ પડે છે. દિવસ ઊગે ને આપણે મૃત્યુ પાસે એક-એક દિવસ નજીક જતાં હોઈએ છીએ.

સચરાચર જગતમાં દરેક વસ્તુ નાશવંત છે. વૃક્ષો, પર્વતો, નદીઓને પણ ઘસારો લાગે છે તો માનવીની યુવાની, રૂપ, ધન, બળ, અભિમાન વગેરેની શી વિસાત? નવાઈની વાત તો એ છે કે આ સઘળું માનવીની સામે જ ધીમે ધીમે નાશ પામે છે. તો પછી જેનો નાશ નથી, જન્મ નથી, મૃત્યુ નથી તેવા બ્રહ્મનું શરણું શું કામ ન લેવું ? અચલ એવું માત્ર ભગવાનનું શરણ જ છે, બીજુ કંઈ નહીં.

(૧૧)

**आयुः कल्लोललोलं कतिपयदिवसस्थायिनी यौवनश्री-**
**रर्थाः संकल्पकल्पा घनसमयतडिद्विभ्रमा भोगपूगाः ।**
**कण्ठाश्लेषोपगूढं तदपि च न चिरं यत्प्रियाभः प्रणीतं**
**ब्रह्मण्यासक्तचित्ता भवत भवभयाम्भोधिपारं तरीतुम् ॥३६॥**

**અન્વય :**

**आयुः कल्लोलः लोलं, यौवनश्री कतिपय दिवस स्थायिनी, अर्थाः संकल्प अकल्पाः, भोगपूगाः धनसमय तडित् विभ्रमाः प्रियाभिः कण्ठः गूढं आश्लेषो प्रणीतं तद अपि चिरं न, (तस्मात्) भव-भया-अम्भोधिपारं तरीतूम ब्रह्मण्य आसक्त चिताः ॥**

**શબ્દાર્થ :**

**आयुः**-આયુષ્ય, ઉંમર, **कल्लोल+लोलं**-પાણીના તરંગ જેવી ચંચળ, **यौवनश्री**-યૌવનની શોભા, **कतिपय्**-થોડા, **दिवस**-દિવસ, **स्थायिनी**-રહેનારી છે, **अर्था**-પદાર્થો જેવા કે ધન, ધાન્ય, મકાન, મિલકત, વૈભવની વસ્તુઓ, **संकल्पकल्पा**-સંકલ્પની જેવા (અસ્થિર) જેમ સંકલ્પ મનમાં જ ઊભા થાય છે ને મનમાં જ શમે છે તેમ, **भोगपूगाः**-ભોગના સમૂહો, **घनसमय**-વર્ષાકાળ, **तडित् विभ्रमाः**-વીજળીના ચમકાર જેવા, **प्रियाभिः प्रणीतं**-પ્રિયતમાઓએ આપેલું, **कण्ठाश्लेषोपगूढं**-કંઠમાંનું ગાઢ આલિંગન, **न चिरं**-લાંબુ નહીં, **भव**-સંસાર, **अम्भोधिपारं**-સંસારરૂપી સાગરને પાર, **तरीतुम्**-તરવા માટે, **ब्रह्मण्या**-બ્રહ્મમાં, **आसक्तचित्ता**-મન લગાડો.

**ભાષાંતર :**

આયુષ્ય તો જળના તરંગ જેવું ચચળ છે. યૌવનની શોભા તો થોડા દિવસો જ રહેનારી છે. ધનવૈભવ, સંકલ્પના જેવો (અસ્થિર) છે. ભોગવિલાસ, વર્ષા સમયે થતી વીજળીના જેવા છે. પ્રિયતમાઓએ કંઠમાં જે ગાઢ આલિંગન આપ્યું છે, તે પણ લાંબો વખત ટકતું નથી. તેથી આ સંસારરૂપી સાગરને પાર જવા માટે, બ્રહ્મમાં મન લગાડો.

**વિમર્શ :**

કાળ અર્થાત્ સમયની ગતિ અકળ છે. રોજ ઊગતો અને આથમતો સૂરજ જીવનને કાપ્યા કરે છે. કામકાજના બોજમાં અને ધનને રળવામાં ખુદ ક્યાં રોળાઈ જઈએ છીએ, તેની પણ ખબર પડતી નથી. દેખાવડા ચહેરા પર ક્યારે કરચલીયો પડે છે, તેની ખબર પણ પડતી નથી. જીવનનો સરવાળો કરીએ ત્યારે ખબર પડે કે

કુલ વર્ષોમાં સુખનો ભાગ તો ખૂબ થોડો હતો. ચોમાસામાં વીજળીના ચમકારા જેટલો જ ! પ્રિયતમાએ જે આલિંગન સુખ આપેલું તે પણ સમય જતાં સ્મરણરૂપી ત્રાસ આપી જાય છે. ખાન, પાન, આહાર-વિહાર એક સરખા છે તો પણ માણસ કંટાળતો નથી અને વધારેમાં વધારે તેમાં રચ્યો-પચ્યો રહે છે. અંતે સુખ આપનારી વસ્તુઓ જ તેને દુઃખ આપે છે. એટલે જ વિદ્વાન, ડાહ્યા અને શાણા માણસો બ્રહ્મને પામવા, તેનું આરાધન કરવા તેમની સાધન સંપત્તિ અને શક્તિઓને કામે લગાડે છે.

## ૩.૩ તમારી પ્રગતિ ચકાસો :

● **સમાસ થયેલ પદોને છૂટા પાડો.**

(૧) लीलादग्धयिविलोलकामशलभम्

.................................................................

.................................................................

(૨) वित्तस्तम्भप्रतिहतधियामञ्जलिरपि

.................................................................

.................................................................

(૩) तुलितबिसिनीपत्रपयसाम्

.................................................................

.................................................................

(૪) ब्रह्मज्ञानविवेकनिर्मलधियः

.................................................................

.................................................................

(૫) दुर्वारस्मरबाणपन्नगविषव्याविद्धमुग्धः

.................................................................

.................................................................

(૬) सितपटच्छन्नपालिम्

.................................................................

.................................................................

(૭) वरमुदरदरीपूरणाय

.................................................................

.................................................................

(૮) प्रसभमपगतप्रश्रयाणाम्

.................................................................

.................................................................

(૯) संतोषनिरन्तरप्रमुदितास्तेषाम्

.................................................................

.................................................................

(૧૦) आधिव्याधिशतैर्जनस्य

.................................................................

........................................................................

● **સંધિ જોડો :**

(१) **दशा:+अग्रे:**

........................................................................

........................................................................

(२) **तद+आराधन:**

........................................................................

........................................................................

(३) **खल+उल्लाप:**

........................................................................

........................................................................

(४) **तत्+आराधन:**

........................................................................

........................................................................

(५) **न+अस्माभि:**

........................................................................

........................................................................

(६) **विवेकै:+व्यवसितम्**

........................................................................

........................................................................

(७) **कुर्वन्ति+अह:**

........................................................................

........................................................................

(८) **धिय:+तेषाम्**

........................................................................

........................................................................

(९) **करोति+आत्मसात्**

........................................................................

........................................................................

(१०) **यत्+निर्मितम्**

........................................................................

........................................................................

● **નીચેના પ્રશ્નોનો એક-બે વાક્યમાં જવાબ આપો.**

(૧) ચાર પુરૂષાર્થોમાંથી '**वैराग्यशतकम्**' માં કયો પુરૂષાર્થ સિદ્ધ થાય છે ?

........................................................................

........................................................................

........................................................................

........................................................................

....................................................................................

....................................................................................

(૨) **'वैराग्य'** શબ્દને કઈ રીતે સમજાવી શકાય ?

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૩) કવિ ભર્તૃહરિ પ્રથમ શ્લોકમાં ભગવાન શંકરને કેવી પ્રાર્થના કરે છે ?

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૪) મનુષ્યને 'આશા' કેવી કેવી રીતે નચાવે છે ?

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૫) મનુષ્યના પ્રતિદિન પસાર થતાં જીવનને કવિ કોની સાથે સરખાવે છે ?

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૬) કવિ ભર્તૃહરિ સાચા પ્રેમી તરીકે શંકરને કેમ ઓળખાવે છે ?

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

(૭) કવિ ભર્તૃહરિ સંસારને કારાગૃહ શા માટે કહે છે ?

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

..........................................................................

..........................................................................

(૮) સ્વમાની પુરૂષે શું શું ન કરવું જોઈએ ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૯) સંતોષી માણસને કેવા કેવા ફાયદા થાય છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૧૦) મનુષ્ય જાતિને કેવી-કેવી આપત્તિઓનો સામનો કરવો પડે છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૧૧) ધનવૈભવની પામરતા કવિ કેવી રીતે સિદ્ધ કરે છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

● **નીચેના વાક્યો સમજાવો :**

(१) **योगिनां विजयते ज्ञानप्रदीपो हरः ।**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(२) धन्यस्तु संन्यस्यति ।

(३) न पुनरनुदिनं तुल्यकुल्येषु दीनः ।

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(४) मेरुर्न मे रोचते ।

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

- **વિસ્તૃત નોંધ લખો :**

(૧) ભર્તૃહરિના મતે તૃષ્ણાનું સ્વરૂપ

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(૨) वैराग्यशतकम् — નો સંદેશ

એકમ ૪

# નીતિશતકના નિયત શ્લોકો અને પ્રશ્નો

## રૂપરેખા


૪.૦ ઉદ્દેશ

૪.૧ પ્રસ્તાવના

૪.૨ નીતિશતકમ્ (નિયતાંશ)

૪.૩ તમારી પ્રગતિ ચકાસો.


## ૪.૦ ઉદ્દેશ

પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ –

- ભર્તૃહરિ વિરચિત નીતિશતકના કેટલાક શ્લોકોને અન્વય અને અર્થ સહિત સમજી શકશે.
- જીવન કેવી રીતે જીવવું, સંસારની ઘટમાળમાં કઈ-કઈ કાળજી રાખવી તેનાથી માહિતગાર થશે.
- નીતિવિષયક વિચારોને જાણી શકશે.

## ૪.૧ પ્રસ્તાવના

ભર્તૃહરિના શતક સાહિત્યમાં ભારતીય સમાજને અનુકૂળ આવે તેવી રીતે શૃંગાર, વૈરાગ્યની ચર્ચા કરી છે. તે દ્વારા નાશવંત વસ્તુઓ વિષે ધ્યાન ન આપવા અને જે આવશ્યક જ વસ્તુ, પદાર્થ છે તેને જાળવવા મહામહેનત કરવા કહ્યું છે.

સમાજની સરળ વ્યવસ્થા માટે શું જરૂરી છે ? ભારતના જીવનને શેની જરૂર છે, કોઈપણ સમયમાં કોઈપણ દેશને શ્રેષ્ઠ માર્ગદર્શન મળી રહે તેવી સુંદર વિચાર સરણી **નીતિશતક** માં રજૂ થઈ છે.

## ૪.૨ નીતિશતકમ્ (નિયતાંશ)

(૧) दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये।

स्वानुभूत्येकमानाय नमः शान्ताय तेजसे ॥१॥

**અન્વય :**

**दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्र मूर्तये, स्वानुभूत्येकमानाय, शान्ताय, तेजसे नमः ॥**

**શબ્દાર્થ :**

**दिक्+काल+अनवद्य**-દિશાઓ અને કાળથી અવ્યાપન, **अनन्त**-અનન્ત, **चित् मात्र मूर्तये**-કેવળ ચૈતન્ય સ્વરૂપ, **स्वानुभूत्ये**-જાત અનુભવ, **एकम् आनाय**-જેનું પ્રમાણ છે, **शान्ताय**-શાંતિ આપનારા, **तेजसे**-પરબ્રહ્મને, **नमः**-પ્રણામ હો.

**ભાષાંતર :**

જેની મૂર્તિ દિશા અને કાળ વગેરેથી અવ્યાપ્ત છે, એટલા માટે જ અનન્ત અને ચૈતન્યરૂપી છે, એક જ જાત અનુભવ જેનું પ્રમાણ છે, તેવા શાંતિ આપનારા પરબ્રહ્મને પ્રણામ હો.

**વિમર્શ :**

જેમ પરબ્રહ્મ પરમાત્મા દેશકાળના બંધનોથી પર અને સર્વત્ર વ્યાપક છે, તેમ નીતિ અથવા નૈતિકતા પણ સર્વવ્યાપી છે. તેનું સંસારમાં સર્વોચ્ચ સ્થાન છે. નૈતિકતાનું પતન થાય છે અજ્ઞાનરૂપી અંધકારથી. આ અંધકારનો નાશ થાય છે જ્ઞાનરૂપી પ્રકાશથી. આ રીતે મંગલશ્લોકનો **'तेज'** શબ્દ સાર્થક છે. નીતિનું પાલન એ પરમાત્માના પૂજન સમાન છે.

(૨) **प्रसह्य मणिमुद्धरेन्मकरवक्त्रदंष्ट्रान्तरा-**
**त्समुद्रमपि सन्तरेत्प्रचलदूर्मिमालाकुलम्।**
**भुजङ्गमपि कोपितं शिरसि पुष्पवद्धारये-**
**न्न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत्॥**

**અન્વય :**

**(नरः) मकरवक्त्रदंष्ट्रान्तरात् मणिं प्रसह्य उद्धरेत्, प्रचलदूर्मिमालाकुलं समुद्रम् अपि सन्तरेत्, कोपितं भुजङ्गम् अपि पुष्पवत् शिरसि धारयेत्, तु प्रतिनिविष्ट मूर्खजनचितं न आराधयेत् ॥**

**શબ્દાર્થ :**

**प्रसह्य**-બળપૂર્વક, **मकर**-મગર, **वक्त्र** -મુખ, **दंष्ट्रान्तरात्**-દાઢોની વચ્ચેથી, **प्रचलत्**-ઉછળતા, **उर्मिमालाकुलम्**-મોજાંઓનો સમુદાય, **कोपितं**-ગુસ્સે થયેલા, **भुजङ्ग** -સાપ, **पुष्पवत्** -પુષ્પની જેમ, **शिरसि** -માથા પર, **अवधारयेत्**-ધારણ કરી શકાય, **प्रतिनिविष्ट** -દુરાગ્રહી, **मूर्खजन**-મૂર્ખ માણસ, **चितम्**-ચિત્તને, મનને, **न आराधयेत**-પ્રસન્ન કરી શકાય નહીં.

**ભાષાંતર :**

(મનુષ્ય ધારે તો) મગરના મુખની દાઢોમાંથી બળપૂર્વક મણિ ખેંચી કાઢી શકે, ઉછળતા મોજાની હારોથી ભરપૂર દરિયાને તરી શકે, ગુસ્સે થયેલા સાપને પણ પુષ્પની જેમ મસ્તક પર ધારણ કરી શકે. પરન્તુ દુરાગ્રહી મૂર્ખ માણસના મનને પ્રસન્ન કરી શકે નહિ.

**વિમર્શ :**

જે માણસ મૂર્ખ વળી હઠીલો હોય, પોતાનો જ કક્કો સાચો આવી જેની

મનોવૃત્તિ હોય, તેને કેમેય કરીને સમજાવી શકાય જ નહિં, તેનાથી વિપરીત મગર જેવા હિંસક પ્રાણીના મુખમાં રહેલા મણિને ખેંચી શકાય, ગુસ્સે થયેલા સાપને હળવેથી માથા પર ધારણ કરી શકાય, તોફાની દરિયાને પણ તરી શકાય. આ બધુય આપણે ટી.વી. વગેરેમાં જોઈએ છીએ, પણ મૂર્ખને ન સમજાવી શકાય. અતિશયોક્તિ અલંકારનું ઉત્તમ ઉદાહરણ આ શ્લોકમાં જોવા મળે છે.

(૩) **लभेत सिकतासु तैलमपि यत्नतः पीडयन्**
**पिबेच्च मृगतृष्णिकासु सलिलं पिपासार्दितः।**
**कदाचिदपि पर्यटञ्शशविषाणमासादयेत्**
**न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत् ॥**

**અન્વય :**

**(नरः) यत्नतः पीडयन् सिक्तासु तैलम् अपि लभेत, च पिपासार्दितः मृगतृष्णिकासु सलिल पिबेत, कदाचित् पर्यटन् शशविषाणम् अपि आसादयेत्, तु प्रतिनिविष्टमूर्खजनचित्तं न आराधयेत् ॥**

**શબ્દાર્થ :**

**यत्नत**-પ્રયત્નપૂર્વક, **सिक्तासु**-રેતીમાં, **पीडयन्**-પીલવાથી, **तैलम्** -તેલ, **अपि**-પણ, **लभेत**-મળે, **पिपासार्दित**- તરસથી વ્યાકુળ બનેલ, **मृगतृष्णिकासु**-મૃગ જળમાંથી, **सलिल**-જળ, **पिबेत्**-પી લે, **पर्यटन्**-ફરતા, **शशविषाणम्**-સસલાનું શીંગડુ, **आसादयेत**-મેળવે.

**ભાષાંતર :**

(માણસ ધારે તો) પ્રયત્નપૂર્વક રેતી પીલવાથી તેલ મળી શકે, તરસથી વ્યાકુળ બનેલ કોઈ મૃગજળના પાણી પી શકે, ફરતા ફરતા કોઈકવાર સસલાનું શીંગડું પણ મળી આવે પરંતુ દુરાગ્રહી મૂર્ખ માણસના ચિત્તને પ્રસન્ન કરી શકાય નહિ.

**વિમર્શ :**

આ શ્લોકનો ભાવાર્થ એ છે કે મૂર્ખાઓને સમજાવવામાં સમય અને શક્તિનો વ્યર્થ વ્યય કરવા કરતાં જડ અને અશક્ય લાગતી બાબતોમાં પ્રયત્ન કરવામાં આવે તો લાંબે ગાળે પણ કંઈક પરિણામની આશા રાખી શકાય. અશક્ય વાત પણ શકય બને પરંતુ દુરાગ્રહી મૂર્ખ વ્યક્તિને સમજાવી શકાય નહીં. આ શ્લોકમાં અતિશયોક્તિનું તત્ત્વ હોવાથી અતિશયોક્તિ અલંકાર કહેવાય છે.

(૪) **यदा किंचिजज्ञोऽहं द्विप इव मदान्धः समभवं**
**तदा सर्वज्ञोऽस्मीत्यभवदवलिप्तं मम मनः।**
**यदा किंचित्किंचिदबुधजन सकाशादवगतं**
**तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः॥८॥**

**અન્વય :**

**यदा अहं किंचित जज्ञः (तदा) द्विपः इव मदान्धः समभवम्। तदा सर्वज्ञः अस्मि इति मम मनः अवलिप्रम् अभवत। यदा बुधजनसकाशात् किञ्चित् अवगतं तदा मूर्खः अस्मि इति मे मदः ज्वरः इव व्यपगतः ॥**

**શબ્દાર્થ :**

**यद**-જયારે, **अहं**-હું, **किंचित्**-થોડું, **जज्ञो**-જાણતો, **द्विप**-હાથી, **इव**-જેમ, **मदान्ध**-અભિમાનથી અંધ, **समभवम्**-થયો, **तदा**-ત્યારે, **सर्वज्ञ+अस्मी+इति**-હું સર્વજ્ઞ છું, **अवलिप्तं**-ઘમંડી, **बुधजन**-ડાયા માણસો, **सकाशात्**-પાસેથી, **अवगतम्**-પ્રાપ્ત થયું, **मूर्ख+अस्मी+इति**-હું મૂર્ખ છું, **ज्वर**-તાવ.

**ભાષાંતર :**

જયારે હું થોડું જાણતો હતો ત્યારે હાથીની જેમ મદથી આંધળો બની ગયો હતો અને ''હું સર્વજ્ઞ છું'' એવા (વિચારે) મારું મન છકી ગયું હતું. પણ જયારે મેં ડાહ્યા માણસો પાસેથી થોડું થોડું જાણ્યું ત્યારે ''હું તો મૂર્ખ છું'' એમ મારું અભિમાન તાવની જેમ ચાલી ગયું.

**વિમર્શ :**

ગુજરાતીમાં એક કહેવત છે કે 'અધૂરો ઘડો છલકાય ઘણો' તે રીતે અજ્ઞાની અથવા ઓછા જ્ઞાની માણસોનો અહમ્ ચરમ કક્ષાએ હોય છે. 'હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે' તેવો તેમનો વિચાર હોય છે. આ શ્લોકની વિશેષતા એ છે કે કવિએ '**यदा अहम्**' જયારે હું એમ કહીને વાત કરી છે. અન્યોક્તિ વાપરી નથી. અહીં કવિના નમ્ર સ્વભાવનો પરિચય થાય છે.

(૫) **शक्यो वारयितुं जलेन हुतभुक्छत्रेण सूर्यातपो**
**नागेन्द्रो निशितांकुशेन समदौ दण्डेन गोगर्दभौ।**
**व्याधिभेषजसंग्रहैश्च विविधैर्मन्त्रप्रयोगैर्विषं**
**सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौषधम् ॥१०॥**

**અન્વય :**

**हुतभुक् जलेन वारयितुं शक्यः, सूर्यातपः छत्रेण, समद्रौ नागेन्द्रः निशितां अंकुशेन, गौ गदर्भो दण्डेन, व्याधिः भेषजसंग्रहैः, च विषं विविधैः मन्त्रप्रयोगैः। सर्वस्य शास्त्रविहितम् औषधम् अस्ति (किन्तु) मूर्खस्य औषधं न अस्ति**

**શબ્દાર્થ :**

**हुतभुक्**-અગ્નિને, **जलेन**-જળથી, **वारयितुं**-શાંત કરવો, **छत्रेण**-છત્રથી, **सूर्य आतप**-સૂર્યના તડકાને, **नागेन्द्र**-હાથીને, **निशिताम्**-તીક્ષ્ણ, **अंकुशेन्**-અંકુશથી, **समद्रौ**-મદથી મદમસ્ત, **व्याधि**-રોગ, **भेषजसंग्रहै**-દવાઓ લેવાથી, **विषं**-ઝેર, **विविधै+मन्त्र+प्रयोगैः**-વિવિધ મંત્રોના પ્રયોગોથી, **शास्त्रविहितम्**-શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે, **औषधम्**-ઔષધ, **अस्ति**-છે, **मूर्खस्य+न+अस्ति+औषधम्**-મૂર્ખ માણસ માટે કોઈ દવા નથી.

**ભાષાંતર :**

જળથી અગ્નિને શાંત કરવો શક્ય છે, છત્રીથી સૂર્યના તડકાને અટકાવી શકાય. તીક્ષ્ણ અંકુશથી હાથીને વશમાં લઈ શકાય અને દંડથી મદમસ્ત એવા બળદ અને ગધેડાને પણ વારી શકાય.દવાઓ લેવાથી રોગને નિવારી શકાય અને વિવિધ મંત્ર પ્રયોગોથી ઝેરને શમાવી શકાય. આમ બધી જ વસ્તુઓને માટે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેનું ઔષધ છે. એકમાત્ર મૂર્ખા માણસને માટે કોઈ દવા નથી.

**વિમર્શ :**

ભર્તૃહરિ ફરી એકવાર આ સુભાષિતમાં મૂર્ખ માણસની ટીકા કરે છે. દુનિયામાં બધા અનર્થોનો પ્રતિકાર કરી શકાય છે કે એનું ઔષધ-દવા મળે છે. આપણા શાસ્ત્રમાં તમામ બાબતોનો ઉકેલ મળે છે; પણ એક મૂર્ખ માણસને માટે તેની મૂર્ખાઈ દૂર કરવાનો કોઈ ઉપાય નથી કે કોઈ દવા નથી. આવા મૂર્ખો પહેલાં પોતાને, પછી કુટુંબને, ગામને અને રાષ્ટ્રને પણ પોતાની મૂર્ખામીથી પરેશાન કરે છે.

(૬) **शिरः शार्वं स्वर्गात्पशुपति शिरस्तत्क्षितिधरं**
**महीध्रादुत्तुङ्गादवनिमवनेश्चापि जलधिम्।**
**अधो गङ्गा सेयं पदमुपगता स्तोकमथवा**
**विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ।।११।।**

**અન્વય :**

**इयं गङ्गा स्वर्गात् शार्वं शिरः पतति, शिरसः तत्क्षितिधरन् उतुङ्गात् महीघ्रात् अवनिम्, अपि च, अवनेः जलधिं (पतति), एवम् अधः अधः स्तोकं पदम् उपगता। अथवा, विवेकभ्रष्टानां शतमुखः विनिपातः भवति।।**

**શબ્દાર્થ :**

**इयं**-આ, **स्वर्गात्**-સ્વર્ગમાંથી, **शार्वः**-શંકર,**शिर**-મસ્તક, **पतति**-પડી, **तत् क्षितिधरम्**-પર્વત પરથી, **महीघ्रात**-હિમાલય પર્વત પરથી, **अवनिम्**-પૃથ્વી પર, **जलधिं**-સમુદ્રમાં, **अधः अध**-નીચે નીચે, **पदं**-સ્થાન, **स्तोकं**-હલકું, ઉતરતું, **उपगता**-પામી, **विवेकभ्रष्टानाम्**-વિવેકમાંથી ચલિત થયેલાઓનું, **शतमुखः**-સેંકડો પ્રકારે, **विनिपातः**-પતન થાય.

**ભાષાંતર :**

સ્વર્ગમાંથી શંકરના મસ્તક પર, શંકરના મસ્તક પરથી પર્વત પર, ઉત્તુંગ હિમાલય પર્વત પરથી પૃથ્વી પર અને વળી પૃથ્વી પરથી સમુદ્રમાં પડી. આ ગંગા નીચું ને નીચું હલકુ પદ પામી અથવા વિવેકમાંથી ચલિત થયેલાઓનું સેંકડો પ્રકારે પતન થાય છે.

**વિમર્શ :**

જેમ ગંગા ઉત્તમ વિષ્ણુપદથી નીકળીને મહાદેવજીના મસ્તકથી શરૂ કરી અંતે ખારા સાગરમાં એમ નીચાં નીચાં સ્થાને પડતી રહી. આમ એકવાર નીચા સ્થાન પર માણસ પડવાનું શરૂ કરે પછી સતત તેની અધોગતિ થાય છે. પડતીની પ્રથમ નિશાની '**विवेक**' માંથી ભ્રષ્ટ થવું તે છે. અર્થાત્ સારું શું ? ખરાબ શું ? એનો પ્રથમ વિચાર કરવા માત્રથી પતનમાંથી બચી શકાય.

(૭) **साहित्यसङ्गीतकलाविहीनः साक्षात्पशुः पुच्छविषाणहीनः।**

**तृणं न खादन्नपि जीवमानस्तद्भागधेयं परमं पशूनाम् ॥१२॥**

**અન્વય :**

**साहित्यसंगीतकलाविहीनः (नरः) पुच्छविषाणहीनः साक्षात् पशुः। तृणं न खादन् अपि जीवमानः, तत्तू पशूनां परमं भागधेयम् ॥**

**શબ્દાર્થ :**

**साहित्य+संगीत+कला+विहिन**-સાહિત્ય સંગીત અને કલા વગરનો,

**पुच्छ+विषाण हीन**-પૂંછડા શીંગડા વગરનો, **साक्षात् पशुः**-સાક્ષાત પશુ, **तृणं**-ઘાસ, **न खादन्न+अपि**-ઘાસ ખાતો ન હોવા છતાં પણ, **जीवमान**-જીવતો, **भागधेयम्**-નસીબ.

**ભાષાંતર :**

સાહિત્ય સંગીત અને કલા વગરનો માણસ પૂંછડા અને શિંગડા વગરનો સાક્ષાત પશુ છે. ઘાસ ખાતો ન હોવા છતાં જીવે છે. એ પશુઓનું સૌભાગ્ય છે.

**વિમર્શ :**

| મનુષ્યો | સમાનતા | પશુઓ |
|---|---|---|
| (૧) ઊંઘ, આહાર, મૈથુન (પ્રજા ઉત્પન્ન કરે છે) | | (૧) ઊંઘ, આહાર, મૈથુન (પ્રજા ઉત્પન્ન કરે છે) |
| | અસમાનતા | |
| (૧) સાહિત્ય, સંગીત અને કલાનો શોખ હોય છે. | | (૧) સાહિત્ય, સંગીત, કલાને માણી નથી શકતા. |
| (૨) ઉપરની બંને વાતો હોય તો જ માણસ માણસ છે. | | (૨) ઉપરની બીજી બાબત જીવનમાં ન હોય તો પશુ જ છે. |

(૮) **येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्मः।**

**ते मृत्युलोके भुवि भारभूता मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥१३॥**

**અન્વય :**

**येषां विद्या न तप, न दानं, न ज्ञानं, न शीलं, न गुणः, न धर्म, न (अस्ति), ते मृत्युलोके भुवि भारभूताःमनुष्यरूपेण मृगाः चरन्ति ॥**

**શબ્દાર્થ :**

**येषाम्**-જેઓની પાસે, **मृत्युलोके**-મૃત્યુલોકમાં, મનુષ્ય લોકમાં, **भारभूता**-ભારરૂપ બનેલા, **मृगाश्चरन्ति**-પશુઓની જેમ ચરી ખાય છે.

**ભાષાંતર :**

જેઓની પાસે નથી વિદ્યા કે નથી તપ, નથી જ્ઞાન કે નથી ચારિત્ર્ય, નથી સદ્ગુણ કે નથી ધર્મ. મનુષ્ય લોકમાં ધરતી પર ભારરૂપ બનેલાં તેઓ મનુષ્યના રૂપમાં પશુઓની જેમ ચરી ખાય છે.

**વિમર્શ :**

વિદ્યા-તપ-દાન-જ્ઞાન-ચારિત્ર્ય-સદગુણ-ધર્મ એ જીવનમાં ઉતારવા અને આચરવા જેવી બાબત છે. મનુષ્યની ઉંમરની સાથોસાથ જ આ ગુણો વિકસવા જોઈએ. પરંતુ જેઓ આ ગુણો પૈકી એકપણ મેળવતા નથી, તેઓનું જીવન ફોગટ ગયું તેમ સમજો. આ પૃથ્વી ઉપર તેઓ ભારરૂપ અર્થાત્ બોજારૂપ એટલા માટે છે કે આવા માણસના પરિચયમાં આવનાર કોઈ કંઈ પામતું નથી. કદાચ સામેના માણસને નુકશાન પણ થાય. આવા મનુષ્યો અને પશુઓ વચ્ચે કોઈ તફાવત નથી. કેમકે માણસનો આકાર મળવા માત્રથી માણસ નથી થવાતું. માણસના આકારમાં પશુઓ જેવા ખાવું-પીવું અને પ્રજા ઉત્પન્ન કરવી એવા જ ગુણો હોય તેવા મનુષ્યની નિંદા કરવામાં આવી છે. ભર્તૃહરિનો આ શ્લોક ખૂબ જ લોકપ્રિય થયો છે.

(૯) **हर्त्तुर्याति न गोचरं किमपि शं पुष्णाति यत्सर्वदा**
**ह्यर्थिभ्यः प्रतिपाद्यमानमनिशं प्राप्नोति वृद्धिं पराम्।**
**कल्पान्तेष्वपि न प्रयाति निधनं विद्याख्यमन्तर्धनं**
**येषां तान्प्रति मानमुग्झत नृपाः कस्तैः सह स्पर्धते ॥१६॥**

**અન્વય :**

**यत् हर्तुः गोचरं न याति, सर्वदा किमपि शं पुष्णाति, हि अर्थिभ्यः प्रतिपाद्यमानम् अनिशं परां वृद्धि प्राप्नोति, कल्पांतेषु अपि निधनं न प्रयाति, विद्याख्यम् अन्तर्धनं येषां (अस्ति) तान् प्रति, हे नृपाः मानम् उग्झत। तैः सह कः स्पर्धते ॥**

**શબ્દાર્થ :**

**हर्तु**-ચોરની, **गोचरं**-નજરમાં, **याति**-પડતું નથી, **शं**-કલ્યાણ, **अर्थिभ्य**-યાચકોને, **पतिपाद्यमानं**-આપવામાં આવતું, **अनिशं**-હંમેશા, **कल्पान्तेषु**-યુગના અન્તે, **निधनं**-નાશ, **विद्याख्य+अंतर्धनम्**-વિદ્યારૂપી આંતરિક ધન, **उग्झत**-ત્યજો, છોડી દો.

**ભાષાંતર :**

જે ચોરની નજરે પડતું નથી, કંઈક અવર્ણનીય કલ્યાણ હંમેશા સાધે છે, યાચકોને આપવામાં આવતાં જે સતત, પુષ્કળ વૃદ્ધિ પામે છે, યુગના અન્તે પણ જે નાશ પામતું નથી, એવું ‘વિદ્યા’ નામનું આંતરિક ધન જેમની પાસે છે તેમના પ્રત્યે હે રાજાઓ, તમારૂં અભિમાન છોડી દો, કોણ તેમની હરીફાઈ કરી શકે છે ?

**વિમર્શ :**

કવિ ભર્તૃહરિ દર્શાવે છે કે ભૌતિક ધન કરતાં પણ વિદ્યારૂપી ધન ઘણું ચડિયાતું છે. ધનવાન વ્યક્તિ વિદ્યાવાન હોઈ શકે છે; પણ તેના ધનને ચોર દ્વારા, રાજાદ્વારા, સંબંધીઓ દ્વારા લઈ લેવાનો સતત ભય રહ્યા કરે છે. પરંતુ જેની પાસે વિદ્યારૂપી ધન છે તેને આવો કોઈ ભય રહેતો નથી. આથી કવિ રાજાઓની સત્તાને, પ્રભાવને ઠપકો આપતાં કહે છે કે વિદ્વાનો સાથે તુચ્છતા ન રાખો,અભિમાન છોડી નમ્ર બનો. આવું જ અન્ય એક સુભાષિતમાં કહેવાયું છે.

**न चोरहार्यं न च राजहार्यं न भ्रातृभाज्यं न च भारकारि।**
**व्यये कृते वर्धत एव नित्यं विद्याधनं सर्वधनप्रधानम् ॥**

(૧૦) केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला
न स्नानं न विलेपनं न कुसुमं नालङ्कृता मूर्धजाः।
वाण्येका समलङ्करोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषण भूषणम् ॥१९॥

**અન્વયઃ**

**केयूराः पुरूषं न विभूषयन्ति, चन्द्रोज्ज्वलाः हाराः न, स्नानं न, विलेपनं न, कुसुमं न, अलंकृताः मूर्धजाः न। एका संस्कृता वाणी, या धार्यते, पुरूषं समलङ्करोति। खलु भूषणानि क्षीयन्ते (किन्तु) वाग्भूषण सतत भूषणम् ॥**

**શબ્દાર્થ :**

**केयूराः**-બાજુબંધ, **विभूषयन्ति**-શોભાવે છે, **चन्द्रोज्जवलाः**-ચંદ્રની જેમ પ્રકાશિત, **मूर्धजा**-કેશ, શણગારાયેલા વાળ, **धार्यते**-ધારણ કરે છે, **क्षीयन्ते**-નાશ પામે છે, **वाग्भूषणं**-વાણીરૂપી ઘરેણું.

**ભાષાંતર :**

બાજુબંધ, ચન્દ્રની જેમ ચમકતો હાર, સ્નાન, ચંદનનો લેપ, શણગારેલાં વાળ આમાંથી કોઈપણ વસ્તુ પુરૂષને શોભા આપતી નથી. ફકત ધારણ કરવામાં આવેલી સંસ્કારયુક્ત વાણી પુરૂષને શોભાવે છે. વાણીરૂપી અલંકાર સાચું ઘરેણું છે.

**વિમર્શ :**

આ શ્લોક દ્વારા કવિ સંસ્કારયુક્ત વાણીનાં વખાણ કરે છે. માણસ જે બોલે છે, તેના દ્વારા તેની ઓળખાણ થાય છે. **'यदा यदा मुञ्चति वाग्बाणं तदा तदा जातिकुलप्रमाणम्।'** જયારે જયારે માનવી વાણી-ભાષા બોલે છે ત્યારે ત્યારે તે કયા કુળનો છે, તે આપો આપ સાબિત થઈ જાય છે. એટલે કહેવાયું છે કે **"सत्यं ब्रूयात् प्रियं ब्रूयात्"** સાચુ બોલો અને પ્રિય બોલો. વાણીરૂપી આભૂષણ એ સાચું ઘરેણું છે. જયારે બાજુબંધ, હાર, પુષ્પોથી, શણગારાયેલા વાળ, ચંદનનો લેપ વગેરે આભૂષણો ક્ષણિક અને નાશવંત છે. એમ કવિ ભારપૂર્વક કહે છે.

(૧૧) विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं
विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणां गुरुः।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतं
विद्या राजसु पूजिता न तु धनं विद्याविहीनः पशुः ॥२०॥

**અન્વય :**

**विद्या नाम नरस्य अधिकं रूपं, प्रच्छन्नगुप्तं धनम्। विद्या भोगकरी, यशः सुखकरी। विद्या गुरुणां गुरुः। विदेशगमने विद्या बन्धुजनः। विद्या परं दैवतम्। राजसु विद्या पूजिता, धनं तु न। विद्याविहीनः पशुः अस्ति।**


**શબ્દાર્થ :**

**नाम**-ખરેખર, સાચે જ, **प्रच्छन्नगुप्तम्**-છુપાયેલું ગુપ્ત ધન, **भोगकरी**-ભોગવિલાસ આપનાર, **बन्धुजन**-સ્વજન.

**ભાષાંતર :**

વિદ્યા માણસનું વધારાનું રૂપ છે, છૂપાવેલું અને રક્ષાયેલું ધન છે. વિદ્યા ભોગવિલાસ, કીર્તિ અને સુખ આપનારી છે. વિદ્યા ગુરુઓની પણ ગુરુ છે. પરદેશના પ્રવાસમાં વિદ્યા સ્વજન છે. વિદ્યા શ્રેષ્ઠ દેવતા છે. રાજાઓ વચ્ચે (=રાજાઓમાં) વિદ્યા પૂજાય છે, ધન નહિ, વિદ્યા વગરનો (માણસ) પશુ છે.

**વિમર્શ :**




માનવી પાસે વિદ્યા હોય તો બધી જ સુખ સગવડો આવી મળે છેઃ આજનો જમાનો પણ એવોજ છે. એટલે જ એમ કહેવાય છે કે Knowledge is Power જ્ઞાન એ શક્તિ છે. કેવળ બાપ-દાદાનું ધન હોય તો અનેક રસ્તે ખર્ચાઈ જાય. પણ વિદ્યા વાપરો તેમ વધે છે. કવિ ભર્તૃહરિનો આ શ્લોક દરેક સમયમાં સાંપ્રતસત્ય અને માર્ગદર્શન આપનાર બની રહે છે.

(૧૨) **रे रे चातक सावधानमनसा मित्र क्षणं श्रूयताम्-**
**मम्भोदा बहवो हि सन्ति गगने सर्वेऽपि नैतादृशाः।**
**केचिद्वृष्टिभिरार्दयन्ति वसुधां गर्जन्ति केचिद्वृथा**
**यं यं पश्यसि तस्य तस्य पुरतो मा ब्रूहि दीनं वचः ॥५१॥**

**અન્વય :**

**रे रे चातक सावधानमनसा मित्र क्षणं श्रूयताम्, हि, गगने बहवः अम्भोदाः सन्ति, सर्वे अपि एतादशाः न, केचिद वृष्टिभिः वसुधाम् आर्द्र्यन्ति, केचिद वृथा गर्जन्ति, (त्वं) यं यं पश्यसि तस्य तस्य पुरतः दीनं वचः मा ब्रूहि ।**

**શબ્દાર્થ :**

**सावधान मनसा**-સાવધાન મનથી, **क्षणं**-એક ક્ષણવાર, **श्रूयताम्**-સાંભળ, **गगने**-

આકાશમાં, **अम्भोदा**-વાદળો, **न+ऐतादृशा**-સરખા નથી હોતા, **वृष्टिभि:**-વરસાદથી, **आर्दयन्ति**-ભીજવે છે, **वसुधां**-ધરતીને,**वृथा**-ફોગટ, ખોટી, **गर्जन्ति**-ગર્જ્યા કરે છે, **दीनं वच:**-ગરીબડી વાણી.

**ભાષાંતર :**

અરે ઓ મિત્ર ચાતક ! એક ક્ષણવાર સાવધાન મનથી તું સાંભળ. આકાશમાં ઘણાં વાદળો હોય છે. (પણ) બધાય સરખા નથી હોતા. કેટલાંક વરસાદથી ધરતીને ભીજવી દે છે અને કેટલાંક ફોગટ ગર્જ્યા કરે છે. (તેથી) જેને જેને તું જુએ તેની તેની સામે ગરીબડી વાણી બોલીશ નહિ.

**વિમર્શ :**

પ્રત્યક્ષ રીતે ચાતકને સંબોધીને અને પરોક્ષ રીતે સજ્જન વ્યક્તિઓને સંબોધી કવિ કહે છે કે આકાશમાં અસંખ્ય વાદળો હોય છે પણ તે બધાં એક જેવા હોતા નથી. કેટલાંક જ વરસે છે. જ્યારે બાકીના ખાલી ગર્જના કરી ચાલ્યા જાય છે. તેથી બધાની આગળ લાચારી કરવી જોઈએ નહીં. સમાજમાં તમામ સંપત્તિવાળામાં દાનવીર હોવાનો ગુણ હોતો નથી. તેથી બધાની આગળ હાથ લંબાવવો યોગ્ય નથી. કેટલાંક મોટી મોટી વાતો કરી જાણે છે; પણ સમય આવ્યે મદદ કરતાં નથી. તેથી સ્વમાનથી જીવવું જોઈએ કારણ કે **उत्तमा:मानमिच्छन्ति** ઉત્તમ પ્રકારના લોકો માનની ઈચ્છા રાખે છે. **मानो हि महतां धनम् ।** માન એ મહાપુરૂષનું ધન છે. એકને ઉદ્દેશીને અન્યોને કહેવાની રીત હોય તેને અન્યોક્તિ અલંકાર કહેવાય છે.

કવિ ભર્તૃહરિ અન્યોકિત દ્વારા પોતાના વિચારોને શાશ્વત સ્વરૂપ આપે છે. આ શ્લોક ખૂબ પ્રસિદ્ધ થયેલો છે.

## ૪.૩ તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોનો એક-બે વાકયમાં જવાબ આપો.**

(૧) '**नीतिशतकम्**'માં કયાં પ્રકારની વિચાર સરણી જોવા મળે છે ?

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

(૨) દેશ કાળના બંધનોથી કઈ વસ્તુ પર છે ?

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

(૩) માણસ ધારે તો શું શું કરી શકવા સમર્થ છે ?

------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------

(૪) માણસ ધારે તો પણ શું કરી શકવા સમર્થ નથી ?

------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------

(૫) અલ્પજ્ઞાની માણસની દશા કેવી હોય છે ?

------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------

(૬) ડાહ્યા અને વિદ્વાન માણસ પાસે જવાથી શું પરિવર્તન આવે છે ?

------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------

(૭) વિવેકમાંથી ચલિત થયા પછી ગંગાનું કયા કયા પ્રકારે નીચું સ્થાન ગયું ?

------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------

(૮) સાહિત્ય, સંગીત અને કલાને માણવાથી શા શા ફાયદાઓ થાય છે ?

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

(૯) ખરેખર કયુ ઘરેણું સાચું છે ?

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

------------------------------------------------------------------------

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ


**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**